સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 26 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૨૮ જૂન ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હવે મહારાષ્ટ્રમાં ટીઈટીનું પેપર ફૂટ્યું

**▶ ભીવંડીમાંથી પેપર લીક થયું ▶ પરીક્ષા મોકૂફ ▶ છ લાખ પરીક્ષાર્થી રવિવારે ટેસ્ટ આપવાના હતા, પણ શનિવારે ભાંડો ફૂટ્યો**

પુણે / થાણેઃ મહારાષ્ટ્રમાં રવિવારે લેવાનારી ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટીઇટી-ટેટ) ૨૦૨૬નું પ્રશ્નપત્ર ભીવંડીમાં ફૂટી ગયું હોવાનું જણાતા આ પરીક્ષા મુલતવી રખાઇ હતી.

થાણે જિલ્લાના ભીવંડી નગરમાં દરોડા દરમિયાન અમુક લોકો પાસે ટીચર એલિજિબિલિટી ટેસ્ટના મૂળ પ્રશ્નપત્રને મળતા અનેક સવાલ હોવાનું પકડાયું હતું.

ભીવંડી પોલીસે આ સંબંધમાં અમુક લોકો સામે કેસ નોંધ્યો હતો.

મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ઑફ એક્ઝામિનેશન (એમએસસીઇ)ના નિવેદનમાં જણાવ્યું હતું કે અમે આ પરીક્ષા સંપૂર્ણ પારદર્શક રીતે યોજવા કટિબદ્ધ છીએ.

તેણે જણાવ્યું હતું કે પરિસ્થિતિની ગંભીરતા જોઇને અને ઊંડાણથી તપાસ જરૂરી હોવાથી ૨૮ જૂન, ૨૦૨૬ની પરીક્ષા મુલતવી રાખી છે.

થાણે જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું હતું કે આ પેપર ફૂટ્યું હોવાની જાણ શનિવારે પરોઢિયે થઇ હતી. અમુક લોકો પાસે આ પ્રશ્નપત્ર હોવાની માહિતીને આધારે ભીવંડી પોલીસે દરોડો પાડ્યો હતો.

તેણે જણાવ્યું હતું કે શંકાસ્પદ સ્થળે તાત્કાલિક દરોડા પડાયા હતા. પોલીસે મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ઑફ (જુઓ પાનું ૨) ▶▶

## મોહરમના જુલૂસમાંથી જ હજારોને અલ્લાહ પાસે મોકલવાનું કાવતરું

### ભાયખલામાં ઉંદર મારવાનું ઝેર વહેંચતો ફૈયાઝ પ્રેમજી પકડાયોઃ ૧૪,૯૦૦ કૅપ્સ્યૂલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ભાયખલા પરિસરમાંથી પસાર થનારા મોહરમના જુલૂસ વખતે હજારો લોકોને મોતના મુખમાં ધકેલી દેવાનું ભયાનક કાવતરું ઘડનારા પુણેના રહેવાસીની પોલીસે ધરપકડ કરી હતી. પેઈનકિલરને નામે ઉંદર મારવાના ઝેરથી ભરેલી કૅપ્સ્યુલ્સ જુલુસમાં સામેલ લોકોને વહેંચનારા આરોપી પાસેથી ૧૪,૯૦૦ જેટલી કૅપ્સ્યુલ્સ જપ્ત કરવામાં આવી હતી. આંચકાજનક બાબત એટલે આરોપીએ ૫૦ કિલો ઝેરી ઝિંક (જુઓ પાનું ૨) ▶▶



## અમેરિકા - ઈરાનના સામસામા હુમલા

### ▶ બાહરીન પર ડ્રોન્સ ત્રાટક્યાં ▶ ખાડીમાંના એક જહાજ પર પણ અટૅક

દુબઈઃ ઇરાને શનિવારે બાહરીન પર ડ્રોન્સથી હુમલા કર્યા હતા. આ ઉપરાંત, હોર્મુઝ ખાડીમાંના એક જહાજ પર પણ હુમલો થયો હતો. અગાઉ, અમેરિકાએ આગલી રાતે કરેલા હવાઇ-હુમલાના જવાબમાં તહેરાને આ હુમલા કર્યા હોવાનું કહેવાય છે. અમેરિકા અને ઇરાન વચ્ચે વચગાળાના શાંતિ-કરાર થયા હોવા છતાં ઇરાનના અખાતમાં ફરી યુદ્ધની ગંભીર પરિસ્થિતિ ઊભી થઇ છે.

ઇરાને ગુરુવારે ખાડીમાંથી પસાર થઇ રહેલા જહાજ પર ડ્રોનથી હુમલો કર્યો હતો, તે પછી અમેરિકાએ વળતા હવાઇ-હુમલા કર્યા હતા.

અમેરિકાના નૌકાદળની નજર હેઠળ કામ કરી રહેલા બહુરાષ્ટ્રીય દરિયાઇ સંગઠને શનિવારે જણાવ્યું હતું કે ખાડીમાંથી અવરજવર કરતાં જહાજો સુરક્ષિત રીતે પસાર થઇ શકે, તે માટે ઓમાન પાસેનો દરિયાઇ માર્ગ વિસ્તારવામાં આવશે.

બાહરીન ઇરાનનું આકરું ટીકાકાર છે અને ત્યાં અમેરિકી નૌકાદળના પાંચમો કાફલો છે.

બાહરીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઇરાનના અનેક ડ્રોને બાહરીન પર હુમલો કર્યો હતો અને નાગરિકોના જાન સામે જોખમ ઊભું કર્યું હતું. ઇરાનના અર્ધલશ્કરી (જુઓ પાનું ૨) ▶▶

## યુદ્ધવિરામનો કરાર ફગાવીને આંતરવિગ્રહની હિઝબુલ્લાહની ધમકી

બૈરુતઃ હિઝબુલ્લાહે ઇઝરાયલ - લેબેનોન વચ્ચે થયેલા યુદ્ધવિરામ કરારને સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો અને આંતરવિગ્રહની ધમકી આપી હતી.

ઇઝરાયલ અને લેબેનોને યુદ્ધવિરામ કરાર પર વૉશિંગ્ટનમાં સહી કરી હતી. ઇરાનનું પીઠબળ ધરાવતા હિઝબુલ્લાહે ચેતવણી આપી હતી કે આ કરારથી સીમાવિવાદ ઉકેલી નહિ શકાય.

ઇઝરાયલ અને લેબેનોનના રાજદૂતોએ વૉશિંગ્ટનમાં યુદ્ધવિરામ કરાર પર સહી કરી ત્યારે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે ત્રિપક્ષી કરારથી આ વિસ્તારમાં શાંતિ સ્થાપીને સલામતી વધારવામાં મદદ મળશે. આમ છતાં, આ દિશામાં હજી (જુઓ પાનું ૨) ▶▶



**મોદી અને કાચબાઃ** સેશેલ્સના વિક્ટોરિયામાં નેશનલ બોટનિકલ ગાર્ડન ખાતે વિશાળ કાચબા સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સેશેલ્સના પ્રમુખ પેટ્રિક હેર્મિની. બન્ને નેતાએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. ભૂતકાળમાં સેશેલ્સે કોલકાતા અને હૈદરાબાદના પ્રાણીબાગને ખાસ પ્રજાતિના વિશાળ કાચબા ભેટમાં આપ્યા હતા. (પીટીઆઇ)

## અફઘાન, પાકિસ્તાન, ઉત્તર ભારતમાં ધરતીકંપના આંચકા

પેશાવરઃ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના અનેક વિસ્તારોમાં શનિવારે ૫.૯ના પરિમાણ ધરાવતા ભૂકંપને લીધે આંચકા આવ્યા હતા અને રહેવાસીઓ ગભરાઈને ઘરની બહાર નીકળી ગયા હતા. જોકે કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી.

ભૂકંપ ભારતીય સમય મુજબ રાતના ૭:૦૪ કલાકે આવ્યો હતો અને તેનું કેન્દ્રબિંદુ ૨૧૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. આને લીધે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઉત્તર તથા ઈશાન ભારતમાં ભૂકંપના આંચકા અનુભવવામાં આવ્યા હતા. સોશ્યલ મીડિયામાં પણ એવા સમાચાર છે કે ભારતના દિલ્હી અને શ્રીનગર સહિતના ભાગોમાં ભૂકંપના આંચકા આવ્યા હતા. અમુક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભૂકંપના આંચકા પાકિસ્તાનના લાહોર, ફૈઝલાબાદ અને ઈસ્લામાબાદમાં અનુભવવામાં આવ્યા હતા. આનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના હિંદુ કુશ વિસ્તારમાં હતું, એવી માહિતી પાકિસ્તાનના હવામાન ખાતાએ આપી હતી. આ ભૂકંપના આંચકા ઈસ્લામાબાદ, પૂર્વના પંજાબ પ્રાંતમાં અને ઈશાન પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં જોવા મળ્યા હતા. પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીરમાં પણ આંચકા આવ્યા હતા.

ખૈબર પખ્તુનખ્વામાં તાકીદની સેવાઓને સાબદી કરાઈ હતી. પાકિસ્તાન સક્રિય ભૂકંપના ઝોનમાં છે અને અહીં વારંવાર ભૂકંપ આવે છે. ■

## ૨૦૨૭ના આરંભમાં ભારત આવશે ટ્રમ્પ

વોશિંગ્ટનઃ ભારત અને અમેરિકા વચ્ચેના વ્યૂહાત્મક અને વ્યાપારિક સંબંધો એક નવા યુગમાં પ્રવેશવા જઈ રહ્યા છે. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ એક મોટી જાહેરાત કરતા જણાવ્યું છે કે, પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આગામી વર્ષની શરૂઆતમાં ભારતની મુલાકાત લેશે. રુબિયોએ સ્પષ્ટ કર્યું કે તેઓ પોતે આ ઐતિહાસિક વીવીઆઈપી મુલાકાતની તૈયારીઓને આખરી ઓપ આપવા અને બંને દેશો વચ્ચે જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે તે ટ્રેડ ડીલને વહેલી તકે ફાઇનલ કરવા માટે ભારત આવી રહ્યા છે.

વાઇટ હાઉસમાં ન્યૂઝ એજન્સીને આપેલા એક ઇન્ટરવ્યૂમાં રુબિયોએ કહ્યું કે, હું વર્ષના અંતમાં પ્રમુખ ટ્રમ્પની મુલાકાતની તૈયારીઓના ભાગરૂપે ભારતની યાત્રા કરીશ. ભારત-અમેરિકાના સંબંધો અંગે રુબિયોએ જણાવ્યું હતું કે બંને દેશોના સંબંધો મજબૂત સ્થિતિમાં છે અને જી-૭ શિખર સંમેલનમાં ટ્રમ્પ અને મોદી વચ્ચે થયેલી તાજેતરની મુલાકાત બાદ ભારત-અમેરિકાના સંબંધોમાં સુધારો થયો છે. આ મુલાકાત (જુઓ પાનું ૨) ▶▶

## જુલાઈથી એલપીજીના ભાવમાં ઘટાડો કરાશે?

નવી દિલ્હીઃ જુલાઈની શરૂઆત સારા સમાચાર લઈને આવે એવી શક્યતા છે રાંધણગેસના ભાવમાં મોટો ઘટાડો થવાની સંભાવના છે. અમેરિકા અને ઇરાન વચ્ચેના યુદ્ધના કારણે મધ્ય-પૂર્વમાં વધેલા તણાવ વચ્ચે એલપીજીના ભાવ વધારાનો ઘણી વખત ઝટકો લાગ્યો હતો. જોકે બંને દેશ વચ્ચેના એમઓયુ પછી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં ખાસ્સો ઘટાડો થયો છે અને હવે અખાતમાંથી એલપીજીનો પુરવઠો પણ યોગ્ય રીતે આવી રહ્યો છે. આ બંને બાબતને અનુલક્ષીને એલપીજીના ભાવમાં પણ ઘટાડો કરાય એવું માનવામાં આવે છે. ગત ૧ જૂનના રોજ પણ કમર્શિયલ એલપીજી સિલિન્ડર ૫૩.૫૦ રૂપિયા મોંઘો થયો હતો, જેના પછી દિલ્હીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૩,૧૧૩.૫૦ રૂપિયા થઈ ગઈ હતી. આ સાથે જ ૫ કિલોવાળા એલપીજી સિલિન્ડર પર પણ મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો હતો. જો કે, ૧૪ કિલોગ્રામવાળા રાંધણગેસ સિલિન્ડરની કિંમતો સ્થિર રાખવામાં આવી હતી. ■

## પોતાના ખાતાની ૯૯ લાખ રૂપિયાની સબસિડી પ્રધાને પોતે જ મેળવી

### મોટા વિવાદ પછી કેન્દ્રીય કૃષિ પ્રધાન ભગીરથ ચૌધરીનો લૂલો બચાવ કે, હું ખેડૂત છું. મેં કાંઈ છુપાવ્યું નથી

નવી દિલ્હીઃ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય પ્રધાન ભગીરથ ચૌધરીને તેમના જ મંત્રાલય હેઠળની એક યોજનામાંથી અંદાજે ૯૯ લાખ રૂપિયાની મોટી સબસિડી મળી છે. આ સબસિડી તેમને રાજસ્થાનમાં તેમના કાકડીના ખેતર માટે આપવામાં આવી હતી. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે પ્રધાન પોતે આ સબસિડીને મંજૂરી આપનાર બોર્ડના હોદ્દેદાર ઉપાધ્યક્ષ છે.

કેન્દ્ર સરકાર જ્યારે પણ ડિજિટલ ટ્રાન્સફર અને સબસિડીની વાત કરે છે ત્યારે તેને પારદર્શિતાનું પ્રતીક ગણાવે છે. ચૌધરી એક કમર્શિયલ કાકડીની ખેતીના પ્રોજેક્ટ માટે પોતાના જ મંત્રાલય હેઠળની યોજનામાંથી ૯૯.૦૩ લાખ રૂપિયાની સબસિડી મેળવીને વિપક્ષના નિશાના પર આવી ગયા છે. આ અહેવાલ આવ્યા બાદ કોંગ્રેસ સહિતના વિપક્ષી દળોએ ભાજપ પર ‘ભ્રષ્ટાચાર’નો ગંભીર આરોપ (જુઓ પાનું ૨) ▶▶

## શોએબ અખ્તરના ભાઈના જનાજામાં લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓની હાજરી

નવી દિલ્હીઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર શોએબ અખ્તરના ભાઈની અંતિમ ક્રિયામાં લશ્કર-એ-તૈયબાના નાયબ વડા સૈફુલ્લા કસુરી સહિત બીજા આતંકવાદીઓએ હાજરી આપતા આ ઘટના ચર્ચામાં રહી હતી. શોએબનો મોટા ભાઈ શાહિદ અખ્તર ૨૪ જૂને મરણ પામ્યો હતો.

એક વાઈરલ થયેલા વીડિયો પ્રમાણે એલઈટીના અનેક નેતાઓએ ઈસ્લામાબાદના એચ-આઠના કબ્રસ્તાનમાં સંપન્ન થયેલી શાહિદની દફનવિધિમાં હાજરી આપી હતી. ભરત સામે ૨૬/૧૧ના હુમલા અને પહલગામની કતલેઆમ જેવા ભયંકર કૃત્યો કરનાર એલઈટીના સૈફુલ્લા ઉપરાંત એલઇટીના રાજકીય મોરચાના પાકિસ્તાન મરકાઝી મુસ્લિમ લીગ(પીએમએમએલ)ના પ્રમુખ ઈનામ ઉર રહેમાને હાજરી આપી હતી. સંયુક્ત રાષ્ટ્રસંઘે જાહેર કરેલા પ્રબિંધ હેઠળના આતંકવાદી હફીઝ સઈદે તેનાં સંગઠનો મુસ્લિમ લીગ અને જમાત ઉદ દાવા આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પ્રતિબંધોથી બચવા પીએમએમએલ જેવા પ્રોક્સી સંગઠનો ઊભાં કર્યા છે. સૈફુલ્લા જેવા આતંકવાદીએ જાહેર સમારોહમાં આ રીતે (જુઓ પાનું ૨) ▶▶

## નવા એઆઇ મૉડલ્સ ટ્રમ્પ કહેશે એને જ મળશે

### સાયબરસિક્યોરિટી રિવ્યૂ વખતે ઓપનએઆઇ, એન્થ્રોપિકે લીધો નિર્ણય

ન્યૂ યોર્કઃ ચેટજીપીટી બનાવનારી ઓપનએઆઇએ શુક્રવારે જણાવ્યું હતું કે અમે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે કરેલી વિનંતિને માન આપીને નવા આર્ટિફિશ્યલ મૉડલ અમુક નક્કી કરાયેલા ગ્રાહકોને જ આપીશું એટલે કે તેઓ સુધી જ મર્યાદિત રાખીશું. ચેટજીપીટીની આ જાહેરાતના થોડા કલાક પછી તેની મુખ્ય હરીફ એન્થ્રોપિકે જાહેર કર્યું હતું કે ટ્રમ્પના વહીવટીતંત્રે અમારા સૌથી શક્તિશાળી સાયબરસિક્યોરિટી મૉડલ તેના દ્વારા મંજૂર કરાયેલા ચોક્કસ ગ્રાહકોને જ આપવાની વિનંતિ કરી હતી અને અમે તેને માન (જુઓ પાનું ૨) ▶▶

## યુરોપમાં કાતિલ ગરમીઃ ફ્રાન્સમાં પંચાવન ડૂબ્યા, જર્મનીમાં હાઈવે પર તિરાડો પડી

પેરિસઃ સમગ્ર યુરોપમાં ઉનાળાની શરૂઆતમાં પ્રસરેલી તીવ્ર ગરમી વચ્ચે રેકોર્ડબ્રેક ગરમ તાપમાનથી રાહતની શોધમાં હજારો લોકો અસુરક્ષિત જળાશયોમાં ઉતરી રહ્યાં છે ત્યારે ફ્રાન્સમાં શુક્રવારે ઓછામાં ઓછા પંચાવન લોકો ડૂબી ગયા હોવાની માહિતી અધિકારીઓએ આપી હતી.

ફ્રાન્સમાં જૂન મહિનામાં રેકોર્ડ પર તેનું સૌથી આત્યંતિક તાપમાન નોંધાયું છે, જેમાં રાષ્ટ્રીય સરેરાશ ૨૯.૮ ડિગ્રી સેલ્સિયસ અને દક્ષિણપશ્ચિમમાં ૪૪.૩ ડિગ્રી સેલ્સિયસનો ટોચનો સમાવેશ થાય છે. હાલ યુરોપ ભીષણ ગરમીનો સામનો કરી રહ્યું છે. આ સપ્તાહે પશ્ચિમ યુરોપના દેશોમાં હીટ વેવના પ્રકોપ બાદ હવે ગરમીનું મોજું ખંડના મધ્ય અને પૂર્વ ભાગો તરફ વધી રહ્યું છે. જર્મનીમાં ગરમીના પ્રકોપના લીધે હાઈવેને નુકસાન અને ટ્રેનો રદ થઇ રહી હોવાના અહેવાલ છે. આ (જુઓ પાનું ૨) ▶▶



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૮-૬-૨૦૨૬ થી તા. ૪-૭-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ મિથુન રાશિમાં સમગ્ર સપ્તાહમાં ભ્રમણ કરે છે. મંગળ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ કર્ક રાશિમાં તા. ૨૯મીએ વક્રી થાય છે અને સપ્તાહના અંત સુધી અહીં વક્રી ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૨૯મીએ વૃશ્ચિકમાંથી ધનુમાં પ્રવેશે છે. તા. ૧લીએ મકર રાશિમાં, તા. ૪થીએ કુંભ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના લે-વેંચના કામકાજમાં સફળતા મેળવશો. નોકરી માટે તા. ૨૯, ૨, ૩ શુભ જણાય છે. નવા કામકાજ નોકરીમાં પ્રારંભી શકશો. મુસાફરી દ્વારા કારોબારના કામકાજ સંપન્ન થશે. વાહન, મિલકતના કામકાજ સફળ પુરવાર થાય. મહિલાઓ નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર અને નાણારોકાણના સફળ નિર્ણય લઈ શકશો. નોકરી માટે તા. ૨૮, ૨, ૩ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા વેપારના નાણાં ઉઘરાણીના કામકાજ સંપન્ન થશે. અધિકારી દ્વારા કાયદા કાનૂની સવાલોનો ઉકેલ લાવી શકશો. નાણાવ્યવહાર સફળ બની શકશે. મહિલાઓને આ સપ્તાહમાં ભાઈ-બહેનોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૩, ૪ શુભ જણાય છે. જૂનાં અધૂરા નાણાવ્યવહાર પૂર્ણ થઈ શકશે. મિલકતના નિર્ણયોમાં સ્વતંત્રપણે લઈ શકશો. કુટુંબના સદસ્યો કારોબારમાં ઉપયોગી થશે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અપેક્ષાનુસાર અભ્યાસમાં અનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૨૯, ૩૦, ૨ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. કોર્પોરેટ કંપનીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત કરશો. નાણાવ્યવસ્થા આ સપ્તાહમાં વધુ અનુકૂળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે અન્યનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરીમાં સહકાર્યકરો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. તા. ૧, ૨, ૩ પ્રવાસ દ્વારા નાણા ઉઘરાણીના પ્રયત્નોમાં સફળતા દર્શાવે છે. મુસાફરી દ્વારા આ સપ્તાહમાં સ્વતંત્ર કારોબારના અધૂરા કાર્યો પૂર્ણ કરી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નવીન કામકાજના પ્રારંભ માટે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસના સાધનો પ્રાપ્ત કરી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિની જાણકારી મેળવી શકશો. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૪ સફળ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં મતભેદોનો ઉકેલ આવશે. પ્રવાસ દ્વારા ધાર્યા મુજબનું કારોબારનું કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૨૮, ૨, ૩ નાણાવ્યવહાર માટે સફળતા દર્શાવે છે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભમાં અનુકૂળતા અનુભવશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટેના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૪ શુભ જણાય છે. નવા કારોબારનો પ્રારંભ આ સપ્તાહમાં શક્ય જણાય છે. નાણાંની આવકની વૃદ્ધિ થશે તથા જૂનાં નાણાવ્યવહારના અધૂરા કામકાજ પૂર્ણ કરી શકશો. મહિલાઓને નોકરીના ક્ષેત્રે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહનું ગોચરફળ સાવધાની સૂચવે છે. નોકરી માટે તા. ૧, ૨, ૪ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ રહેશે. સ્થાવર મિલકત વાહનની ખરીદી માટે આ સપ્તાહમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૨, ૪, કાર્યક્ષેત્રે સફળતા દર્શાવે છે. પ્રવાસ દ્વારા મહિલાઓના કારોબારના કામકાજ સંપન્ન થઈ શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતાઓ જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરીમાં યશ મેળવશો. તા. ૩૦, ૩, ૪, પ્રવાસ માટે શુભ ફળદાયી જણાય છે. નોકરી માટે આ સપ્તાહ અનુકૂળ જણાય છે તથા ઉપરી અધિકારીનો સહયોગ પણ મેળવશો. અર્થવ્યવસ્થા સફળ પુરવાર થશે. નાણાંની આવકમાં અનુકૂળતાઓ જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબના નિર્ણયો લેવામાં અનુકૂળતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કામકાજનો પ્રારંભ થઈ શકશે. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાય. તા. ૨૯, ૩૦, ૪નાં કામકાજ અનુકૂળતા દર્શાવે છે. નોકરી માટે નવી તકો મેળવશો. મુસાફરી દ્વારા આ સપ્તાહમાં ધાર્યા મુજબના કારોબારના કામકાજ પૂર્ણ કરી શકશે. પ્રવાસમાં યશસ્વી અનુભવ થાય. મહિલાઓના ધાર્મિક પ્રસંગો સફળ બનતા જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન કામકાજના પ્રારંભમાં શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના સફળ કામકાજ થઈ શકશે. પ્રવાસની સફળતા અનુભવશો. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૪ શુભ જણાય છે. સ્વતંત્ર કારોબારમાં નાણાંની આવકની અનુકૂળતા જણાશે. પ્રવાસમાં યશસ્વી અનુભવ કરશો. સામાજિક પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. મહિલાઓને કુટુબીજનોનો સહયોગ પ્રાસંગિક જવાબદારીમાં પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પ્રારંભ કરી શકશો.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા નાણારોકાણ સફળ પુરવાર થશે. તા. ૨૯, ૧, ૨ નોકરીની પ્રવૃત્તિઓમાં યશસ્વી જણાય છે. કાર્યક્ષેત્રે નવા વિચારો, નવા આયોજનોનો અમલ થઈ શકશે. વેપારમાં નાણાવ્યવહાર સફળ બની રહેશે. વૈચારિક મતભેદો કાર્યક્ષેત્રે દૂર થશે. મહિલાઓનું આરોગ્ય જળવાશે. નોકરીમાં સફળતા અનુભવશો. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે. ■

## આજનું પંચાંગ

**દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ,**
**રવિવાર, તા. ૨૮-૬-૨૦૨૬, ચંપક ચતુર્દશી (બંગાળ)**

ભારતીય દિનાંક ૭, માહે અષાઢ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮,
નિજ જયેષ્ઠ સુદ -૧૪
જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ,
તિથિ સુદ-૧૪
પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૮મો રશ્ને,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૦મો આવાં,
માહે ૪થો તીર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૧૨મો,
માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
મીસરી રોજ ૧૩મો,
માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૮ સુધી (તા. ૨૯), પછી મૂળ
ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૮ સુધી (તા. ૨૯), પછી ધનુમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય),
ધનુ (ભ, ધ, ફ, ઢ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ
ભરતી : સવારે ક. ૧૧-૩૫, રાત્રે ક. ૨૨-૫૪
ઓટઃ સાંજે ક. ૧૭-૪૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૮ (તા. ૨૯)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ - ચતુર્દશી. ચંપક ચતુર્દશી (બંગાળ), સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગદર્ભ.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન મુહૂર્ત ગ્રાહ્ય છે. સૂર્ય-બુધ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રપૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર, પાઠ વાંચન, ગાયત્રી માતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, હજામત, ઔષધ ઉપચાર, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા.
આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ લાગણીવાળા.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે. મંગળ કૃત્તિકા યુતિ થાય છે.
ગ્રહગોચર : સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૮-૬-૨૦૨૬ થી તા. ૪-૭-૨૦૨૬

રવિવાર, નિજ જયેષ્ઠ સુદ-૧૪, વિ. સં. ૨૦૮૨, તા. ૨૮મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૮ સુધી (તા. ૨૯), પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૮ સુધી (તા. ૨૯), પછી ધનુ રાશિ પર જન્માક્ષર. ચંપક ચતુર્દશી (બંગાળ). વિંછુડો સમાપ્તિ.ક.૨૫-૦૮. સામાન્ય દિવસ.

સોમવાર, નિજ જયેષ્ઠ સુદ-૧૫, તા. ૨૯મી. નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૩ સુધી (તા. ૩૦), પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. વટપૂર્ણિમા,સંત કબીર જયંતી, દેવસ્થાન પૂર્ણિમા (બંગાળ-ઓરિસ્સા), મન્વાદિ, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૬ થી સાંજે ક. ૧૬-૧૭, અન્વાધાન, લગ્ન, ખાતમુહૂર્ત. શુભ દિવસ.

મંગળવાર, નિજ જયેષ્ઠ વદ-૧, તા. ૩૦મી, નક્ષત્ર પૂર્વાષાઢા. ચંદ્ર ધનુમાં. એકમ વૃદ્ધિ તિથિ છે. ઈષ્ટિ. શુભ કાર્ય વર્જ્ય છે. વટસાવિત્રી વ્રતનાં પારણાં.

બુધવાર, નિજ જયેષ્ઠ વદ-૧, તા. ૧લી જુલાઈ, નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૦૬-૫૨ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં બપોરે ક. ૧૩-૨૧ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. મુંબઈ સમાચાર સ્થાપના દિવસ. ગુરુ હરગોવિંદસિંહ જયંતી (કાશ્મીર). લગ્ન, ઉપનયન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, સામાન્ય દિવસ.

ગુરુવાર, નિજ જયેષ્ઠ વદ-૨, તા. ૨જી, ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૯-૨૬ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨.૩૦. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, નિજ જયેષ્ઠ વદ-૩, તા. ૩જી, નક્ષત્ર શ્રવણ સવારે ક. ૧૧-૪૬ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૭ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટી ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. (૨૧-૫૧), બુધ પશ્ચિમમાં લોપ થાય છે. પંચક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૭. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૧૯. લગ્ન, ખાતમુહૂર્ત, શુભ દિવસ.

શનિવાર, નિજ જયેષ્ઠ વદ-૪, તા. ૪થી, નક્ષત્ર ઘનિષ્ઠા બપોરે ક. ૧૩-૪૩ સુધી, પછી શતભિષા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. પંચક, શુક્ર સિંહમાં ક. ૧૯-૧૪, લગ્ન, સામાન્ય દિવસ. ■

# લાલ કિલ્લા બ્લાસ્ટ કેસઃ ભાગેડૂ પીડિયાટ્રિશ્યન ટેરર મોડ્યુલના સ્થાપક

## એનઆઈએ દ્વારા પૂરક આરોપનામું નોંધાવાયું

નવી દિલ્હીઃ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ ગયા વર્ષે લાલ કિલ્લામાં વાહનની મદદથી કરાયેલા બૉમ્બ ધડાકાના કેસમાં નોંધાવેલા પૂરક આરોપનામામાં વધુ ત્રણ જણનો સમાવેશ કર્યો છે. આમાં આતંકવાદી જૂથના સંસ્થાપક સભ્ય અને પીડિયાટ્રિશ્યન એટલે કે બાળકોના ડૉક્ટર મુઝફ્ફર અહમદનાં નામનો પણ સમાવેશ છે.

એનઆઈએએ આરોપનામામાં ઝમીર અહમદ અહંગર, તુફૈલ અહમદ ભટ અને ભાગેડુ મુઝફ્ફર અહમદ ઉર્ફે ફઝ ઉર્ફે ઝફરનાં નામો આરોપી તરીકે છે. આ ત્રણેય જમ્મુ અને કાશ્મીરના છે. એનઆઈએએ પતિયાળા હાઉસ કોર્ટમાં શનિવારે પૂરક આરોપનામું નોંધાવ્યું હતું.

આને લીધે બૉમ્બધડાકા માટે આરોપ મુકાયેલા ઈસમની સંખ્યા ૧૩ની થઈ ગઈ છે. આમાં વિસ્ફોટથી ભરેલી કારના ધડાકામાં માર્યા જનાર ડ્રાઈવર ડૉક્ટર ઉમેર અન નબીનો સમાવેશ થાય છે.

એનઆઈએએ બહાર પાડેલા નિવેદન મુજબ મુઝફ્ફર અહમદ બાળકોનો તબીબ (એમબીબીએસ, એમડી) છે અને તે અન્સાર ઘઝવાટ-ઉલ હિન્દ (વચગાળા)નો સંસ્થાપક સભ્ય તથા સહઆરોપી ડૉક્ટર રાથેરનો મોટો ભાઈ છે. અન્સાર જૂથ અલ-કાઈદાની શાખા છે. એનઆઈએની તપાસમાં સહઆરોપી અમેર, મુઝામિલ, આદીલ અને મુફતી અફાન સાથે મુઝફ્ફરને મુખ્ય કાવતરાબાજ ગણાવામાં આવ્યો છે. ૧૦ નવેમ્બર, ૨૦૨૫ વાહનમાં વિસ્ફોટક પદાર્થ રાખીને કરાયેલા બૉમ્બધડાકામાં ૧૧ જણ મરણ પામ્યા હતા.

જૂન ૨૦૨૨માં અલ કાઈદાની શાખા જેવું આતંકવાદી જૂથની શ્રીનગરમાં ઈદગાહની મટિંગ વખતે રચના કરાઈ હતી અને મુઝફ્ફરે આમાં હાજરી આપી હતી. એનઆઈએ કહે છે કે મુઝફ્ફર આતંકવાદી જૂથનો એક સંસ્થાપક સભ્ય છે. (એજન્સી)■

# મોદી સેશેલ્સના ત્રણ દિવસના પ્રવાસે

વિક્ટોરિયા (સેશેલ્સ): વડા પ્રધાન સેશેલ્સની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે શનિવારે અહીં આવી પહોંચ્યા હતા. તેઓ દ્વીપસમૂહના બનેલા રાષ્ટ્ર સેશેલ્સના રાષ્ટ્રીય દિનની સુવર્ણ જયંતીની ઉજવણીમાં ભાગ લેશે અને રાષ્ટ્રપ્રમુખ પેટ્રિક હેર્મિનીની સાથે દ્વિપક્ષી મંત્રણા કરશે.

સેશેલ્સ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે રાષ્ટ્રપ્રમુખ પેટ્રિક હેર્મિની અને ઉચ્ચ સ્તરના પ્રતિનિધિમંડળ દ્વારા મોદીનું ભવ્ય સ્વાગત કરાયું હતું અને તેમને ગાર્ડ ઑફ ઑનર અપાયું હતું. મોદીએ 'એક્સ' પર લખ્યું હતું કે હું સેશેલ્સ પહોંચી ગયો છું. વિમાનમથકે ડૉ. પેટ્રિક હેર્મિની દ્વારા કરાયેલા ઉષ્માભર્યા સ્વાગત બદલ તેમનો આભારી છું. વડા પ્રધાને જણાવ્યું હતું કે સેશેલ્સ હિંદ મહાસાગરમાંનું ભારતનું ભાગીદાર અને મિત્ર રહ્યું છે. બન્ને દેશના લોકોના લાભાર્થે સહકાર વધારવા અને દ્વિપક્ષી સંબંધ વધુ દૃઢ બનાવવા પ્રયાસ કરાશે. અગાઉ, મોદીએ સેશેલ્સ રવાના થતાં પહેલાં નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે સેશેલ્સ આપણા 'વિઝન મહાસાગર'માંનું મહત્ત્વનું ભાગીદાર રાષ્ટ્ર છે. તે દરિયાઇ સુરક્ષાની દૃષ્ટિએ પણ અગત્યનો દેશ છે. રાષ્ટ્રપ્રમુખ પેટ્રિક હેર્મિની દ્વારા અપાયેલા આમંત્રણને માન આપીને મોદી સેશેલ્સ ગયા છે અને સેશેલ્સમાંના રાષ્ટ્રીય દિનની ઉજવણીમાં અતિથિ વિશેષ બનશે.

ભારતીય સશસ્ત્ર દળોની ટુકડી અને ભારતીય નૌકાદળના બે જહાજ સેશેલ્સના રાષ્ટ્રીય દિનની ઉજવણીમાં ભાગ લેવાના છે.

મોદી અગાઉ ૨૦૧૫માં સેશેલ્સ ગયા હતા, જ્યારે રાષ્ટ્રપ્રમુખ પેટ્રિક હેર્મિની ચાલુ વર્ષે ભારત આવ્યા હતા. (એજન્સી)■

# ગાઝા મુદ્દે સરકારના 'પાષાણ મૌન'થી સોનિયા ગાંધી નારાજ

નવી દિલ્હીઃ કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ ગાઝા મુદ્દે મૌન રહેવા બદલ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સોનિયાએ કહ્યું કે ઇઝરાયલ દ્વારા ગાઝામાં નરસંહાર મુદ્દે સરકારનું 'પાષાણ મૌન' અને 'નિષ્ક્રિયતા' માત્ર નૈતિક રીતે જ ખોટા નથી, પરંતુ રાષ્ટ્ર હિતનાં દ્રષ્ટિકોણથી પણ સમજવામાં ગૂઢ છે.

કોંગ્રેસ સંસદીય દળનાં અધ્યક્ષા ગાંધીએ દાવો કર્યો કે ભારતે પેલેસ્ટાઇન, ઇરાન અને વ્યાપક મધ્યપૂર્વમાં તેના જૂના સાથીઓથી અંતર બનાવ્યું છે અને વૈશ્વિક જનમતથી પણ અલગ પડી ગયા છે. જ્યારે પાકિસ્તાનને મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવવાની તક આપી છે.

એક અખબારમાં પ્રકાશિત લેખમાં ગાંધીએ ઇરાન પર અમેરિકા-ઇઝરાયલના સંયુક્ત હુમલા પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઇઝરાયલ મુલાકાતને આશ્ચર્યજનક વ્યૂહાત્મક નિર્ણય ગણાવ્યો હતો. એક વર્ષની અંદર પશ્ચિમ એશિયા પર સોનિયા ગાંધીનો આ ચોથો લેખ છે.

તેણીએ માર્ચમાં ઇરાન યુદ્ધ અંગે એક લેખ લખ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામનેઇની લક્ષિત હત્યા પર મોદી સરકારનું મૌન તટસ્થતા નહીં પરંતુ જવાબદારીથી દૂર ભાગવું છે. જે ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. ■

# સુદાનના આંતરવિગ્રહમાં સંડોવણીઃ ભારતીય પર અમેરિકાના પ્રતિબંધ

નવી દિલ્હીઃ અમેરિકાએ સુદાનના આંતરવિગ્રહમાં કથિત ભૂમિકા બદલ આઠ વ્યક્તિઓ અને સંસ્થાઓ પર પ્રતિબંધ લાદ્યા છે. જેમાં એક ભારતીય નાગરિક અને છત્તીસગઢસ્થિત વિસ્ફોટક ઉત્પાદકનો સમાવેશ થાય છે.

આ બધા પર એવા નેટવર્કમાં સામેલ થવાનો આરોપ છે કે જે સામાન ખરીદવા અને લોકોની ભરતી કરવાનું કામ કરતા હતા. આ નેટવર્કના લીધે સુદાનના આંતરવિગ્રહની આગને વધુ હવા મળી હોવાનું અમેરિકાનું કહેવું છે.

અમેરિકાના નાણાં વિભાગની ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ(ઓએફએસી)એ આ ભારતીય નાગરિકની ઓળખ રાયપુર સ્થિત એસબીએલ એનર્જી લિમિટેડના સીઇઓ આલોક ચૌધરી તરીકે કરી છે.

નાણાં વિભાગના જણાવ્યા મુજબ એસબીએલ એનર્જીએ સુદાન સ્થિત ટાર્ગેટ મલ્ટિએક્ટિવિટીઝ કંપની લિમિટેડ(ટીએમએસી)ને વિસ્ફોટકો અને સંબંધિત સામગ્રી પૂરી પાડી હતી. ■

# રામ મંદિર દાન ચોરી કેસઃ ટીન્નુ યાદવની હૉસ્ટેલમાંથી વીસ લાખ રૂપિયા રોકડા જપ્ત

અયોધ્યાઃ રામ મંદિરમાં આવતા દાનની ચોરીના કેસના આરોપી ટીન્નુ યાદવની એક હોસ્ટેલમાંથી ₹૨૦ લાખની કેશ મળી છે. અયોધ્યા શહેરના દુર્ગાપૂરી વિસ્તારમાં આવેલી એક કોલોનીમાંથી આ રકમ જપ્ત કરવામાં આવી છે.

પોલીસે ધરપકડ કર્યા બાદ ટીન્નુ યાદવ સાથે ટીમ એની એક હોસ્ટેલ સુધી પહોંચી હતી. અહીંયાથી રોકડ મળી આવતા અનેક આશંકાઓ વિશ્વાસમાં ફેરવાઈ ચૂકી છે. રામ મંદિરમાં થયેલી દાન ચોરીના કેસમાં એસઆઇટીએ રિપોર્ટ જમા કરાવ્યા બાદ ધરપકડનો ધમધમાટ શરૂ થયો છે. હવે દરરોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. ■

પહેલા પાનાનું ચાલુ

### હવે મહારાષ્ટ્રમાં

એક્ઝામિનેશનના વરિષ્ઠ અધિકારીઓને જપ્ત કરાયેલા પેપર જોવા તાત્કાલિક બોલાવ્યા હતા. ભીવંડીમાં દરોડા વખતે જપ્ત કરાયેલા પ્રશ્નપત્રને તપાસતા માલૂમ પડ્યું હતું કે તેના પ્રશ્નો ૨૮ જૂન, રવિવારે યોજાનારી પરીક્ષાના પેપરને મળતા આવતા હતા.

મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ઑફ એક્ઝામિનેશને ટીચર એલિજિબિલિટી ટેસ્ટના પરીક્ષાર્થીઓને અફવાથી દોરાઇ નહિ જવા તાકીદ કરી હતી અને જણાવ્યું હતું કે પરીક્ષાની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે.

મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ઑફ એક્ઝામિનેશનનાં ડેપ્યુટી કમિશનર પ્રિયા શિંદેએ જણાવ્યું હતું કે આ પરીક્ષા અંદાજે છ લાખ લોકો આપવાના હતા. ટેસ્ટ ૩૭ સ્થળે આશરે ૧,૭૨૮ કેન્દ્ર ખાતે લેવાની હતી.

ત્રણ જણની સામે પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાયો હતો અને પોલીસ વધુ તપાસ કરી રહી છે. (એજન્સી)■

### અમેરિકા - ઈરાનના

રિવોલ્યુશનરી ગાર્ડે શનિવારે જણાવ્યું હતું કે અમે આ વિસ્તારમાંના અમેરિકાના 'ત્રાસવાદી' લશ્કરને લક્ષ્ય બનાવીને અનેક ઠેકાણે હુમલા કર્યા હતા.

હોર્મુઝ ખાડીમાંના એક ટૅન્કર પર શનિવારે હુમલો કરાયો હતો. આ હુમલો ઇરાને જ કર્યો હોવાની શંકા છે. (એજન્સી)■

### યુદ્ધવિરામનો કરાર

ઘણું કામ કરવાનું બાકી છે.

ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ આ કરારને આવકાર્યો હતો અને તેને ઇરાન પરના વિજય સમાન ગણાવ્યો હતો.

તહેરાને અમેરિકાની સાથે વચગાળાનો યુદ્ધવિરામ કરતી વખતે દલીલ કરી હતી કે ઇઝરાયલ અને લેબેનોનમાંના હિઝબુલ્લાહ વચ્ચેની લડાઇને અંતિમ સમાધાનનો ભાગ બનાવવો જ પડશે. (એજન્સી)■

### યુરોપમાં કાતિલ ગરમી

જાણકારી જર્મનીના અધિકારીઓએ આપી હતી. બર્લિનની બહાર બે જગ્યાએ ઊંચા તાપમાનના લીધે એ-ટૂ હાઇવેના કૉંક્રિટમાં તિરાડ પડી ગઇ હતી.

જર્મનીમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાનું અનુમાન છે. દેશના પશ્ચિમી શહેર ડોરમાજેનમાં એક નર્સિંગ હોમમાં ખતરનાક ગરમીના લીધે ત્યાંના ડઝનબંધ રહેવાસીઓને તબીબી સંભાળ માટે અન્ય જગ્યાએ લઇ જવાની ફરજ પડી હતી.

અધિકારીઓ કહે છે કે મોટાભાગની ઘટનાઓ નદીઓ, નહેરો અને જળાશયોમાં બની હતી જ્યાં તરવા પર પ્રતિબંધ છે અથવા દેખરેખ રાખવામાં આવતી નથી, જેમાં મજબૂત પ્રવાહો, અચાનક ઊંડાઈમાં ફેરફાર, પાણીની અંદરનો કાટમાળ અને ઊંચા હવાના તાપમાન દરમિયાન પણ ઠંડા પાણીના આંચકા જેવા જોખમો શામેલ છે.

અધિકારીઓએ રાષ્ટ્રવ્યાપી ચેતવણીઓ વધારી દીધી છે, લોકોને અનધિકૃત વિસ્તારોમાં તરવાનું ટાળવા અને લાઇફગાર્ડ્સ સાથે ફક્ત નિયુક્ત, દેખરેખ હેઠળના સ્નાન સ્થળોનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. રમતગમત પ્રધાન મરિના ફેરારીએ શુક્રવારે જણાવ્યું હતું કે ગુરુવારે સાંજ સુધીમાં ડૂબી જવાથી મૃત્યુઆંક પંચાવન પર પહોંચી ગયો છે. ■

### ૨૦૨૭ના આરંભમાં

અંગે રુબિયોએ કહ્યું હતું કે, મોદી અને ટ્રમ્પ વચ્ચેના ગાઢ વ્યક્તિગત સંબંધો બંને દેશોના મજબૂત સંબંધોનો સૌથી મોટો પાયો છે. તેમણે કહ્યું હતું કે તેઓ પોતે પણ મોદીના મોટા પ્રશંસક છે, કારણ કે તેમના નેતૃત્વમાં ભારત એક ગ્લોબલ પાવર (વૈશ્વિક તાકાત) તરીકે ઊભરી આવ્યું છે. બંને દેશો વચ્ચેની આ ભાગીદારી આવનારા સમયમાં અસીમ સંભાવનાઓને આંબવા જઈ રહી છે. ■

### મોહરમના જુલૂસમાંથી

ફોસ્ફાઈડ અને ૩૦,૦૦૦ કૅપ્સ્યુલ્સનો ઑર્ડર આપ્યો હતો. સેન્ટ્રલ ઝોન-૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) જયંત મીણાએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ ફૈયાઝ નિશાર હુસેન પ્રેમજી (૩૯) તરીકે થઈ હતી. તેની પાસેથી મોબાઈલ ફોન, આધાર કાર્ડ અને પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા હતા. આરોપી વિરુદ્ધ ભાયખલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

શુક્રવારની રાતે ભાયખલા પરિસરમાંથી પસાર થનારા મોહરમના જુલૂસમાં સામેલ લોકોને આરોપી કૅપ્સ્યુલ્સ વહેંચતો હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું હતું. નજરે ચડેલા શકમંદને પોલીસે તરત તાબામાં લીધો હતો અને તેની પાસેની કૅપ્સ્યુલ્સ પણ જપ્ત કરવામાં આવી હતી. તપાસ કરતાં તે કોઈ પણ જાતની પરવાનગી વિના કૅપ્સ્યુલ્સ વહેંચતો હોવાનું જણાયું હતું. પરિણામે કૅપ્સ્યુલની ચકાસણી કરતાં તેમાં ઝિંક ફોસ્ફાઈડ (ઉંદર મારવાની દવા) હોવાનું જણાયું હતું.

દરમિયાન શનિવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ પોલીસને માહિતી મળી હતી કે જુલૂસમાં સામેલ સલમાન સૈયદે આરોપી પાસેથી પેઈનકિલરની કૅપ્સ્યુલ લીધી હતી. કૅપ્સ્યુલ્સ લીધા પછી તેને પેટમાં દુખાવો ઊપડ્યો હતો અને ઊલટી થવા લાગી હતી. સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

ઝિંક ફોસ્ફાઈડવાળી કૅપ્સ્યુલ્સ અને સલમાનનું સ્વાસ્થ્ય લથડવાની બાબતને ગંભીરતાથી લઈ પોલીસે આરોપીની વધુ પૂછપરછ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપી કબૂલાત કરી હતી કે જુલુસમાં મોટા પ્રમાણમાં કૅપ્સ્યુલ્સ વહેંચીને લોકોને હાનિ પહોંચાડવાનો તેનો ઉદ્દેશ હતો, એવું ડીસીપી મીણાએ જણાવ્યું હતું.

આરોપીની કબૂલાત પછી તેના રહેઠાણના સ્થળે તપાસ માટે પોલીસની ટીમ મોકલવામાં આવી હતી. પોલીસે ૧૪,૯૦૦ કૅપ્સ્યુલ્સ જપ્ત કરી હતી, જેમાં દરેકમાં એક ગ્રામ ઝિંક ફોસ્ફાઈડ ભરવામાં આવ્યું હતું. આરોપીએ આવી ૩૦ હજાર કૅપ્સ્યુલ્સ અને ૫૦ કિલો ઝિંક ફોસ્ફાઈડનો ઑર્ડર આપ્યો હોવાનું પણ વધુ તપાસમાં જણાયું હતું. ■

### પોતાના ખાતાના ૯૯ લાખ

લગાવ્યો છે, જ્યારે પ્રધાને આક્ષેપોને નકારી કાઢતા કહ્યું છે કે તેઓ રાજકારણમાં આવ્યા તે પહેલાના ખેડૂત છે અને તેમણે કશું જ છુપાવ્યું નથી.

એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, કેન્દ્રીય પ્રધાન ભગીરથ ચૌધરીએ નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ દ્વારા સંચાલિત મિશન ફોર ઇન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટિકલ્ચર યોજના હેઠળ કાકડીની કમર્શિયલ ખેતી માટે ૯૯.૦૩ લાખ રૂપિયાની સબસિડી મેળવી છે. ચોંકાવનારી બાબત એ છે કે, હોર્ટિકલ્ચર બોર્ડના નિયમો મુજબ કેન્દ્રીય કૃષિ પ્રધાન તેના હોદ્દાની રૂએ પ્રમુખ હોય છે અને કૃષિ રાજ્ય મંત્રી તેના ઉપપ્રમુખ હોય છે. એટલે કે, જે બોર્ડના તેઓ વાઇસ પ્રેસિડેન્ટ છે, તે જ બોર્ડમાંથી તેમને આ મોટી સબસિડી મળી છે.

ચૌધરીએ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે કહ્યું હતું કે, હું એક ખેડૂત છું અને બાળપણથી જ ખેતી સાથે જોડાયેલો છું. મેં કંઈ પણ છુપાવ્યું નથી. મેં આ સબસિડી માટે વર્ષ ૨૦૧૮માં (પ્રધાન બન્યા પહેલા) જ અરજી કરી હતી. ■

### શોએબ અખ્તરના

દેખતા ભારત માટે ચિંતા ઊભી થઈ છે. લશ્કર તૈયબાના નાયબ વડા સૈફુલ્લા તેના ભારત સામેના આલાપ માટે જાણીતો છે. અને તેણે ભારત સામે ઘણી ઉશ્કેરણીજનક ટિપ્પણી કરી છે. પહલદગામ હુમલા પછી તેણે અનેક ઉશ્કેરણીજનક પ્રવચનો આપ્યાં હતાં. પહલગામના હુમલામાં પચીસ સહેલાણીની હત્યા કરવામાં આવી હતી. ■

### નવા એઆઇ મૉડલ્સ ટ્રમ્પ

આપીને આવા મૉડલ્સ નક્કી કરાયેલા અમુક લોકો સુધી મર્યાદિત રાખીશું.

અમેરિકાના વાણિજ્ય મંત્રાલયે બે અઠવાડિયાં પહેલાં એન્થ્રોપિકને તેના બે નવા મૉડલની ઍક્સેસ તેને ત્યાં કામ કરતા વિદેશી કર્મચારીઓ સહિતના વિદેશીઓને નહિ આપવાની સૂચના આપી હતી અને તેને પગલે તેણે પોતાના આ મૉડલ્સની ઍક્સેસ દુનિયાભરમાં બંધ કરી હતી.

બન્ને કંપનીએ જણાવ્યું હતું કે અમારા નવા એઆઇ મૉડલ્સ 'વિશ્વાસપાત્ર ભાગીદારો'ના નાના ગ્રૂપ્સને જ આપીશું. (એજન્સી)■

# અમરેલીમાં નરભક્ષી ચારેય સિંહોને આજીવન કેદની સજા, હવે જૂનાગઢ સક્કરબાગ ઝૂમાં રખાશે

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં ચાર સિંહોએ એક યુવાનને ફાડી ખાધો હતો. આ ચારેય સિંહોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. યુવક પર સિંહોઓ હુમલો કર્યો તે મામલે વન વિભાગે ચાર સિંહોને પાંજરે પૂર્યા હતાં. જ્યારે આ સિંહોની શારીરિક તપાસ કરવામાં આવી, ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો. રિપોર્ટમાં આ ચારેય સિંહોએ માનવ માંસ ખાધું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જેથી વન વિભાગ દ્વારા વન્યજીવ કાયદા હેઠળ ચારેય સિંહોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આ ચારેય સિંહોને હવે જૂનાગઢ સક્કરબાગ ઝૂ ખાતે મોકલી દેવામાં આવ્યા છે. આ સિંહો હવે માનવ વસાહતથી દૂર પ્રાણી સંગ્રહાલયમાં રહેશે. જો કે, ચર્ચાની વાત એ છે કે, હવે માણસોની જેમ વન્ય જીવોને પણ આજીવન કેદ જેવી સજા ફટકારવામાં આવી છે. અમરેલી સિંહોને કરવામાં આવેલી સજા તેનું તાજું ઉદાહરણ છે. ઘટનાની વાત કરવામાં આવે તો, ગત ૧૫ જૂને અમરેલીના રાજુલા તાલુકામાં આવેલા કોવાયા ગામમાં એક પરપ્રાંતીય યુવક પર સિંહોએ હુમલો કર્યો હતો. જેમાં આ પરપ્રાંતીય યુવક પ્રકાશ ચંદ્રનું મોત થયું હતું. પ્રકાશ મૂળ ઉત્તરાખંડનો હતો અને અહીં ગુજરાતમાં રોજગાર માટે આવ્યો હતો. ૧૫ જૂને મોડી રાત્રે જ્યારે તે પોતાના વતન તરફ જઈ રહ્યો હતો, ત્યારે પીંગલેશ્વર મહાદેવ મંદિર પાસે સિંહોએ હુમલો કર્યો અને તેને જંગલમાં લઈ જઈને ફાડી ખાધો હતો. વન વિભાગે કરેલી તપાસમાં પ્રકાશ ચંદ્રનું માત્ર માથું જ મળી આવ્યું હતું. આ મામલે હવે વન વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી અને સિંહોને આજીવન માટે જૂનાગઢ સક્કરબાગ ઝૂમાં મોકલી દેવામાં આવ્યા છે. ■

# ભાવનગરના ઐતિહાસિક ગંગાજળિયા તળાવની ઘોર દુર્દશાઃ ₹ ૧૦ કરોડનું બ્યુટીફિકેશન ધૂળધાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરની મધ્યમાં આવેલું અને વર્ષોથી શહેરની શોભામાં અભિવૃદ્ધિ કરતું ઐતિહાસિક ગંગાજળિયા તળાવ હાલ તંત્રની ઘોર બેદરકારી અને ઉદાસીનતાને કારણે ભારે દુર્દશાનો સામનો કરી રહ્યું છે. ભાવનગરના પ્રજાવત્સલ રાજવી મહારાજા કૃષ્ણકુમાર સિંહજી દ્વારા પ્રજાના હિત અને શહેરનું સૌંદર્ય વધારવા માટે બંધાવવામાં આવેલું આ તળાવ આજે રાજાશાહી સમયની અમૂલ્ય ધરોહર ગણાય છે. પરંતુ તંત્રની નિષ્ક્રિયતાને લીધે આ ઐતિહાસિક વારસો પોતાની ઓળખ ગુમાવી રહ્યું છે.

રાજકીય નેતાઓએ માત્ર જશ ખાટવા માટે અને વાહવાહ મેળવવા માટે વર્ષ ૨૦૧૯માં અંદાજે રૂ. ૧૦ કરોડના તોતિંગ ખર્ચે આ તળાવનું રિનોવેશન અને બ્યુટીફિકેશન કરાવ્યું હતું. આ પાછળનો મુખ્ય હેતુ એવો હતો કે ભાવનગરની જનતા પોતાના પરિવાર અને બાળકો સાથે સાંજના સમયે અહીં આવીને હળવાશની પળો માણી શકે અને પ્રવાસન સ્થળ તરીકે તેનો વિકાસ થાય, પરંતુ બ્યુટીફિકેશનના થોડા જ સમયમાં યોગ્ય જાળવણીના અભાવે આ સમગ્ર પ્રોજેક્ટ પાણીમાં ગયો હોય તેમ દેખાઈ રહ્યું છે. હાલ તળાવમાં ચારેય તરફ લીલનું સામ્રાજ્ય જામી ગયું છે અને લીલના જાડા થર જામી જવાને કારણે પાણી અત્યંત દૂષિત થઈ ગયું છે. લાંબા સમયથી જમા થયેલી આ લીલ અને ગંદકીના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય અને માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ફેલાઈ રહી છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આ તળાવની સાફસફાઈ પાછળ દર વર્ષે અંદાજે રૂ. ૧૫ લાખ જેટલી માતબર રકમનો ખર્ચ કરવામાં આવે છે. દર વર્ષે લાખો રૂપિયાનો ધુમાડો થતો હોવા છતાં તળાવની સ્થિતિમાં રજભરનો સુધારો જોવા મળતો નથી. જો નિયમિત અને યોગ્ય રીતે ટેક્નિકલ પદ્ધતિથી સફાઈ થતી હોત તો આજે નાગરિકોના ટેક્સના પૈસાનું આ પ્રકારે પાણી ન થયું હોત. તળાવમાં લીલ અને ગંદકી ફેલાયેલી હોવાને કારણે હવે કેટલાક અસામાજિક અને બેજવાબદાર લોકો પણ તળાવને કચરાપેટી સમજીને તેમાં જાહેરમાં કચરો નાખી રહ્યા છે, જેના લીધે ગંદકીની સમસ્યા બમણી થઈ ગઈ છે. તળાવની આસપાસના ભાગમાં પણ કચરો, પ્લાસ્ટિકની બોટલો અને અનિચ્છનીય વનસ્પતિ તથા ઝાડી-ઝાંખરાના ગંજ ખડકાયેલા જોવા મળે છે. ભાવનગર મહાનગરપાલિકામાં સમય અંતરે ત્રણ-ત્રણ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનો બદલાઈ ગયા, પરંતુ ગંગાજળિયા તળાવની કિસ્મત બદલાઈ નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મહત્ત્વાકાંક્ષી 'સ્વચ્છ ભારત મિશન'ના દાવાઓ વચ્ચે ભાવનગર મનપા કે તેનો બાગ-બગીચા વિભાગ આ મિશનથી તદ્દન અજાણ હોય કે તેમને આ નિયમો લાગુ ન પડતા હોય તેવો ઘાટ સર્જાયો છે. હાલ આ ઐતિહાસિક તળાવમાંથી ઊઠતી તીવ્ર દુર્ગંધના કારણે તળાવની આસપાસ વેપાર કરતા સ્થાનિક દુકાનદારો, રાહદારીઓ અને રહીશોનું જીવવું દુષ્કર બન્યું છે. અહીંથી પસાર થનારા વાહનચાલકો અને લોકોને પણ નાક આડે રૂમાલ રાખવાની ફરજ પડી રહી છે. સ્થાનિક જનતા અને વેપારીઓ તંત્રની આ આળસુ નીતિથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને મનપાના ઉચ્ચ અધિકારીઓ જાગૃત થઈને વહેલી તકે આ તળાવની સંપૂર્ણ સફાઈ કરાવે તેમજ આ ઐતિહાસિક ધરોહરનું ગૌરવ પુનઃ સ્થાપિત કરે તેવી ઉગ્ર માંગ ઊઠી છે.

# ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે અમિત શાહે 'ભારત ટેક્સી'નો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના કેન્દ્રીય ગૃહ પ્રધાન અને સરકાર પ્રધાન અમિત શાહે પોતાના સંસદીય ક્ષેત્રના પ્રવાસ દરમિયાન સહકારી મોડલ આધારિત 'ભારત ટેકસી' સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ભારત ટેકસી સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયમ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિતનાં એરપોર્ટ અને અનેક સરકારી સંસ્થાઓ સાથે પણ એમઓયુ કર્યા હતાં.

દેશમાં મુસાફરો અને ડ્રાઈવરોનું શોષણ ના થાય અને તે માટે આ ભારત ટેક્ષીનો પ્રારંભ કરવામાં આવ્યો હોવાનું અમિત શાહે પોતાના ભાષણમાં કહ્યું હતું. આ સાથે કેન્દ્રીય પ્રધાનો ડ્રાઈવરોને સારથી કહીને પણ સંબોધિત કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ભારત ટેકસીના સીઈઓએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વડોદરા એરપોર્ટ, અદાણી એરપોર્ટ, જેટકો, અમદાવાદ પોલીસ, રાજકોટ એરપોર્ટ અને સુરત એરપોર્ટ ઓથોરિટી જેવી સંસ્થાઓ સાથે એમઓયુ કર્યા હોવાની જાહેરાત પણ કરી હતી.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, આગામી બે વર્ષમાં દેશના નાનાં મોટાં ૫૦૦૦ શહેર અને ગામડાંઓમાં બે વ્હિલર-ફોર વ્હિલરનો કોન્સેપ્ટ લોન્ચ કરવામાં આવશે તેવી પણ કેન્દ્રીય પ્રધાન દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. અત્યારે ભારતમાં સાત લાખથી વધારે સારથીઓ (ડ્રાઈવરો) આ સહકારી સંસ્થાના સભ્ય છે. આ સેવાનો અત્યાર સુધીમાં ૩૭ લાખ લોકોએ લાભ લીધો છે. અન્ય કેબ સેવાઓ આપતી કંપનીઓ કરતા આમાં ભાડું ઓછું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ■

# જગન્નાથજીની ૪૫મી રથયાત્રા નિમિત્તે અમદાવાદ અને વડોદરામાં તડામાર તૈયારીઓ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રાને માત્ર હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. જગન્નાથજીની ૪૫મી રથયાત્રા આગામી તારીખ ૧૬ જુલાઈ, ગુરુવારે યોજાશે. જેને લઈને અમદાવાદ અને વડોદરામાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અષાઢી બીજે યોજાનારી ભવ્ય રથયાત્રા પૂર્વેના સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક ચરણ ગણાતા 'જળયાત્રા' ઉત્સવની શ્રી જગન્નાથ મંદિરમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વડોદરા શહેરમાં પણ રથયાત્રાને લઈને ઈસ્કોન મંદિરમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના રથને રંગરોગાન અને શણગારનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

જેઠ સુદ પૂનમના પાવનના અવસરે પ્રભુ જગન્નાથ પોતાના ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગર યાત્રા કરે છે. જગન્નાથની રથયાત્રા વૈદિક પરંપરા પ્રમાણે ભવ્ય રીતે નીકળે છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો આવતા હોય છે. જેથી રથયાત્રાની રૂટમાં કોઈને તકલીફના પડે તે માટે પણ તંત્ર દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે રથયાત્રા માટે મંદિર તંત્ર, સાધુ-સંતો અને સ્થાનિક તંત્ર દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા શહેરની વાત કરવામાં આવે તો, રથયાત્રા દરમિયાન ભગવાન શ્રી જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના દર્શન કરવા તેમ જ રથને ખેંચવા માટે મોટી સંખ્યામાં ભક્તો આવતા હોય છે. આ લોકોની સુરક્ષા માત્ર વ્યવસ્થા તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવતી હોય છે. રથયાત્રાના સુચારુ આયોજન માટે મંદિર ટ્રસ્ટ દ્વારા વિવિધ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અનેક પ્રકારના કામોને તો આખરી ઓપ પણ આપી દેવામાં આવ્યો છે, હવે શહેરીજનો સાથે ભક્તો મોટી સંખ્યામાં રથયાત્રામાં ભાગ લેવા માટે ઉત્સુક છે. ■

# મુંબઈ-પોરબંદર-કેશોદ-અમદાવાદ હવાઈ સેવાનો શુભારંભ, મુસાફરોને મોટી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદર એરપોર્ટ પરથી મુંબઈ-અમદાવાદ ફ્લાઈટ સેવાઓ પુનઃ શરૂ થઈ છે. છેલ્લા બે મહિનાથી બંધ રહેલી મુંબઈ અને અમદાવાદની વિમાની સેવા ફરી શરૂ થતા મુસાફરોએ ખુશી વ્યક્ત કરી હતી. પ્રથમ ફ્લાઇટ પોરબંદર એરપોર્ટ પર પહોંચતા મુસાફરોનું રાજ્યના કેબિનેટ પ્રધાન અર્જુન મોઢવાડીયાની ઉપસ્થિતિમાં ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિમાની સેવા ફરી શરૂ થતાં વેપારીઓ, એનઆરઆઈ અને સામાન્ય મુસાફરોએ રાહત અનુભવી હતી.

એલાયન્સ એર દ્વારા મુંબઈ-પોરબંદર-કેશોદ-અમદાવાદ તેમજ અમદાવાદ-કેશોદ-પોરબંદર-મુંબઈ રૂટ પર નવી હવાઈ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવી સેવા દ્વારા પોરબંદરને મુંબઈ અને અમદાવાદ જેવા મહત્ત્વપૂર્ણ શહેરો સાથે સીધી અને વધુ સુવિધાજનક હવાઈ કનેક્ટિવિટી પ્રાપ્ત થઈ છે, જે જિલ્લાના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોરબંદર અને મુંબઈ વચ્ચે વર્ષોથી વિમાની સેવા કાર્યરત હતી. બાદમાં અમદાવાદ અને દિલ્હી સુધીની ફ્લાઇટ પણ શરૂ કરવામાં આવી હતી, પરંતુ વિવિધ કારણોથી ત્રણેય રૂટની સેવા બંધ થઈ ગઈ હતી. હતી, લાંબા વિરામ બાદ ફરી પોરબંદરમુંબઈ વિમાની સેવા શરૂ થઈ, પરંતુ ગત ૧૮ એપ્રિલથી તે ફરી બંધ થતાં મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. અંતે ૨૭ જુનથી ફરી સપ્તાહમાં બે દિવસ મુંબઈ-કેશોદ-પોરબંદર-અમદાવાદ રૂટ પર ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે. ■

# અમદાવાદમાં ફાયર વિભાગે ૧૫૪ હોટલોને નોટિસ આપી, ૧૩ હોટલ અને એક કોચિંગ કલાસ સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં આવેલી હોટલ, શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ ક્લાસ સામે ફાયર વિભાગ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ દ્વારા આ તપાસ શરૂ કરવામાં આવી છે. આ તપાસ કામગીરી દરમિયાન જેણે ફાયર સેફ્ટીના નિયમોનો ભંગ કર્યો હતો, તેવી સંસ્થાઓને નોટિસ આપવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ ફાયર વિભાગ દ્વારા કેટલીક સંસ્થાઓને બેદરકારી રાખવા બદલ સીલ પણ મારી દેવામાં આવ્યું હતું.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ફાયર વિભાગ દ્વારા શહેરની કુલ ૧૫૪ હોટલ અને ૬૨ શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ સેન્ટરોને નોટિસ આપવામાં આવી હતી. આ સાથે ૧૩ હોટલ અને એક-એક શૈક્ષણિક અને કોચિંગ સંસ્થાને ફાયર વિભાગ દ્વારા સીલ મારી દેવામાં આવ્યું હતું. આ સંસ્થાનોમાં ફાયર સેફ્ટીનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાથી વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ■

# વડોદરામાં અજાણ્યા બાઈક સવાર શખ્સોએ કારમાં જતા વેપારી પર ફાયરિંગ કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસ્કારી નગરી વડોદરામાં પણ અસામાજિક તત્ત્વો બેફામ બન્યાં છે. શહેરની વાઘોડિયા ચોકડી પાસે ૨૬ જૂનની મોડી રાત્રે ફાયરિંગની ઘટના બની હતી. બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ કારમાં જતા એક યુવકને પીછો કરીને ગોળી મારી હતી. મૂળ દિલ્હીના અને શહેરમાં ગારમેન્ટનો વ્યવસાય કરતા યુવક પર અજાણ્યા બાઈક સવાર શખસોએ ફાયરિંગ કરતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો. આ બનાવમાં કાર ચાલક યુવકને ખભા પર ઇજા થઇ હતી. યુવકને સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સીસીટીવી ફૂટેજ અને અન્ય ટેક્નિકલ પુરાવાના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.પોલીસની હાજરીમાં એફએસએલની ટીમે સ્થળ પરથી પુરાવા એકત્ર કરવાનું કામ શરૂ કર્યું હતું. ફાયરિંગ પાછળ અંગત અદાવત કે અન્ય કોઈ કારણ છે તેની તપાસ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ, મૂળ દિલ્હીનો આ યુવક વડોદરામાં ગારમેન્ટનો વ્યવસાય કરે છે. ૨૬ જૂન રાત્રે તે કાર લઈને વાઘોડિયા તરફ જઈ રહ્યો હતો. ત્યારે બે અજાણ્યા શખ્સોએ બાઈક પર આવીને તેની કારને ઓવરટેક કરી હતી અને અચાનક ફાયરિંગ કર્યું હતું. ઘટનાથી આસપાસના વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ■

# ગુજરાતમાં છેલ્લાં ૧૦ વર્ષમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો, ખેડૂતો સહિત તંત્રની ચિંતા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાની ઋતુનો શુભારંભ તો થઈ ગયો છે પણ મેઘમહેરની કાગડોળે રાહ જોવાઈ રહી છે. રાજ્યમાં છેલ્લા૧૦ વર્ષમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે, જેના કારણે ખેડૂતો સહિત સરકારની ચિંતા વધી ગઈ છે. ચોમાસું મોડું બેસવાને કારણે ખરીફ પાકની વાવણી હજુ શરૂ થઈ શકી નથી. ખેડૂતો આકાશ તરફ મીટ માંડીને વરસાદની રાહ જોઈ રહ્યા છે. જો આવનારા દિવસોમાં સારો વરસાદ નહીં થાય તો ખેતી અને પીવાના પાણીની સમસ્યા સર્જાઈ શકે છે. કૃષિ વિભાગે પણ પૂરતો વરસાદ થયા બાદ જ વાવણી કરવાની ખેડૂતોને અપીલ કરી છે. તંત્ર પણ ડેમ અને જળાશયોની સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

અલ નિનોની ગંભીર સક્રિયતા અને ઋતુચક્રના બદલાવને કારણે દેશમાં ચોમાસું ચિંતાજનક રીતે ખોરવાયું છે. ચાલુ વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું નોંધપાત્ર મોડું થતાં અત્યાર સુધીમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. આ પરિસ્થિતિ અને નબળા ચોમાસાની આશંકાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ખરીફ સીઝન માટેની તૈયારીઓ તેજ કરી દીધી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, ૨૭ જૂન ૨૦૨૬ સુધીમાં રાજ્યમાં સરેરાશ માત્ર ૨.૫% જેટલો જ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનમાં સ્થિતિ વધુ ગંભીર છે. રાજ્યના અનેક જિલ્લાઓ હજુ પણ સંપૂર્ણપણે કોરા છે, જ્યારે કેટલાક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડ્યો છે.

ઝોન વાઇઝ સ્થિતિ પર એક નજર કરીએ તો કચ્છઃ ૦.૫% કરતા પણ ઓછો વરસાદ, ઉત્તર ગુજરાતઃ ૧.૨% વરસાદ, મધ્ય ગુજરાતઃ ૨.૮% વરસાદ, દક્ષિણ ગુજરાત ૪.૧% વરસાદ - સૌથી વધુ, જ્યારે સૌરાષ્ટ્રમાં ૧.૯% જેટલો વરસાદ નોંધાયો છે. જો કે, હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી મુજબ, ૧ જુલાઈથી રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય થશે અને ૨-૩ જુલાઈથી સાર્વત્રિક વરસાદની શક્યતા છે. બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સારો વરસાદ પડી શકે છે. ■

# સુરતમાં ડમ્પરની અડફેટે મા-દીકરીનું મોત, ડમ્પરચાલકની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ભેસ્તાન વિસ્તારમાં ડમ્પરે મોપેડને અડફેટે લેતા મા-દીકરીનું મોત થયું હતું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અકસ્માત બાદ મૃતકોના પરિવારજનોમાં ભારે આક્રંદ જોવા મળ્યો હતો. સિવિલ હૉસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ બહાર પરિવારના હૈયાફાટ રુદનથી ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ભેસ્તાન પોલીસે તાત્કાલિક દોડી આવીને ગુનો નોંધી ડમ્પરચાલકની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટના અંગે મળતી વિગત મુજબ, પવિત્ર મોહરમના તહેવાર નિમિત્તે ૨૨ વર્ષીય રુકશાન ઇમરાન સૈયદ પોતાની દીકરીઓ સાથે પિયર એટલે કે માતાના ઘરે ગઈ હતી. તહેવારની ખુશીઓ મનાવીને જ્યારે તે પોતાના ભાઈ સાથે સાસરે પરત ફરી રહી હતી, ત્યારે કાળ બનીને આવેલા એક બેફામ ડમ્પરે તેમની મોપેડને અડફેટે લીધી હતી. આ કરુણ દુર્ઘટનામાં રુકશાન અને તેની ૩ વર્ષની માસૂમ દીકરી જૈનમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ■

# અમદાવાદ ભિક્ષુકમુક્ત શહેર બનશેઃ ભિક્ષુકોના પુનર્વસન અને રોજગારની વ્યવસ્થા કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરને ભિક્ષુકમુક્ત બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખાસ આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે કેન્દ્ર સરકારની 'સપોર્ટ ફોર માર્જિનલાઇઝ્ડ ઇન્ડિવિઝ્યુઅલ્સ ફોર લાઇવલીહૂડ એન્ડ એન્ટરપ્રાઇઝ (એસએમઆઇએલઇ)' યોજના હેઠળ મહત્ત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. આ અંગે શુક્રવારના રોજ ભારત સરકારના એડિશનલ સેક્રેટરી મોના ખંધારના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, અમદાવાદ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી, સમાજ સુરક્ષા વિભાગ તથા પોલીસ વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અમદાવાદ શહેરમાં ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા લોકોના સર્વાંગી પુનર્વસન માટે વ્યાપક આયોજન અંગે ચર્ચા થઈ હતી.

આ બેઠકમાં ભિક્ષાવૃત્તિની પ્રવૃત્તિમાં સંકળાયેલી વ્યક્તિઓનું સર્વાંગી પુનર્વસન અંતર્ગત ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા ભિક્ષુક માટે ટેમ્પરરી શેલ્ટર ઊભા કરી તેઓને આરોગ્ય સેવા, સ્કિલ ટ્રેનિંગ, રોજગાર પ્રદાન કરવા જેવી સેવા પૂરી પાડવા ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારની 'સ્માઈલ' યોજના હેઠળ બેગરી હોમ શરૂ કરાશે. આ બેગરી હોમ (ભિક્ષુકગૃહ)માં આરોગ્ય, તાલીમ, રોજગાર અને પુનર્વસનની વ્યવસ્થા કરવામાં આવશે. પ્રોજેક્ટ હેઠળ ૫૦ ની ક્ષમતાના એક શેલ્ટર હોમ માટે રૂ. ૫૫ લાખની ગ્રાન્ટ ભારત સરકાર પૂરી પાડશે. આ ભિક્ષુકગૃહ ખાતે આશરો લેનારા ભિક્ષુકોને સરકારની વિવિધ સહાય યોજનાના લાભ પણ સુનિશ્ચિત કરાવાશે. ■

## ભુજની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલઃ

# લેર ડેમને નર્મદાના નીરથી બારેમાસ ભરેલો રાખવા નવી પાઇપલાઇન નખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરમાં નર્મદાની પાઇપલાઇનમાં ભંગાણના સમયે સર્જાતી પાણીની કટોકટી હવે ભૂતકાળ બનશે. રાજ્ય સરકારે ભુજવાસીઓ માટે લેર ડેમનું પાણી અનામત રાખવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. ભુજ શહેરને કાયમી ધોરણે ૬૦ એમએલડી પાણીનો જથ્થો નિયમિત મળતો રહે તે માટે લેર ડેમને બારેમાસ નર્મદાના નીરથી ભરેલો રાખવાનું આયોજન હાથ ધરાયું છે. આ અંગે ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલે વિગતવાર માહિતી આપી હતી.

ધારાસભ્યના જણાવ્યા અનુસાર, ભુજ નગરપાલિકા હસ્તકના કુકમા હેડવર્કસથી ૪.૫૦ કિ.મી. દૂર આવેલા લેર ડેમ સુધી નર્મદાના પાણી પહોંચાડવા માટે કુકમાના ફિલ્ટર પ્લાન્ટ સુધી અલાયદી પાઇપલાઇન બિછાવવામાં આવશે. આ ઉપરાંત, સિંચાઈ વિભાગ દ્વારા આશરે રૂ. ૫ કરોડના ખર્ચે ડેમની ઊંડાઈ અને ઊંચાઈ વધારીને જળસંગ્રહ ક્ષમતા મજબૂત કરાશે, જેથી હાલની ૧.૨૪૧ મિલિયન ક્યુબિક મીટરની ક્ષમતાવાળા આ ડેમમાં વધુ પાણીનો સંગ્રહ થઈ શકે. ■

# અમદાવાદમાં ધોળા દિવસે ૫૦ લાખની લૂંટ, ફરાર બે ગઠિયાને પકડવા દોડધામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં ધોળા દિવસે લૂંટારુઓ આશરે ૫૦ લાખ રૂપિયા લૂંટીને ફરાર થઈ જતાં આખા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ કૃષ્ણનગર પોલીસને થતા કાફલો ઘટના સ્થળ ઉપર પહોંચ્યો હતો. પોલીસે બાઈકસવાર હેલ્મેટ પહેરેલા બે શખસની શોધખોળ હાથ ધરી છે. બાપુનગરમાં આંગડિયા પેઢીમાંથી રૂ. ૫૦ લાખ લીધા હતા અને આ રૂપિયા લઈને એ લોકો કોઠિયા હૉસ્પિટલ તરફ જઈ રહ્યા હતા, એ દરમિયાન રસ્તામાં લૂંટનો બનાવ બન્યો હતો.

ઘટનાની વિગતો અનુસાર, કૃષ્ણનગર વિસ્તારમાં એક વ્યક્તિએ બાપુનગરમાં આંગડિયા પેઢીમાંથી ₹૫૦ લાખ લીધા હતા અને આ રૂપિયા લઈને એ કારમાં કોઠિયા હૉસ્પિટલ તરફ જઈ રહ્યો હતો, એ દરમિયાન રસ્તામાં લૂંટનો બનાવ બન્યો હતો. એક બાઈકચાલકે ગાડીની પાછળ બાઈક અથડાવી ત્યારે કારચાલક ગાડી નીચે ઉતર્યો હતો. અને તેની સાથે બોલાચાલી કરી હતી. આ સમયે નજર ચૂકવી બીજા બાઈક ઉપર આવેલા બે અજાણ્યા હેલ્મેટ પહેરેલા વ્યક્તિઓએ ગાડીનો કાચ તોડી અને ગાડીમાં પડેલા રૂપિયા ૫૦ લાખ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. સીસીટીવી ફૂટેજ, હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સના પોલીસની અલગ-અલગ ટીમોએ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# વૈશ્વિક ભૂકંપીય હલચલ વચ્ચે કચ્છનું પેટાળ સક્રિયઃ ઈ.સ. ૧૮૫૬થી અત્યાર સુધીમાં એક લાખથી વધુ નાના-મોટા ધરતીકંપના આંચકા નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં વૈશ્વિક સ્તરે પૃથ્વીના પેટાળમાં આવેલી ટેક્ટોનિક પ્લેટોની હલચલ એકાએક તેજ બની છે, જેના પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા ધરતીકંપોની હારમાળા સર્જાઈ છે. એક તરફ વેનેઝુએલામાં ૭.૦ની પ્રચંડ તીવ્રતાના આવેલા વિનાશક ભૂકંપે ભારે તબાહી મચાવી છે અને અમેરિકાના પશ્ચિમ કિનારાના વિસ્તારો તીવ્ર ધ્રુજારીથી હચમચી ઊઠ્યા છે, ત્યારે તેની સમાંતર ભારતમાં સિસ્મિક ઝોન-૫માં આવતા ગુજરાતના સરહદી કચ્છ જિલ્લામાં પણ ભૂગર્ભીય દબાણ વધવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી જ કચ્છની ધરામાં સળવળાટ જોવા મળ્યો છે. વૈજ્ઞાનિકો પણ વૈશ્વિક પ્લેટોના આ કનેક્શન પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના સત્તાવાર ડેટા અને વૈજ્ઞાનિક વિશ્લેષણ પરથી કચ્છના ભૂકંપીય ઇતિહાસનો એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. ૧૮૫૬ના ઐતિહાસિક ભૂકંપથી લઈને આજ દિન સુધીમાં નોંધાયેલા નાના-મોટા માઇક્રો ટ્રેમર્સ અને આફ્ટરશોક્સને ભેગા કરવામાં આવે તો, ભારતભરમાં માત્ર કચ્છ જ એકમાત્ર એવો વિસ્તાર છે જ્યાં અત્યાર સુધીમાં કુલ ૧,૦૦,૦૦૦થી પણ વધુ વખત ધરતી ધ્રૂજી ચૂકી છે. આ મોટો આંકડો દર્શાવે છે કે કચ્છનું પેટાળ સતત સક્રિય અવસ્થામાં છે. વર્ષ ૨૦૦૧માં ભુજમાં આવેલા ૭.૬ની તીવ્રતાના મહાવિનાશક ધરતીકંપ પછી પણ જમીનની અંદર જમા થયેલી ઊર્જા હજુ સુધી સંપૂર્ણપણે શાંત થઈ નથી.

આ એક લાખ આંચકાઓમાંથી મોટાભાગના ૧.૦ થી ૩.૦ની તીવ્રતાના માઇક્રો (અતિ સૂક્ષ્મ) આંચકાઓ છે. આ આંચકાઓ સામાન્ય રીતે માનવી અનુભવી શકતો નથી, પરંતુ અત્યાધુનિક અને સંવેદનશીલ સિસ્મોગ્રાફ મશીનોમાં રોજના સરેરાશ ૨ થી ૫ આંચકાઓ કેદ થતા રહે છે.ભૌગોલિક સ્થિતિની દ્રષ્ટિએ અમેરિકા અને વેનેઝુએલા સાથે કચ્છની સરખામણી કરવામાં આવે તો મોટો તફાવત જોવા મળે છે. અમેરિકા અને વેનેઝુએલાના વિસ્તારો બે મોટી પ્લેટોની સરહદ (ઇન્ટરપ્લેટ બાઉન્ડ્રી) પર આવેલા છે. ત્યાં પ્લેટો એકબીજા સાથે સીધી ટકરાતી હોવાથી અચાનક પ્રચંડ ઊર્જા મુક્ત થાય છે અને પરિણામે તબક્કાવાર મોટા વિનાશક ભૂકંપ આવે છે. તેની સામે કચ્છની સ્થિતિ તદ્દન અલગ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બળાત્કારનો બદલો લેવા મિત્રની કરપીણ હત્યા કરનારો ૨૧ વર્ષે યુપીમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બળાત્કારનો બદલો લેવા માટે મિત્રની કરપીણ હત્યા કરી ફરાર થઈ ગયેલા આરોપીને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે છેક ૨૧ વર્ષે ઉત્તર પ્રદેશમાં પકડી પાડ્યો હતો.

વસઈ ક્રાઈમ બ્રાન્ચના ઇન્ચાર્જ અવિરાજ કુરાડેની ટીમે પકડી પાડેલા આરોપીની ઓળખ રાજેશ સુરેશ સોનકર (૪૧) તરીકે થઈ હતી. તેને યુપીના પ્રયાગરાજમાં તળોંગજ મનોરી ખાતેથી ગુરુવારે તાબામાં લેવાયો હતો.

ક્રાઈમ બ્રાન્ચના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર મદન બલ્લાળે જણાવ્યું હતું કે વિરાર પોલીસને ૨૭ ડિસેમ્બર, ૨૦૦૫ના ભાટીબંદર ગામની હદમાં ખાડીકિનારેથી દિલીપ તુકારામ ચવ્હાણ (૩૦)નો મૃતદેહ મળી આવ્યો હતો. માથામાં ભારે વસ્તુ ફટકારીને તેની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ મૃતદેહને ખાડીમાં ફેંકવામાં આવ્યો હોવાની ફરિયાદ ચવ્હાણના પિતરાઈ રત્નાકરે નોંધાવી હતી.

હત્યા બાદ ફરાર થઈ ગયેલો શકમંદ સોનકર ૨૧ વર્ષથી પોલીસને હાથ લાગ્યો નહોતો. આખરે ક્રાઈમ બ્રાન્ચે હાલમાં જ નવેસરથી તપાસ હાથ ધરી હતી.

ઘટનાસ્થળ આસપાસના પરિસરના રહેવાસીઓની પોલીસે પૂછપરછ કરતાં હત્યા સોનકરે કરી હોવાની ખાતરી થઈ હતી. સોનકર યુપીના પ્રયાગરાજમાં પોતાની ઓળખ છુપાવીને રહેતો હોવાની માહિતી પોલીસને મળી હતી.

માહિતીને આધારે પોલીસની ટીમે યુપી પહોંચી આરોપીને ઓળખી કાઢ્યો હતો.

તાબામાં લેવાયેલા આરોપીએ કબૂલાત કરી હતી કે તેની પત્ની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ કુકર્મ કરનારાને મૃતક ચવ્હાણે મદદ કરી હતી. આ વાતનો રોષ મનમાં ધરબી આરોપીએ ચવ્હાણની હત્યા કરી હતી.

હત્યા બાદ તે લખનઊ ગયો હતો. ત્યાં પાંચથી છ વર્ષ રહ્યા પછી તે પ્રયાગરાજમાં સંતાયો હતો. છેલ્લાં ૧૫ વર્ષથી તે પ્રયાગરાજમાં ઈ-રિક્ષા ચલાવી ગુજરાન કરતો હતો.

# લોન માફી યોજનાથી મહારાષ્ટ્રના ૭૦ ટકા ખેડૂતોને અન્યાયઃ રોહિત પવારનો દાવો

નાંદેડ: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે શુક્રવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર સરકારની કૃષિ લોન માફી યોજના શરતોથી ભરેલી છે અને એના અમલથી રાજ્યના લગભગ ૭૦ ટકા ખેડૂતોને અન્યાય થશે.

નાંદેડમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પવારે ચેતવણી આપી હતી કે જો સરકાર 'પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર શેતકરી કરજ-મુક્તિ યોજના' અંગેનું વચન પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેશે તો ૨૯ જૂનથી મોટા પાયે આંદોલન કરવામાં આવશે.

આ મહિનાના પ્રારંભમાં રાજ્ય સરકારની યોજનામાંથી આકરી શરતો દૂર કરવાની માગણી સાથે સોલાપુર જિલ્લાના પંઢરપુરમાં અનિશ્ચિત સમય માટે પવાર ભૂખ હડતાળ પર ઉતર્યા હતા. ત્યારબાદ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે બેઠક યોજવાનું આશ્વાસન મળતાં તેમણે હડતાળ પાછી ખેંચી લીધી હતી.

બીજી જૂને રાજ્ય પ્રધાન મંડળે ૩૬ હજાર ૫૮૫ કરોડ રૂપિયાની કૃષિ લોન માફી યોજનાને મંજૂરી આપી જેનો લાભ લગભગ ૫૬ લાખ ખેડૂતોને મળવાની અપેક્ષા છે. આ યોજના ૨ લાખ રૂપિયા સુધીની કૃષિ લોન માફી પૂરી પાડે છે. તેમાં ત્રણ ઘટકો છે - લોન માફી, એક વખતની પતાવટ અને પ્રોત્સાહન લાભો - અને પાત્રતા માટે કોઈ જમીનધારણ માપદંડ રહેશે નહીં. (પીટીઆઇ)

# થાણે અને પાલઘરમાં ચોરીના ૩૩ ગુનામાં સામેલ આરોપીની ઉત્તર પ્રદેશથી ધરપકડ

થાણે: થાણે અને પાલઘર જિલ્લામાં ચોરીના ૩૩ ગુનામાં સંડોવાયેલા આરોપીને કલ્યાણ પોલીસે ઉત્તર પ્રદેશથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ રાજેશ અરવિંદ રાજભર (૩૦) તરીકે થઇ હતી, જે થાણે, પાલઘર અને રાયગડ જિલ્લામાં બંધ ઘરોને ટાર્ગેટ કરતો હતો. આરોપી પાસેથી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત ૩૮.૫ લાખ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી.

કલ્યાણના વિષ્ણુનગર પોલીસ સ્ટેશનની હદમાં એક ઘરમાં ચોરી થઇ હતી અને પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તેમાં આરોપી નજરે પડ્યો હતો. દરમિયાન આરોપી ઉત્તર પ્રદેશમાં ભાગી છૂટ્યો હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં રવાના થઇ હતી અને તેના વતન આઝમગઢથી તેને ઝડપી પાડ્યો હતો. (પીટીઆઇ)

# ભૂતપૂર્વ વિધાનસભ્ય પર હુમલોઃ ભાજપના નગરસેવક, તેના સાથીદારને પાંચ વર્ષની કેદ

ગોંદિયા: ૨૦૧૬માં પત્રકાર પરિષદ દરમિયાન ભૂતપૂર્વ વિધાનસભ્ય પર હુમલો કરવા બદલ ગોંદિયા જિલ્લાની કોર્ટે ભાજપના નગરસેવક અને તેના સાથીદારને પાંચ વર્ષની કેદ ફટકારી હતી.

ડિસ્ટ્રિક્ટ ઍન્ડ એડિશનલ સેશન્સ જજ એ. એસ. પ્રતિનિધિએ ગોંદિયા પાલિકાના નગરસેવક શિવ શર્મા અને તેના સાથીદાર રાહુલ શ્રીવાસને ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૫ હેઠળ દોષી ઠેરવ્યા હતા.

કોર્ટ બંને જણને પાંચ વર્ષની કેદ ઉપરાંત પ્રત્યેકને પચાસ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. કોર્ટે આ કેસમાં પુરાવાના અભાવે અન્ય ચારને નિર્દોષ જાહેર કર્યા હતા.

માહિતી અનુસાર તત્કાલીન કૉંગ્રેસી વિધાનસભ્ય ગોપાલદાસ અગ્રવાલ ૯ એપ્રિલ, ૨૦૧૬ના રોજ સ્થાનિક હોટેલમાં પત્રકારોને માહિતી આપી રહ્યા હતા ત્યારે શર્મા અને શ્રીવાસ ત્યાં આવ્યા હતા અને તેમણે અગ્રવાલને લાફો માર્યો હતો. શ્રીવાસે અગ્રવાલ અને તેના પુત્ર પર હુમલો પણ કર્યો હતો, જે બોલચાલી વખતે પિતાને બચાવવા માટે આવ્યો હતો.આ ઘટના બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે શર્મા અને શ્રીવાસ તથા અન્ય ચાર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો, જેમણે બંનેને ભગાડવામાં મદદ કરી હતી. (પીટીઆઇ)

પાંચમાં પાનાનું ચાલુ

## પેપર મહારાષ્ટ્રનું

કુમાર (૩૦) અને ધીરજ સિંહ (૨૮) તરીકે થઈ હતી. રાજીવ અને આકાશ બિહારના, જ્યારે ધીરજ હરિયાણાનો વતની હોવાનું પોલીસનું કહેવું છે. તેમની પાસેથી મોબાઈલ ફોન્સ, રોકડ રકમ અને ટીઈટી પરીક્ષાના પ્રશ્નપત્રના ચાર સેટ જપ્ત કરવામાં આવ્યા હતા. આ મામલે કોનગાંવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

ટીઈટીના પ્રશ્નપત્ર વેચવાને ઇરાદે અમુક શખસ ભિવંડીના કોનગાંવ ખાતે આવવાના હોવાની માહિતી પોલીસને મળી હતી. રાજ્યમાં ૩૭ સ્થળે આવેલા ૧,૭૨૮ સેન્ટરમાં લગભગ છ લાખ ઉમેદવાર પરીક્ષા આપવાના હતા. પ્રશ્નપત્ર વેચવાની માહિતીની ખરાઈ તપાસવા માટે અલગ અલગ ટીમ કામે લાગી હતી. આખરે શકમંદ જણાયેલા ત્રણેયને તાબામાં લેવાયા હતા.

આરોપીઓ પાસેથી જપ્ત કરાયેલા પ્રશ્નપત્રોની ચકાસણી કરવા માટે શિક્ષણ વિભાગની મદદ લેવામાં આવી હતી. ચકાસણી બાદ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના અધિકારીએ ખાતરી કરી હતી કે શકમંદો પાસેથી જપ્ત કરાયેલા પેપર ઑરિજિનલ ક્વેશ્ચન પેપર્સ છે, જેની પરીક્ષા રવિવારે, ૨૮ જૂને થવાની હતી.

આશ્ચર્યની વાત એટલે મહારાષ્ટ્રમાં થનારી પરીક્ષાના પેપર બિહાર અને હરિયાણાના યુવાનો વેચવા આવ્યા હતા. આ પેપર તેમની પાસેથી ક્યાંથી આવ્યા તેનો સ્રોત પોલીસ શોધી રહી છે. આરોપીઓ આંતરરાજ્ય સિન્ડિકેટના સભ્યો હોવાનું પોલીસનું માનવું છે. આ રૅકેટનો સૂત્રધાર ફરાર હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે. આ મામલે પોલીસ ભિવંડીના અમુક કોચિંગ સેન્ટરની પણ તપાસ કરશે.

### 'પેપર લીક' મહારાષ્ટ્ર સરકાર માટે રોજનું થયું: વિરોધ પક્ષો

મુંબઈ: ભિવંડીમાં કેટલીક વ્યક્તિ પાસેથી શિક્ષક પાત્રતા પરીક્ષા (ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ - ટેટ) પરીક્ષાના પ્રશ્નપત્ર જેવા જ પ્રશ્નો મળી આવ્યા બાદ વિપક્ષ દ્વારા આરોપ કરવામાં આવ્યો છે કે 'પેપર લીક' હવે એકલદોકલ ઘટના નથી રહી નથી બલકે મહારાષ્ટ્ર સરકારના શાસનમાં વારંવાર બની રહ્યું છે.

પ્રદેશ કોંગ્રેસ પક્ષના પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ શનિવારે જણાવ્યું હતું કે મળેલા અહેવાલ અનુસાર શિક્ષક પાત્રતા પરીક્ષા (ટીઈટી -ટેટ) માટેનું પ્રશ્નપત્ર નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ગઢ થાણેમાં લીક થયું હતું. લાખો વિદ્યાર્થીઓની મહેનત, સપના અને ભવિષ્યને બરબાદ કરી રહેલા કૌભાંડને રાજકીય રક્ષણ કોણ આપી રહ્યું છે? કોંગ્રેસના નેતાએ મામલાની નિષ્પક્ષ અને નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માગ કરી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, થાણે જિલ્લાના ભિવંડીમાં દરોડામાં કેટલીક વ્યક્તિ પાસે પેપરમાં પુછાનારા પ્રશ્નો જેવા જ ઘણા પ્રશ્નો હોવાનું જાણવા મળ્યા બાદ મહારાષ્ટ્રમાં રવિવારે યોજાનારી શિક્ષક પાત્રતા પરીક્ષા (ટેટ) ૨૦૨૬ મુલતવી રાખવામાં આવી હતી.

કથિત પેપર લીકને લાખો વિદ્યાર્થીઓના સપના અને ભવિષ્યને રગદોળવાની કોશિશ ગણાવી કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે આરોપ કર્યો છે કે ભરતી અને પાત્રતા પરીક્ષાઓમાં વારંવાર પેપર લીક થવાના બનાવો આવા કૌભાંડોને રોકવામાં સરકારની નિષ્ફળતા દર્શાવે છે. (પીટીઆઈ)

## સિયાનાં માતા-પિતા

ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીની ધરપકડ કરી હતી. લોહગડ કિલ્લા પરથી ધક્કો મારવામાં આવતાં કેતન ૪૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડ્યો હતો.

આ કેસમાં પૂછપરછ માટે શનિવારે સિયાના વડીલો પ્રવીણ અને પૂજા તેમ જ ભાઈ સાહિલને બોલાવવામાં આવ્યાં હતાં. ત્રણેય જણ સવારે પોલીસ સ્ટેશને પહોંચ્યાં હતાં. પૂછપરછ બાદ તેમનાં નિવેદન નોંધવામાં આવ્યાં હતાં, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે પોલીસે શુક્રવારે પણ સાહિલને પૂછપરછ માટે બોલાવ્યો હતો. શુક્રવારે સવારે પોલીસ સ્ટેશને પહોંચેલા સાહિલની લગભગ ૧૦ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. રાતે પછી તેને ઘરે જવા દેવાયો હતો અને શનિવારે ફરી પોલીસ સ્ટેશને હાજર થવાનું કહેવામાં આવ્યું હતું.

સિયાના પ્રેમી ચેતનને સાહિલ ઓળખતો હોવાથી ક્રોસ ચેક કરવા તેની પૂછપરછ કરાઈ હોવાનું કહેવાય છે. એ સિવાય સિયા અને ચેતન વચ્ચેના સંબંધો અંગે પણ તેને પ્રશ્નો પુછાયા હતા.

ઉલ્લેખનીય છે કે માવળ તાલુકામાં આવેલા લોહગડ પરથી ૧૮ જૂને ખીણમાં પડેલા કેતનનું મૃત્યુ થયું હતું. પ્રાથમિક પૂછપરછમાં રિયાએ દાવો કર્યો હતો કે સેલ્ફી લેતી વખતે કેતન ખીણમાં પડ્યો હતો. જોકે બાદમાં તપાસમાં રિયા અને ચેતનની સંડોવણી સામે આવી હતી. (પીટીઆઈ)

## પાલિકા અધિકારીઓને

વ્યક્ત કરી હોવાથી જુલાઈ મહિનામાં જળાશયોની સપાટીમાં વધારો થશે એવું પાણીપુરવઠા વિભાગનું માનવું છે.

મુંબઈને પ્રતિદિન ૩,૯૫૦ મિલિયન લિટર પાણીપુરવઠો કરવામાં આવે છે. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે પહેલા ઑક્ટોબરનાં જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલિયન લિટર જેટલું પાણી હોવું આવશ્યક છે. ચોમાસું લંબાઈ જવાને પગલે વરસાદની ગેરહાજરીમાં સાતેય જળાશયોમાં પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે. શનિવારે સવાર સુધી સાતેય જળાશયોમાં ૭.૩૧ ટકા એટલે કે ૧,૦૫,૭૫૫ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો નોંધાયો હતો. ગયા વર્ષે ચોમાસાનું આગમન જલદી થવાની સાથે જ મે મહિનામાં અને બાદમાં જૂનમાં મુશળધાર વરસાદને પગલે આ જ સમયે જળાશયોમાં ૩૭.૧૬ ટકા પાણીનો જથ્થો હતો. તો ૨૦૨૪માં પણ ચોમાસું ખેંચાઈ જતા જળાશયોમાં ૫.૨૯ ટકા પાણીનું સ્તર રહ્યું હતું. બાદમાં જોકે જુલાઈ મહિનાના મુશળધાર વરસાદને પગલે જળાશયોમાં પાણીની સારી આવક થઈ હતી.

વરસાદ ખેંચાઈ જતા અને ઘટતી સપાટીને પગલે મે મહિનામાં મુંબઈગરાના માથે ૧૦ ટકા પાણીકાપ લાદયા બાદ જૂન મહિનામાં મુંબઈના ઈન્ડસ્ટ્રિયલ અને કમર્શિયલ એસ્ટાબ્લિસમેન્ટ પર ૨૦ ટકા પાણીકાપ લાદવામાં આવ્યો છે. ગયા અઠવાડિયામાં મુંબઈમાં ૨૪ કલાક દરમ્યાન મુશળધાર વરસાદ પડ્યો હતો પણ તળાવોના કેચમેન્ટમાં નોંધનીય વરસાદ પડ્યો નથી. તેથી પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ જળાશયોની ઘટતી સપાટીએ ચિંતા વધારી છે. તેમાં પાછું મુંબઈમાં મુશળધાર વરસાદ પડયો પણ જળાશયોના કેચમેન્ટમાં નોંધપાત્ર વરસાદ પડયો નથી. રાજ્ય સરકાર પાસેથી પાલિકાને વધારાનું પાણી મળવાનું છે પણ તેનાથી પણ ઑગસ્ટ સુધી જ પાણી ચાલશે. હવામાન વિભાગે જુલાઈ મહિનામાં ચોમાસું ફરી સક્રિય થવાની શક્યતા વ્યક્ત કરી છે. તેથી જુલાઈ મહિનામાં જળાશયોના કેચમેન્ટ એરિયામાં સારો વરસાદ પડે અને પાણીનું સ્તર વધે એવી આશા છે.

## મોહરમના

પેઈનકિલરને નામે ઝેરી કૅપ્સ્યુલ્સ વહેંચતો હતો. પોતાના ખર્ચે તેણે આ મોતનો સામાન મગાવ્યો હતો, પરંતુ જુલૂસમાં લોકોને મફતમાં આપતો હતો. પેઈનકિલરની દવા સમજીને અનેક લોકોએ તેની પાસેથી આ કૅપ્સ્યુલ્સ લીધી હોવાનું તપાસમાં જણાયું હતું.

જોકે અમુક લોકોએ કૅપ્સ્યુલ્સ પાણી સાથે ગળી હોવાનું અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે. તેમાંથી કેટલાકનાં સ્વાસ્થ્ય લથડ્યાં હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ એ તમામની પૂછપરછ કરી રહી છે.

જુલૂસમાં લોકોને કૅપ્સ્યુલ્સ વહેંચનારા ફૈયાઝ પ્રેમજી પર પોલીસની નજર પડી હતી. સતર્ક પોલીસે તેને તાબામાં લીધો હોવાથી જ મોટી જાનહાનિ ટળી હતી અને પ્રેમજી પોતાનો મનસૂબો પાર પાડી શક્યો નહોતો.

તપાસમાં પોલીસને ચોંકાવનારી માહિતી મળી રહી છે કે છેલ્લા એક વર્ષમાં ફૈયાઝ ૧૯ વખત ઈરાન-ઈરાક ગયો હતો. તે ૨૦૧૯થી ઈરાન અને ઈરાક જઈ રહ્યો છે. કહેવાય છે કે ફૈયાઝની બહેન ઈરાનમાં ફિઝિયોથેરપિસ્ટ તરીકે કામ કરે છે. તેની માતા પણ ઈરાનમાં જ રહે છે. પત્ની સાથે છૂટાછેડા લીધા પછી ફૈયાઝ પુણેના વિમાન નગરમાં એકલો રહેતો હતો. આરોપીની ઈરાન-ઈરાક મુલાકાતને પોલીસ શંકાની નજરે જોઈ રહી છે. આ મુલાકાત દરમિયાન તે કોઈ આતંકી સંગઠનના સંપર્કમાં તો નથી આવ્યોને તેની તપાસ પોલીસ કરી રહી છે.

## સિયા વિરુદ્ધ સજ્જડ

રજૂઆત કરાય છે તેની સામે લક્ષ કેન્દ્રિત થયું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સિયાના વકીલનું કહેવું છે કે કોઈ પણ આરોપીએ પોલીસ સમક્ષ કરેલી કબૂલાત કોર્ટમાં પુરાવા તરીકે માન્ય ઠરતી નથી. આના માટે મૅજિસ્ટ્રેટ-જજની હાજરીમાં કાયદેસરની પ્રક્રિયાથી નિવેદન નોંધવું જરૂરી હોય છે. તેથી માત્ર પોલીસ તપાસમાં કરાયેલી કબૂલાતથી કોઈ આરોપી કસૂરવાર ઠરી શકે નહીં. સિયા વિરુદ્ધ કોઈ પણ સ્વતંત્ર સાક્ષી અથવા પુરાવો ન હોવાનો દાવો બચાવ પક્ષે કર્યો હતો.

## દોઢ કરોડ રૂપિયામાં

રહી છે. આ પેપર આરોપીઓ દોઢ કરોડ રૂપિયામાં વેચવાની તૈયારીમાં હતા. બિહાર અને હરિયાણાના વતની એવા ત્રણેય આરોપી ભિવંડીમાં કોના સંપર્કમાં હતા તેની તપાસ પોલીસ કરી રહી છે. એ સિવાય કોઈ શૈક્ષણિક સંસ્થા સાથે તેમની કડી જોડાયેલી છે કે પછી ભિવંડીમાં તેમનો કોઈ એજન્ટ હતો તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## ૧૭ કરોડના

પ્રવીણ ગોયલે જણાવ્યું હતું.

સગાઈ કર્યા પછી સિયાએ કેતનની હત્યાની યોજના બનાવી હોવાની વાત સામે આવતાં જ પિતા પ્રવીણ ગોયલને આઘાત લાગ્યો હતો. સિયાની ધરપકડને બીજે દિવસે બ્લડ પ્રેશર વધી જવાને કારણે તેમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. હૉસ્પિટલના બેડ પરથી પ્રવીણે અનેક ચોખવટ કરી હતી.

પ્રવીણનું કહેવું છે કે સિયા અને કેતનનાં લગ્ન માટે જયપુરમાં ૧૭ કરોડ રૂપિયાનો મહેલ અને બે ચાર્ટર્ડ વિમાન બુક કરવામાં આવી હતી એવી ચર્ચા ચાલી રહી છે, જે સદંતર ખોટી છે. સિયા-કેતનનાં લગ્ન ૨૩થી ૨૫ નવેમ્બર દરમિયાન ઉદયપુરમાં થવાનાં હતાં. ૨૬ નવેમ્બરે હોટેલમાંથી ચેકઆઉટનું નક્કી હતું.

એક દંપતી પાછળ દિવસના ૮૧-૮૨ હજાર રૂપિયા ખર્ચ થવાનો હતો. અમારી ૭૦ રૂમ અને કેતનના પરિવાર દ્વારા ૧૫૦થી ૧૬૦ રૂમ બુક કરવાનું નક્કી થયું હતું. ઈવેન્ટ્સ, ખાણીપીણી મળીને અંદાજે ત્રણ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ થવાનો હતો, એવો દાવો પ્રવીણ ગોયલે કર્યો હતો.

પ્રવીણે જણાવ્યું હતું કે ફ્લાઈટ બુકિંગ જુલાઈ-ઑગસ્ટમાં કરવાનું અમે નક્કી કર્યું હતું. અમને ટ્રાવેલ્સ એજન્ટે કેટલાક વિકલ્પ આપ્યા હતા, જેમાંથી એક હતો મુંબઈ-ઉદયપુરની ફ્લાઈટનો. જોકે આ વિકલ્પ અમને ફાવે એમ નહોતો, કારણ કે તેના માટે અમારે પુણેથી મધરાતે બેથી અઢી વાગ્યે નીકળવું પડે એમ હતું અને તેમાં મહેમાનો થાકી ગયા હોત. બીજો વિકલ્પ હતો પુણે-ઉદયપુરનો, પણ તેનો ખર્ચ વધુપડતો હતો. એ મારી હેસિયત બહારની વાત હતી, કારણ કે મને ઓછા બજેટમાં બુક કરવું હતું.

ત્રીજો વિકલ્પ હતો પુણે-અમદાવાદ વિમાન. ત્યાંથી કારમાં બે-બે કપલને ઉદયપુરના અનંત રિસોર્ટમાં લઈ જવાનાં હતાં. ત્રણથી ચાર કલાકનો પ્રવાસ હતો. કોઈ પણ ચાર્ટર્ડ વિમાન બુક કરવામાં આવ્યું નહોતું. હું ફ્લાઈટની ઓછા દરની ૨૦-૨૫ ટિકિટ કઢાવવાનો હતો, એવું પ્રવીણે જણાવ્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે હું વધુમાં વધુ ચાર કરોડ રૂપિયા ખર્ચ કરી શકું એમ હતો. મારી બહેને કહ્યું હતું કે દીકરી શ્રીમંત ઘરમાં જઈ રહી છે અને ખુશ રહેશે એટલે થોડો વધુ ખર્ચ થાય તો તેનો વિચાર ન કરતો. એટલે મેં કહ્યું, ઠીક છે અને આખરે પાંચ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરવાનું વિચાર્યું હતું.

## એસઆઈટી

તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) બનાવવામાં આવી છે, જેનું નેતૃત્વ ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) પવન બનસોડ કરશે. આ ટીમમાં બે આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (એસીપી), નવ પોલીસ ઈન્સ્પેક્ટર અને આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટરનો સમાવેશ કરાયો છે. આ રૅકેટના માસ્ટરમાઈન્ડની શોધ ચલાવવામાં આવી રહી છે. રૅકેટ સાથે સંકળાયેલા અન્ય શકમંદોની તપાસ અને પેપર લીકનો સ્રોત શોધી કાઢવા અધિકારીઓની ટીમ અલગ અલગ સ્થળે મોકલવામાં આવી છે, એમ ડીસીપીએ જણાવ્યું હતું.

# હિન્દુ મરણ

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

જિતેન્દ્ર રામકૃષ્ણ ગાવડીયા કચ્છ ગામ નલિયા હાલ મુલુંડ (ઉં. વ. ૭૨) તે સ્વ. ચંચળબેન રામકૃષ્ણ ધર્મસિંહ ગાવડીયાના પુત્ર. અ. સૌ. દેવયાનીબેનના પતિ. સ્વ. પુરુષોતમભાઇ, સ્વ. ભવાનજીભાઇ, સ્વ. વિશ્વનાથભાઇ, સ્વ. લક્ષ્મીનારાયણભાઇ, સ્વ. નથુરામભાઇ અને સ્વ. હરીરામભાઇના સભત્રીજા. તે રાજેશ (રાજુ), પ્રજ્ઞા તેજસ અને સ્વ. પ્રશાંતના પિતા. જાગૃતિ રાજેશ અને તેજસ પંકજ હરિયામાણેકના સસરા. તે કલ્યાણજી માલજી સોનપાર કચ્છ ગામ રોહા કોટડાવાળાના જમાઇ. તા. ૨૬-૬-૨૬ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૬-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

વિજયસિંહ (બાબાભાઇ) તે સ્વ. સુંદરબાઇ દ્વારકાદાસના પુત્ર. સ્વ. હરીદાસ ઘેલાદયાળના પૌત્ર. સ્વ. દ્વારકાદાસ પરષોત્તમના ભાણેજ. સ્વ. મનુભાઇ, સ્વ. કાંતાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. હેમીબેન, હંસરાજભાઇ, સ્વ. દિનેશભાઇ તથા સ્વ. હેમંતભાઇના ભાઇ તા. ૨૬-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ પાંચ તલાવડાવાળા હાલ (પૂના) ગીતાબેન તથા દિપકભાઇ ભગવાનભાઇ મકવાણાના જયેષ્ઠ પુત્ર ધર્મેશભાઇ (ઉં. વ. ૫૫) તા. ૨૫-૬-૨૬ ગુરુવારના રામચરણ પામેલ છે. તે મીતાબેનના પતિ. રિયાબેનના જેઠ. મેઘ, સૂર્ય, ખુશીના પિતાશ્રી. કલ્પેશભાઇ, સ્વ. હિતેશભાઇ, દર્શનાબેન વિમેશકુમાર નરભેરામના ભાઇ. ઝીનીયા મેઘ મકવાણાના સસરા. મહેશભાઇ મહેન્દ્રભાઇ મોદી ભાવનગરવાળા હાલ (મુંબઇ)ના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૨૯-૬-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે.પાટીદાર ભુવન, એકબોટે કોલોની, મહાત્મા ફૂલે પેઠ, સેવન લવ્સ ચોક પાસે, પૂણે-૪૧૧૦૪૨.

**કચ્છી લોહાણા**

સ્વ. સૌ. રીટાબેન પદ્મકાંત ઠક્કર (ઉં. વ. ૬૩) સ્વ. વિઠલદાસ નારાયણજી તન્નાના પુત્રવધૂ. કચ્છ ગામ રવાપર, હાલ નિવાસી : લાસલગાંવ પદ્મકાંત ઠક્કરના ધર્મપત્ની. દીપકભાઇ તન્નાના ભાભી. સૌ. ચેતનાબેન દીપકભાઇ તન્નાના જેઠાણી. રીટાબેન જગદીશભાઇ પોપટ અને નીતાબેન રાજુભાઇ ચોલેરાના ભાભી. જય ઠક્કર, સૌ. પ્રિયંકાબેન તથા સૌ. દર્શિકાબેનના માતાશ્રી. સૌ. પાયલબેન જય ઠક્કર, સાગરભાઇ ચોથાણી, લાસલગાંવ તથા કપિલભાઇ હરિયાણી, ચાલીસગાંવના સાસુશ્રી. પ્રાર્થનાસભા તા. ૨૮-૬-૨૬ રવિવારના સાંજે ૫થી ૬. ઠે બાલાજી મંદિર હોલ, લાસલગાંવ.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ ભુજપુર કચ્છી હાલે કાંદિવલી, સ્વ. પ્રભાશંકર લાલજી કેશવાણીના ધર્મપત્ની ગં. સ્વ. દમયંતીબેન (ઉં. વ. ૭૯) તા. ૨૪.૦૬.૨૬ બુધવારના રામશરણ પામેલ છે. તે સ્વ. રતનબેન લાલજી દામજી કેશવાણીના પુત્રવધૂ. ગીતાબેન જયંતીલાલ નાકર, હર્ષાબેન દિપેશભાઈ સાંગલે, દીપ્તિબેન નિતીનભાઈ રાજગોર, જિજ્ઞાબેન ચંદ્રકાન્ત વ્યાસ, સ્વ. કુ.લતાબેન, સ્વ. જ્યોત્સનાબેન વિનોદભાઈ શાહ, મયુરભાઈના માતાશ્રી. ખુશ્બુબેનના સાસુમા. ગામ બાગના સ્વ. કંકુબેન શિવજી રણછોડજી મોતાના સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮.૦૬.૨૬ રવિવારના સાંજના ૦૪ થી ૦૬. સ્થળ: શ્રી જમનાદાસ અડુકીયા હાઈસ્કૂલ રામલેન આઈ.સી.આઈ.સી. આઈ બેંકની સામેની ગલ્લી, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

મહુઆ નિવાસી હાલ વિલે પાર્લે, સ્વ. કલાવતી બળવંતરાય વોરાના પુત્ર નીતિન (ઉં. વ. ૭૬) ભાવનાના પતિ. પૂજા સંજય ચૌહાણના પિતા, સંજય અશોકભાઈ ચૌહાણના સસરા. સુધીરભાઈ, નરેશભાઈ, સ્વ. નિહારિકા વિનોદ મેહતા, જયશ્રી રાજેશ મથુરીયા, મંદા કિરીટ મેહતાના ભાઇ. ઓથવાલા ધનલક્ષ્મી ગંગાદાસ પ્રાગજી પારેખના જમાઈ. શુક્રવાર તા. ૨૬/૬/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**સઇ સુતાર જ્ઞાતિ**

દિનેશ જયંતીલાલ ગોહિલ (ઉં. વ. ૭૧) ગામ સાયલા હાલ કાંદીવલી, તે સ્વ. જયશ્રીબેનના પતિ. સ્વ. ભાનુબેન જયંતીલાલના પુત્ર. સુનીલ, પિંકુ-રાકેશકુમારના પિતાશ્રી. અનીલભાઈ, સ્વ. ઉષાબેન, સ્વ. રમાબેન અને લતા, ભારતીબેનના ભાઈ. અક્ષય - ખુશ્બુ, જીગરના મામા. કંચનબેન - મનુભાઈ - મહુવાવાળાના જમાઈ. બંને પક્ષની સાદડી ૨૮-૬-૨૦૨૬ સાંજે ૪ થી ૬. સ્વામિનારાયણ સંસ્કારધામ અક્ષરધામ કોમ્પ્લેક્સ, ત્રીજો માળ, એસ.વી. રોડ, મલાડ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મોઢ મંડળીયા વણિક**

ચોરવાડ નિવાસી હાલ અંધેરી, પ્રતિભાબેન દામાણી (ઉં. વ.૭૮) તે સ્વ. રમણબેન તથા સ્વ. મગનલાલ અંદરજી દામાણીની સુપુત્રી તથા સ્વ. ચંદનબેન જગદીશચંદ્ર મહેતા, ગ.સ્વ. સુશીલાબેન મનસુખલાલ મહેતા, સ્વ. મનહરભાઈ, જગદીશભાઈ, પ્રબોધભાઈ, દીપકભાઈ, જાગૃતિબેનના બેન. ગં.સ્વ. જશવંતીબેન, અ.સૌ. રજનીબેન, અ.સૌ. માલતીબેન, અ.સૌ. ગીતાબેનના નણંદ. પ્રીતિ - નિલેશ, અમિત - આરતી, નેહા - અબીર, દ્વિતા, અજય- કામિની, અદિતી - કિંજલ, ઉષ્મા - ધર્મિલ, ઈશાના ફઈબા તા. ૨૫-૦૬-૨૦૨૬ને ગુરુવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પ્રભાવતી કરસનદાસ દયાળજી ઠક્કર (સોતા)ના પુત્ર શાંતિલાલભાઈ (ઉં. વ. ૬૯), કચ્છ ગામ કેરા-બરડીયા હાલે નાસિક, તા. ૨૬/૬/૨૬ના નિધન થયેલ છે. તે કોકિલાબેનનાં પતિ. સચિનનાં પિતા. સ્વ. પૂર્ણિમાબેન (બેનાબેન) સ્વ. જયંતિલાલ, સ્વ. ઉષાબેનના ભાઈ. અ. સૌ. રાજલબેનના સસરા. સ્વ. માધવજી નારણજી ઠક્કર હાલે જરીયેના જમાઈ. તેમની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૮/૦૬/૨૬નાં સાંજે ૫ થી ૬. કચ્છી લોહાણા મહાજનવાડી, ડિંડોરી રોડ, પંચવટી, નાસિક.

**નાથાળિયાં ઉનેવાળ બ્રાહ્મણ**

ગ.સ્વ. નર્મદાબેન આણંદજી ઓઝા (ઉં. વ. ૧૦૫) ગામ નિંગાળા/ગરાળ નિવાસી હાલ મીરારોડ, તે આણંદજી જેઠાભાઇના ધર્મપત્ની. રમેશ, પ્રવીણ, પ્રદીપ, ગિરીશ, પુષ્પા ભાસ્કર જોષી, મંજુલા કનકરાય ઉપાધ્યાયના માતુશ્રી. સ્વ. સંતોકબેનકરશનજી હીરજી ઠાકરના પુત્રી તા. ૨૫/૦૬/૨૬ ગુરુવારના કૈલાસવાસી થયા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮/૦૬/૨૬ રવિવારના ૪થી ૬. સ્થાનઃ ડાયમોડા બી.એ.પી.એસ, સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, પેટ્રોલ પંપની બાજુમા, દહિસર-ઈસ્ટ.

**કપોળ**

મહુવાવાળા, હાલ કાંદિવલી. જમનાબેન દોલતરાય મંગળદાસ ગાંધીના પુત્ર ચિ. ધીરેન્દ્રભાઈ (ઉં. વ. ૮૨) તે સ્વ. લતાબેન (લક્ષ્મીબેન )ના પતિ. ઓજસના પિતાશ્રી. મીનલના સસરા સરોજબેન કાંતિલાલ પારેખના ભાઈ, મોણપરવાળા જયંતિલાલ જીવાભાઈ મેહતાના જમાઇ. તા. ૨૩/૦૬/૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા દિશાવલ વૈષ્ણવ**

ગામ સાદરા, હાલ મુંબઈ અ.સૌ. રાજેશ્વરી (પારૂલ) ગીરીશ શાહ તે ૨૬.૬.૨૬ના શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હસુમતીબેન રાધેશ્યામ ગોકુળદાસના પુત્રવધૂ. ગીરીશભાઈ શાહના ધર્મપત્ની. હર્ષના માતુશ્રી. અનિકાના સાસુ. ગં. સ્વ. જ્યોતીબેન સતીશભાઈ અને શૈલેષભાઇના ભાભી. રેખાબેનના દેરાણી. પ્રાર્થનાસભા મંગળવાર, ૩૦.૬.૨૬ના ૪ થી ૬ ઠે. કાંદિવલી કેસર આશિષ સોસાયટી, ૧લે માળે, યોગા હોલ, શંકર મંદિરની સામે, મહાવીર નગર, લિંક રોડ, કાંદિવલી (વે).

**કડવા પાટીદાર**

ઉત્તર ગુજરાત, ગામ - ઉમતા, હાલ સાયન. તે કાંતાબેન રતીલાલ પટેલ (ઉં.વ. ૯૨) રતીલાલ ઈશ્વરદાસ પટેલના ધર્મપત્ની. તે નરેન્દ્ર, અશોક, કમલેશ, રૂપલ ગીરીશભાઈ મહાદેવિયાના માતુશ્રી. મીના, અમી, છાયાના સાસુજી. સ્વ. વસ્તારામદાસ પટેલના પુત્રી. ગુરુવાર, તા.૨૫.૬.૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, ૨૮.૬.૨૬ના ૫ થી ૬.૩૦ ઠે. શ્રી વલ્લભ શિક્ષણ સંગીત આશ્રમ, પ્લોટ નં. ૬, ગુરૂકૃપા હોટલની સામે, નિત્યાનંદ હોલની બાજુમાં, સાયન (પશ્ચિમ).

**મોડાસા એકડા વીશા ખડાયતા**

કાઠનપુરવાળા હાલ મુંબઈ સ્વ. જયેશ પ્રવિણચંદ્ર શાહ તા. ૨૬-૬-૨૬ સ્વર્ગવાસ થયા છે. તે પ્રવિણચંદ્ર શાહ તથા સુસ્મીતા શાહના પુત્ર. શ્રુતિબેનના પતિ. શ્રુજનય, પ્રજયના પિતાશ્રી. કિરપા ઉત્પલ શેઠના ભાઇ. માનસી ભાવેશ શાહના દિયર. સ્વ. શિતલ કૈલાશ વાસવાનીના ભાઇ. પ્રફુલ શાહ અને નિખિલ શાહ. (પિયર પક્ષ)નું બેસણું એક જ દિવસે એક જ જગ્યાએ રાખેલ છે. ઠે. ચેમ્બુર જીમખાના, ફેસ-૨, ૧૬મો રોડ, આંબેડકર ગાર્ડન પાસે, ચેમ્બુર, ગાવઠણ, ચેમ્બુર-૭૧.

# પારસી મરણ

રોની ફરામરોઝ સોરાબજી તે મરહુમો નરગીશ ફરામરોઝ સોરાબજીના દીકરા. તે બખતાવર તથા મરહુમો યઝદ ને આબાનના ભાઇ. તે ખુશરુ ને કૈઝાદના મામા. તે પરીનાઝના કાકા. (ઉં. વ. ૬૯) રે. ઠે. એ-૦૦૧, બ્રાઇટ લેન્ડ પ્લાઝા, નીલેમોરે, નાલાસોપારા (વેસ્ટ), નાલે પાલઘર-૪૦૧૨૦૩. ઉઠમણાંની ક્રિયા તા. ૨૮-૬-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તલગાજરડા નિવાસી હાલ મુલુંડ નેમચંદ બાલચંદ દોશીના પુત્ર અશોકભાઇ (ગઢવી)ના ધર્મપત્ની અ. સૌ. સ્મિતાબેન (ઉં. વ. ૬૩) તે અંકિત અને શ્વેતાના માતા. ઉન્નતિ અને મિથુનકુમારના સાસુ. અંશના દાદી અને દિવતીના નાની. તે અરુણાબેન જયંતીલાલ દોશીના દેરાણી. પિયર પક્ષે શાહ પરમાણંદદાસ પિતાંબર (નોંઘણવદર-વાળુકર)ના પુત્રી તા. ૨૪-૬-૨૬ને બુધવારના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી સ્થાનકવાસી વીસા શ્રીમાળી જૈન**

પીપરડી નિવાસી હાલ ગોરેગામ કાંદિવલી સ્વ. જયંતીભાઇ વર્ધમાનભાઇ બારભાયાના પત્ની પદમાબેન (ઉં. વ. ૮૮) તા. ૨૭-૬-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે, તે સ્વ. કસ્તુરીબેન ધીરજલાલ દોશી, સ્વ. માધવજીભાઇ, સ્વ. વાડીભાઇ, સ્વ. છોટાલાલભાઇ, સ્વ. વિમળાબેન અમૃતલાલ શાહ, જિતેન્દ્રભાઇ, સ્વ. જયોતિબેન વિનોદચંદ્ર ગાંધીના ભાભી. પિયર પક્ષે પ્રિતમલાલ વાડીલાલ શાહના દીકરી. ભૂપેન્દ્રભાઇ, જયોત્સનાબેન કિર્તીકુમાર સંઘવી, ગીતાબેન પ્રકાશભાઇ ગાંધી તથા રીટાબેન સંજયભાઇ દોશીના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

થોરડી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સેવંતીલાલ ખીમચંદ શાહ (સરવૈયા)ના પત્ની રમીલાબેન (ઉં. વ. ૮૭) તા. ૨૭-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. સતીષ, સ્વ. જયેશ તથા શીલ્પા ધીરેન મહેતાના માતુશ્રી. હીના, ફાલ્ગુની તથા ધીરેનભાઇ મહેતાના સાસુ. શાંતાબેન જયંતીલાલ મહેતા (બીલખીયા)ના દીકરી. વિશાલ, શ્રદ્ધા, વૈભવી, પ્રિયંકા, ધ્રુવિકા, રિયા, યશ અને ત્રીક્ષીકાના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભદ્રાવળ નિવાસી હાલ મલાડ, સ્વ. ઉર્મિલાબેન પ્રભુદાસ જેઠાલાલ શાહના પુત્ર મહેશભાઈ (ઉં. વ. ૭૩) ૨૭/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઈલાના પતિ. નિશાંતના પિતા. અરવિંદભાઈ, હેમંતભાઈ, પ્રવીણભાઈ, હેમલત્તા તથા રંજનના ભાઈ, ઉનાવાળા સ્વ. હુકમીચંદ હરજીવનદાસ દોશી મુલુન્ડના જમાઈ. પિતૃવંદના ૨૯/૬/૨૬ના ૧૦ થી ૧૨. ઠક્કાઈ ભાટિયા વાડી હોલ નં ૨, શંકરલેન કાંદિવલી વેસ્ટ.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લાઠી નિવાસી હાલ કાંદીવલી, મધુબેન (ઉં. વ. ૮૬) સ્વ. ગુણવંતરાય વ્રજલાલ ભાયાણીના ધર્મપત્ની, ભાવેશ, નિમેશ અને મોનાના માતા. ચેતન બજરીયા, સ્વ. શીતલ અને ભાવિતા (મોના)ના સાસુ. ઊર્જા અને નેત્રા, ધ્વનિ અને સૃષ્ટિ સાગર મહેતાનાં દાદી-નાની. ઉષાબેન રમેશચંદ્ર દોશીના ભાભી. શાંતાબેન ગિરધરલાલ સરવૈયાના દીકરી. તા. ૨૫/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૯/૬/૨૬ના સોમવારે ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવાવાસના ખુશાલચંદ શામજી મોતા (ઉં. વ. ૮૦) તા. ૨૬-૬-૨૬ના અવસાન પામેલ છે. તે લક્ષ્મીબેન શામજી દેવજીના પુત્ર. મણીબેનના પતિ. પ્રિતી, શીતલના પિતા. તે સ્વ. દામજી, જયંતીલાલ, સ્વ. પ્રવિણ, સ્વ. રમેશ, સ્વ. કિશોર, મંજુલાના ભાઈ. બિદડાના સ્વ. કસ્તુરબેન કુંવરજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. નિ. સચીન ગાલા, મહાવીરધામ સોસાયટી, રેણુકા મંદિર, પાંડુરંગવાડી, ડોમ્બિવલી (ઈ.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

### રામ મંદિર દાન વિવાદ

# ભાજપે હિન્દુઓ સાથે દગો કર્યોઃ ઉદ્ધવ ઠાકરે

યવતમાલઃ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે અયોધ્યામાં રામ મંદિરને મળેલા દાનમાં કથિત ઉચાપતનો ઉલ્લેખ કરીને હિન્દુત્વના મુદ્દે ભગવા પક્ષને નિશાન બનાવી હિન્દુઓની લાગણીઓ સાથે રમીને દગો કરવાનો તેના પર આરોપ મૂક્યો હતો. શિવસેના (યુબીટી, ભાજપ-મુક્ત રામ માટે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરવાની પ્રતિજ્ઞા પણ તેમણે લીધી હતી.

શિવસેનામાં જોડાયેલા અસંતુષ્ટ સેના (યુબીટી) સંસદસભ્ય સંજય દેશમુખના યવતમાળ-વાશીન મતવિસ્તારની એક સભામાં ઠાકરેએ ભાજપ પર વાસ્તવિક મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવા રાજકીય પક્ષોમાં ભાંગફોડ કરવાનો આરોપ કર્યો હતો.

ઉદ્ધવે વધુમાં જણાવ્યું હતું કે હકીકતમાં હિન્દુત્વ માનવતા શીખવે છે. અમે તમારા (ભાજપના) મંદિરો લૂંટવાના હિન્દુત્વનો વિરોધ કરીએ છીએ. અમે 'ભાજપ મુક્ત રામ' ઇચ્છીએ છીએ. શિવસેના (યુબીટી) આવા વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરશે.અમારા પક્ષે રામ મંદિરના નિર્માણ પહેલા ઘણી ચાંદીની ઈંટો આપી હતી. આ ચાંદીની ઈંટો ચોરાઈ ગઈ છે. શિવસેનાએ આપેલા પૈસાનું શું થયું? શુક્રવારે, શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે દાવો કર્યો હતો કે ટ્રસ્ટને દાનમાં આપેલા ૧ કરોડ રૂપિયાની રસીદ પક્ષને નથી મળી.

ઠાકરેએ જણાવ્યું હતું કે 'આ હિન્દુત્વનું અપમાન છે. આ ફક્ત શિવસેનાનો જ નહીં, પરંતુ દેશના હિન્દુઓ સાથે વિશ્વાસઘાત છે.' સાતમી જૂને ગેરરીતિના આરોપ સામે આવ્યા બાદ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ના પ્રારંભિક અહેવાલની ભલામણો બાદ ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહનના કહેવા પર એફઆઈઆર નોંધવામાં આવી હતી.

ધરપકડ કરવામાં આવેલી આઠ વ્યક્તિ મંદિરમાં દાનમાં મળેલી રોકડ અને કિંમતી વસ્તુઓની ગણતરી સાથે સંકળાયેલી હતી. ધરપકડ બાદ તેમને ૨૯ જૂન સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા, તપાસકર્તાઓએ ૭૯.૮૫ લાખ રૂપિયા વસૂલ કર્યા હોવાનો અહેવાલ આપ્યો હતો. (પીટીઆઈ)■

## ઉદ્ધવનો ઘમંડ શિવસેનાના વિનાશને નોતરું આપી રહ્યો છેઃ સંજય શિરસાટ

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાટે શનિવારે શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેની તેમના પક્ષના બળવાખોર સંસદ સભ્યોના મત વિસ્તારની મુલાકાતની ટીકા કરી હતી અને તેમનો અછડતો પ્રવાસ સમાચારમાં ચમકવાના આશય પૂરતો જ હોવાનું જણાવ્યું હતું. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં શિવસેનાના નેતાએ ઠાકરેનો અહંકાર તેમના પક્ષને નષ્ટ કરી રહ્યો હોવાનો આરોપ મૂક્યો છે. બળવાખોર વિધાનસભ્યો કેવળ તેમને કારણે જ અગાઉ ચૂંટણીમાં વિજય મેળવી શક્યા હતા એવા ઉદ્ધવના દાવાને તેમણે ફગાવી દીધો હતો. ઠાકરેએ આ અઠવાડિયાની શરૂઆતમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના હરીફ શિવસેના જૂથમાં જોડાઈ ગયેલા તેમના પક્ષના છ સંસદ સભ્યોના મતવિસ્તારોનો પ્રવાસ શરૂ કર્યો છે. ઠાકરે અને તેમના પક્ષના નેતાઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે એ જ વિમાનમાં નાગપુર ગયા હતા એ યોગાનુયોગ તરફ ધ્યાન દોરી શિરસાટે જણાવ્યું હતું કે 'મને નથી લાગતું કે તેમની વચ્ચે કોઈ વાતચીત થઈ છે. પરંતુ વાતચીત થવી જોઈએ, કારણ કે રાજકારણમાં તેનું મહત્ત્વ છે.' (પીટીઆઈ)■

## ફડણવીસ અને ઉદ્ધવનો સાથે વિમાન પ્રવાસ

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરે જૂથના છ સાંસદો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈ ગયા છે. આ રાજકીય ઝટકા બાદ ઉદ્ધવ ઠાકરેએ આ તમામ સાંસદોના વિસ્તારોમાં પ્રવાસ અને સભાઓ શરૂ કરી છે. આ અંગે કટાક્ષ કરતા શિંદેએ રાયગડ ખાતે જણાવ્યું હતું કે, 'મેં જ ઉદ્ધવ ઠાકરેને જાહેરસભાઓ કરવા મજબૂર કર્યા છે અને તેમને કામે લગાડી દીધા છે.

શુક્રવારે બંને નેતાઓએ એકસાથે વિમાન પ્રવાસ કર્યો હતો. આ પછી ઉદ્ધવ ઠાકરેએ હસતા હસતા જવાબ આપ્યો હતો કે અમે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરી હતી.

આ અંગે જ્યારે એકનાથ શિંદેને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, ''વિમાન કરતાં ઈમાન વધુ મહત્ત્વનું હોય છે. પણ તેમણે બેઈમાની કરી. ૨૦૧૯માં મહારાષ્ટ્રની જનતાએ સાથે પ્રવાસ કરવાની તક આપી હતી, પરંતુ તેમણે કૉંગ્રેસના ડૂબતા જહાજમાં મુસાફરી શરૂ કરી દીધી. તેથી મને આનાથી વધુ બોલવાની જરૂર નથી,'' એવો જવાબ શિંદેએ આપ્યો હતો. ■

## ફૂડ પોઈઝનિંગ બાદ ભીવંડી પાલિકા એક્શનમાં

### ખાણીપીણીની દુકાનોને આઠ દિવસની મુદત

થાણેઃ મહારાષ્ટ્રના ભિવંડીમાં અનધિકૃત ખાદ્ય વિક્રેતાઓ સામે મોટા પાયે કાર્યવાહી હાથ ધરતા, નાગરિક સત્તાવાળાઓએ સંસ્થાઓને તેમના લાઇસન્સ સબમિટ કરવા માટે આઠ દિવસની મુદત આપી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

ગયા અઠવાડિયે શહેરમાં ફૂડ પોઈઝનિંગની એક મોટી ઘટના બની હતી, જેમાં આશરે ૧૦૦ જેટલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૭ જૂનના રોજ એક સ્થાનિક દુકાનેથી નાસ્તો કર્યા પછી ઘણા લોકો બીમાર પડ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે, ભીવંડી નિઝામપુર સિટી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર બાલકૃષ્ણ ક્ષીરસાગરે બધી જ હોટલો, રેસ્ટોરન્ટ્સ, બેકરીઓ અને લારીવાળાઓને આઠ દિવસની અંદર પોતપોતાની વોર્ડ ઓફિસમાં અપડેટેડ લાઇસન્સ જમા કરાવી દેવાનો આદેશ આપ્યો છે.

જો આઠ દિવસની અંદર આ નિયમનું પાલન નહીં કરવામાં આવે, તો મોટો દંડ ફટકારવામાં આવશે. ■

## બહુપત્નીત્વ પર વિધાનસભ્યના નિવેદનથી એનસીપી અળગું રહ્યું

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી) એ શનિવારે પક્ષનાં વિધાનસભ્ય સના મલિક દ્વારા મહારાષ્ટ્ર વિધાનસભામાં તલાક અને બહુપત્નીત્વ પર કરાયેલી ટિપ્પણીથી પક્ષને અળગો રાખી જણાવ્યું હતું કે તેમના નિવેદન અંગત માન્યતા રજૂ કરે છે. પક્ષના સત્તાવાર વલણને એની સાથે નિસ્બત નથી.

મહારાષ્ટ્ર એનસીપી પ્રમુખ સુનીલ તટકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં સ્પષ્ટતા કરી હતી કે પક્ષ મલિકની ૨૩ જૂનની ટિપ્પણી સાથે સહમત નથી અને સ્પષ્ટ કર્યું હતું કે એનસીપી જાતિ, ધર્મ કે શ્રદ્ધાને ધ્યાનમાં લીધા વિના સતત મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવા કટિબદ્ધ છે.

આ અઠવાડિયાના પ્રારંભમાં રાજ્ય વિધાનસભામાં આપેલા નિવેદન બદલ મલિકની ટીકા કરવામાં આવી હતી. તેમનું કહેવું હતું કે કે બહુપત્નીત્વનો મુદ્દો ફક્ત મુસ્લિમ પુરુષો પૂરતો મર્યાદિત નથી. ટ્રિપલ તલાક પ્રથાને કારણે મુસ્લિમ મહિલાઓ પર થતા અત્યાચારો સંદર્ભે વિધાનસભામાં થયેલી ચર્ચા દરમિયાન ભાજપનાં વિધાનસભ્ય દેવયાની ફરાંદેએ કહ્યું હતું કે પાકિસ્તાનમાં માત્ર એક ટકા પુરુષ જ બહુપત્નીત્વ ધરાવે છે અને બીજા લગ્ન માટે સત્તાધિકારી પાસેથી પુરુષે પરવાનગી લેવી પડે છે. ગુરુવારે પોતાના નિવેદનનો બચાવ કરતા તેમણે કહ્યું હતું કે તેઓ બહુપત્નીત્વને સમર્થન નથી આપતા નથી, પરંતુ એની પદ્ધતિ વિશે ગૃહને માહિતી આપી રહ્યાં છે. તેમના આ નિવેદન પર તીવ્ર પ્રતિક્રિયાઓ આવી હતી. ઘણા નેતાઓએ મુસ્લિમ પર્સનલ લૉ અને મહિલા અધિકારો અંગેના તેમના નિર્ણયનો વિરોધ કર્યો હતો. (પીટીઆઈ)■

## પાણી અને ખાદ્ય પદાર્થની ગુણવત્તા તપાસવા દાદરની લેબોરેટરીનો લાભ લોઃ પાલિકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસા દરમ્યાન દૂષિત પાણી અને બહારના ખાદ્ય પદાર્થ ખાવાથી નાગરિકોને આરોગ્યની સમસ્યા થઈ શકે છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ નાગરિકો, હાઉસિંગ સોસાયટીઓ, રેસ્ટોરાં અને વ્યાપારી સંસ્થાઓને તેમની દાદરમાં આવેલી ૧૨૩ વર્ષ જૂની લેબનો ખોરાક અને પાણીની ગુણવત્તાનું મામૂલી દરે પરીક્ષણ કરાવવા માટે ઉપયોગ કરવાની વિનંતી કરી છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સ્ટેટ ફૂડ લેબોરેટરી તરીકે માન્યતા પ્રાપ્ત આ લેબોરેટરી વાર્ષિક ૭૦,૦૦૦ થી વધુ પરીક્ષણો કરે છે. નજીવી ફી લઈને માત્ર ૨૪ કલાકમાં પાણીની ગુણવત્તાની તપાસનો અહેવાલ મોબાઈલ અને ઈમેલપર ઉપલબ્ધ કરાવે છે. પાલિકાના એડિશનલ કમિશનર (શહેર) પ્રાજક્ત વર્મા-લવંગરેએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ તેની વિશ્લેષણાત્મક ક્ષમતાઓને મજબૂત કરવા પાલિકા આ લેબનું આધુનિકીકરણ કરી રહી છે. નાગરિકો, હાઉસિંગ સોસાયટીઓ, રેસ્ટોરાં, ખાદ્ય ઉદ્યોગો અને વાણિજ્યિક સંસ્થાઓએ ખોરાક અને પીવાના પાણીની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા આ એનાલિસ્ટ લેબોરેટરીનો ઉપયોગ કરવો.

પાલિકાના જાહેર આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત મ્યુનિસિપલ એનાલિસ્ટ લેબોરેટરીની સ્થાપના ૧૯૦૩માં કરવામાં આવી હતી. પાલિકાની એકમાત્ર પ્રયોગશાળા છે જે ખોરાક અને પાણી બંનેના નમૂનાઓનું પરીક્ષણ કરે છે. આધુનિક વિશ્લેષણાત્મક સાધનો અને અપગ્રેડેડ ટેક્નોલોજીથી સજ્જ સુવિધા વાર્ષિક ૭૦,૦૦૦ થી વધુ પરીક્ષણો કરે છે, જેમાં ૪૫,૦૦૦ થી વધુ પાણીના નમૂનાઓનો સમાવેશ થાય છે. લેબોરેટરી નિયમિતપણે પાલિકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા પૂરા પાડવામાં આવતા પીવાના પાણીનું વિશ્લેષણ કરે છે, બાંધકામ પ્રવૃત્તિઓ માટે વપરાતું પાણી, સ્વિમિંગ પુલ અને બરફના ઉત્પાદન માટે, ઉપરાંત સ્ટ્રીટ ફૂડના વિક્રેતાઓ અને ખાણીપીણીમાંથી એકત્ર કરાયેલા ખાદ્યપદાર્થોના નમૂનાઓનું પણ વિશ્લેષણ કરે છે. અધિકારીએ જણાવ્યું હતું કે સમયસર પરીક્ષણ દૂષણને શોધવામાં મદદ કરે છે, ગુણવત્તાનાં ધોરણોનું નિરીક્ષણ કરે છે અને જ્યાં જરૂર હોય ત્યાં તાત્કાલિક સુધારાત્મક પગલાંને અમલમાં મૂકે છે. નાગરિક પાસેથી લેવામાં આવતા નમૂના ઉપરાંત મધ્ય અને પશ્ચિમ રેલવે અને કોંકણ રેલવેમાંથી મેળવેલા ખોરાક અને પાણીના નમૂનાઓની પણ તપાસ કરે છે. ■

## એકનાથ શિંદેના ધારાસભ્યનો ચોંકાવનારો વીડિયો આવ્યો સામે!

મુંબઈઃ શિવસેનામાં સાંસદોના પક્ષ પલટા બાદ પક્ષને મજબૂત કરવા ઉદ્ધવ ઠાકરે બળવાખોર સાંસદોના વિસ્તારોનો પ્રવાસ કરી રહ્યા છે, જ્યારે શિંદે જૂથ હજુ વધુ ધારાસભ્યો પક્ષમાં જોડાશે તેવો દાવો કરી રહ્યું છે. આ ખેંચતાણ વચ્ચે સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાઇરલ થયો છે, જે શિંદે પક્ષના નેતા રાજેશ ક્ષીરસાગરનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. મળતી માહિતી મુજબ, ઠાકરેની શિવસેનાના સોલાપુરના ભૂતપૂર્વ જિલ્લા પ્રમુખ રવિકિરણ ઇંગવલેએ એકનાથ શિંદેની શિવસેનાના ધારાસભ્ય રાજેશ ક્ષીરસાગરનો એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ કથિત વીડિયોના આધારે ધારાસભ્ય રાજેશ ક્ષીરસાગર કોન્ટ્રાક્ટર સાથે કમિશનની ચર્ચા કરી રહ્યા હોવાનો દાવો ઇંગવલેએ કર્યો છે. વીડિયોમાં કોન્ટ્રાક્ટર એવું કહેતો સાંભળવા મળી રહ્યો છે કે તમારા પાંચ ટકા અને બીજા બે લોકોના એક-એક ટકા આપી દીધા છે. ■

## ઍરપોર્ટ મેટ્રો સ્ટેશન પર ડ્રગ્સ લઈ જવાનો પ્રયાસ નિષ્ફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરથી વર્સોવા વચ્ચે દોડતી મુંબઈ મેટ્રો-વન રેલમાં કથિત રીતે ગાંજો લઈ જનારી વ્યક્તિને મેટ્રો વનની સુરક્ષા ટીમે પકડી પાડ્યો હતો.

મુંબઈ મેટ્રો વન પ્રા. લિ.ના સ્ટેશન પર તહેનાત સતર્ક મહિલા સુરક્ષા ગાર્ડે એરપોર્ટ મેટ્રો સ્ટેશન પર નિયમિત સામાન તપાસ દરમિયાન શંકાસ્પદ માદક પદાર્થ લઈ જતા પ્રવાસીને શોધી કાઢીને અસાધારણ સતર્કતા અને હિંમત દર્શાવી હતી. મેટ્રો વનના પ્રવક્તાના જણાવ્યા મુજબ ઘાટકોપર બાઉન્ડ એન્ટ્રી પોઈન્ટ પર સુરક્ષા તપાસ દરમિયાન મહિલા સુરક્ષા ગાર્ડ કંચન પાંડેએ નિયમિત સામાન તપાસ દરમિયાન એક પ્રવાસીની બેગમાં શંકાસ્પદ સામાન જોવા મળ્યો હતો. તેથી તેણે સંપૂર્ણ રીતે તપાસ કરતા બેગમાંથી શંકાસ્પદ ગાંજાના નવ પેકેટ મળી આવ્યા હતા. સુરક્ષા ગાર્ડની સતર્કતાને કારણે બેગ પકડાઈ જતા કથિત આરોપીએ સ્ટેશન પરથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો પણ કંચન પાંડેએ તાત્કાલિક ફરજ પરના સુરક્ષા કર્મચારીઓને ચેતવણી આપી હતી, જેના પગલે સુરક્ષા ટીમ દ્વારા પ્રવાસીનો પીછો કરીને તેને પકડી લેવામાં આવ્યો હતો. સુરક્ષા અધિકારી, સુપરવાઇઝર અન્ય ફરજ પરના સુરક્ષા કર્મચારીઓના પ્રયાસને પગલે ભાગી જતા આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. ■

### મુંબઈનાં જળાશયોની પાણીની સપાટી ચિંતાજનકઃ

## પાલિકા અધિકારીઓને જુલાઈના વરસાદ પર આશાવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં શનિવારે સવારના પાણીનું સ્તર ૭.૩૧ ટકા નોંધાયું હતું. ગયા અઠવાડિયે મુંબઈમાં મુશળધાર વરસાદ પડી ગયા બાદ પણ જળાશયોની સપાટીમાં કોઈ નોંધનીય વધારો થયો ન હોવાથી પાણીપુરવઠા વિભાગની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં ચોમાસું ફરી સક્રિય થવાની શક્યતા

(જુઓ પાનું ૪) ▸▸


એશિયાનું સૌથી જૂનું અખબાર, હવે નવી ભાષા અને નવા અંદાજમાં પહોંચશે તમારા સુધી

મુંબઈ સમાચાર

પરિવર્તન પરંપરા ૨૦૫ વર્ષ પ્રગતિ

૨૦૪ વર્ષની ગૌરવશાળી સફર પૂર્ણ કરી હવે ૨૦૫મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. વાચકો અને દર્શકોના અપાર પ્રેમ અને અદ્ભુત પ્રતિસાદના કારણે જ કંઈક નવું કરવાની પરંપરાને જાળવી તમારા માટે લઈને આવી રહ્યા છીએ

પહેલી જુલાઈથી નવલું નજરાણું




તો રાહ કોની જુઓ છો નવી યુટ્યૂબ ચેનલ્સને સબ્સ્ક્રાઈબ કરો

### ટીઈટી પેપર લીક કેસ

## પેપર મહારાષ્ટ્રનું, એને વેચનારા હરિયાણા-બિહારના

### ભિવંડીમાંથી ત્રણની ધરપકડઃ સૂત્રધારની શોધ માટે ટીમ રવાના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નીટ-યુજી પેપર લીક થયાને હજુ બે મહિના વીત્યા નથી ત્યાં હવે ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટીઈટી), ૨૦૨૬નું પ્રશ્નપત્ર લીક થતાં ભારે હોબાળો મચી ગયો હતો. જોકે મહારાષ્ટ્રમાં થનારી આ પરીક્ષાનું પેપર છેક હરિયાણા અને બિહારના યુવાનો ભિવંડીમાં વેચવા આવતાં તેમની પાસે એ કઈ રીતે આવ્યું તેની તપાસ પોલીસ કરી રહી છે. ભિવંડીમાંથી પકડી પાડેલા ત્રણ આરોપીની પૂછપરછ કરી પોલીસે આ આખા રૅકેટનો પર્દાફાશ કરીને સૂત્રધારને લૉકઅપભેગો કરવા કમર કસી છે.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ રાજીવ શૉ (૪૫), આકાશ

(જુઓ પાનું ૪) ▸▸

### એસઆઈટી કરશે તપાસ

મુંબઈઃ રાજ્યભરના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલો આ પેપર લીકનો મુદ્દો અત્યંત સંવેદનશીલ હોવાથી તેની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી

(જુઓ પાનું ૪) ▸▸

### દોઢ કરોડ રૂપિયામાં વેચવાના હતા પેપર

મુંબઈઃ ટીઈટીના પેપર સાથે ભિવંડીમાંથી પકડાયેલા ત્રણ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ચોંકવાનારી માહિતી સામે આવી

(જુઓ પાનું ૪) ▸▸

## મોહરમના જુલૂસમાં ઝેરી કૅપ્સ્યૂલ્સ વહેંચનારો ફૈયાઝ પ્રેમજીનું ઈરાન-ઈરાક કનેક્શન

### હજારો લોકોને મારી નાખવા મફત વહેંચી કૅપ્સ્યૂલ્સ, આતંકી સંગઠનના સંપર્કની તપાસઃ સતર્ક પોલીસને કારણે મોટી જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ભાયખલા પરિસરમાંથી પસાર થનારા મોહરમના જુલૂસમાં મોટી સંખ્યામાં લોકો સામેલ હોવા છતાં પોલીસની બાજનજરને કારણે મોટી જાનહાનિ ટળી હતી. હજારો લોકોને મારી નાખવાની મંછા સાથે મફતમાં ઝેરી કૅપ્સ્યૂલ્સ વહેંચનારા આરોપી ફૈયાઝ પ્રેમજીનું ઈરાન-ઈરાક કનેક્શન સામે આવ્યું હોઈ તે કોઈ આતંકવાદી સંગઠનના સંપર્કમાં હતો કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે.

આરોપી ફૈયાઝ પ્રેમજી ભાયખલામાંથી પસાર થનારા જુલૂસમાં સામેલ લોકોને

(જુઓ પાનું ૪) ▸▸

### ડોંગરીના ગેસ્ટહાઉસમાં રહ્યો હતો ફૈયાઝ

પુણેના વિમાન નગરમાં રહેતો ફૈયાઝ દક્ષિણ મુંબઈના ડોંગરી પરિસરમાં આવેલા એક ગેસ્ટ હાઉસમાં રહેતો હતો. બીબીએ સુધીનું શિક્ષણ લેનારા ફૈયાઝે તેના રહેઠાણ પર ઝિંક ફોસ્ફાઈડ અને કૅપ્સ્યુલ્સનો ઑર્ડર આપ્યો હતો. તેણે પોતે જ કૅપ્સ્યુલ્સમાં ઉંદર મારવાની દવા ઝિંક ફોસ્ફાઈડ ભર્યું હતું. જોકે તે બધી કૅપ્સ્યુલ્સમાં દવા ભરી શક્યો નહોતો. પોલીસ તેના મોબાઈલ ફોન, ડિજિટલ રેકોર્ડ અને આર્થિક ટ્રાન્ઝેક્શનની તપાસ કરી રહી છે. આરોપીને આ કામ માટે કોઈએ આર્થિક મદદ પૂરી પાડી છે કે કેમ તે પોલીસ તપાસી રહી છે. ■

### પુણે લોહગડ મર્ડર કેસ

## ૧૭ કરોડનો મહેલ અને બે ચાર્ટર્ડ વિમાન બુક કર્યાની વાત ખોટી

### સિયા ગોયલના પિતાની સ્પષ્ટતા

પુણેઃ પુણેના રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન અગરવાલની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલી તેની વાગ્દત્તા સિયા ગોયલના પિતાએ લગ્ન પાછળના અંદાજિત ખર્ચ અંગે ઊઠેલી વિવિધ ચર્ચાઓ અંગે સ્પષ્ટતા કરી હતી. લગ્ન માટે ૧૭ કરોડ રૂપિયાને ખર્ચે કોઈ મહેલ બુક કરાયો નહોતો કે ચાર્ટર્ડ વિમાનો પણ બુક કરાયાં નહોતાં... અમારી ક્ષમતા માત્ર પાંચ કરોડ રૂપિયા ખર્ચવાની છે, એવું પિતા

(જુઓ પાનું ૪) ▸▸

### સિયા વિરુદ્ધ સજ્જડ પુરાવો ન હોવાનો વકીલનો દાવો

પુણેઃ કેતનની હત્યા કેસમાં ધરપકડ કરાયેલી સિયાને સજા થવી સંભવ નથી, કેમ કે તેની વિરુદ્ધ કોઈ સજ્જડ પુરાવો ન હોવાનો દાવો તેના વકીલે કર્યો હતો. આ દાવાને પગલે ૨૯ જૂને થનારી આગામી સુનાવણીમાં પોલીસ દ્વારા કોર્ટમાં કેવી

(જુઓ પાનું ૪) ▸▸

## સિયાનાં માતા-પિતા અને ભાઈની પૂછપરછત્રણેયનાં નિવેદન નોંધાયાં

પુણેઃ લોનાવલાના લોહગડ કિલ્લા પરથી ધક્કો મારીને પુણેના રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર તેમ જ ટ્રેકર કેતન અગરવાલની હત્યા કરવાના કેસની સહઆરોપી સિયા ગોયલનાં માતા-પિતા અને ભાઈની પોલીસે લાંબી પૂછપરછ કરી હતી. ત્રણેયનાં નિવેદન નોંધવામાં આવ્યાં હોવાનું પોલીસે જણાવ્યું હતું.

કેતન (૨૫)ની હત્યાના કેસમાં લોનાવલા ગ્રામીણ પોલીસે કેતનની વાગ્દત્તા સિયા

(જુઓ પાનું ૪) ▸▸




# ઇંગ્લૅન્ડનો કૅપ્ટન હૅરી કેન 'બ્લૅક મૅજિક'ને કારણે ગોલ ન કરી શક્યો? ઘાનાનો આધ્યાત્મિક ગુરુ ખૂબ ચર્ચામાં છે

બૉસ્ટનઃ ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬ના ગ્રૂપ-એલમાંથી ઇંગ્લૅન્ડ અને ઘાના , બન્ને દેશ ૩૨ ટીમવાળા નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયા છે, પરંતુ આ જ બે દેશ વચ્ચેની બુધવાર મધરાત પછીની મૅચ એક 'જૂજૂ' નામની વિદ્યા પર આધારિત 'બ્લૅક મૅજિક' એટલે કે કાળા જાદુ જેવા વિચિત્ર કારણસર ચર્ચામાં હતી.

પહેલાં તો આ મૅચના પરિણામ વિશે જાણી લઈએ. આ મૅચ ૦-૦થી ડ્રૉમાં ગઈ હતી. બન્ને ટીમને એક-એક પૉઇન્ટ મળ્યો હતો. હૅરી કેન ઇંગ્લૅન્ડનો કૅપ્ટન આ ટૂર્નામેન્ટમાં રમી રહેલા ઇંગ્લૅન્ડના ખેલાડીઓમાં સુપરસ્ટાર છે. પશ્ચિમ આફ્રિકાના ઘાના દેશનો સુકાની જોર્ડન આયૂ છે અને ઘાનાની આખી ટીમ 'બ્લૅક સ્ટાર્સ' તરીકે ઓળખાય છે.

આ સ્ટોરીનો મુખ્ય મુદ્દો 'બ્લૅક' જ છે. વાત એવી છે કે આ મૅચ પહેલાં ઘાનાના આધ્યાત્મિક ગુરુ મનાતા નાના ક્વાકુ બૉન્સેમે હથેળી પરનો પાઉડર ઉડાડવાની સાથે 'બ્લૅક મૅજિક' અજમાવવાનો સંકેત આપતા કહ્યું હતું કે 'ઇંગ્લૅન્ડને અને ખાસ કરીને એના કૅપ્ટન હૅરી કેનને વિજયથી વંચિત રાખવા વિશે હું બહુ સારી રીતે જાણું છું. આ પહેલાં પણ મેં મારી આ વિદ્યાનો સફળ પ્રયોગ કર્યો હતો અને એનો ઉપયોગ હું આ ખેલાડી (હૅરી કેન)ને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચાડ્યા વગર કરીશ કે જેથી મારો દેશ (ઘાના) હારે નહીં.'

ક્વાકુ બૉન્સેમના આ દાવાના થોડા જ કલાકો બાદ ઘાનાએ આ વખતના વર્લ્ડ કપના શ્રેષ્ઠ કહી શકાય એમાંનો એક પર્ફોર્મન્સ બતાવ્યો હતો જેમાં ઇંગ્લૅન્ડ (વિશેષ કરીને હૅરી કેન) એકેય ગોલ ન કરી શકતાં છેવટે મૅચ ૦-૦થી ડ્રૉમાં ગઈ. એ પહેલાં, પ્રારંભિક મૅચમાં ઘાનાએ પનામાને ૧-૦થી હરાવ્યું હતું. આ વર્લ્ડ કપમાં આર્જેન્ટિના જેવી બહુ ઓછી ટીમો છે જેમની વિરુદ્ધ હજી એકેય ગોલ નથી થયો અને શનિવાર રાત સુધીમાં ઘાના એમાંનો એક દેશ હતો. ■

### રોનાલ્ડોને 'ઈજા' પહોંચાડી?: આ વખતે ટ્રૉફીની આગાહી

ક્વાકુ બૉન્સેમનો દાવો છે કે ૨૦૧૪ના વર્લ્ડ કપમાં તેના કાળા જાદુ પછી પોર્ટુગલનો સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ઈજા પામ્યો હતો. જોકે આ વખતે ક્વાકુનો દાવો છે કે રોનાલ્ડોનું પોર્ટુગલ ફિફા વર્લ્ડ કપનો તાજ જીતશે. ક્વાકુએ બીજા કેટલાક સ્ટાર ખેલાડીઓની મૅચ વખતે કાળો જાદુ અજમાવ્યો હોવાનો દાવો કર્યો છે. જોકે તેના જ દેશના કેટલાક લોકો સોશ્યલ મીડિયામાં ક્વાકુને બનાવટી આધ્યાત્મિક ગુરુ તરીકે ઓળખાવે છે. ■



### સ્ટેડિયમમાં સપોર્ટરોએ પાઉડર ઉડાડ્યો

નૉકઆઉટમાં પહોંચી ગયેલા ઘાનાના આ સુપર પર્ફોર્મન્સને લોકો ક્વાકુ બૉન્સેમના કાળા જાદુની અસર સાથે સરખાવે છે. ક્વાકુના બ્લૅક મૅજિકને લીધે જ હૅરી કેન ગોલ ન કરી શક્યો અને બ્રિટિશ ટીમ જીતી ન શકી એવી ખૂબ ચર્ચા છે. ઇંગ્લૅન્ડ સામેની મૅચ દરમ્યાન એક સ્ટૅન્ડમાં ઘાનાની ટીમના કેટલાક સપોર્ટરોએ હથેળીમાં પાઉડર રાખીને ઉડાવ્યો હતો અને અમુક વિધિ પણ કરી હતી. તેમનો હેતુ ઇંગ્લૅન્ડની ટીમ સામે કટાક્ષ કરવાનો જ હતો. ઇંગ્લૅન્ડના મિડફીલ્ડર ડેક્લાન રાઇસે મૅચ પછી એક ટિપ્પણી કરીને આ કાળા જાદુ તરફી લોકોને જાણે પીઠબળ આપ્યું હતું. તે મજાકમાં બોલ્યો, 'મને લાગે છે કે અમારી ટીમ ઘાના સામેની મૅચમાં સારું એવું પ્રભુત્વ જમાવવા છતાં એકેય ગોલ ન કરી શકી એવું કદાચ બ્લૅક મૅજિકને લીધે બન્યું લાગે છે.' ■

# ફિફા વર્લ્ડ કપમાં અમુક ખેલાડીઓને શા માટે અલગ પ્રકારની ટ્રૉફી અપાય છે?

ન્યૂ યૉર્કઃ ૨૦૨૬ના વર્લ્ડ કપમાં મુખ્ય આયોજક ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા)એ મૅચ પછી અપાતા પુરસ્કારની બાબતમાં નવી નીતિ અપનાવી છે. અમુક ખેલાડીઓને સ્પૉન્સરના નામ વિનાની ટ્રૉફી એનાયત કરવાની છૂટ ફિફાએ આપી છે. આ ટૂર્નામેન્ટમાં સામાન્ય રીતે મૅચના સર્વશ્રેષ્ઠ ખેલાડીને 'સુપિરિયર પ્લેયર ઑફ ધ મૅચ' અવૉર્ડ આપવામાં આવે છે.

મિકલૉબ અલ્ટ્રા નામની આલ્કોહૉલ બ્રૅન્ડ આ ટ્રૉફીની મુખ્ય સ્પૉન્સર છે. જોકે ઇસ્લામમાં આલ્કોહૉલનું સેવન પ્રતિબંધિત હોવાથી વર્લ્ડ કપમાં મુસ્લિમ ખેલાડીઓને અલગ પ્રકારની પ્લેયર ઑફ ધ મૅચ ટ્રૉફી આપવામાં આવે છે. તેમને અપાતી આ ટ્રૉફી પર બિયર બનાવતા આ સ્પૉન્સરનું બ્રૅન્ડિંગ નથી હોતું. મુસ્લિમ ખેલાડીઓ ઉપરાંત સગીર વયના ખેલાડીઓને તેમ જ આ આલ્કોહૉલ બ્રૅન્ડ સાથે પોતાને સાંકળી લેવા ન માગતા હોય એવા ખેલાડીઓને પણ આ નવા ફેરફારવાળી ટ્રૉફી આપવામાં આવે છે. સ્કૉટલૅન્ડ સામેની મૅચમાં મોરોક્કોના ખેલાડી ઇસ્માઇલ સાઇબારીએ ફાસ્ટેસ્ટ ગોલ (૬૫મી સેકન્ડમાં) કર્યો હતો. તેને સ્પૉન્સરના લોગો વિનાની ટ્રૉફી અપાઈ ત્યારથી આ પ્રથાનો આરંભ થયો હતો.■



# કૅનેડાના ફૂટબૉલપ્રેમીઓને મફતમાં મળે છે...

ટોરેન્ટોઃ વૂવૂઝેલા યાદ છેને? ૨૦૧૦માં સાઉથ આફ્રિકાના ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં આ ભૂંગળું ખૂબ પ્રચલિત થયું હતું. આ વખતે મૅપલ નામના વૃક્ષને લક્ષમાં રાખીને લાલ રંગના પાંદડાંના આકારમાં બનાવવામાં આવેલું કરતાલ જેવું વાદ્ય લોકપ્રિય થયું છે. ફૂટબૉલના એક



યજમાન દેશ કૅનેડાના ધ્વજમાં વચ્ચે મૅપલ વૃક્ષનું લાલ રંગનું પાંદડું બતાવવામાં આવ્યું છે અને એ પ્રતીક પરથી બનાવાયેલું આ વાદ્ય કૅનેડામાં રમાતી કૅનેડાની પ્રત્યેક મૅચ પહેલાં સ્ટેડિયમની બહાર પ્રેક્ષકોને મફતમાં વહેંચવામાં આવે છે. આ વાદ્ય દુકાનોમાં નથી મળતું, પણ ફ્રી ઑફ ચાર્જ મળે છે.■

# ગોલકીપરે ફરી ભૂલ કરી અને કોચે પાછો બોલાવી લીધો!

ન્યૂ યૉર્કઃ ભૂલ તો સૌની થાય, પરંતુ ભૂલમાંથી શીખે એ વ્યક્તિની નીતિ ખરી કહેવાય. જોકે ઉરુગ્વેના ગોલકીપર ફર્નાન્ડો મૂસ્લેરાથી વારંવાર ભૂલ થઈ જેનું પરિણામ તેણે શનિવારે ભોગવવું પડ્યું હતું.

સ્પેન સામેની મૅચમાં ફર્સ્ટ હાફ પૂરો થવાની તૈયારીમાં જ હતો. જોકે ૪૨મી મિનિટમાં મૂસ્લેરાની ભૂલને લીધે સ્પેનનો ઍલેક્સ બાએના ગોલ કરવામાં સફળ થયો હતો.

કોચ માર્સેલો બેલ્સાથી આ સહન ન થયું અને તેમણે વિચિત્ર નિર્ણયમાં હાફ ટાઇમને અંતે મૂસ્લેરાને મૅચમાં ગોલકીપરની જવાબદારીમાંથી દૂર કરી દીધો હતો અને સેકન્ડ હાફમાં સર્ગિયો રૉશેટને મોકલ્યો હતો.

જોકે એ બીજા હાફમાં પણ ઉરુગ્વે એકેય ગોલ નહોતું કરી શક્યું અને ૦-૧ના પરાજય સાથે ઉરુગ્વેની વર્લ્ડ કપમાંથી બાદબાકી થઈ હતી.



આ પહેલાં કેપ વર્ડે સામેની જે મૅચ ૨-૨થી ડ્રૉમાં ગઈ એમાં પણ પીઢ ગોલકીપર મૂસ્લેરાએ બ્લન્ડર કર્યું હતું. સઉદી અરેબિયા સામે ૧-૧થી ડ્રૉમાં ગયેલી મૅચમાં પણ મૂસ્લેરામાં કેટલીક ભૂલ કરી હતી.

૪૦ વર્ષનો મૂસ્લેરા થોડા વર્ષ પહેલાં જ આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્ત થયો હતો, પરંતુ કોચ માર્સેલોના આગ્રહથી તેણે ૨૦૨૬ની શરૂઆતમાં રિટાયરમેન્ટ પાછું ખેંચ્યું હતું અને તેને ઉરુગ્વેની ટીમમાં સમાવાયો હતો. જોકે માર્સેલોનો એ નિર્ણય હવે ખોટો સાબિત થયો છે. ■

# ટચૂકડો દેશ કેપ વર્ડે નૉકઆઉટમાં, આર્જેન્ટિના સામે રમશે

## બેલ્જિયમ ૫-૧થી, સેનેગલ ૫-૦થી અને ફ્રાન્સ ૪-૧થી જીત્યુંઃ ઉરુગ્વે આઉટ

ટૉરન્ટો/વૅનકુવરઃ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં શનિવારે ૧૬મા દિવસે કેટલીક વધુ રોમાંચક મૅચો રમાઈ હતી. આમાંથી મોટા ભાગની મૅચોના પરિણામોમાં મોટા માર્જિન જોવા મળ્યા હતા. ખાસ કરીને કેપ વર્ડે નામના ટચૂકડા દેશે નવો ઇતિહાસ રચ્યો હતો. માંડ પાંચ લાખની વસ્તી ધરાવતા આ દેશે સઉદી અરેબિયા સામેની મૅચ ૦-૦થી ડ્રૉમાં કરીને ૩૨ ટીમવાળા નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો. કેપ વર્ડેના ખેલાડીઓ હવે આર્જેન્ટિના, સ્પેન, બ્રાઝિલ, જર્મની, ફ્રાન્સ જેવા ધરખમ દેશોવાળા રાઉન્ડમાં રમશે. એમાં ત્રીજી જુલાઈએ કેપ વર્ડે ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિના સામે રમશે.■

### ડેમ્બેલેએ હૅટ-ટ્રિક ગોલથી ફ્રાન્સને જિતાડ્યું

ફ્રાન્સે મોટા ભાગના મુખ્ય ખેલાડીઓ વિનાની'બી' ગ્રેડ જેવી નોર્વેની ટીમને ૪-૧થી હરાવ્યું હતું. ઔસ્મેન ડેમ્બેલેએ ફર્સ્ટ હાફમાં હૅટ-ટ્રિક ગોલ કરીને સનસનાટી મચાવી દીધી હતી. એ જ હાફમાં નોર્વેના એકમાત્ર ઑસ્ગાર્ડનો ગોલ હતો. સેકન્ડ હાફમાં ફ્રાન્સના ડુએએ ૯૪ મિનિટમાં ગોલ કર્યો હતો અને ફ્રાન્સે ૪-૧થી શાનદાર વિજય હાંસલ કર્યો હતો. આ મૅચમાં ફ્રાન્સનો ઍમ્બપ્પે એક પણ ગોલ નહોતો કરી શક્યો, પરંતુ તેણે સાથીઓને ગોલ કરવામાં ઘણી મદદ કરી હતી.

### સેનેગલે ઈરાકને ૫-૦થી હરાવ્યું

સેનેગલની અન્ડર ડૉગ્સ ટીમ પણ નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગઈ છે. એણે શનિવારે ઇરાકને ૫-૦થી કચડી નાખ્યું હતું. પાંચમાંથી બે ગોલ સબસ્ટિટયૂટ ખેલાડી પેપે ગ્વેના હતા. ■

### બેલ્જિયમનો ન્યૂ ઝીલૅન્ડ સામે ૫-૧થી વિજય

નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયેલા બેલ્જિયમે ન્યૂ ઝીલૅન્ડને ૫-૧થી હરાવ્યું હતું જેમાં બે ગોલ ટ્રોસાર્ડના હતા. આ સાથે ન્યૂ ઝીલૅન્ડની ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે.

### સ્પેને જીતીને ઉરુગ્વેને બહાર કર્યું

અન્ય કેટલીક મૅચોમાં સ્પેને ઉરુગ્વેને ૧-૦થી હરાવ્યું હતું. આ સાથે, ભૂતપૂર્વ ચેમ્પિયન ઉરુગ્વેની ટીમ આ ટૂર્નામેન્ટની બહાર ફેંકાઈ ગઈ છે. ઈજિપ્ત અને ઈરાન વચ્ચેની મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. જોકે ઈજિપ્તને નૉકઆઉટમાં જવા મળી ગયું છે. ■

### આજે કઈ મૅચ રમાશે?

પોર્ટુગલ વિ. કોલમ્બિયા
સવારે ૫.૦૦

કૉન્ગો વિ. ઉઝબેકિસ્તાન
સવારે ૫.૦૦

આર્જેન્ટિના વિ. જોર્ડન
સવારે ૭.૩૦

અલ્જિરિયા વિ. ઑસ્ટ્રિયા
સવારે ૭.૩૦

**નોંધઃ** રવિવારે વહેલી સવારે ૫.૦૦ વાગ્યે રોનાલ્ડોના પોર્ટુગલ અને કોલમ્બિયાનો મુકાબલો થશે. સવારે ૭.૩૦ વાગ્યે મેસીના આર્જેન્ટિનાનો જોર્ડન સાથે જંગ છે.■

# ભારતે હૉકીમાં પાકિસ્તાનને ૭-૧થી કચડી નાખ્યું

## ભારતના સાત ખેલાડીએ કર્યો એક-એક ગોલ

લંડનઃ ઇંગ્લૅન્ડમાં ચાલી રહેલી એફઆઈએચ પ્રો લીગ હૉકી ટૂર્નામેન્ટમાં શુક્રવારે રાત્રે ભારતે જબરદસ્ત આક્રમક અભિગમ સાથે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૭-૧થી કચડી નાખ્યું હતું. ભારતના સાત ખેલાડીએ ૨૦થી ૫૪મી મિનિટ દરમ્યાન એક-એક ગોલ કર્યો હતો. આ સાતેય પ્લેયરે પાકિસ્તાનને પોતાની ક્ષમતા બતાવી દીધી હતી. બીજી તરફ, ક્રેગ ફુલ્ટનના કોચિંગ બાદ ટર્ફ પર ઉતરેલી ભારતીય હૉકી ટીમના ડિફેન્ડરો અને ગોલકીપરે પણ પાકિસ્તાનની ટીમને શરૂઆતથી છેક સુધી અંકુશમાં રાખી હતી. ભારતના સાત ગોલ સામે પાકિસ્તાન ફક્ત એક ગોલ કરી શક્યું હતું.

ભારત વતી ગોલ કરનાર ખેલાડીઓમાં સુખજીતસિંહ, કેપ્ટન હરમનપ્રીત સિંહ, હાર્દિક સિંહ, દિલપ્રીત સિંહ, જુગરાજ સિંહ, અભિષેક અને રાજકુમાર પાલનો સમાવેશ હતો. પાકિસ્તાન વતી એકમાત્ર ગોલ અબુ મોહમ્મદે પેનલ્ટી કોર્નર મારફત કર્યો હતો.

રોમાંચક સ્થિતિમાં મૅચ શરૂ થયા બાદ ૧૩મી મિનિટમાં અબુ મોહમ્મદે ભારતના ગોલકીપર મોહિત એચ.એસ.ને થાપ આપીને ગોલ કર્યો હતો. પાકિસ્તાને ૧-૦થી સરસાઇ તો મેળવી હતી, પરંતુ ૨૦મી મિનિટમાં સુખજીત અને હરમનપ્રીતની જોડીએ ભારતને પહેલો ગોલ અપાવ્યો હતો અને સ્કોર ૧-૧ થઈ ગયો હતો.

### પાકિસ્તાની ખેલાડી ઘાયલ, હૉસ્પિટલમાં દાખલ

બીજા ક્વૉર્ટરમાં પાકિસ્તાનના અહમદ નદીમને આંખ પર બૉલ વાગ્યો હતો. ઈજા ગંભીર હતી અને તેને વ્હીલચેરમાં બેસાડીને પાછો લઈ જવામાં આવ્યો હતો અને પછીથી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ભારતીય ખેલાડીઓ પાકિસ્તાનીઓ પર તૂટી પડ્યા હતા અને એક પછી એક કુલ છ ગોલ કરીને છેલ્લે ૭-૧થી જીત હાંસલ કરી હતી.

### પાકિસ્તાન તમામ ૧૫ મૅચમાં પરાજિત

આ સીઝનમાં ભારતની આ ચોથી જીત હતી. ભારતે ૧૫ મૅચ રમીને કુલ ૧૭ પોઇન્ટ મેળવ્યા છે. જોકે પાકિસ્તાન તમામ ૧૫ મૅચ હાર્યું હોવાથી એના ખાતે હજી એકેય પોઇન્ટ નથી. ભારતનો હવે રવિવારે ઇંગ્લૅન્ડ સામે મુકાબલો થશે. ■

# આજે ભારતે વાઇટવૉશથી બચવાનું છેઃ વૈભવને હવે ડેબ્યૂ કરવા મળશે કે નહીં?

બેલફાસ્ટઃ વર્લ્ડ ચૅમ્પિયન ભારત અને આયરલૅન્ડ વચ્ચે આજે (સાંજે ૬.૦૦ વાગ્યાથી) ટી-૨૦ સિરીઝની બીજી અને અંતિમ મૅચ અહીં રમાશે. ત્રણ મહિના પહેલાં ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યા પછી છેક શુક્રવારે ભારતની પ્રથમ ટી-૨૦ મૅચ રમાઈ હતી જેમાં આયરલૅન્ડ સામે ૩૪ રનથી પરાજય થયો ત્યાર બાદ હવે રવિવારે પણ હારી જતાં ૦-૨ના વાઇટવૉશની નામોશી ન જોવી પડે એ માટે શ્રેયસ ઐયરની ટીમ કોઈ પણ ભોગે જીતીને શ્રેણી ૧-૧ની બરાબરીમાં લાવવા કમર કસીને રમશે. ભારત આ શ્રેણી જીતી તો નહીં જ શકે.

શ્રેયસ ઐયર અઢી વર્ષે (જેમાં ભારતની ૬૩ ટી-૨૦ મૅચ રમાઈ ગઈ ત્યાર બાદ) ફરી ભારત વતી રમી રહ્યો છે. તે ૯૬૩ દિવસ બાદ ટી-૨૦ ઇન્ટરનૅશનલ રમ્યો અને એમાં તેને કૅપ્ટન્સીની નવી જવાબદારી મળી અને પહેલી જ મૅચમાં (શુક્રવારે) તેણે નબળા બૅટિંગ પર્ફોર્મન્સ (ત્રણ રન) સાથે પરાજય જોવો પડ્યો હતો.

૧૫ વર્ષનો સ્ટાર અટ્રૅક્શન વૈભવ સૂર્યવંશી ખૂબ ડિમાન્ડમાં છે અને તેને હવે આજની બીજી મૅચમાં ડેબ્યૂ કરવાનો મોકો મળશે કે કેમ એ સવાલ છે, પણ જો પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરાશે તો વૈભવને ઓપનિંગમાં સમાવવા કદાચ ટૉપ-ઑર્ડરમાંથી અમુક ખેલાડીઓને નીચલા ક્રમે ઉતારવામાં આવશે. શુક્રવારે આયરલૅન્ડ સામે ભારત પહેલી વખત તો હાર્યું, પણ હવે પહેલી વાર સિરીઝ ન હારી બેસે એનું ખાસ ધ્યાન રાખશે. જો ટીમ ઇન્ડિયા ફરી હારશે તો વર્લ્ડ નંબર-વન ભારતનો વાઇટવૉશ કરાવવાની ઐતિહાસિક સિદ્ધિ આયરલૅન્ડની ક્રિકેટમાં સુવર્ણ અક્ષરે લખાશે.

# જય મુંદરાઃ પ્રથમ આંતરરાષ્ટ્રીય બૉલ પર વિકેટ, આયરલૅન્ડમાં વર્ક પરમિટની તલાશમાં

## ભારતને શર્મનાક હાર અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવનારો આ ભારતીય મૂળનો બોલર કોણ છે?

બેલફાસ્ટઃ શુક્રવારે ભારતને ૩૪ રનથી પરાજિત કરીને પોતાના ક્રિકેટ ઇતિહાસમાં આ દિવસ સુવર્ણ અક્ષરે લખાવનાર આયરલૅન્ડની ટીમના ભારતીય મૂળનો બોલર જય મુંદરા હાલમાં સૌથી વધુ ચર્ચામાં છે. પહેલી વાત તો એ છે કે તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના પહેલા જ બૉલમાં વિકેટ લીધી હતી. બીજું, તે આયરલૅન્ડમાં વર્ક પરમિટની તલાશમાં છે જે તેને ટૂંક સમયમાં આસાનીથી મળી જવાની સંભાવના છે.

લેફ્ટ-આર્મ પેસ બોલર જય મુંદરા ક્રિકેટમાં કરીઅર આગળ વધારતાં પહેલાં આયરલૅન્ડમાં જે કંપનીમાં નોકરી કરતો હતો એના માલિકો તરફથી મળેલી વર્ક પરમિટની એક્સપાયરી ડેટ નજીક આવી રહી છે. તે પહેલી જ ઇન્ટરનૅશનલ સિરીઝ રમી રહ્યો છે એટલે આયરલૅન્ડના ક્રિકેટ બોર્ડ સાથે (ટીમના ટોચના ખેલાડીઓની જેમ) તેનો કોઈ સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટ પણ નથી. તેને ભારત સામેની શુક્રવારની અને રવિવારની મૅચની માત્ર મૅચ-ફી મળશે. જોકે શુક્રવારે ભારતને શર્મનાક પરાજય અપાવવામાં જય મુંદરાએ જે મહત્ત્વની ભૂમિકા ભજવી એ જોતાં તેને બહુ જલદી વર્ક પરમિટ મળી જવાની ધારણા છે.

### સૅમસન અને બર્થ-ડે બૉય શિવમની વિકેટ

૨૯ વર્ષીય એન્જિનિયર જય મુંદરા (૪-૦-૨૫-૨)એ આયરલૅન્ડ તરફથી ઈન્ટરનૅશનલ ડેબ્યૂ કર્યું હતું. તેણે ભારતીય ટીમની ઈનિંગ્સની બીજી ઓવરના પ્રથમ બૉલ પર જ વિકેટ લીધી હતી. રાજસ્થાનના ટોંકના રહેવાસી જયે સંજુ સૅમસનને પાંચ રન પર ક્લીન બોલ્ડ કર્યો હતો. કલાકે



૧૩૯ કિમીની ઝડપવાળો બૉલ ફેંકીને તેણે આ વિકેટ હાંસલ કરી હતી. પછીથી તેણે બર્થ-ડે બૉય શિવમ દુબે (પચીસ રન)નો પોતાના જ બૉલમાં કૅચ ઝીલ્યો હતો. મુંદરાની અંતિમ ઓવરના આખરી બૉલમાં જો હૅરી ટેક્ટરે હર્ષિત રાણાનો આસાન કૅચ ન છોડ્યો હોત તો મુંદરાના નામે બેને બદલે ત્રણ વિકેટ લખાઈ હોત અને કદાચ તે મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હોત. મૅટ હૉલાર્ડ (૪-૦-૨૮-૩) મૅન ઑફ ધ મૅચ બન્યો હતો, પણ જય મુંદરાનું જીતમાં મહત્ત્વનું યોગદાન હતું. મુંદરાની માફક અગાઉ (૨૦૨૩માં) પોતાની પહેલી જ ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચના પહેલા બૉલ પર વિકેટ લેનાર મૅથ્યૂ હમ્ફ્રેઝે પણ શુક્રવારે હૉલાર્ડની જેમ ત્રણ વિકેટ લીધી હતી. ભારત ૧૮૩ રનના લક્ષ્યાંક સામે ૧૪૮ રન પર ઑલઆઉટ થતાં ૩૪ રનથી હારી ગયું હતું. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત સામે આયરલૅન્ડની આ પહેલી જ જીત હતી.

જય મુંદરાનો જન્મ ૧૦ જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ રાજસ્થાનના ટોંક શહેરમાં થયો હતો. બાળપણથી તેને ક્રિકેટનો શોખ હતો, તેથી રાજસ્થાનમાં જ એક ક્રિકેટ એકેડમીમાં એડમિશન લીધું. તે પહેલાથી જ ફાસ્ટ બોલિંગ કરતો હતો, પરંતુ ૧૮ વર્ષની વય સુધીમાં તે ટૉપ ઑર્ડર બૅટ્સમૅન બની ગયો હતો. ■

# આજે સેમિ માટે મહિલા વર્લ્ડ કપમાં ભારત અને ઑસ્ટ્રેલિયાની ટક્કર

લંડનઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ગ્રૂપ-એમાં ભારત (છ પૉઇન્ટ, ૨.૨૬૮નો રનરેટ) જો આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) સેમિ ફાઇનલના સ્થાન માટેની ટી-૨૦ વર્લ્ડ કપની ડુ ઑર ડાય જેવી મૅચમાં બૅટિંગ અને ફીલ્ડિંગ સુધારીને રમશે તો ઑસ્ટ્રેલિયાનો પરાજય પાક્કો જ સમજો. જોકે છ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલા ઑસ્ટ્રેલિયા (આઠ પૉઇન્ટ, ૪.૭૨૪નો રનરેટ)ને હરાવવું જરાય આસાન નથી. લૉર્ડ્સમાં સાઉથ આફ્રિકા (છ પૉઇન્ટ, ૦.૭૩૪નો રનરેટ) અને બાંગ્લાદેશ (ચાર પૉઇન્ટ, -૦.૮૪૯નો રનરેટ) વચ્ચે રમાનારી મૅચ (બપોરે ૩.૦૦ વાગ્યાથી) પણ અત્યંત મહત્ત્વની અને નિર્ણાયક છે.

સાઉથ આફ્રિકા જો બાંગ્લાદેશને હરાવશે તો પછીથી ભારતે ક્વૉલિફાય થવા ઑસ્ટ્રેલિયાને હરાવવું જ પડશે અને પરાજય ભારતને સ્પર્ધાની બહાર કરી દેશે. ભારત સામે ઑસ્ટ્રેલિયા હારીને પણ ચડિયાતા રનરેટને લીધે સેમિમાં પહોંચી શકશે. બાંગ્લાદેશ જો આફ્રિકાને હરાવશે તો ભારત પરથી પ્રેશર ઘટી જશે, કારણકે ઑસ્ટ્રેલિયા સામે હારીને પણ ભારત ચડિયાતા રનરેટના જોરે આફ્રિકાને દૂર રાખી શકશે.

ભારતીય ફીલ્ડરોએ આ ટૂર્નામેન્ટમાં છ કૅચ છોડ્યા છે જેમાંથી ત્રણ રાધા યાદવથી છૂટ્યા છે. ■

મુંબઈ સમાચાર

ઉત્સવ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

રવિવાર

તા. ૨૮-૬-૨૦૨૬

# તમે ભારતના નાગરિક છો એવું સાબિત કઈ રીતે કરો?

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@
bombaysamachar.com




**આપણી પાસે ઢગલાબંધ સરકારી દસ્તાવેજો છે, જેના આધારે તમે બેન્કમાં અકાઉન્ટ ખોલાવી શકો, મત આપી શકો, ઈન્કમટેક્સ ભરી શકો- કાર ડ્રાઈવ કરી શકો ને વિદેશ યાત્રાએ પણ જઈ શકો, છતાં એ બધા ડોક્યુમેન્ટ્સને તમે ભારતના નાગરિક હોવાના પુરાવા તરીકે માન્ય નથી રખાતા! આવો વિચિત્ર વિરોધાભાસ જગતના બીજા કોઈ દેશમાં જોવા નથી મળતો...**

**તમે ભારતીય નાગરિક છો ?**

સવાલ વિચિત્ર છે, પણ હમણાં ભારત સરકારના વિદેશ મંત્રાલયે કરેલી સ્પષ્ટતાને પગલે આ સવાલ ઉઠવો સ્વાભાવિક છે કેમ કે અત્યાર સુધી આપણે માનતા હતા કે, ભારતીય પાસપોર્ટ હોય એટલે આપણે ભારતીય નાગરિક ગણાઈએ. ભારત સરકારના વિદેશ મંત્રાલયે મહાજ્ઞાન આપ્યું છે કે, ભારતીય પાસપોર્ટ હોય એટલે તમે ભારતીય નાગરિક છો એવા ભ્રમમાં ના રહેતા કેમ કે ભારતીય પાસપોર્ટ ભારતની નાગરિકતાનો પુરાવો નથી, પણ એ પ્રવાસ કરવા માટેનો એક સામાન્ય ડોક્યુમેન્ટ જ છે. મતલબ કે, કોઈ વ્યક્તિ ભારતીય પાસપોર્ટ ધરાવતી હોય તેના કારણે ભારતની નાગરિક બની જતી નથી... !

કોમિક વાત પાછી એ છે કે, વિદેશ મંત્રાલય એવું માને છે કે, ભારતીય પાસપોર્ટ તો આંતરરાષ્ટ્રીય મુસાફરી સરળતાથી કરી શકાય અને વિદેશમાં ભારતના હોવાની ઓળખ સ્થાપિત કરી શકાય એ માટે અપાય છે. વિદેશ મંત્રાલયની આ વાત હાસ્યાસ્પદ છે કેમ કે પાસપોર્ટના કારણે વિદેશમાં તમે ભારતીય હોવાની ઓળખ સ્થાપિત કરી શકો પણ તેના કારણે ભારતીય નાગરિક હોવાનું ના કહેવાય એ કેવું ?

વિદેશ મંત્રાલયની આ સ્પષ્ટતા પછી બહુ મહત્ત્વનો સવાલ એ ઊભો થઈ ગયો છે કે, આપણે ભારતીય નાગરિક છીએ એવું કઈ રીતે માની શકાય? જાણીને આશ્ચર્ય થશે કે, ૧૫૦ કરોડની વસતિ ધરાવતા આ વિશાળ દેશમાં કોઈ વ્યક્તિ ભારતની નાગરિક છે એવું સાબિત કરવા માટેનો કોઈ એક જ દસ્તાવેજ જ નથી. અત્યાર સુધી આપણે જે પણ દસ્તાવેજોને ભારતીય નાગરિક તરીકેની ઓળખ માનતા હતા એ બધા તો એક પછી એક નકારાઈ રહ્યા છે એ જોતાં તમે ભારતીય નાગરિક છે એવું સાબિત કઈ રીતે કરી શકો?

આ દેશમાં હિંદુઓએ પોતે ભારતના નાગરિક હોવાનું સાબિત કરવા માટેના સંજોગો બહુ ઊભા નથી થતા, પણ બીજા ધર્મનાં લોકોની નાગરિકતા સામે તો હવે સવાલો કરાય જ છે. આ સંજોગોમાં કોઈ વ્યક્તિ ભારતની નાગરિક હોવાનું કઈ રીતે સાબિત કરી શકે એ સમજવું જરૂરી છે. જે લોકો ભારતમાં જન્મ્યા નથી ને બીજા દેશમાંથી આવીને ભારતમાં વસ્યા છે અથવા ભારતીય માતા-પિતાનું સંતાન છે, પણ વિદેશમાં જન્મ્યા છે એવા લોકો કાનૂની પ્રક્રિયા દ્વારા ભારતના નાગરિક બની શકે છે. આવા લોકોને કેન્દ્ર સરકાર સિટિઝન સર્ટિફિકેટ આપે છે. આ સિવાયનાં બીજા નાગરિકો માટે ભારતના નાગરિક હોવાનું સાબિત કરતો કોઈ એક જ દસ્તાવેજ નથી. એ લોકો બર્થ સર્ટિફિકેટ, માતા-પિતા કે દાદા-દાદીના દસ્તાવેજો, ભારતમાં જ ભણ્યા હોવાના પુરાવા એટલે કે સ્કૂલ રેકોર્ડ્સ દ્વારા પોતે ભારતના નાગરિક હોવાનું સાબિત કરી શકે છે.

આ વ્યવસ્થા વરસોથી છે, પણ એકદમ હાસ્યાસ્પદ છે કેમ કે ભારતના નાગરિકોને જ મળતા દસ્તાવેજોને પણ ભારતના નાગરિક હોવાના પુરાવા તરીકે માન્યતા નથી. થોડાંક ઉદાહરણોથી આ વાત સમજવી પડશે. તમારે ભારતના મતદાર તરીકે નોંધણી કરાવવી હોય તો તેના માટે ભારતના નાગરિક હોવું જરૂરી છે. એ જ રીતે પાસપોર્ટ કઢાવવો હોય તો પણ ભારતના નાગરિક હોવું જરૂરી છે. આધાર કાર્ડ માટે પણ ભારતના નાગરિક હોવું જરૂરી છે. બીજા ઘણા દસ્તાવેજો કઢાવવા માટે પણ ભારતના નાગરિક હોવું અનિવાર્ય છે.

તમે આ દસ્તાવેજોમાંથી કોઈ આપો તો તમે ભારતના જ નાગરિક હોવાનું સ્વીકારીને મતદાર ઓળખપત્ર, આધાર કાર્ડ કાઢી આપવામાં આવે, પણ ભારતના નાગરિકોને જ જે કાર્ડ કે દસ્તાવેજ અપાય છે તેને જ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી રખાતાં. ભારતના નાગરિકોને જ મળતા આધાર કાર્ડને પાન કાર્ડ સાથે લિંક કરવું ફરજિયાત છે, પણ પાન કાર્ડ ભારતના નાગરિક હોવાના પુરાવા તરીકે માન્ય નથી. ડ્રાઈવિંગ લાઇસન્સ તમારા બર્થ સર્ટિફિકેટના આધારે કાઢી અપાય છે. પણ નાગરિકતાના પુરાવા તરીકે ડ્રાઈવિંગ લાઇસન્સ પણ માન્ય નથી. આવી વિચિત્ર સિસ્ટમ દુનિયાના બીજા કોઈ દેશમાં નહીં હોય.

મજાની વાત પાછી એ છે કે, જેને ભારતના નાગરિક હોવાના પુરાવા તરીકે માન્ય નથી રખાતા એ જ દસ્તાવેજોને આધારે ભારતના નાગરિકો તરીકેના લાભ લોકોને અપાય છે. ગરીબોને અનાજ આપવા માટે રેશન કાર્ડ હોવું જરૂરી છે, પણ રેશન કાર્ડ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી. સરકારની પેન્શન યોજના, હેલ્થ ઈન્સ્યોરન્સ વગેરે યોજનાઓનો લાભ લેવો હોય તો આધાર કાર્ડ ફરજિયાત છે, પણ આધાર કાર્ડ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય નથી. આવી વિચિત્ર સિસ્ટમ બીજા કોઈ દેશમાં હોય ખરી ?

આઘાતની વાત પાછી એ છે કે, આ દેશને આઝાદ થયે ૮૦ વર્ષ પૂરાં થવામાં છે છતાં કોઈ સરકારે આ સિસ્ટમ બદલીને ભારતના નાગરિક તરીકેની સત્તાવાર માન્યતા આપતો દસ્તાવેજ બહાર પાડવાની દિશામાં કશું કર્યું જ નથી. જવાહરલાલ નહેરૂની સરકારથી આ લાલિયાવાડી શરૂ થઈ ને અત્યાર નરેન્દ્ર મોદીના શાસનમાં પણ આ જ બેઢંગી રફતાર ચાલે જ છે. તેનું ચોક્કસ કારણ શું એ તો સરકારમાં બેઠેલા મહાનુભાવો જ કહી શકે, પણ ભારતીય નાગરિકો માટે એક ચોક્કસ દસ્તાવેજ બહાર નહીં પાડવાનો નિર્ણય આડકતરી રીતે ભારતમાં ભ્રષ્ટાચાર સર્વવ્યાપી હોવાનો સ્વીકાર છે.

ભારતમાં પાન કાર્ડ, આધાર કાર્ડ, પાસપોર્ટ, રેશન કાર્ડ સહિત કોઈ પણ દસ્તાવેજ નકલ બની જ જાય છે. ભારતીય નાગરિકો માટે એક ચોક્કસ દસ્તાવેજ બનાવીશું તો તેની પણ નકલ થવા માંડશે અને ભારતમાં મોટી સંખ્યામાં બોગસ નાગરિકો બની જશે એવો ડર શાસકોને હશે. આ ડર આડકતરી રીતે આપણા શાસકોની પોતાની નિર્માલ્યતાનો સ્વીકાર જ કહેવાય. બાકી બીજું શું કારણ હોય?

અત્યારે ટેકનોલોજી અત્યાધુનિક બની ગઈ છે એ જોતાં આ ડર અકારણ છે. બાયોમેટ્રિક્સના કારણે જેની નકલ ના થઈ શકે એવા યુનિક ડોક્યુમેન્ટ કે કાર્ડ બનાવી જ શકાય. અમેરિકા, જાપાન સહિતના વિકસિત દેશો એ કરે જ છે, પણ ભારતમાં ભ્રષ્ટાચાર એ હદે વ્યાપ્ત છે કે, દેશની નાગરિક ના હોય એવી વ્યક્તિ પણ પોતાનાં બાયોમેટ્રિક્સ આપીને નકલી નાગરિકતા કાર્ડ કઢાવી શકે છે. આ વાસ્તવિકતા છે ને તેને સ્વીકારવી પડે. 'આપણે વિશ્વગુરુ બની ગયા' એવું કહેવા માત્રથી જ વાસ્તવિકતા ના બદલાય.

હાલની શાસક સરકારને એક ડર કદાચ ઘૂસણખોરોનો છે. ઘૂસણખોરોમાં મોટા ભાગના બાંગ્લાદેશી કે બર્માથી આવેલા મુસ્લિમો છે. આ મુસ્લિમો કોંગ્રેસ સહિતના દંભી સેક્યુલર પક્ષોની મતબેંક છે, ભાજપની મતબેંક નથી.

ભારતની નાગરિકતા માટેનો ચોક્કસ દસ્તાવેજ હોય તો આ ઘૂસણખોરો પણ ભારતના નાગરિક બની જશે ને તેના કારણે પોતાનાં મતબેંકનાં સમીકરણો ખોરવાઈ જશે એવો ડર શસક પક્ષને હોઈ શકે. ભારતમાં થોડા ઘણા રૂપિયા વેરીને ગમે તે કરી શકો એ જોતાં આ ડર ખોટો પણ નથી. જે દેશમાં સરહદની સુરક્ષા માટે ખડે પગે સૈનિકો તૈનાત હોવા છતાં સરહદ પારથી આતંકવાદીઓ ને બંદૂકો, રોકેટ લોંચર્સ, આરડીએક્સ સહિતનો મોતનો સામાન આવી જતો હોય એ દેશમાં નાગરિક ઓળખપત્ર કઢાવવું તો મોટી વાત જ નથી.

બાંગ્લાદેશ કે બર્માથી કે બીજે ક્યાંયથી ઘૂસણખોરી કરીને ભારતમાં આવી ગયેલાં ને અહીં જામી ગયેલાં લોકો આધાર કાર્ડ કઢાવીને બેસી ગયાં છે, નાગરિક ઓળખપત્ર પણ એ રીતે જ મળી જાય.

આ સમગ્ર સિનારિયો ભારત માટે શરમજનક છે, પણ તેનો કોઈ ઉપાય નથી. આ કારણે આપણા જ દેશમાં આપણે દેશના નાગરિક છીએ કે નહીં એ વિશે ગૂંચવાડો વચ્ચે આપણે જીવ્યા કરીએ છીએ. આ ગૂંચવાડો દૂર કરવા સડી ગયેલી સિસ્ટમને સુધારવી પડે ને એ કરવાનું આપણા કોઈ શાસકનું ગજું નથી એ વરવી વાસ્તવિકતા છે. ■

મોર્નિંગ મ્યૂઝિંગ

રાજ ગોસ્વામી

feedback@
bombaysamachar.com

# ઝેકર્સેસ દેસાઈ


## એક પારસી સ્વપ્નદ્રષ્ટા, જેણે ભારતના કાંડે 'નવો સમય' બાંધી આપ્યો !

ઓટીટી પર પ્રસારિત થઈ રહેલી 'મેડ ઇન ઇન્ડિયાઃ એ ટાઇટન સ્ટોરી'એ ફરી એકવાર ભારતના કોર્પોરેટ ઇતિહાસના એક અદ્ભુત પ્રકરણને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધું છે. આ સિરીઝ 'ટાઇટન' નામની વોચ બ્રાન્ડની રચનાની કહાની તો કહે જ છે, પરંતુ તેની પાછળ રહેલા એક અસાધારણ સ્વપ્નદ્રષ્ટા વ્યક્તિત્વ તરફ પણ આપણું ધ્યાન ખેંચે છે- ઝેકર્સેસ દેસાઈ. એક એવો માણસ, જેણે ઘડિયાળ બનાવવાની સાથે ભારતીય ગ્રાહકોની પસંદગી, અભિરુચિ અને અપેક્ષાઓને પણ બદલવાનું સાહસ કર્યું હતું.


ઝેકર્સેસ દેસાઈ પારસી હતા. તેમના વ્યક્તિત્વ જેટલું અનોખું હતું, એટલું જ અનોખું તેમનું નામ પણ હતું. કદાચ એ કારણ છે કે તેમના જીવનકાળ દરમિયાન પણ લોકો તેમના નામનો ઉચ્ચાર કરવામાં ભૂલો કરતા અને આજે પણ કરે છે.

'મેડ ઇન ઇન્ડિયાઃ એ ટાઇટન સ્ટોરી'માં ઝેકર્સેસનો રોલ ભજવનારા અભિનેતા જિમ સર્ભે આ હકીકતને એક રસપ્રદ દશ્યમાં હળવાશથી રજૂ કરી છે. એક પ્રસંગે તે વિશ્વવિખ્યાત બ્રાન્ડ્સની ચર્ચા કરતી વખતે 'ઝેરોક્સ' કંપનીનું નામ લે છે અને એ જ ક્ષણે પોતાની તરફ આંગળી કરે છે- જાણે લોકો તેમને 'ઝેરોક્સ' તરીકે બોલાવતા હોય, પરંતુ 'ઝેકર્સેસ' માત્ર એક અસામાન્ય નામ નથી -તેની પાછળ એક લાંબો ઐતિહાસિક વારસો છે. આ નામનું મૂળ પર્સિયન અને ગ્રીક સંસ્કૃતિમાં છે. તેનો અર્થ થાય છે, 'વીરોનો શાસક' અથવા 'રાજાઓનો હીરો'. ઇસુ પૂર્વે પાંચમી સદીમાં પર્સિયન સામ્રાજ્ય પર શાસન કરનાર પ્રખ્યાત રાજા ઝેકર્સેસ પ્રથમ સાથે આ નામ જોડાયેલું છે. વિશ્વ ઇતિહાસમાં તેનું નામ ખાસ કરીને ગ્રીસ સામેના તેના અભિયાન માટે જાણીતું છે. પોતાની રાજકીય કુશળતા અને સૈન્યશક્તિના બળે તેમણે ઈજીપ્ત અને બેબીલોનમાં થયેલા વિદ્રોહોને પણ સફળતાપૂર્વક દબાવ્યા હતા.

અહીં રસપ્રદ વાત એ છે કે સદીઓ પહેલાંના એ પર્સિયન સમ્રાટની જેમ જ આધુનિક ભારતના ઝેકર્સેસ દેસાઈ પણ પોતાના ક્ષેત્રમાં અસાધારણ મહત્ત્વાકાંક્ષા ધરાવતા હતા. ફરક માત્ર એટલો હતો કે તેમણે કોઈ સામ્રાજ્ય જીતવાનો પ્રયાસ નહોતો કર્યો -તેમણે ભારતીય ગ્રાહકોના મન જીતી લીધા હતા. ઘડિયાળોના



જે. આર. ડી. ટાટા સાથે ....




વ્યવસાયમાં તેમણે જે પરિવર્તન સર્જ્યું તે પણ એક પ્રકારની શાંત ક્રાંતિ જ હતી.

૧૯૮૭માં જ્યારે ભારતનાં બજારોમાં 'ટાઈટન'ની પહેલી ઘડિયાળ પહોંચી ત્યારે ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હતી કે આ કેવળ એક નવી પ્રોડક્ટ જ નથી, પણ નવા ભારતનું આગમન પણ છે. તે વખતે ભારત હજુ લાઇસન્સ-ક્વોટા રાજની પક્કડમાં હતું. ઘડિયાળના સ્ટોર્સમાં વોચના વિકલ્પ ઓછા હતા અને ઘડિયાળ ખરીદવી એ અમીરોનો શોખ હતો. એચએમટીની ઘડિયાળ મળી જાય એ પણ નસીબ હતું. ડિઝાઈન, સ્ટાઈલ, પર્સનાલિટી કે ચોઈસ જેવા શબ્દો ભારતની ઘડિયાળ બજારનો હિસ્સો નહોતા.

જોકે મુંબઈના જન્મેલા એક પારસી યુવક ઝેકર્સેસ દેસાઈને આવનારા ભારતનો સમય દેખાતો હતો. સાપુર દેસાઈ અને તેહમિના દેસાઈ નામના પારસી પરિવારમાં જન્મેલા ઝેકર્સેસે મુંબઈની એલ્ફિસ્ટન કોલજમાં શિક્ષા લીધા પછી ઓક્સફોર્ડમાં રાજનીતિ, દર્શન એ અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. ઓક્સફોર્ડમાં તેમને ખાલી ડિગ્રી જ મળી નહોતી - તેમને દુનિયાને વ્યાપક દૃષ્ટિએ જોવાની ક્ષમતા પણ મળી હતી. ઝેકર્સેસ એવા દુર્લભ ભારતીય કોર્પોરેટ લીડરોમાંથી એક હતા, જે એક વ્યવસાયિક નિર્ણયને પણ સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભમાં સમજતા હતા.

૧૯૬૧માં તે ટાટા સમૂહની ટાટા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસમાં સામેલ થયા હતા. તે સમયે કોઈને અંદાજ નહોતો કે આ યુવાન અધિકારી આગળ જઈને ટાટા સમૂહના સૌથી પ્રભાવશાળી સંસ્થાપકોમાંથી એક બની જશે.

ટાટામાં શરૂઆતનાં વર્ષોમાં તેમણે અનેક ભૂમિકાઓ નિભાવી હતી. મુંબઈની તાજ હોટેલનો દેશ-દુનિયામાં વિસ્તાર કરવામાં તેમનું યોગદાન રહ્યું હતું. ગોવાની ફોર્ટ અગુઆડા, ચેન્નાઈની તાજ કોરોમંડલ અને ઉદેપુરની લેક પેલેસ જેવા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ તેમના નેતૃત્વમાં વિકસિત થયા હતા. તેમણે નવી મુંબઈના વિકાસમાં પણ કામ કર્યું હતું. તેમની રુચિ કેવળ વ્યવસાયિક સફળતા સુધી જ સીમિત નહોતી. તે અનુભવ, સૌન્દર્ય અને ગુણવત્તા પ્રત્યે અસાધારણ રીતે સંવેદનશીલ હતા. આ જ કારણોથી 'ટાઈટન' ઘડિયાળ સફળ અને લોકપ્રિય બની હતી.

સિત્તેરના દાયકામાં ઝેકર્સેસ ટાટા સમૂહ માટે નવી વ્યવસાયિક તકની તલાશમાં હતા ત્યારે તેમને એક વાત ધ્યાનમાં આવી હતી કે ભારતીય બજારમાં કાંડા ઘડિયાળની મોટી અછત છે. ત્યારે ઘડિયાળનો ઉદ્યોગ સંપૂર્ણપણે સરકારી નિયંત્રણમાં હતો. ગ્રાહકો સામે વિકલ્પો ઓછા હતા અને વિદેશી ઘડિયાળોની મોટા પાયે દાણચોરી થતી હતી. ત્યાં સુધી કે કોઈ બિઝનેસમેનને ઘડિયાળના ધંધામાં કસ દેખાતો નહોતો.

બીજી તરફ ઝેકર્સેસ દેસાઈને ઘણું બધું દેખાતું હતું. તે સમજતા હતા કે ભારત બદલાઈ રહ્યું છે. મધ્યમ વર્ગ આકાર લઇ રહ્યો છે. નવી આકાંક્ષાઓ જન્મી રહી છે. લોકો કેવળ ઉપયોગિતા જ નહીં, ઓળખ અને અભિવ્યક્તિ પણ ઈચ્છી રહ્યા હતા.

ઝેકર્સેસને દેખાતું હતું કે ભારતીય ગ્રાહક એક દિવસ એવી જ રીતે પોતાની ઘડિયાળ પસંદ કરશે, જેવી રીતે તે કપડાં, કાર કે ઘરની પસંદગી કરે છે.

આ વિચાર માત્ર ક્રાંતિકારી હતો. જે. આર.ડી. ટાટાએ ઘડિયાળ બનાવતી કંપની સ્થાપવાના પ્રસ્તાવને સમર્થન તો આપ્યું, પણ તેના માટે ન તો સરકારની અમલદારશાહી તૈયાર હતી કે ન તો પરંપરાગત ગ્રાહકો. એ સંઘર્ષ કેવો હતો એ તમે 'મેડ ઇન ઇન્ડિયાઃ એ ટાઇટન સ્ટોરી'માં જોયો જ છે.

ઝેકર્સેસ દેસાઈની સફળતા એ હતી કે તેમણે ભારતીયોને પહેલીવાર એ અહેસાસ અપાવ્યો કે ઘડિયાળ કેવળ સમય બતાવતું મશીન જ નથી, તે ગ્રાહકની પર્સનાલિટીનો વિસ્તાર પણ છે. તેમની અસલી સિદ્ધિ એ નહોતી કે તેમણે ઘડિયાળો વેચી હતી, તેમની સિદ્ધિ એ હતી કે તેમણે ભારતના ગ્રાહકોની અપેક્ષાઓ બદલી હતી. એ પછી તો તેમણે દુનિયાની સૌથી પાતળી ઘડિયાળ બનાવાનું અને ૧૯૯૪માં ટાટાની 'તનિષ્ક' બ્રાન્ડ મારફતે આભૂષણ ઉદ્યોગમાં પ્રવેશવાનું સાહસ પણ પૂરું કર્યું હતું.

ઝેકર્સેસ દેસાઈને અવનવાં પડકારો ઝીલવાનું ગમતું હતું. હોસુરમાં ટાઈટનની ફેક્ટરી સ્થાપિત કરતી વખતે તેમણે કર્મચારીઓને એક જીવંત સમુદાય બનવા માટે પ્રેરણા આપી હતી. તે માનતા હતા કે મહાન ફેક્ટરીઓ મશીનોથી નહીં, માણસોથી બને છે.

તેમની અંદર એક કલાકાર, એક અર્બન પ્લાનર, એક શિક્ષક અને એક ઉદ્યોગપતિ- બધા સાથે રહેતા હતા. ૨૭ જૂન ૨૦૧૬માં બેંગલોરમાં તેમનું અવસાન થયું ત્યારે ભારતીય ઉદ્યોગ જગતે એક કોર્પોરેટ લીડર જ ગુમાવ્યો નહોતો, તેણે એ પેઢીના એક અંતિમ સ્વપ્નદ્રષ્ટાઓમાંથી એકને ખોઈ નાખ્યો હતો, જે કંપનીઓને નફો કમાનારી સંસ્થા નહીં, સમાજને બદલવાવાળો વિચાર ગણતા હતા.

ઝેકર્સેસ દેસાઈએ ભારતીય લોકોના કાંડે એક બહેતરીન ઘડિયાળ જ બાંધી નહોતી, તેમણે ભારતને એક વિશ્વાસ


આપ્યો હતો કે વિશ્વસ્તરીય સપનાં અહીં, આ જમીનમાં જન્મ લઇ શકે છે.... ■

## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ખાન સર વિરુદ્ધ ફૈસલખાન-(૨)

સાવ આંશિક, થોડું, સહેજ ચોમાસું અને એય લગભગ બેઠું છે,શીતળ સમાચાર તરીકે, કદાચ કાળઝાળ ગરમીથી દેશના વિવિધ ભાગોમાં ચાલતાં આંદોલનોમાં શામેલ વહાલીડાઓ માટે, અમારા કાકા ઉમાકાંત દેસાઈ -, 'રામરાજ્ય' અને 'ભરત મિલાપ'ના લક્ષ્મણનો પ્રિય શબ્દ જે એ વરસાદ માટે વાપરતા. જય સિયારામ, આવી વરસતી આગમાં ઊતરતા આંદોલનકારીઓ કેટલા દી ટકી શકે છે એ જોવાનું રહ્યું. દરેક આંદોલન અમને શાતા પહોંચાડે છે. ચાલતી ગેરરીતિના ઈલાજ તરફ જવા બદલ. રામદેવજીનું આંદોલન એમની કંપનીને ક્યાંનું ક્યાં લઈ ગયું, ભલે સાધુએ સંપત્તિથી દૂર રહેવું જોઈએ એવું શાસ્ત્રોમાં લખ્યું હોય. આ તો કંપનીનો વિકાસ છે ને! Indian Companies Act 1956 પ્રમાણે વ્યક્તિ અને કંપની તદ્દન ભિન્ન છે. Company is a separate legal entity and it has nothing to do with 'humans.' તમને તો યાર બધું ભેળસેળ કરવાની એવી બદઆદત પડી ગઈ છે! પછી બીજું આંદોલન એક જ ફિલ્મના હીરો જેવા અન્ના હજારેનું... ભલે એક જ ફિલ્મ માટે આવ્યા પણ કેવો અરવિંદ વારસો છોડી ગયા! કદાચ કોઈએ plant તો નહીં કર્યા હોય?! જે હોય તે, અરવિંદે બધા જ યાત્રાળુઓના સંઘના પાસા ઉલટાવી દીધા એ કંઈ નાની મોટી વાત નથી. ભલે કુમાર્ગે કે સુમાર્ગે, કશેક તો પહોંચાયું! પછી નિર્ભયા ને પછી ફલાણાં ને પછી ઢીકણાં આંદોલનોની કોઈ ખોટ છે? અને છતાંય દેશની હરામખોર કાયદા વ્યવસ્થા બળાત્કારીને જામીન આપે જ છે! ભલે ઉપલી કોર્ટમાં રદ થાય. કોઈને ક્યારેય એ વિચાર આવ્યો છે કે નીચલી કોર્ટના ચોર હોનરનાં ગજવામાં કેટલાં ખણખણિયાં બચાવ વકીલે નાખ્યા હશે કે એ આવા માટે 'આવા' પાસેથી આવું જજમેન્ટ લઈ આવ્યો! અને ચૂપ થઈ ગયા બધા બચાવ



- ફરિયાદી વકીલો. આ બધાની સિદ્ધિઓને ઉજાગર કરતી એક ફિલ્મ બનાવવી જોઈએ હોલિવૂડના કોઈ પ્રોડ્યુસર માટે. અહીં ના બની શકે. અહીં નિર્માતા ખરીદાઈ જાય કે માર્યો જાય. આવું ઘણું બધું Space ભરવા લખી શકાય પણ વાત કરવી છે મિસ્ટર ફૈસલખાનની. એટલો નાનો છે ઉમ્મરમાં કે સર જેવું ગંદુ અંગ્રેજી ટાઈટલ આપીને મારે એની સ્વભાવગત નિર્દોષતા નથી ખરડવી. અને એટલો મોટો છે કર્મથી કે કોઈ પણ ટાઈટલ બહુ વામણું પડે. મુસ્લિમ છે અને મા ફલેષુ કદાચનનો સાચો અર્થ કદાચ અર્જુન પછી એણે પકડ્યો હોય એમ હું માનું છું. રાજેન્દ્ર શુકલએ નર્મદની અંજલિ આપતી એક ગઝલમાં શેર મુકયો હતો એ માણસ એટલે ખાન...

**કરીને પાત્ર સૌ ખાલી ખરેખરના પીનારાએ**
**તૃષા અકબંધ રાખી છે કે બારે મેહ છે આગે**

John Le Carreની Novel THE NAIVE AND SENTIMENTAL Loverમાં એક વાક્ય ૪૭ વરસ પહેલા અમારા ગાઢ દર્શન જરીવાલાએ સુણાવ્યું હતું : A man is to be judged not by what he gets, but Dy what he is looking for...

**શબદની સલ્તનત છોડો, ગઝલનું તખ્ત પણ છોડો**
**ચલો ઓ શ્વાસ મારા! કે હજી ફત્તેહ છે આગે...**

દાખલા તરીકે તમે જોઈ/અનુભવી શકો છો દસ - પંદર - વીસ માઈલનું અંધકારનું સામ્રાજય જેને તોડી ફોડી નાખવા માત્ર એક જ આગિયાની ઝબુકની જરૂર છે.

**બધા સામ્રાજ્ય તૂટ્યા અલ્પતાથી**
**તિમિર ડરતું રહે છે આગિયાથી**
**શોભિત દેસાઈ**

જે થયું છે ખાન દ્વારા એનો અહીં પાછો ઉલ્લેખ કરીને મારે અંધભક્તિમાં નથી પડવું, પણ મારું માનવું છે કે ભલે ના મળે સત્ય પોતાનો અવાજ શોધી જ લેતું હોય છે. કોઈ નંબર જ ન અપાય એવી ન્યૂઝ ચેનલ અને એક અશુભ પત્રકાર કરોડની કમાણી કરવા માટેનો કીમિયો ખાન પર માંડે તો હજી અગાઉના ભારતના થોડાક પુણ્યના પ્રતાપે એ 'ખારીજ' થઈ જાય એ ખાન તત્પૂરતા તો હાનિ વગરનાં રહે. અને આ તો ખાનની જિંદગી સાથેની મહોબ્બતની શરૂઆત છે. જોતા જાઓ હજી ૧૪૦ કરોડના મહેરામણમાંથી કોણ કોણ એને પછાડે/ઉગારે છે. ખરાબમાં ખરાબમાં પણ સારું ઢંકાઈને પડ્યું જ છે અને અન્યોન્ય. પણ એક ઉમદા વ્યક્તિત્વ આ આગમાં વધુ તપી, પોતાના ૨૪ કેરેટમાં હજી વધુ થોડા ઉમેરીને બહાર આવશે એ નક્કી. અને આજની તારીખમાં ઝૂંપડામાં લાઈટ ન હોવાને લીધે હજીય રાતે વાસણ ઘસવાનાં કામો કરતી/કરતો હોવાને કારણે ખાનના અતિ ગરીબ માટેના ખાસ સવારના વર્ગો ભરીને IPS Officer બનનારી/બનનારા સમગ્ર સિસ્ટમ બદલવાની શરૂઆત કરશે એવી આશ તો રાખીએ!

**નિષ્કર્ષ આટલો જ છે ઊંડી તલાશનો**
**જીવન છે જેનું નામ, છે વિસ્તાર આશનો**

**નિષ્ફળતા માટે ખૂબ પ્રયત્નોની છે જરૂર**
**બાકી સફળતામાત્ર તો છે ખેલ તાશનો.**
**શોભિત દેસાઈ**

**ખાનઃ હમ હૈના આપકે સાથ... આપકો ક્યા લગતા હૈ હમ આપકો છોડ દેંગે?!**

**શિષ્યઃ (ભાવાવેશથી તરબોળ) વીડિયો જબ જબ દેખતે હૈ ના સર તો આપકો ક્યા લગતા હૈ, હમ ભી આપકો છોડ દેંગે. (ડૂમો) આપ કો કુછ હોગા ના સર, તો હમ (સમજી જાઓ)) જો દેખ રહે હૈં યે ક્લીપ, મહેરબાની કરકે ઈસે લાઈક ના કરે. ઐસી અનેક ક્લીપ બનાયે. મીડીયા અગર નહીં હૈ તો હમ રેગીસ્તાનમેં લે જા કર પાની નિકાલેંગે. હમ હૈં ન સર!**

**આજે આટલું જ.** ■

## વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# રૂઢિચુસ્તતા સામે ક્રાંતિ જગાવનાર કચ્છની તપોમૂર્તિ

વિશ્વ વિધવા દિવસ દર વર્ષે ૨૩ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) દ્વારા જૂન, ૨૦૧૧ના રોજ સત્તાવાર રીતે આ દિવસની જાહેરાત કરવામાં આવી હતી જેનો હેતુ વિધવા મહિલાઓને સમાજમાં સન્માનજનક સ્થાન આપવાનો, તેમની સમસ્યાઓ તરફ દુનિયાનું ધ્યાન દોરવાનો અને તેમને ન્યાય અપાવવાનો છે.

કચ્છનું એક વિધવા મહિલા પાત્ર જેણે સમાજની બદીઓને ટાળતી રૂઢિચુસ્તતા સામે ક્રાંતિ આણી અને કચ્છનું સંભવતઃ પ્રથમ વિધવા આશ્રમનું શ્રેય મેળવ્યું. ગામના જે ખૂણાને લોકો ક્યારેક 'અપશુકનિયાળ' ગણતા, પાછળથી આખું ગામ ત્યાં આશીર્વાદ લેવા નતમસ્તક થતું! નખત્રાણા તાલુકાના મંજલ ગામના ગર્ભશ્રીમંત ભાટિયા પરિવારમાં જન્મેલા રૂક્ષ્મણીબહેન (પૂર્વાશ્રમનું નામ) બાળપણમાં જ વૈધવ્યનો ભોગ બન્યાં હતાં, પરંતુ વાંઢાયના સંત ઇશ્વરરામજી મહારાજની દીક્ષા અને પોતાના અડગ મનોબળથી તેઓ 'મૈયાજી' બન્યા અને દોઢસો વર્ષ પહેલાં સમાજ સુધારણા તેમ જ મહિલા સશક્તીકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું. ઇંદુલાલ ગાંધીના શબ્દોમાં, 'અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત.' બિલકુલ આ વાક્ય મૈયાજીનાં વ્યક્તિત્વ સાથે સુસંગત લાગે. નામ નવું નથી અને તેમનાં સત્કાર્યો પણ!

સુંદર, ગૌર, ભરાવદાર બેઠી દડીનું શરીર, શ્વેત વસ્ત્ર અને પિત્તવર્ણનું ઉપવસ્ત્ર. કંઠમાં રૂદ્રાક્ષમાળા, કપાળે ભસ્મ સાથે ચંદનનું તિલક અને ભુજાઓમાં રૂદ્રાક્ષનાં બેરખા. પ્રફુલ્લીત ચહેરો અને સૌમ્ય સાધુતાની પ્રકૃતિનાં સુંદર દર્શન કરાવતાં. એમની આધેડ વય અને પ્રૌઢપણું ગમે તેવા માણસને નતમસ્તક કરી મૂકે એવાં હતા. ભાટીયા ઠક્કર વાલજીભાઇના ઘરે વિ.સં. ૧૯૩૬ (ઇસ. ૧૮૮૦), કારતક વદ એકમના તેમનો જન્મ. ત્રણ ભાઈ- બહેન સાથેનો સત્સંગ સેવાના સંસ્કારો ધરાવતું આ વાલીકુટુંબ ખૂબ સમૃદ્ધ અને ખાનદાન ગણાતું. એ કાળે બાળલગ્નો સહજ સ્વભાવિક ગણાતા તેથી રૂક્ષ્મણીબહેનના લગ્ન પણ ૧૧ વર્ષની વયે તરા'ના ભાટિયા ગૃહસ્થ સાથે કરાવી દેવાયા. એક કુમળી વયની બાળા કે જેને હજુ લગ્ન શું? પતિ શુ? સંસાર શુ? સૌભાગ્ય અથવા શ્વસુરાલગૃહ શું?ની કશી ભાન નથી તેના સંસાર સુખને ક્રૂરકાળે નાની ઉંમરમાં વૈધવ્ય આપીને ભરખી લીધું. કોઈ એક કવિએ ઠીક જ કહ્યું છે કે, દુહિતા ભલી ન એક દુભાયલી હોય એવી એક દીકરી એના માબાપ માટે મહાદુઃખદાઇ ગણેલ છે અને વળી એ કાળે રૂઢીચુસ્ત જમાનો, પાછું ખાનદાન ખોરડું પુનઃલગ્ન થાય નહીં એટલે પિતા માટે તો આ દીકરીને 'થાપણના



થરને પરમેશ્વર પહોંચે નહીં.' જેવી હાલતમાં સ્વીકારવું રહ્યું.

પિતા મુંબઇમાં દલાલીનો ધંધા કરતા પરંતુ અહીં દુઃખદ ઘટના બન્યા બાદ બે વર્ષ ગામડે રહી ગયા. છેવટે પુરુષાર્થ કરવા સિવાય છુટકો નથી એટલે ગભરૂ કુમળી વયની વિધવા દીકરીને સાથે લઈ વાંઢાયના સંત ઇશ્વરરામજી મહારાજના દર્શન કરવા ગયાં અને દુઃખદ ઘટનાની વાત સંતચરણમાં નિવેદિત કરી. ત્યારે મહારાજે દીકરીનાં સુસંસ્કાર જોઈને કહ્યું કે, 'એનાં ભાગ્યમાં ભક્તિ, ત્યાગ, વૈરાગ સાથે સેવાના સંસ્કારો છે જેના દ્વારા તે ઇકોતેર પેઢીને તારનાર બનશે. અસાર ગણાતા સંસારમાં સુખ શાંતિથી ઇશ્વર ભજન કરીને સમાજ કલ્યાણ માટે કાર્યો કરશે.' આમ દીકરીને કંઠી પહેરાવી શિષ્યા બનાવ્યાં. ત્યારબાદ તેમણે મંજલના વ્યાસ રતનજી મહારાજ પાસેથી સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું અને પિતાંબરદાસજી પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો.


સમય રહેતા કુટુંબ વહેવારનો ત્યાગ કર્યો અને પોતાની ત્રીસ વર્ષની ઉંમરે ગામમાં જ એક અલગ મકાન લઇને આશ્રમની સ્થાપના કરી, જે સંભવત 'કચ્છનો પ્રથમ વિધવાશ્રમ' કહી શકાય. આશ્રમ જીવન સાથે પિતાંબરદાસજી મહારાજ પાસેથી તેમણે છેડાવૃત ગ્રહણ કર્યું. કોઈ પણ પુરુષના કપડાને પણ અડી જવાય તો જળપાન રહિત નકોરડો ઉપવાસ તે દીવસે કરવો પડે તેવું આ કઠિન વ્રત તેમણે આજીવન પાળ્યું. આશ્રમમાં એકાન્તે રહીને ધ્યાન માટે ભજન ખૂબ કર્યા અને કરાવ્યાં. તેમની આ સાધનાથી પ્રભાવિત લાલરામ મહારાજે તેમને 'મૈયાજી' ઉપનામનું સંબોધન ધર્યું. તેમણે કરેલા મહિલા ઉત્કર્ષની વાત જો કરો અને પુરાણોમાં નજર ફેરવો તો મેરાઉના કવિ- ભજનિક ચંદુભા ભગતે ગાર્ગી સાથે સરખામણી કરી છે. કારણ કે ગાર્ગીનાં વ્યક્તિત્વ સામે જોવાની કોઈની હિંમત નહોતી. સ્વાધ્યાય, તપત્યાગ, સેવા-ભક્તિનાં પ્રબળ યોગ મૈયાજીના જીવનમાં કોઇ પ્રજ્ઞાશક્તિ આજસ પ્રતિભા અનોખા જ હતા.

વિશેષ પ્રવૃત્તિમાં તેમણે આજુબાજુના ગામડાઓની ગરીબ બહેનોની રોજીરોટી માટે કાંતણ વર્ગ શરૂ કરાવ્યાં અને આશ્રમમાં જ વણાટશાળા શરૂ કરાવી અને જરૂરિયાતમંદ બહેનોને રહેવા માટે આશ્રમમાં નવા ઓરડા તૈયાર કરાવ્યા. ગૃહસ્થ ઘરની ગંગાસ્વરૂપા બહેનોને આત્મકલ્યાણ સાથે સાંત્વના પ્રાપ્ત કરવાની તક આ દયાની દેવીએ આશ્રમમાં નિર્માણ કરી. આશ્રમ કે ગામ પૂરતી નહી પરંતુ રાષ્ટ્ર માટે ઘણી સેવા કરી છે. દેશ હિતાર્થે ગાંધીજીએ સ્વરાજ્ય ફાળો એકઠો કરવા હાકલ પાડી ત્યારે મૈયાજીએ પણ આજુબાજુના ગામોમાં જાતે ફરીને ફાળો એકત્ર કરી સારી એવી રકમ મોકલાવી હતી. તેમણે ગામનાં ભાઈબહેનોના સમુહ સાથે કચ્છનાં પ્રવાસે આવેલા ગાંધીજીનું સામૈયું કર્યુ હતું, ત્યારે પોતાના પ્રવચનમાં ગાંધીએ મંજલ ગામને 'સુકામાં લીલું'ની ઉપમા આપી હતી. વિ. સં. ૨૦૦૯ના પોષ વદ અમાસની સવારે પુ. મૈયાજીએ બ્રહ્મમુહુર્તમાં ૐ ની ધ્વનિ સાથે પોતાના ભૌતિક શરીરનો ત્યાગ કર્યો. આવા બ્રહ્મનિષ્ઠ યોગિનીને રાષ્ટ્રીય સંત માનો કે ધાર્મિક સંત, એકવાર વંદન કરવાનું મન થઈ જાય.

**દુખી દેખી હૃદય કંપે જરાયે જીવ ના જંપે**
**સુખી કરવા સદા ઝંખે નમન હો સાધ્વી મૈયા**
**ચંદુભા જાડેજા,** વલો કચ્છ ■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'અલખ નિરંજન....' સાંભળીને પુરોહિત ભયભીત થઇ ઉઠ્યો. સાધુ પાછળ આવ્યો. મહામુસીબતે પુરોહિતે એની સામે નજર મિલાવી. ભસ્મ કરી નાખતી સાધુની લાલ આંખો સામેથી નજર હટાવી લીધી...

'લે બચ્ચા, પ્રસાદ લે કર જાના....ગોપાલેશ્વર મંદિર કા હૈ....' સાધુએ પુરોહિતના હાથમાં પ્રસાદનું નાનું પડીકું પકડાવ્યું. પુરોહિત પડીકું લઇને ઉઠ્યો.

'ચલતા હું.....' બોલીને રીતસર દોડ્યો. સ્કૂટી ચાલુ કરીને પવનવેગે ભાગ્યો. એણે થોડે આગળ જઇને રાધાને કોલ લગાડ્યો. પણ રાધા નેટવર્કની બહાર હતી. કદાચ નેટવર્ક પકડાયું નહીં હોય એવું ધારીને બેજલમેડ જઇને ફરી કોલ લગાડ્યો. ફરી એજ નેટવર્ક એરિયા કે બાહર..નો રેકોર્ડેડ અવાજ પુરોહિતનું દિમાગ ખરાબ કરી ગયો. એ ધરમશાળાએ પહોંચ્યો. જગદીશને સંદેશો આપી દઉં કે શંકરના મંદિર ન જાય. એણે દરવાજો ખખડાવ્યો. જગદીશના નામની બૂમ મારી. સારીવારે જગદીશ નીચે આવ્યો. પુરોહિતને જોઇને આશ્ચર્ય અને ચિંતા સાથે પૂછ્યું કે શું થયું?

'રાધાને મળવું છે...એનો ફોન લાગતો નથી... અરજન્ટ છે.'

'પણ એતો મારી સ્કૂટી લઇને ગઇ છે. હજી સુધી આવી નથી.' જગદીશે પુરોહિતને ચિંતામાં નાખી દીધો.

ઓહ.... હવે શું કરવું. જગદીશને આ સીક્રેટ સંદેશો આપવો કે નહીં એની મુંઝવણમાં પુરોહિતે વિચાર્યું કે ના....બંને વચ્ચેની આ ગુપ્ત વાત કહેવાય નહીં. એને વચલો રસ્તો સૂજ્યો.

'જગદીશ, રાધા પાછી આવે એટલે તું એને માત્ર શંકર શંભો એટલું કહેજે...એ સમજી જશે....' અડધો ઊંઘમાં નીચે આવેલા જગદીશે હા પાડી દીધી. પુરોહિત ઘરે જઇને નિરાંતે સૂઇ ગયો.....

***

સાધુએ ચિઠ્ઠી વાંચી લીધી હતી...એણે ગુપ્તાની દુકાનમાં કામ કરતા શંકરનો મોઘમ ઉલ્લેખ ઉકેલી લીધો. ચિઠ્ઠીને તાપણામાં ફેંકી. શંકર પકડાશે તો આખો ખેલ ખતમ થઇ જશે. હવે સાધુને ઇન્તેજાર હતો ચિઠ્ઠી લેવા આવનારનો. કોણ છે જે ગુપ્તાની દુકાનમાં કામ કરતા શંકરની ગરદન સુધી પહોંચવા માગે છે.

***

રાધા મોડી રાતે શંકર મંદિર જવા બાબુજીના તબેલેથી નીકળી. પુરોહિત દાનપેટીમાં ચિઠ્ઠી નાખે પછી જ એણે શંકરના મંદિરે જવાનો નિર્ણય કર્યો હતો અને એટલે જ એ રણછોડ અને રાઘવની સાથે વાતો કરતી બેસી રહી હતી. રણછોડે એને દેશી મારવાડી ભોજન જમાડીને ખુશ કરી દીધી હતી. રસ્તો લાંબો હતો. પવન કાતિલ હતો. રસ્તો વેરાન હતો, પણ રાધાને કોઇ ભય નહતો. જગદીશની પવનપાવડી હવાને વીંઝતી....ચીરતી આગળ જઇ રહી હતી.

***

રાધા શંકરના મંદિરે પહોંચી. એણે સ્કૂટી ચાલુ રાખી. જેથી દાનપેટીમાંથી ચિઠ્ઠી કાઢી જલ્દીથી નીકળી જવાય. સ્કૂટીનો અવાજ સાંભળીને સતર્ક સાધુએ પાછળ ઊભા રહીને નજર માંડી. એ આવનારની નજરે ચડવા માગતો નહતો..એ રાધાનું મોં જોઇ ન શક્યો. સાધુ અહીંના પડાવથી અજાણ રાધા અંદર ગઇ... એના આશ્ચર્યની વચ્ચે દાનપેટી ગાયબ હતી. એને શંકા ગઇ. એણે આસપાસ જોયું. દાનપેટી ન જડી. એણે ઝડપથી નીકળી જવાનું વિચાર્યું. એ થોડે આગળ પહોંચી અને સાધુએ પાછળથી એની તરફ સનનનનનનન કરતું ત્રિશૂલ ફેંક્યું. ત્રિશૂલ ખોડાઇ ગયું, રાધા આગળ નીકળી ગઇ....સાધુના આગમન અને શંકરના મંદિરમાં એના વસવાટથી બિલકુલ અજાણ રાધા ત્રિશૂલનો ઘા ચૂકી ગઇ. સાધુને ત્રિશૂલનો ઘા ચૂકી ગયાનો અને શકલ ન જોઇ શક્યાનો અફસોસ રહી ગયો, પણ એને ચિઠ્ઠી વાંચી લીધાનો સંતોષ હતો. સંતોષ અને ખુશીની ઠંડી, માદક લહેર માણવા એણે ગોપાલેશ્વર મંદિરની દિશા તરફ જોઇને ચીલમનો એક લાંબો કશ માર્યો.... જેની લાંબી ધુમ્રસેર પુરોહિતના ઘર સુધી લંબાઇ.

> **'ઝૈનાબ એક મદદ ચાહિયે.' આઈબી ચીફ અભયસિંહ રાઠૌડનો રૂઆબદાર અવાજ આવ્યો**

***

ઇરાવતીએ પુરોહિતને નિયમ મુજબ ચાર વાગ્યે ઉઠાડ્યો. હોંકારાનો જવાબ ન મળતા ઢંઢોળ્યો. પુરોહિત બિલકુલ હલ્યો નહીં. ગાઢ નીંદરમાં હોય એમ પડી રહ્યો. ઇરાવતીને ચિંતા થઇ. એણે પુરોહિતની છાતી પર હાથ મુકીને ધબકારા ચેક કર્યા. પુરોહિતના ધબકારા બંધ થઇ ગયા હતા. ઇરાવતી ધબકારો ચુકી ગઇ...એનું હૃદય બેસવા લાગ્યું. એણે ચીસ પાડી. આસપાસના એક-બે પડોશીઓ દોડી આવ્યા. ઇરાવતીના કહેવાથી દેવીપ્રસાદજીને ફોન કર્યો. દેવીપ્રસાદજી આઘાત અને શંકાના ઘેરા રંગો સાથે દોડી આવ્યા. એમણે આવતા પહેલાં રાધાને કોલ કર્યો. થોડીવારમાં રાધા અને જગદીશ પણ પુરોહિતના ઘરે હતા. નાનકડું ગામ. ખબર ફેલાતા વાર ન લાગી. પુરોહિતના ઘરે વહેલી વારે પહોંચી જનારાઓમાં ગુપ્તા પણ હતો. દેવીપ્રસાદજી, રાધા અને જગદીશ બહાર શેરીના એક ખૂણામાં ઊભા રહીને વાત કરી રહ્યા હતા.

'કાલે મોડી રાતે પુરોહિતે તમને બહુ કોલ કર્યા....કોલ ન લાગ્યો એટલે ધરમશાળામાં આવેલો. ગભરાયેલો હતો. એણે કહ્યું કે રાધાને કહેજે કે શંકર શંભો...એ સમજી જશે...'

'પુરોહિત શંકર શંભો બોલ્યા હતા.....? મારી સાથેની ફોન પરની વાતમાં છેલ્લે ફોન મુકતા પહેલાં પણ ત્રણવાર શંકર શંભો બોલ્યા હતા.' રાધા વિચારવા લાગી.

'રાધા, આ બધું શું ચાલે છે..... આ શંકર શંભો શું છે? તું મોડી રાત સુધી ક્યાં હતી?' દેવીપ્રસાદજી જરા ઉશ્કેરાઇ ગયા.

'દેવીપ્રસાદજી, એ બધું હું તમને પછી કહીશ, પણ મને પાકી ખાતરી છે કે પુરોહિતનું મર્ડર થયું છે.' રાધા બોલી.

'એ તો મને ફોન આવ્યો ત્યારે જ હું સમજી ગયેલો. આ ખેલમાં કઇ ઘડીએ કોનું મોત થાય કાંઇ કહેવાય નહીં?' દેવીપ્રસાદજી બોલ્યા.

'મર્ડર કોણે કર્યું હશે?' ડરી ગયેલા જગદીશે પૂછ્યું.

'એ શોધવું પડશે.....?' બોલીને રાધાએ એક કોલ લગાડ્યો.

'રાઘવ, પુરોહિતનું મૃત્યુ થયું છે...જલ્દી આવી જા.' ત્યાર પછી એણે દૂર જઇને રાઘવ સાથે ગૂફતેગુ કરી. દેવીપ્રસાદજી અને જગદીશને વિચિત્ર લાગ્યું.

'રાધા, આપણને જેની પર શંકા છે તેં એ રાઘવને જ બોલાવ્યો. આ બધું શું છે?'

'દેવીપ્રસાદજી, મને માફ કરજો, પણ અત્યારે હું તમને કંઇ નહીં કહી શકું, પણ મારી પર વિશ્વાસ રાખો.'

'દેવીપ્રસાદજી, તમે પુરોહિતની વાઇફને પૂછી જુઓ કે પુરોહિત રાતે બહાર ગયો હતો?' રાધાના કહેવાથી દેવીપ્રસાદજીએ ઇરાવતીને પૂછ્યું.

'હાં, વો દો દીન સે રોઝ બાહર જાતા થા...દેર રાત વાપસ આતા થા...' ઇરાવતીએ કહ્યું. રાધા બાજુમાં ઊભી રહીને સાંભળી રહી હતી.

પુરોહિત મંદિરે જવાનો હતો.....મંદિરમાંથી દાનપેટી ગુમ થઇ ગઇ હતી. નક્કી કોઇ એનો પીછો કરતું હોવું જોઇએ. રાધા પુરોહિતના મોતની ગૂંચ ઉકેલી રહી હતી.

થોડીવારમાં એક એમ્બ્યુલન્સ આવી પહોંચી. એમાંથી રાઘવ અને લોકલ પોલીસ ઊતર્યા. એમ્બ્યુલન્સની પાછળ બાઇક પર રણછોડ હતો. પોલીસ, દેવીપ્રસાદજી, રાધા અને રાઘવ ઇરાવતી પાસે ગયાં.

'ભાભીજી, મને લાગે હે કી પુરોહિત જિ રો ખૂન વ્યો હે. પોસ્ટમોર્ટમ કરણો લાગે.' પોલીસે કહ્યું.

'મર્ડર...? કોણ કયો....? ક્યૂં કિયો....?' ઇરાવતીએ પૂછ્યું.

'પુરોહિત કા દોસ્ત રાઘવને કમ્પલેટ લિખાયા હૈ.' પોલીસે રાઘવ અને ફાઇલ બતાવતા કહ્યું.

'દેવીપ્રસાદજી, મેરે સમજ કો બાહર હૈ યે લોગ ક્યા બોલ રહે હૈ?' ઇરાવતીએ કહ્યું.

'ઠીક કહે રહે હૈં. મને પણ પોસ્ટમોર્ટમ કરણો જરૂરી લાગે સી...' દેવીપ્રસાદ બોલ્યા.

'મારો છોરા અને એની લુગાઇ કો અમદાવાદ સી ફોન કરણો લાગે....' ઇરાવતી રડી રહી હતી.

'પોસ્ટમોર્ટમ કે લિયે ઉદયપુર ભેજેંગેં...ફોન કર કે ઉધર બુલા લો.' રાઘવ બોલ્યો.

'ઇરાવતી, તૂ સાથ ચલી જા......મૈં બચ્ચોં કો ફોન કર દુંગા...' દેવીપ્રસાદજીએ કહ્યું.

***

રાઘવે રાધાના કોલ પછી તરત જ એના અમદાવાદ એટીએસના ચીફ બાદલ મલિકને ફોન કરીને આખી હકીકતથી વાકેફ કરી દીધા હતા. બાદલ મલિકે તાબડતોબ બેજલમેડ લોકલ પોલીસને જરૂરી કાર્યવાહી કરીને પુરોહિતના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવાની ગોઠવણ કરી આપી હતી.

રાધાને પુરોહિતના મોતનો સંતાપ હતો. રાધા માટે પુરોહિત ગુપ્ત માહિતી મેળવી આપનારી કોઇ એસેટથી વિશેષ હતો. પુરોહિતનું બલિદાન એને ડંખતું હતું. પરંતુ એને દુઃખ અને શોકમગ્ન થઇને બેસી રહેવું પાલવે એમ નહતું. રાધાની દ્રષ્ટીએ ગોપાલેશ્વર મંદિર પર ઘાતકી હુમલો ઝળુંબી રહ્યો હોવાની વાતને પુરોહિતના મોતથી પુષ્ટિ મળી હતી. કોઇક તો છે જેણે પુરોહિતને માર્ગમાંથી હટાવ્યો છે. કદાચ પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આ રહસ્ય પરથી પરદો ઊંચકે. રાધા વિચારી રહી હતી.

'દેવીપ્રસાદજી, થેન્ક યુ. તમે ઝડપથી પરિસ્થિતિ પામી જઇને મામલો સંભાળી લીધો. આ પોસ્ટમોર્ટમ આપણને ઘાતકી હુમલાખોરો સુધી લઇ જવામાં મદદ કરશે.' રાધાએ કહ્યું.

'રાઘવ કોણ છે....?' દેવીપ્રસાદે ક્યારનો મનમાં ધરબી રાખેલો સવાલ કર્યો.

'એટીએસ અમદાવાદનો જાંબાઝ જવાન હરિસિંગ રાજપૂત છે. તમે મારા અને એના મોં પરના નિશાન ન જોયાં. ગઇ રાતે અમારી વચ્ચેના લાંબા જંગ પછી રહસ્ય ખુલ્યું. રાઘવ આપણી સાથે રહીને મદદ કરશે.'

'શંકર શંભોનો મતલભ શું હશે...એણે કહેલું કે રાધા સમજી જશે....' જગદીશે કહ્યું.

'હું પણ એ જ વિચાર કરું છું. શંકર શંભો શબ્દનો ભેદ ઉકેલવો પડશે...પોસ્ટમોર્ટમ અને શંકર શંભો જ આપણને પુરોહિતના કાતિલ સુધી લઇ જશે.'

***

ઝૈનાબના મોબાઇલ પર એક વિચિત્ર રીંગ વાગી. રીંગટોન પરથી એ સમજી ગઇ કે કોનો કોલ છે. એણે ઉપાડ્યો નહીં. રીંગ વાગી ગઇ. ઝૈનાબ ઝડપથી ઓફિસની લિફ્ટ પકડીને નીચે ઊતરી. બાજુના કોફી હાઉસમાં જઇને નિરાંતે બેસીને કોલબેક કર્યો.

'ઝૈનાબ, એક મદદ ચાહિયે.' આઇબી ચીફ અભયસિંહ રાઠૌડનો રૂઆબદાર અવાજ આવ્યો.

'હુકુમ કિજિયે...' ઝૈનાબ ધીમેથી બોલી.

'કલ દોપહર લંચ સે પહેલે તુમ અબ જહાં બૈઠી હો...ઉસી કોફી હાઉસ મેં તુમ્હે બ્રાઉન હેટ પહેના હુઆ એક બંદા મિલેગા.....બાકી કામ વો તુમ્હે સમજાયેગા.' કહીને એમણે ફોન કાપી નાખ્યો.

ઇન્ટેલિજન્સ બ્યૂરો માટે કામ કરતી અભયસિંહ રાઠૌડની ખાસ ખુફિયા જાસૂસ ઝૈનાબ કોફી હાઉસના કાઉન્ટર પર બેઠેલા કેશિયરને સ્માઇલ આપીને પાછી ઓફિસમાં જતી રહી. (ક્રમશઃ) ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# નીચા ભાવોએ ખરીદીની તક ગુમાવે છે, કારણઃ રોકાણકારોનો શક...

## આજે અનેક બાહ્ય અને આંતરિક અનિશ્ચિતતાને લીધે દરેક રાજ્યમાં નવા રોકાણકારોની સંખ્યા ઘટી છે એનાં એક કરતાં વધુ કારણો જાણીને સમજવા જેવાં છે...

છેલ્લાં પાંચેક મહિનામાં વિશ્વમાં ઘણું નકારાત્મક કહી શકાય એવું બન્યું છે. અર્થતંત્ર અને માર્કેટ સામે પડકારો આવ્યા અને વધતા રહ્યા. યુએસ-ઈરાન-ઈઝરાયલ યુદ્ધને લીધે સર્જાયેલા સંજોગોએ રિટેલ ઈન્વેસ્ટર્સનો ઈકિવટીઝમાં રોકાણ રસ ઓછાં કરી નાખ્યા. બરાબર રોકાણની તક ગણાય ત્યારે જ નવા રોકાણકારો બજાર પ્રવેશથી દૂર રહ્યા, કારણ કે તેમના મનમાં એક શક ઘર કરી ગયો, એ જ કે હાલ રોકાણ ન કરાય, કેમ કે મંદી છે અને આ મંદી લાંબી ચાલશે તેમ જ ભાવો હજી ઘટશે. નોંધનીય વાત એ છે કે અત્યારસુધી દર વરસે નવા રોકાણકારોને ઉમેરવામાં અગ્રસર રહેતાં રાજ્યો આ પાંચ મહિનામાં ઢીલા પડી ગયા છે, ખાસ કરીને ગુજરાત આ બાબતે ત્રીજા ક્રમેથી નવમાં ક્રમે આવી ગયું છે. સવાલ માત્ર ગુજરાતનો નથી, અન્ય અગ્રણી રાજ્યોમાં પણ નવા રોકાણકારોની સંખ્યા ઘટી છે. ગયા વરસે ૨૦૨૫માં ગુજરાત દર મહિને આશરે ૧લાખથી વધુ નવા રોકાણકારો નોંધાવતું હતું, જે ૨૦૨૬માં દર મહિને ઘટવા લાગ્યું અને મે મહિનામાં તો પચાસ હજાર આસપાસ આવી ગયું. જોકે નવા રોકાણકારોની નોંધણી બાબતે ઘટાડો, છતાં પ્રથમ બે ક્રમમાં ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર જળવાઇ રહ્યા છે, જયારે કે ગુજરાત ત્રીજા સ્થાનેથી નવમાં સ્થાને ગયું અને વચ્ચેના સ્થાને પ.બંગાળ, બિહાર, તામિલનાડુ, રાજસ્થાન, કર્ણાટક અને મધ્ય પ્રદેશ આવી ગયા છે. ગુજરાત પછીના ક્રમે આંધ્ર પ્રદેશ, તેલંગણા અને દિલ્હી રહ્યા છે. અલબત્ત, નવા રોકાણકારોની સંખ્યામાં ઘટાડો તો ઉત્તર પ્રદેશમાં ૨૦ ટકા અને મહારાષ્ટ્રમાં ૩૩ ટકા થયો છે, તેમ છતાં અન્ય રાજ્યોની પીછેહઠ સામે યુપી અને મહારાષ્ટ્રે પોતાના સ્થાન જાળવી રાખ્યા છે.

૨૦૨૬માં જાન્યુઆરીથી મે દરમ્યાનના પાંચ મહિનામાં સેન્સેકસ ૧૨ ટકા અને નિફ્ટી ૧૦ ટકા નીચે ગયો. માર્કેટ એકધારું વોલેટાઇલ રહ્યું અને એફઆઈઆઇ નેટ સેલર્સ જ બની રહ્યા. જેને કારણે સ્થાનિક રિટેલ રોકાણકારો બજારથી દૂર રહેવું યોગ્ય લાગી શકે, પરંતુ એમ હોવું જોઈએ નહીં, કેમ કે વિદેશી રોકાણકારોના વેચાણના કારણ જુદાં હતાં અને છે, જયારે માર્કેટનું સત્ય એ છે કે મંદીનો સમય રોકાણનો ખરો સમય ગણાય, જ્યારે કે રોકાણકારો આ જ સમયમાં ભય અને નિરાશાથી દૂર થઈ જાય છે. જૂના રોકાણકારો ખોટને લીધે દૂર થાય એ અલગ વાત છે, પણ નવા રોકાણકારોએ તો નીચા ભાવે એન્ટ્રી લેવાની તક હતી. એક ધારણા એવી પણ છે કે યુદ્ધની અસરે મોંઘવારી વધવાના ભયને કારણે પણ બચતકારો સલામત સાધનો તરફ વળ્યા હતા અને એ સમયે સોના-ચાંદીમાં રોકાણ કરવા પ્રેરાયા તો બીજીબાજુ ઘણાં રોકાણકારો સલામતી માટે બેંક એફડી તરફ વળી ગયા.

### એસઆઈપી બંધ ન કરાય, વધારાય...

યુએસ-ઈરાન વિવાદ પ્રકરણ ભલે હજી પૂર્ણપણે પૂરું થયું ન કહી શકાય. છેલ્લા ત્રણેક મહિનાથી આ યુદ્ધ અને તેની અસરોથી દુનિયાભરના દેશો ત્રસ્ત રહયા છે, એ પહેલાંથી ટ્રમ્પના ટૅરિફના તિકડમથી ભારત સહિત મોટાભાગના દેશો પરેશાન અને અધ્ધરતાલ હતા. આપણું શેરબજાર સતત ઘટાડા તરફી રહ્યું.

ઈકોનોમીની ગતિ મંદ પડી. નિકાસ સામે પડકાર વધ્યા. રૂપિયાની ડૉલર સામે દશા બેઠી. વિવિધ લોકલ અને ગ્લોબલ કારણોસર ફોરેન ઈન્વેસ્ટર્સ સતત નેટ સેલર્સ બનતા રહ્યા. પરિણામે ગયા પાંચ મહિનાથી નવા રોકાણકારોની સંખ્યામાં ઘટાડો જ નોંધાતો રહ્યો. ત્યાં સુધી કે રોકાણકારોની પસંદગીમાં ટોચ પર આવતા એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન)માં પણ પ્રવાહ ઘટવા લાગ્યો.

### તક તો હજી પણ છે...

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ પ્રવાહના ઘટાડાને ઈન્વેસ્ટર્સની ફીઅર સાઇકોલોજી માની શકાય. ગ્લોબલ અનિશ્ચિતતાના આ સમયમાં શેરબજારની કથળેલી સ્થિતિ સાથે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને અસર થવાની શકયતા હતી.

એસોસીએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા મુજબ મે મહિનામાં મ્યુચ્યુઅલ ફંડસમાં ઈક્વિટી સ્કિમ્સમાં રોકાણનું પ્રમાણ ૪૦ ટકા જેટલું ઘટ્યું, જે છેલ્લા ૧૨ મહિનામાં સૌથી ઓછું હતું. અર્થાત્ મે મહિનામાં ફંડ ઉદ્યોગને ઈક્વિટી સ્કિમ્સમાં ૨૨૯૦૦ કરોડનો રોકાણ પ્રવાહ પ્રાપ્ત થયો, જે એપ્રિલમાં ૩૮૪૦૦ કરોડ આવ્યો હતો. મે ૨૦૨૩ બાદનો આ સૌથી મોટો ઘટાડો હતો.

હકીકતમાં આવા સમયમાં એસઆઈપી ધારકો યુનિટસની સંખ્યા મારફત વધુ લાભ પામી શકવાના હોય છે, પરંતુ તે પ્લાન બંધ કરીને સંભવિત લાભ ગુમાવે છે.

### આશાનો વરસાદ

જોકે હાલ બદલાયેલા ગ્લોબલ સંજોગોમાં માર્કેટના ઘટાડાનો ટ્રેન્ડ પણ બદલાય એવી આશા જાગી હોવાના સંકેત બજારની રિકવરીમાં દેખાય છે. રોકાણકારોએ હજી પણ આ નીચા બજારનો લાભ લેવા લાંબાગાળાના રોકાણની તક તો છે જ. યુએસ-ઈરાન યુદ્ધ અંત તરફ જવાનો આરંભ થયો છે. જોકે અમેરિકાના અડપલા અને અભિગમ હજી પણ સંજોગોને અધ્ધર રાખી રહ્યા હોવાથી બજારને-લોકોને વિશ્વાસ બેસતો નથી, જેને લીધે માર્કેટની ટ્રેન સ્પીડ પકડવામાં સમય લેશે.

દરમ્યાન ભારત સરકારે આર્થિક સુધારા પર જોર આપવું પડશે અને મૂડીબજારને વધુ તંદુરસ્ત તથા મજબૂત બનાવવા પર પણ ધ્યાન આપવું જોઈશે. બાય ધ વે, સરકાર અને રિઝર્વ બેંક આ દિશામાં સક્રિય થયા છે. આવા માહોલ વચ્ચે વરસાદની કૃપા વરસવી પણ જરૂરી છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

# એન્ગ્લરફિશઃ શિકારની જેમ સમાગમ પદ્ધતિ અજીબ ને બેજોડ

દરિયાના ઊંડા અંધારામાં રહેતી એન્ગ્લરફિશ શિકાર કરવા માથા પરના લાંબા ડંડાના છેડે પ્રકાશ ઉત્પન્ન કરે એ સિવાયની આશ્ચર્યજનક વિશિષ્ટતા ધરાવે છે. આ ખાસમખાસ બાબત પ્રજનન અને જાતીય સમાગમ સંબંધી છે.


તેની પ્રજનનની પધ્ધતિ અદ્ભુત અને રીત સાવ અજાણી છે.

મોટાભાગની એન્ગ્લરફિશમાં માત્ર માદા જ મોટી હોય છે.નર ઘણીવાર ખૂબ નાનો હોય છે અને માદાના શરીર સાથે કાયમી રીતે જોડાઈ જાય છે, જે પ્રાણીજગતમાં અત્યંત અનોખી પ્રજનન પદ્ધતિ છે.

એન્ગ્લરફિશની આ સૌથી અનોખી પ્રજનન પદ્ધતિ 'સેક્સ્યુઅલ પેરાસિટિઝમ' (Sexual Parasitism) કહેવાય છે. ઊંડા સમુદ્રની એન્ગ્લરફિશની જાતિઓમાં માદા નર કરતાં ઘણી મોટી હોય છે. એટલો બધો ફરક કે નરનું કદ માદાની સરખામણીએ માત્ર દશ ટકા જેટલું હોય છે.

એન્ગ્લર ફિશની પ્રજનન પદ્ધતિ (લૈંગિક પરજીવિત્વ)ને શક્ય એટલી સરળ રીતે સમજીએ. નર સુગંધનો ઉપયોગ કરીને માદાને શોધે છે. નર માદાને બટકું ભરીને તેના શરીર સાથે જોડાઈ જાય છે, ચોંટી જાય છે.

ઊંડા સમુદ્રમાં સાથી શોધવો મુશ્કેલ હોવાથી નર માદાને શોધીને તેના શરીરને દાંતથી ચોંટી જાય છે. થોડા સમય પછી નર અને માદાના રક્તપ્રવાહ એકબીજા સાથે જોડાઈ જાય છે. નર માદા સાથે સાચા અર્થમાં જોડાઈ જાય છે. સમય જતાં



નરનું શરીર માદાનો ભાગ બની જાય છે. .

ધીમે ધીમે નરનું શરીર ક્ષીણ થવા લાગે છે. હવે બન્ને એક જ રક્તપ્રવાહ શેર કરે છે. નર પોતાનાં આંખો, પાંખો, હૃદય, મગજ જેવા મોટાભાગનાં અંગો ગુમાવી દે છે અને માદા માટે કાયમી શુક્રાણુનો સ્રોત બની જાય છે.

અંતે નર માત્ર શુક્રાણુ ઉત્પન્ન કરતું જીવંત અંગ બની જાય છે અને માદા સાથે કાયમ માટે જોડાયેલો રહે છે. જ્યારે માદા ઇંડાં મૂકે છે ત્યારે જોડાયેલો નર તરત જ તેને ફળદ્રુપ બનાવી શકે છે. એક માદા સાથે ઘણા નર જોડાયેલા હોઈ શકે છે. ક્યારેક પાંચ-છ પણ.

સ્વાભાવિક રીતે સવાલ થાય કે આ લૈંગિક પરજીવિત્વ પદ્ધતિ શા માટે વિકસી? ઊંડા સમુદ્રમાં જીવસૃષ્ટિ બહુ ઓછી હોય છે અને અંધકાર ખૂબ હોય છે. તેથી નર અને માદા ફરીથી મળી શકશે તેની કોઈ ખાતરી નથી. એકવાર સાથી મળી જાય પછી કાયમી જોડાણ પ્રજનનની સફળતા વધારી દે છે.

આ પદ્ધતિને વૈજ્ઞાનિકો Sexual Parasitism કહે છે અને તે કુદરતના સૌથી વિચિત્ર ઉત્ક્રાંતિજન્ય અનુકૂલન માનવામાં આવે છે.

એન્ગલર ફિશની ૩૦૦થી વધુ પ્રજાતિઓ છે, જેમાં ઊંડા સમુદ્રના એન્ગ્લરફિશ, સી ડેવિલ્સ અને ઓછી ઊંડાઈમાં રહેતી મોન્કફિશનો સમાવેશ થાય છે.

એન્ગ્લરફિશ શિકાર અને સમાગમ પદ્ધતિ માટે સૌથી અજીબ-બેજોડ જીવ ગણાય છે.

(સંપૂર્ણ)■

ફોકસ

અનુ આર. feedback@bombaysamachar.com

# મિની બાલ્કનો મૉન્સૂન ગાર્ડન લીલીછમ સુખી દુનિયા

ચોમાસાની ઋતુ પ્રકૃતિના સૌથી સુંદર રૂપોમાંની એક છે. વરસાદના પહેલા ટીપાં માત્ર ધરતીને જ નહીં પણ મનને પણ તાજગીથી ભરી દે છે. આ એ જ સમય હોય છે, જ્યારે છોડ ખૂબ ઝડપથી વધે છે અને ગાર્ડનિંગનો શોખ ધરાવનારાઓને આ ઋતુ નવી પાંખો આપે છે. જોકે, શહેરોમાં રહેતી મોટાભાગની મહિલાઓ સામે સૌથી મોટી સમસ્યા કિચન ગાર્ડન માટે જગ્યાનો અભાવ છે, કારણ કે આજકાલ બગીચાની સુવિધા થોડા લોકો પાસે જ હોય છે. સવાલ એ છે કે શું જેમના આંગણામાં કે ઘરમાં કિચન ગાર્ડન માટે જગ્યા નથી, તેઓ આ ચોમાસાની રોમાંચક ઋતુ સાથે પોતાનો કોઈ સંબંધ ન જોડે? ના, એવું નથી. આ ઋતુમાં પ્રકૃતિ સાથે જોડાવા માટે બાલ્કની પણ એક સરળ માધ્યમ બની શકે છે.



વાસ્તવમાં આ જ વિચારે આજકાલ મોટા શહેરોમાં 'મિની બાલ્કની મૉન્સૂન ગાર્ડન' નો એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. જ્યાં એક નાની બાલ્કનીને પણ કેટલાક કુંડા, હેંગિંગ પ્લાન્ટ્સ અને મોસમી શાકભાજીઓ દ્વારા એક સુંદર લીલીછમ દુનિયામાં બદલી શકાય છે. આ માત્ર ઘરની સુંદરતા જ નથી વધારતું, પરંતુ માનસિક શાંતિ, તાજી હવા અને તાજા ખોરાકનો સ્રોત પણ બને છે. સૌથી મોટી વાત તો એ છે કે એક નાની જગ્યામાં આ વિચારના પ્રતાપે કોઈ પણ વ્યક્તિ હરિયાળીના સપના જોઈ શકે છે. કારણ કે લોકો અવારનવાર એવું વિચારતા હોય છે કે ગાર્ડનિંગ માત્ર તેમના નસીબમાં જ હોય છે, જેમની પાસે ઘરમાં બગીચા માટેની જગ્યા હોય છે. પરંતુ આધુનિક શહેરી જીવન શૈલીએ આ માન્યતાને બદલી નાખી છે. આજે એક નાની બાલ્કની પણ ફૂલો, ઔષધીય છોડ અને શાકભાજીઓથી ભરાઈને એક સુંદર બગીચાનું સ્વરૂપ લઈ શકે છે. ચોમાસું આ સપનાને સાકાર કરવા માટે સૌથી ઉત્તમ ઋતુ છે.

આ ઋતુમાં છોડની બહુ વધારે સંભાળ પણ રાખવી પડતી નથી અને તે કોઈ પણ વધારાના પ્રયત્ન વગર ખૂબ જ આસાનીથી ઊગી પણ જાય છે. પરંતુ સવાલ એ છે કે તમારી આ નાની દુનિયાને આનંદદાયક બનાવવા માટે કયા છોડ લગાવવા? જો તમે પહેલીવાર તમારી નાની બાલ્કનીને મોન્સૂન ગાર્ડનમાં બદલી રહ્યા છો, તો એવા છોડ પસંદ કરો જેની સંભાળ રાખવી ખૂબ જ સરળ હોય. દાખલા તરીકે તુલસી, ફુદીનો, કોથમીર, લીલા મરચાં, મીઠો લીમડો આ બધા એવા છોડ છે, જે ચોમાસાના દિવસોમાં ખૂબ જ સારી રીતે ઊગી જાય છે અને તે માત્ર બાલ્કનીની હરિયાળીમાં જ વધારો નથી કરતા, પરંતુ તમારા રસોડામાં નવા-નવા સ્વાદનો પણ ઉમેરો કરે છે. આમાં એક કાંકરે બે પક્ષી જેવું થાય છે. ઘરની તાજગીમાં ચાર ચાંદ લાગી જાય છે અને ખાવાનો સ્વાદ વધી જાય છે. જ્યાં સુધી ફૂલોની વાત છે, તો આ ઋતુમાં ગલગોટો, ઝીનિયા, બાલસમ અને બારમાસી ખૂબ સારી રીતે વિકસે છે. તેના રંગબેરંગી ફૂલોના કારણે બાલ્કનીમાં પતંગિયા અને મધમાખીઓનો ગુંજારવ પણ સાંભળવા મળે છે.

આજકાલ નાની બાલ્કનીઓમાં વધારે છોડ લગાવવા માટે 'વર્ટિકલ ગાર્ડન' એક ઉત્તમ વિકલ્પ છે. આમાં છોડને દીવાલો, સ્ટેન્ડ અથવા લટકતા કુંડાઓમાં લગાવવામાં આવે છે. આ ટેક્નિકમાં છોડ જગ્યા ખૂબ જ ઓછી રોકે છે. જૂના પ્લાસ્ટિકના કન્ટેનર, બોટલો અને લાકડાના બોક્સનો રચનાત્મક ઉપયોગ પણ વર્ટિકલ ગાર્ડન સ્ટેન્ડ તરીકે કરી શકાય છે. આજકાલ ચોમાસામાં છોડને વરસાદના પાણીનો લાભ મળે છે. વરસાદના પાણીમાં એક કુદરતી ફળદ્રુપતા હોય છે. તેથી છોડ માત્ર લીલાછમ જ નથી રહેતા, ઝડપથી વધે પણ છે. જો કે, સતત વરસાદ પડવાને કારણે જો છોડના કુંડામાં વધારાનું પાણી એકઠું થઈ જાય, તો તેને તરત જ બહાર કાઢી નાખવું જોઈએ, નહીં તો છોડને નુકસાન થાય છે. કુંડામાં સતત પાણી ભરાયેલું રહેવાથી છોડ સડી જાય છે.

પરંતુ આજકાલ લોકો પાસે બાગકામનું જનરલ નોલેજ પુષ્કળ છે, કારણ કે સોશિયલ મીડિયાના કારણે તે ચારેય તરફથી મળી રહે છે. આ જ કારણ છે કે આજકાલ મહિલાઓ પોતાના મોન્સૂન બાલ્કની ગાર્ડનમાં માત્ર સુશોભનના છોડ જ નથી લગાવતી, પરંતુ આ મિની ગાર્ડનને ઓર્ગેનિક શાકભાજી અને ઔષધીય છોડનો સ્રોત પણ બનાવી દે છે. સાથે જ રસોડામાંથી નીકળતા જૈવિક કચરામાંથી કમ્પોસ્ટ તૈયાર કરવામાં આવે છે, જેનાથી છોડને ભરપૂર પોષણ મળે છે અને ઘરના કચરાનો પુનઃઉપયોગ પણ શક્ય બને છે. પર્યાવરણ સંરક્ષણની દિશામાં આ પણ એક નાનું પરંતુ જરૂરી પગલું છે. પરંતુ સૌથી મોટો ફાયદો તો આ નાના એવા મોન્સૂન ગાર્ડન દ્વારા આપણા માનસિક સ્વાસ્થ્યને થાય છે. કોઈએ બિલકુલ સાચું જ કહ્યું છે કે બાગકામ એ માત્ર છોડ ઉગાડવાનું કામ નથી, પરંતુ માનસિક તણાવ ઓછો કરવાનું અને માનસિક શાંતિ મેળવવાનું એક માધ્યમ પણ છે. તેથી બાલ્કનીના આ મિની મોન્સૂન ગાર્ડનને માત્ર હરિયાળી અને શાકભાજીના ફાયદાની નજરથી જ ન જુઓ, પણ માનસિક સ્વાસ્થ્ય સુધારવાની તેની ક્ષમતા માટે પણ ધ્યાનમાં લો.

આ નાનકડો બગીચો આપણા મનને પ્રસન્ન રાખે છે, આપણા વિચારોને સકારાત્મક બનાવે છે અને આપણને તાજગી આપે છે. વાસ્તવમાં આ મૉન્સૂન મિની બાલ્કની ગાર્ડન કુદરતી આનંદ માટે થેરાપી જેવો અનુભવ આપે છે... અને સૌથી મોટી વાત એ છે કે આના કારણે ઘર વધારે સુંદર દેખાય છે. ઘરમાં છોડની મીઠી-મીઠી સુગંધ આવે છે અને ચોમાસાની ઋતુને યાદગાર બનાવી દે છે. સૌથી મોટી વાત એ છે કે આ નાનકડો એટલે કે મિની બાલ્કની ગાર્ડન આપણા ઘરના તાપમાનને એકથી બે ડિગ્રી ઓછું કરી દે છે. સાથે જ આસપાસના વાતાવરણને આંખો માટે નયનરમ્ય બનાવી દે છે. એટલા માટે જ કહેવાય છે કે ચોમાસાની ઋતુ માત્ર વરસાદનો આનંદ માણવાની ઋતુ નથી પરંતુ હરિયાળીને પોતાના ઘરે આવકારવાની ઋતુ પણ છે.

મિની બાલ્કની મૉન્સૂન ગાર્ડન આ દિશામાં એક સરળ, સસ્તો અને અસરકારક ઉપાય છે. થોડું આયોજન, થોડો ઉત્સાહ, થોડા કુંડા અને છોડ પ્રત્યેનો પ્રેમ માત્ર આપણી બાલ્કનીને જ જીવંત નથી કરતો, આપણી દુનિયાને પણ ખુશીઓથી ભરી દે છે. તેથી તમે પણ ચોમાસાની ઋતુમાં તમારા ઘરમાં એક મિની બાલ્કની મૉન્સૂન ગાર્ડન ચોક્કસ બનાવો અને તેના ભરપૂર ફાયદા લો. ■

ફોકસ પ્લસ

કે.પી.સિંહ feedback@bombaysamachar.com

# આખરે જંગલને આરામ કેમ જોઈએ?

દર વર્ષે જૂનના અંતમાં અને જુલાઈની શરૂઆતમાં જ્યારે દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસું દસ્તક દે છે, ત્યારે એક રસપ્રદ પરંતુ જરૂરી પ્રક્રિયા શરૂ થાય છે. દેશના ઘણા નેશનલ પાર્ક, ટાઇગર રિઝર્વ અને વન્યજીવ અભયારણ્યો પ્રવાસીઓ માટે અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવે છે. વન્યજીવ પ્રેમીઓ માટે આ સમાચાર થોડા નિરાશાજનક હોય છે, પરંતુ પ્રકૃતિ અને જંગલના દૃષ્ટિકોણથી આ એક બહુ જ જરૂરી નિર્ણય હોય છે. જેવી રીતે મનુષ્યને સતત કામ કર્યા પછી આરામની જરૂર હોય છે, તેવી જ રીતે જંગલોને પણ કોઈપણ બાહ્ય હસ્તક્ષેપ વિના પોતાના કુદરતી જીવનચક્રને પૂર્ણ કરવા માટે થોડી પ્રાઇવસી અને થોડા એકાંતની જરૂર હોય છે. કહેવાનો અર્થ એ છે કે, ચોમાસાના દિવસોમાં ન તો જંગલ અને ન તો વન્યજીવો એવું ઈચ્છે છે કે તેમના જીવનમાં કોઈ બાહ્ય દખલગીરી થાય.

તમને એમ થશે કે વૃક્ષો અને છોડ તો ત્યાં જ રહે છે, તો પછી ચોમાસામાં જંગલને આખરે આરામ કોના માટે જોઈએ? પ્રાણીઓ પણ તેમના કુદરતી વાતાવરણમાં જ રહે છે, તો પછી કેટલાક મહિનાઓ માટે જંગલો બંધ કરવાનું તાર્કિક કારણ શું છે? આનો જવાબ જંગલની ઈકોલોજી અને વન્યજીવનના ચક્રમાં છુપાયેલો છે. ચોમાસાની ઋતુ જંગલોમાં પુનર્જીવનનો સમય હોય છે. ઉનાળાના મહિનાઓમાં સૂકી અને થાકેલી દેખાતી વનસ્પતિઓ વરસાદની સાથે જ ફરીથી લીલીછમ થઈ જાય છે. જમીન પર નવું ઘાસ ઉગી નીકળે છે અને વૃક્ષો પર નવા પાંદડા આવે છે. આ માત્ર હરિયાળીનું વિસ્તરણ નથી પરંતુ સમગ્ર ઈકોસિસ્ટમના પુનઃનિર્માણની પ્રક્રિયા છે. જો આ સમયે માનવીય પ્રવાસન પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવે, તો વન્યજીવોના કુદરતી વર્તન પર તેની વિપરીત અસર પડી શકે છે.

### કારણ કે આ પ્રજનનનો સમયગાળો પણ છે

મોટાભાગના વન્યજીવો માટે ચોમાસાની ઋતુ તેમનો પ્રજનન કાળ હોય છે. પ્રજનન કાળ દરમિયાન વન્યજીવોના વર્તનમાં ઘણો બદલાવ આવી જાય છે. વાઘ અને દીપડા જેવા શિકારી પ્રાણીઓ પણ પ્રજનન માટે સાથીની શોધ કરતી વખતે એવી પ્રવૃત્તિઓ કરે છે, જે તેમના સામાન્ય વર્તનથી અલગ હોય છે. જો આ સમય દરમિયાન જંગલોમાં પ્રવાસીઓની દખલગીરી ચાલુ રહે, તો તેમની પ્રજનન પ્રવૃત્તિઓમાં અવરોધ આવશે, તેથી જ આ ઋતુમાં તેમને એકાંત આપવું જરૂરી છે. આ જ વાત જંગલની વનસ્પતિઓ પર પણ લાગુ પડે છે. ગીચ વનસ્પતિઓની વચ્ચે માદા વન્યજીવ પોતાના બચ્ચાઓ માટે સુરક્ષિત અને એકાંત જગ્યા શોધે છે જેથી તેઓ સુરક્ષિત રહી શકે. આથી જ આવા સમયે જંગલોમાં માનવીય પ્રવૃત્તિઓની મંજૂરી હોતી નથી. નેશનલ પાર્ક બંધ કરવાનું એક વ્યવહારિક કારણ પણ છે. ચોમાસા દરમિયાન જંગલની અંદરના કાચા રસ્તાઓ અત્યંત લપસણા અને જોખમી બની જાય છે. ઘણી જગ્યાએ નાના-નાના નાળાઓ છલકાઈ જાય છે અને રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થઈ જાય છે. આવા સમયે પ્રવાસીઓની સુરક્ષા પણ એટલી



જ જરૂરી છે. તેથી, વન વિભાગ આ સમયનો ઉપયોગ રસ્તાઓ, પુલો, જળાશયો અને અન્ય માળખાકીય સુવિધાઓના સમારકામ તથા જાળવણી માટે કરે છે.

### પ્રવાસીઓનું વર્તન પણ એક કારણ છે

ખરેખર તો પ્રવાસીઓ ખૂબ જ જિજ્ઞાસુ હોય છે અથવા એમ કહીએ કે તેઓ પોતાના ખર્ચ વસૂલ કરવાની ફિરાકમાં રહે છે, તેથી તેઓ દરેક સમયે વન્યજીવોને પોતાના કેમેરામાં કેદ કરવા માટે તેમને પરેશાન કરતા રહે છે. ચોમાસાની ઋતુમાં જ્યારે વન્યજીવો પોતાની પ્રજનનની માનસિક સ્થિતિમાં હોય છે, જો તે સમયે પ્રવાસીઓને જંગલોમાં જવાની મંજૂરી આપી દેવામાં આઑબઆવે તો તેઓ કોઈ માનવતા બતાવશે નહીં, તેના બદલે, શક્ય તેટલું અભદ્ર વર્તન કરશે. જો માણસોને આ ઋતુમાં હરવા-ફરવાની મંજૂરી હોય, તો અડધાથી વધુ પ્રાણીઓ પ્રજનન માટે એકાંત શોધી શકશે નહીં; કારણ કે પ્રવાસીઓ કેમેરો લઈને તેમની પાછળ દોડતા રહેશે. જો કે, આવા સમયે વન્યજીવો તેમના પર ગુસ્સે થઈને હુમલો પણ કરી શકે છે અને આ હુમલો જીવલેણ સાબિત થઈ શકે છે. આ બધી બાબતોની ચિંતા પ્રવાસીઓ પોતાના પ્રવાસના ઉત્સાહમાં નહીં કરે. તેથી જ, વરસાદના દિવસોમાં જંગલોને 'રિકવરી પીરિયડ' તરીકે જોવામાં આવે છે અને પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે.

વાસ્તવમાં જંગલોને જીવંત રાખવા માટે અને વન્યજીવોના જીવનને સુચારુ રૂપે તરોતાજા બનાવી રાખવા માટે ચોમાસામાં તેમને બંધ રાખવા જરૂરી છે. કારણ કે જ્યારે વરસાદના દિવસોમાં જંગલોને બંધ કરી દેવામાં આવે છે, ત્યારે જંગલ અને વન્યજીવો પોતાના સૌથી મહત્ત્વપૂર્ણ કાર્યમાં લાગેલા હોય છે એટલે કે નવી પેઢીને જન્મ આપવામાં. વન્યજીવો આ સમયગાળા દરમિયાન આગામી પેઢીઓને જન્મ આપે છે, તો જંગલની વનસ્પતિઓ પોતાને પુનર્જીવિત કરવામાં અને જળાશયોને રિચાર્જ કરવામાં સંપૂર્ણપણે કેન્દ્રિત હોય છે. આ જ સમય દરમિયાન લાખો જીવજંતુઓ, દેડકા, અળસિયા અને અન્ય નાના જીવો સક્રિય થાય છે. આ વાસ્તવમાં જંગલની ફૂડ ચેઈન અને જંગલોની જમીનને ફળદ્રુપ બનાવી રાખવા માટેનું જરૂરી ચક્ર છે. જો આમાં અવરોધ ઊભો કરવામાં આવે તો જંગલ અને વન્યજીવો બંનેનું અસ્તિત્વ જ સંકટમાં મુકાઈ જશે. આથી જ ચોમાસામાં રાષ્ટ્રીય ઉદ્યાનોને બંધ કરી દેવામાં આવે છે. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# મારા ઉદાસ દિલમાં વળે છે ફરી કરાર પાછું તમારા મૌનમાં સાંત્વન ભળ્યું હશે

## હરીન્દ્ર દવેની સર્જકતામાં શ્રી અને સમૃદ્ધિ અનન્ય છે

ગતાંકથી શરૂ

ગયા સપ્તાહે આપણે મહાન સર્જક - કવિ હરીન્દ્ર દવેના વિશિષ્ટ સર્જનની અને પ્રદાનની વાત કરી હતી. આપણે જોયું તેમ હરીન્દ્રની કવિતામાં અને ગઝલમાં વેદના પણ જુદે જુદે સ્વરૂપે આવે છે. ટોળામાં રહીને જે એકલતા અનુભવાય છે એ એકલતાનો તાર પણ કવિએ છેડ્યો છે. ગીતની વાત કર્યા વગર એમની ગઝલ ન સમજી શકાય. જુઓ:

**આપણે ક્યાં છે મમત એ જગાએ રહીએ?**
**માર્ગ માગે છે ઘણાં, ચાલને, ખસતા જઈએ**
**સાવ નિર્જન છે આ વેરાન, બીજું શું કરીએ?**
**બાંધીએ એક નગર, ને જરા વસતા જઈએ.**

* * *

**આ રેતીના સમંદરના કિનારે હુંય ચાલ્યો છું**
**નર્યા મૃગજળના એક બારીક ઈશારે હુંય ચાલ્યો છું**

* * *

**બંધાઉં ત્યારે મુક્તિનો અહેસાસ થાય છે**
**કોઈ કરિશ્મા હોય છે ઈશ્વરના પાશમાં**

હરીન્દ્ર દવે મોટા ફલક પર દીર્ઘ ગદ્ય કાવ્યો પણ લખે. એમના ગદ્યકાવ્યમાં ચિંતન-જીવન અને મરણ વિશેનું એકરૂપ અને એકરસ - થઈને પ્રગટે છે. મૃત્યુના સંદર્ભમાં જીવન અને જીવનના સંદર્ભમાં મૃત્યુની વાત કવિ કરે છે.

અર્નેસ્ટ હેમિન્ગવેએ કહ્યું હતું કે કોઈ પણ સર્જકે માતબર થવું હોય તો એના જીવનમાં કમસે કમ એકાદ બે વર્ષ પત્રકારત્વને સોંપવા જોઈએ. જ્યારે હરીન્દ્ર દવેએ તો આખું આયખું પત્રકારત્વને સોંપી દીધું હતું. આનાથી


હરીન્દ્ર દવે

સમકાલીન ઘટનાઓનો પડઘો ક્યાંક અને ક્યારેક કાવ્યસ્વરૂપે પ્રગટે છે.

હરીન્દ્ર કહે છે કે 'પત્રકારત્વે મારા ગદ્યને માંજ્યું છે, કવિતાના લયને ઊંડાણ આપ્યું છે.'

હરીન્દ્ર દવેએ ગઝલનો અલાયદો સંગ્રહ 'મનન' આપ્યો છે. કેટલીક હૃદયસ્પર્શી રચનાઓ 'તમે યાદ આવ્યા' સંગ્રહમાં છે જેમ કે:

**ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ**
**ઝાંઝવા હો કે હો દરિયાવ, તરસતાં જઈએ**

હરીન્દ્રની ગઝલની વિશેષતા એ છે કે એ ચીલાચાલુ ગઝલો લખતા નથી. ગઝલ પર હથોરી આવી ગઈ છે એટલે ચાલ ગઝલ લખી નાખીએ અને રદીફ-કાફિયાનો ઉદ્ધાર કરી નાખીએ એવી વૃત્તિ રાખીને એ ગઝલ લખતા નથી. હરીન્દ્ર એટલે ઉર્દૂ અને ગુજરાતી ગઝલના ઊંડા અભ્યાસી અને મર્મી. મિર્ઝા ગાલિબ જેવા સમજવામાં ખૂબ જ મુશ્કેલ શાયરની ગઝલોમાંથી ચુનંદા ચિંતનાત્મક શેરો પર એમણે કરેલી નુકતેચીની કાબિલે દાદ છે. આમાં પાછું ખૂબીની વાત એ છે કે ગઝલનો અભ્યાસી ગઝલ લખે તો વિવેચક લખતો હોય એવું પરિણામ પણ આવે, પરંતુ હરીન્દ્ર જ્યારે ગઝલ લખે છે ત્યારે પોતાના તમામ અભ્યાસને એક બાજુ પર મૂકીને ગઝલના સ્વરૂપ અને સૌન્દર્યને નિખારે છે.

હરીન્દ્રના કાવ્યસર્જનનું વિવેચનાત્મક મૂલ્યાંકન હજુ સુધી થયું નથી એટલે પુનર્મૂલ્યાંકનની તો વાત જ ક્યાં કરવી. હરીન્દ્ર ગુજરાતી ઉત્તર સ્વાતંત્ર્ય યુગના અગ્રણી કવિ, નવલકથાકાર, નિબંધકાર અને પત્રકાર હતા. તેમણે પચાસથી વધુ ગ્રંથ લખ્યા છે. સુરેશ દલાલે સંપાદિત કરેલા હયાતી કાવ્યસંગ્રહ માટે ૧૯૭૮માં સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

આપણે જોયું તેમ એમની કવિતામાં જીવનદર્શન અને અસ્તિત્વની યાતના-વેદના સાથે સાથે જીવનની ક્ષણભુંગરતા, એકલતા અને અસ્તિત્વની શોધ સતત જોવા મળે છે. તેમની કવિતા માત્ર ભાવનાનો ઉદ્‌ગાર નથી, પરંતુ જીવનના ગૂઢ પ્રશ્નો સાથેનો સંવાદ છે. 'ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી મધુવનમાં' આ પંક્તિમાં જીવનની ક્ષણિકતા અને સંબંધોની સૂક્ષ્મતા વ્યક્ત થાય છે. એમની કવિતા વાચકને પોતાની અંદર ઝાંખી કરવા પ્રેરિત કરે છે. તેઓ જીવનના દુઃખને નિરાશા નહીં, પરંતુ આત્મ-બોધના સાધન તરીકે જુએ છે.

પ્રેમ ખૂબ જ નાજુક અને આધ્યાત્મિક સ્વરૂપે પ્રગટ થાય છે. 'પાન લીલું જોયું તે તમે યાદ આવ્યા.' આ પંક્તિ ગુજરાતી કાવ્યજગતમાં અત્યંત લોકપ્રિય છે. અહીં પ્રિયજનની સ્મૃતિ પ્રકૃતિના સામાન્ય દૃશ્ય સાથે જોડાઈ જાય છે. આથી જ એમની રચનાઓમાં સંયમ, સૌન્દર્ય અને કરુણ મધુરતા જોવા મળે છે.

આપણે જોયું કે રાધા-કૃષ્ણ એમના ગીતમાં ખાસ સ્થાન ધરાવે છે. કૃષ્ણ એક જીવંત પ્રતીક છે. તેમની કૃષ્ણસંવેદના ભક્તિ કરતાં વધુ માનવીય અને તત્ત્વચિંતનાત્મક છે. એમના પુસ્તક કૃષ્ણ અને માનવ સંબંધોમાં કૃષ્ણના વ્યક્તિત્વને આધુનિક માનવીના પ્રશ્નો સાથે જોડવામાં આવ્યું છે. એમની કવિતામાં કૃષ્ણ કોઈ દેવતા તરીકે નહીં, પરંતુ જીવનના માર્ગદર્શક અને માનવમિત્ર તરીકે રજૂ થાય છે.

હરીન્દ્રની અનેક વિશેષતાઓમાં મહત્ત્વની વાત છે એમની સરળ, મધુર અને ગેય ગુણો ધરાવતી ભાષા. ભાષા અલંકાર પ્રચુર નથી. હા, એમાં ભાવની દીપ્તિ છે. તેથી સામાન્ય વાચક અને વિદ્વાન બંનેને સમાન રીતે સ્પર્શે છે.

હરીન્દ્ર દવે પરંપરા અને આધુનિકતા વચ્ચેનો સુંદર સમન્વય સ્થાપે છે. નગરજીવનની એકલતા, મૂલ્યોનાં ધોવાણ અને વિમુખતાને પણ તારસ્વરે વ્યક્ત કરે છે. મારા મતે હરીન્દ્ર માત્ર ભાવકવિ નહીં, પરંતુ યુગ ચેતનાના કવિ છે. એમનું સર્જન આપણી વિરાસત છે. ઊર્મિપ્રધાન હોવા છતાં સમજણના પ્રકાશ વચ્ચે એક સુંદર સેતુ રચાય છે.

હરીન્દ્ર પાસેથી મળેલા મનનલાયક શેર જોઈએ:

**તમારી આંખથી ખરતા સમયની વાત નથી**
**નથી, આ સૂર્યમાં તરતા સમયની વાત નથી**
**સમય મળ્યો છે તો ચાલો સમય ભૂલી લઈએ**
**ભલા, આ કાચથી સરતા સમયની વાત નથી.**

* * *

**મારી બદલાતી દશા પણ કોઈ તહેવાર હતો**
**ભેટમાં કેમ તે ગઈ કાલની છબી આપી?**

* * *

**ન અંજારો તડકામાં આંખો પછીથી**
**પ્રથમ તારી ઝુલ્ફોમાં રાત્રિ થવા દે.**
**સુકોમળ એ કિનખાબ સાથે જડીને**
**સુવાસિત એ શ્વાસોની શીતળ હવા દે.**

* * *

**ઝુલ્ફોથી, આંખથી કે અધરથી ન કૈં કહ્યું**
**સંકેત તોય એક પણ મોઘમ નથી રહ્યો**

* * *

**ઉત્તર તમારો શું એચે નહીં કહો?**
**અમને સવાલ પૂછતાં ફાવ્યું નહીં ભલે.**

* * *

**કંઈક વર્ષોની પ્રતીક્ષા ને છતાં અંત નથી**
**મારું એકાન્ત છે, આ રામનો વનવાસ નથી.**

* * *

**આંખોથી પી શકાય તો એક બુંદ ના રહે**
**હોઠેથી તો કહું છું તલબગાર પણ નથી**

મીરાં, મથુરા, દ્વારકા, મેવાડ, મોરપીચ્છ જેવા પરંપરાગત પ્રતીકો પાસેથી પણ કવિએ નવી રીતે ધાર્યું કામ લીધું છે. હરીન્દ્રના સંપુટમાં જે વૈવિધ્ય છે અને એમની સર્જકતામાં જે વૈપુલ્ય છે, જે શ્રી અને સમૃદ્ધિ છે એ દાદ માગી લે છે. હરીન્દ્રની એક ખૂબ જ ઊંડાણવાળી ગઝલના ત્રણ શેર યાદ રાખવા જેવા છે. કારણ કે આ ગઝલમાં એમના મિજાજ અને ચિંતનના દર્શન થાય છે:

**હું સરેરાશનો માણસ છું નીકળી જઈશ**
**કોઈ ઓળખશે નહીં, સર્વને મળી જઈશ**
**છું હવા, ને એ હવાને વળી વિસ્તાર કયો?**
**નમતી પાંપણમાં થઈ સ્વપ્ન હું ઢળી જઈશ.**
**કાંકરીને તમે નાહક નહીં શોધો અય દોસ્ત**
**જળના ટીપાંથી હું આખોય ખળભળી જઈશ**

કોઈની એક જિંદગીમાં ઘણી જિંદગીઓ એક થઈ જાય ત્યારે કહેવાય છે કે 'વો અપની જાત સે ઈક અંજુમન હૈ'. આવી અંજુમન, આવી મહેફિલ અને આવી ઈલ્મી અને ચિંતનશીલ જિંદગીનો માલિક એટલે હરીન્દ્ર દવે.

આવી કલમમાંથી જે કંઈ પ્રગટે તે શાશ્વત રહેવાનું જ. જેમ કે:

**મારા ઉદાસ દિલમાં વળે છે ફરી કરાર**
**પાછું તમારા મૌનમાં સાંત્વન ભળ્યું હશે**

* * *

**શબ્દોમાં ઘૂંટતો રહું તારા વિરહનો કેફ,**
**ચકચૂર જો બનું તો મુલાકાત થઈ જશે.** ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# એવી મા, જેણે બીજા કલાકારો માટે પણ પરોપકારનું કામ કર્યું

'ભાઈ, મુખ્ય પ્રધાન હિતેન્દ્રભાઈનો બંગલો આ જ છે ને?'

છ દાયકા અગાઉના એક દિવસે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં તત્કાલીન મુખ્ય પ્રધાન હિતેન્દ્ર દેસાઈના બંગલા બહાર આવીને ઊભેલી એક વૃદ્ધા પૂછી રહી હતી. તે બંગલાની બહાર ફરજ બજાવતો એક પોલીસ જવાન અચરજ સાથે તે વૃદ્ધા સામે થોડીવાર તાકી જ રહ્યો. આશરે ૭૫વર્ષની આસપાસની ઉંમરની તે વૃદ્ધાએ કાળું કાપડું પહેર્યું હતું, તેનાં માથા સુધી કાળો ચોરસો હતો અને તેણે પગમાં સ્લીપર પહેર્યાં હતાં. જવાન તેમને આશ્ચર્ય સાથે એટલા માટે જોઈ રહ્યો કે અગાઉ આવી રીતે કોઈ વ્યક્તિ મુખ્ય પ્રધાનના બંગલે ક્યારેય આવી ન હતી. થોડી વાર તે વૃદ્ધા સામે જોઈ રહ્યો. પછી તેણે પૂછ્યું, 'બોલો માજી, શું કામ છે તમારે?'

તે વૃદ્ધાએ કહ્યું, 'મારે મુખ્ય પ્રધાન હિતેન્દ્રભાઈને મળવું છે, ભાઈ.'

પોલીસ જવાને કહ્યું, 'માજી, એમ સીધું મુખ્ય પ્રધાનને મળી ન શકાય. તેમની મુલાકાત માટે અપોઇન્ટમેન્ટ લેવી પડે...'

'શું લેવું પડે, ભાઈ? મને સમજાવશો?'

'અપોઇન્ટમેન્ટ, માજી. અગાઉથી મળવાની પરવાનગી લેવી પડે.'

'અરે ભાઈ! હું એમાં કાંઈ ન સમજું. મેં તો એવી કોઈ પરવાનગી લીધી નથી, પણ હું તો આ અહીં એક બાજુ બેઠી. અહીંથી તેમની મોટર નીકળશે ત્યારે હું તેમની સાથે વાત કરવાની કોશિશ કરીશ. વાત સાંભળે તો ઠીક નહિતર ખમ્મા તેમને. બીજું શું!'


હેમુભાઈના માતા બાલુબા ગઢવી

'અરે માજી! તમે કોઈ વાતે સમજતા જ નથી હું તમને કહું છું કે પરવાનગી વિના મુખ્ય પ્રધાન કોઈને ન મળી શકે...'

તે જવાન તે વૃદ્ધાને સમજાવી રહ્યો હતો એ વખતે બંગલાના કમ્પાઉન્ડમાં ચાલી રહેલા હિતેન્દ્રભાઈએ દૂરથી એ દૃશ્ય જોયું અને બૂમ પાડી: 'ભાઈ, લઈ આવો તેમને અંદર.'

રોફભેર વાત કરી રહેલો જવાન એકદમ ઠંડો પડી ગયો અને તેણે વૃદ્ધાને કહ્યું, 'ચાલો માજી, સાહેબ તમને અંદર બોલાવે છે.'

તે જવાન માજીને બંગલામાં લઈ ગયો. હિતેન્દ્રભાઈએ તેમને દીવાનખાનામાં આવવા કહ્યું. દીવાનખાનામાં પ્રવેશીને તે વૃદ્ધા નીચે બેસવા ગઈ એ સાથે હિતેન્દ્રભાઈએ કહ્યું, 'અરે માજી! ત્યાં નીચે નહીં, અહીં ઉપર સોફા પર બેસો.'

તે વૃદ્ધા સોફા પર બેઠી એટલે હિતેન્દ્રભાઈએ પૂછ્યું, 'ક્યાંથી આવો છો માજી?'

વૃદ્ધાએ કહ્યું, 'રાજકોટથી આવું છું, બાપ.'

હિતેન્દ્રભાઈએ ભાષાનો લહેકો સાંભળીને કહ્યું, 'સૌરાષ્ટ્રમાંથી આવો છો એમ ને?' પછી સહજતાથી પૂછી લીધું, 'જ્ઞાતિએ કેવા છો, બા?'

'ગઢવી છીએ, ભાઈ.'

'પેલા હેમુ ગઢવી થઈ ગયા એવા ગઢવી જ ને?'

'હેમુની જ મા છું.'

એક સેકન્ડ માટે હિતેન્દ્રભાઈ સ્તબ્ધ થઈ ગયા. પછી તરત ઊભા થઈને તેમને પગે લાગ્યા.

હિતેન્દ્રભાઈએ કહ્યું, 'અરે, બા! છેક અહીં સુધી ધક્કો ખાવો પડ્યો?'

'હા ભાઈ વખાની મારી આવી છું તમારી પાસે. હેમુનું આવડું મોટું નામ, આવડું કામ અને તેના જ છોરુંને આવા દખના દિ' જોવા પડે! ચોપડા કે લૂગડાં લેવાય પૈસા ન હોય! કલાકારના મૂઆ પછી કોઈ તેના કુટુંબની સંભાળ લેનારું જ કોઈ નહીં!' બોલતાં-બોલતાં બાલુબાના ગળે ડૂમો ભરાઈ આવ્યો.

હિતેન્દ્રભાઈએ તરત જ પાણી મંગાવ્યું અને ગ્લાસ ધરતાં કહ્યું, 'લ્યો બા, પાણી પીવો.'

પાણી પીને બાલુબા જરા સ્વસ્થ થયાં. તેમણે કહ્યું હું એમ કહું કે 'બધાંય સરકારને મા-બાપ કહે છે તે સરકાર કલાકારના અનાથ છોરુની મા- બાપ નો થાય?'

હિતેન્દ્રભાઈએ કહ્યું, 'હા, બા. સરકાર બધાની મા-બાપ કહેવાય. તમે નિશ્ચિત થઈ જાવ. અમે કંઇક વ્યવસ્થા કરીએ છીએ.' પછી તેમણે બૂમ પાડી: 'મહારાજ, બા માટે ચા લઈ આવો અને તેમની જમવાની વ્યવસ્થા પણ કરજો.' તેમણે પોતાના એક સહાયકને સૂચના આપી, 'આ બાને જ્યાં જવાનું હોય ત્યાં ગાડીમાં મૂકી આવવાની વ્યવસ્થા કરજો.'

બીજે દિવસે હિતેન્દ્રભાઈ ગુજરાત સરકારના મંત્રીમંડળની બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરી અને એ વખતે આ કામ સંભાળતા માહિતી ખાતાને એક નવી યોજનાની જવાબદારી સોંપી દેવાઈ. એ જ મહિને 'વૃદ્ધ નિરાધાર કલાકારો અને તેમના આશ્રિતો માટે સહાય યોજના'ના શીર્ષક સાથે યોજના શરૂ થઈ અને તેમને વાર્ષિક૧૨૦૦ રૂપિયાની સહાય મળતી થઈ. આ વાત ૧૯૬૬ના વર્ષની એટલે કે આજથી ૬૦વર્ષ અગાઉની છે. એ વખતે ૧૨૦૦ રૂપિયા બહુ મોટી રકમ ગણાતી હતી.

હેમુભાઈના અભણ માતાએ હેમુભાઈને પરગજુ રહેવાના સંસ્કાર આપ્યા હતા, પરંતુ હેમુભાઈ ગયા પછી તેમણે પોતે પણ કલાકારો માટે પરોપકારનું કામ કર્યું. મુખ્ય પ્રધાન પાસે જઈને કલાકારો માટે ધા નાખી અને હિતેન્દ્રભાઈએ તેમની વિનંતી સ્વીકારીને કલાકારો માટે યોજના શરૂ કરી. હેમુભાઈના અવસાનના ૧૩વર્ષ પછી બાલુબાએ ૨૯માર્ચ,૧૯૭૮ના દિવસે પૃથ્વી પરથી વિદાય લીધી.

ગઈ સદીના વિખ્યાત ગાયક હેમુ ગઢવીનાં જીવનની અનેક ઘટનાઓ વિષે અગાઉ આ કોલમમાં વાતો કરી છે, પરંતુ હેમુભાઈના પુત્ર બિહારી હેમુ ગઢવીના માધ્યમથી હેમુભાઈના માતા બાલુબાના જીવનની હૃદયને સ્પર્શી જાય એવી આ વાત જાણવા મળી એટલે વાચકો સાથે શેર કરવાનું મન થયું. બાલુબા જેવી વ્યક્તિઓ બીજા લોકો માટે સુખના પાસવર્ડ સમાન સાબિત થતી હોય છે.

ઘણી વ્યક્તિઓ એવી હોય છે કે જે પોતાના માટે નહીં, પરંતુ બીજા લોકો માટે વિચારતી હોય છે. મોટાભાગના માણસો તો પોતાના માટે જ જીવતા હોય છે પરંતુ કેટલીક એવી વ્યક્તિ હોય છે કે જે બીજાઓ માટે જીવતી હોય છે અથવા બીજાઓનું સારું વિચારતી હોય છે.

માણસ પોતાના માટે વિચારે એ તો સહજ છે, પરંતુ માણસે બીજાઓ માટે પણ વિચારવું જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# ના સોચા તો હુઆ લોચા.... નફ્ફટ નિવેદનોની નૌટંકી

*ટાઇટલ્સ:*

*ના બોલે એને કોઇ ના તોલે. (છેલવાણી)*

પ્રખ્યાત મોટિવેશનલ પુસ્તક 'હાઉ ટુ વિન ફ્રેન્ડ્સ એન્ડ ઇંફલુએન્સ પીપલ'નાં લોકપ્રિય લેખક ડેલ કાર્નેગીએ રેડિયો પર અબ્રાહમ લિંકન વિશે ભાષણમાં અમુક તારીખોમાં ભૂલો કરી. તો લિંકનની એક ચાહક મહિલાએ કાર્નેગીને પત્રમાં લખ્યું, 'જો તમે તારીખો બરાબર જાણતા નહોતા તો ભાષણ કેમ આપ્યું? આ લિંકનનું અપમાન છે. રેડિયોમાં માફી માગો.' ઉપરાંત પત્રમાં કેટલીક ગાળો પણ ભાંડેલી.

પત્ર વાંચીને ડેલને ખૂબ ગુસ્સો આવ્યો. એમણે પણ સ્ત્રીને અત્યંત તીખી ને ઝેરીલી ભાષામાં જવાબ લખ્યો પણ રાત થઇ ગયેલી એટલે પત્ર પોસ્ટ ન થયો.

બીજા દિવસે કાર્નેગીએ પોતે લખેલ પત્ર ફરી વાંચ્યો તો થયું કે પત્રની ભાષા આકરી છે એટલે હળવી ભાષામાં બીજો લેટર લખ્યો. ફરી કોઈ કારણસર પોસ્ટ કરવાનો રહી ગયો. સાંજે લેટર ફરી વાંચ્યો તો લાગ્યું કે હજી ભાષા સારી નથી, આમ કરતાં કરતાં કાર્નેગીએ પેલી અજાણી સ્ત્રીને પત્ર સુધારી સુધારીને છેક સાતમીવારનો ડ્રાફ્ટ પોસ્ટ કર્યો: 'તમારી સલાહ બદલ હું આભારી છું. મારી ભૂલનો અહેસાસ થયો છે ને ફરી જ્યારે હું રેડિયો પર આવીશ, ત્યારે માફી માગીશ.' પછી તો ડેલ કાર્નેગી અને એ સ્ત્રી વચ્ચે પત્રવ્યવહારનો સિલસિલો ચાલુ રહ્યો. એકવાર એ સ્ત્રી ડેલના શહેરમાં આવીને મળી. થોડા દિવસ ડેલના ઘરે રોકાઈ. જોતજોતામાં બંનેમાં પ્રેમ થઈ ગયો ને લગ્ન કરી લીધા!

વિચાર કરો જો ડેલ કાર્નેગીએ પહેલો જ ઝેરીલો પત્ર મોકલ્યો હોત તો બંને લોકો ક્યારેય જીવનમાં મળી શક્યા હોત?

માણસ ઉતાવળમાં ના બોલવાનું બોલી બેસે છે ને છતો થઇ જાય છે. ગયા વર્ષે મધ્ય પ્રદેશમાં ઇન્દોર-દેવાસ હાઇવે પર ૪૦ કલાક લાંબા ટ્રાફિક જામમાં ૪,૦૦૦ થી વધુ વાહનો ફસાઈ ગયાં હતાં ને ત્રણ લોકો મૃત્યુ પામ્યાં તો નેશનલ હાઇવે ઓથોરિટીના વકીલે કોર્ટમાં ચોંકાવનારી દલીલ કરી: 'લોકો કામ વગર આટલા વહેલા ઘરેથી નીકળે છે જ કેમ?' ખરેખર તો આવું ઉટપટાંગ બોલનારે તો પોતે જ ઘરેથી નીકળવું ન જોઇએ. જો કે ભારતમાં માણસ ટ્રાફિક જોઈને નીકળે તો ઘરમાં જ બેઠો રહે.

આપણા દેશના નેતાઓ કાયમ ઉતાવળમાં બેમતલબની બયાનબાઝી કરીને લોચો માર્યે રાખે છે. વરસો અગાઉ મુંબઇના બાંદ્રા હાઇવે પર ફ્લાઇઓવર બ્રિજ બન્યો ત્યારે લોકોએ એનું નામ વિખ્યાત 'લેખક વક્તા પુ.લ.દેશપાંડે બ્રિજ' આપવાનો અનુરોધ કર્યો. ત્યારે બાળ ઠાકરેએ ઉતાવળમાં ટીખળ કરી: 'પુ.લ.દેશપાંડેના નામમાં જ 'પુલ' છે.. એ તો એક



દીધેલાં. આ છે મરાઠીમાં એક લેખકની ઇજ્જત. ગુજરાતીમાં કદી આવું શક્ય થઇ શકે?

એની વે, ફરી નફ્ફટ નિવેદનો પર આવીએ. થોડા વર્ષ પહેલાં મુંબઇમાં લોકોએ ફરિયાદ કરેલી કે વરસાદી ખાડાઓને કારણે ગર્ભવતી સ્ત્રીને જવા આવવામાં ખૂબ તકલીફ થાય છે તો એક નેતાએ કહેલું: 'વાંધો નહીં. અમે મહિલાઓની ડિલિવરી થવાની હશે એના ૨૦ મિનિટ પહેલાં એમ્બ્યુલંસ મોકલવાની વ્યવસ્થા કરી આપીશું!' હવે આનાથી મહાન નિવેદન શું હોઇ શકે?

*ઇન્ટરવલ:*

*હમ બોલેગા તો બોલોગે કિ બોલતા હૈ (વર્મા મલિક)*

આજે મીડિયા અને સોશ્યલ મીડિયામાં સૌને ઉતાવળ છે. દરેક વાત પર નિવેદન આપવાની કે આકરા અભિપ્રાયથી બીજાને ઉતારી પાડવાની. જગતચાચા ટ્રમ્પસાહેબ બાદ નિવેદનની



ઉતાવળ હવે ઇન્ટરનેશનલ પ્રોબ્લેમ બની ગયો છે.

આ આજનું નથી, આઝાદીના સમયમાં બ્રિટિશ પી.એમ. ચર્ચિલને કોઈ ઈન્ડિયાથી ફોન કરતું ત્યારે એ ઉતાવળે એક જ સવાલ પૂછતા: 'ઈઝ ધેર અ ગૂડ ન્યૂઝ? ધેટ ઓલ્ડમેન ગાંધી ડાઈડ?' અર્થાત્ 'કંઇ સારા સમાચાર છે? પેલો બુઢ્ઢો ગાંધી મરી ગયો કે શું?'

તો વળી, ગાંધીજીના નામે એક નિવેદન બહુ ફેમસ છે. 'જે પરિવર્તન તમે વિશ્વમાં જોવા માગો છો, તે પરિવર્તન બનો.' પણ એ સાચું નથી આને કોઇએ ઉતાવળમાં છાપી મારેલું! ગાંધીજીએ મૂળ વાત 'યંગ ઇંડિયા'માં એમ લખેલી કે 'જો આપણે આપણી જાતને બદલી શકીએ, તો વિશ્વની પ્રવૃત્તિઓ પણ બદલાશે... આપણે બીજા શું કરે છે તે જોવા માટે રાહ જોવાની જરૂર નથી.'

મુશાયરામાં કવિઓ હજુ શેર બોલવાનો શરૂ કરે ત્યાં તો સાથી કવિઓ 'ક્યા બાત હૈ, ક્યા બાત હૈ' શરૂ કરી દે છે ને પૂરો શેર સાંભળ્યા પહેલાં જ વધાવવા માંડે છે. અમુક પત્રકાર મિત્રો, ફિલ્મ શરૂ થયાને દસ મિનિટ ના થઈ હોય ત્યાં તો સોશ્યલ મીડિયા પર રિવ્યૂ મોકલવા માંડે છે. ત્રણ ત્રણ વર્ષની મહેનતને વખોડતા પહેલાં ત્રણ કલાકની રાહ પણ નથી જોતા. તો ફિલ્મવાળાઓ પણ ઓછા નથી. શુક્રવારે ફિલ્મ લાગે ને શનિવારે 'સુપરહિટ' ને રવિવારે 'સો કરોડ' કમાણીનાં પોસ્ટરો લગાવી દે.

ટીવીની ન્યૂઝચેનલો તો ઘટના થાય ના થાય એ પહેલાં જ સનસનીખેજ 'બ્રેકિંગ ન્યૂઝ' બનાવીને ઠપકારે છે. બેજવાબદાર મીડિયાનું ઉદાહરણ છે અટલબિહારી વાજપેયીજીનું એક બયાન. :

૧૯૭૧માં એક છાપાવાળાએ છાપી મારેલું કે વાજપેયીજી એ ઇંદિરા ગાંધીને 'દુર્ગા' કહ્યા. બિચારા વાજપેયીજી જીવનભર કહેતા રહ્યા: 'મેં આવું કશું કહ્યું જ નથી' પણ એમની વાત કોઇએ ના જ માની. આખરે પુપુલ જયકર નામનાં લેખિકા, જે ઇંદિરાજી પર પુસ્તક લખતા હતા ત્યારે લાંબા રિસર્ચમાં એમને ખબર પડી કે અટલજી આવું કંઇ બોલ્યા જ નહોતા. આ હતી: 'મીડિયાની ઉતાવળ.' તો ઉતાવળે નિવેદનમાં ના સોચા તો હુઆ લોચા!

*એન્ડ ટાઈટલ્સ:*

*આદમ: તારું શું માનવું છે કે*

*ઇવ: આઇ લવ યુ! બસ?* ■

# શેક્સપિઅર ગંજેરી હતો?

હાસ્ય વિનોદ
વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

લોકોય કેવા છે! છાસવારે કશું નવું નવું ને વિચિત્ર શોધી કાઢે છે. વચ્ચે એક ડૉક્ટરે જાહેર કર્યું હતું કે એલેકઝાન્ડર ધ ગ્રેટ અર્થાત્ અજેય સિકંદરને ટાઇફૉઈડે હરાવ્યો હતો. તે ટાઈફૉઈડ નામની બીમારીને લીધે ગુજરી ગયો હતો. જો કે એ ડૉક્ટરે એવી કોઈ કબૂલાત નહોતી કરી કે સિકંદરની સારવાર તેના કોઈ વડવડવડદાદા ડૉક્ટરે કરી હતી તે છતાં (અથવા તો એટલે જ) તે ભરયુવાનીમાં ઊકલી ગયો હતો.

બસ, આ જ પદ્ધતિએ એક બ્રિટિશ અખબારે તાજેતરમાં આક્ષેપ કર્યો છે કે જગતનો મહાન ગણાતો નાટ્યકાર વિલિયમ શેક્સપિઅર એક નંબરનો ગંજેરી હતો. તેણે જે કંઈ શ્રેષ્ઠ લખ્યું છે એ લખવાની પ્રેરણા મેળવવા માટે તે ગાંજો પીતો હતો, તેના લેખનકૌશલ્યમાં આ નશીલા પદાર્થે જ વધારો કર્યો હતો. શેક્સપિઅર કે તેના વારસદારો આજે હયાત નથી. હા, તેના સાહિત્ય-પુત્ર સમા કવિ નિરંજન ભગત જેવા સ્કૉલરો અહીં છે ખરા, પણ તેમને શેક્સપિઅરના ગંજેરી હોવા-ન-હોવા વિશે જરાય ચિંતા નથી. તેમને સહેજ પણ ચિંતા હોત તો આવો આક્ષેપ કરનાર સામે તેમણે ગુસ્સાથી કરોડો પાઉન્ડ યા ડૉલરનો બદનક્ષીનો દાવો ઠોકી દીધો હોત. આમ લખવાનું મને એટલા માટે પ્રાપ્ત થાય છે કે ટેક્નિકલ કારણસર નિરંજન ભરત - ભગતસાહેબ શેક્સપિઅરને શેક્સપિઅર નહોતા બનાવી શક્યા, પરંતુ ભગતસાહેબને ભગતસાહેબ બનાવવામાં શેક્સપિઅરનો ફાળો નાનોસૂનો તો નથી જ. (બોદ્લેર તો ત્યાર પછી - હજી હમણાં મેદાનમાં આવ્યો.)

* * *

શેક્સપિઅર આટલો પ્રતિભાસંપન્ન નાટ્યકાર કેવી રીતે થઈ શક્યો. એનું મૂળ શોધવા કેટલાક પુરાતત્ત્વવેત્તાઓએ તેની સાહિત્યસામગ્રી ફેંદવાને બદલે સ્ટેટફોર્ડ અપૉન એવન ખાતે આવેલા તેના ઘર પાસે ખોદકામ કર્યું હતું અને એ રીતે તેની પ્રતિભાનાં મૂળરૂપે ત્યાંથી ધૂમ્રપાન કરવા માટેની સત્તરમી સદીની પાઇપોના ટુકડા હાથ કર્યા હતા. આ ચોવીસ પાઇપોના કટકાઓમાંના આઠમાંથી કોકોઈન અને કેનાબીસ જેવી માદક દવાઓના સાંકેતિક પુરાવાઓ મળી આવ્યા હતા. અલબત્ત, આમાંથી એક પણ પાઈપ પર શેક્સપિઅરના હોઠોની છાપ મળી નથી, તેના ઘરખર્ચની ડાયરીઓમાંથી પણ આવી એકાદ પાઈપની ખરીદીની વિગત મળી આવતી હતી. એમ તો આ પાઈપો યા હોકલીઓ પણ કંઈ શેક્સપિઅરના ઘરની અંદરથી નથી જડી, ઘર પાસેથી મળી આવી છે. એ પણ શક્ય છે કે તેનો પડોશી નશીલા પદાર્થનું સેવન કરતો હોય ને પાઈપોના ટુકડા ને કચરાનો ઢગલો શેક્સપિઅરના ઘર પાસે કરતો હોય. પરાપૂર્વથી આપણો એ અનુભવ છે કે કેરી પડોશીઓ ખાય ને ગોટલા-છોતરાં આપણા ઘર પાસે ફેંકે. આમ તો પડોશીની વ્યાખ્યા જ એ છે કે જે આજુબાજુના ઘરવાળા પાસે કચરો નાખે એ પડોશી. શેક્સપિઅરને તેમ જ તેના પડોશીને પણ આ જાતના પડોશી મળ્યા હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. હા, પડોશી સાથેનો સંબંધ ખાસ ખરાબ ન થયો હોય તો ક્યારેક-ક્યારેક તેના પડોશી શેક્સપિઅરને કોકેઈન ભરેલી ચલમના બે દમ મારવા બોલાવતો પણ હોય - એથી કંઈ શેક્સપિઅર નશાબાજ થઈ ગયો?

પુરાતત્ત્વવેત્તા ફ્રાન્સિસ થેકરેએ, શેક્સપિઅરને ગંજેરી, ચરસી કે લતીલો ('વંઠેલો' જેવો જ આ 'લતીલો' શબ્દ છે એમ માનીને વાચકે વાંચી લેવું. સાથે જોડણીકોશમાં આ શબ્દ કે તેનો અર્થ શોધવા મથવું નહીં, નહીં જડે.

લેખમાં 'આવા નિરર્થક શબ્દો પ્રયોજવા પાછળ લખનારને શું અભિપ્રેત છે?' જેવાં ચર્ચાપત્રો જે-તે પત્રમાં લખી શકાય એ વાસ્તે, ચર્ચાપત્રીઓના લાભાર્થે આ શબ્દ લખ્યો છે.) ઠરાવવાનું પહેલેથી જ નક્કી કરી નાખ્યું હોય તેમ તેણે શેક્સપિઅરના સૉનેટ ૭૬નો ઝીણવટથી અભ્યાસ કર્યો. આ સૉનેટમાં તેણે જે જાણીતા છોડ તેમ જ એ છોડનાં વિચિત્ર તત્ત્વોનો ઉલ્લેખ ટાંકીને થેકરે જણાવે છે કે જે માણસને આવી બધી જાણકારી હોય તેણે કુતૂહલ ખાતર પણ એનો ઉપયોગ કર્યો જ હોય. આમ શેક્સપિઅરના એક સૉનેટમાં આવતા નશીલા છોડના ઉલ્લેખમાત્રથી સંશોધકે તો પુરવાર કરી દીધું કે શેક્સપિઅર નશાબાજ હતો. ક્યૂ.ઈ.ડી. ઈતિ સિદ્ધમ્...

આ પરથી કહી શકાય કે જો સંશોધકો એક વાર નક્કી કરે કે ફલાણો સર્જક બદમાશ છે, ચારિત્ર્યહીન છે, તો તેનાં લખાણોનો હવાલો આપીને જ સાબિત કરવું હોય તે આસાનીથી સાબિત કરી આપી શકે. બસ, આ કારણે હવે મને મારી ચિંતા થવા માંડી છે. ૧૯૮૬માં મારી 'સંદેશ'ની કૉલમમાં એક લેખ મેં શરાબ પર લખ્યો હતો. 'શરાબ એટલે પાણીનું પાગલપાન'. આ લેખ વાંચીને આપણા નાટ્યકાર ચન્દ્રવદન મહેતાએ શરાબ વિશેનું પોતાનું અનુભવ-જ્ઞાન મારા પર પત્ર દ્વારા ઠાલવ્યું હતું કે ભાઈ, દારૂ એ શરાબ નથી, પછી મદ્ય, સુરા, મદિરા, વ્હિસ્કી, બ્લૅક લેબલ, જોની વૉકર, વ્હાઇટ હોર્સ, બ્લૅક હૉગ, કિંગ ઑફ કિંગ્સ, ઓલ્ડ પાલ વગેરે શું છે, એ બધાનો સ્વાદ એકબીજાથી કેવી રીતે અલગ પડે છે, વ્હિસ્કી કેટલો જલદ, વ્હિસ્કીનાં સગાંવહાલાં કોણ-કોણ, કેટલા નશીલા, અંગ્રેજોનું જીન, રશિયાનું વૉડકા, દક્ષિણ અમેરિકાનું 'રમ', 'રમ'માંય પાછો જૈમિકા 'રમ' એટલે લાસ્ટ વર્ડ, અધધ થઈ જાય - આ બધું વિગતે સમજાવ્યું છે. પાછું વચ્ચેવચ્ચે તેમણે લખ્યું છે કે હસવાની વાત નથી, પણ અમારા અનુભવની વાત છે.

આજથી પાંચસો કે છસો વર્ષ પછી કોઈ સંશોધક આ જ મસાલાનો ઉપયોગ પોતાની રીતે કરીને લખી શકે કે વિનોદ ભટ્ટ નામનો એક હાસ્યલેખક થઈ ગયો. ભટ્ટ અટક અને વતન અમદાવાદ બંને એકસરખાં હોવા છતાં શામળ ભટ્ટ સાથે તે બંને વચ્ચે સ્નાનસૂતકનો સંબંધ નથી. આ વિનોદ ભટ્ટ કચરા જેવું તો કચરા જેવું, પણ એ લખવા માટેની પ્રેરણા મેળવવા કાજે દેશી-વિદેશી અનેક પ્રકારના શરાબોનું શરણું લેતો હતો, જેનો ઉલ્લેખ તેણે પોતાની આત્મકથા 'એવા રે અમે એવા'માં કર્યો છે. જોકે તેમ કરવા જતાં પોતે પકડાઈ ન જાય એ માટે તેણે એક કાલ્પનિક લેખક ચન્દ્રવદન મહેતાનું મહોરું પહેરી લીધું છે. પણ ચન્દ્રવદન-ફન્દ્રવદન મહેતા નામનો નાટ્યકાર એ સમયમાં જન્મ્યો જ નહોતો. શક્ય છે કે વિનોદ ભટ્ટ પોતે જ ચન્દ્રવદન મહેતા કે પછી વાઈસે વર્સા હોઈ શકે. બાકી જેને આટલા બધા પ્રકારના શરાબના ગુણધર્મોનું અગાધ જ્ઞાન હોય એ માણસ તે કંઈ આમાંનું કશું પીધા કે ચાખ્યા વગર કોરો રહી શક્યો હશે, તમે જ નક્કી કરો!

ત્યાર પછીના ફકરામાં તે શોધક પેલા બાણ ભટ્ટના મિત્રોની જેમ વિનોદ ભટ્ટના નિકટના મિત્રોની નામાવલિ આપશે. તેમાંથી પીનારાઓનાં નામો અલગ તારવીને જણાવશે કે આ લોકો સાથે દોસ્તી નિભાવવા માટે તેણે તે બધાને 'કંપની' નહીં આપી હોય એની શી ખાતરી?

જોકે વિનોદ નામના આ ભટ્ટે તેની આત્મકથામાં એટલું તો કબૂલ્યું છે કે લેખનની પ્રેરણા માટે તેને બાહ્ય ઉત્તેજનાની જરૂર પડે છે - 'મૂડ' લાવવા માટે તેને કશાકનું આલંબન તો લેવું જ પડે છે. પોતે બીકણ હોવાથી કરીને પોતાના નામે તેણે કોઈ જોખમી પ્રવાહીની વાત નથી લખી, પરંતુ લખતી વેળાએ મદિરાનો ગ્લાસ હંમેશાં પોતાની સામે રાખનાર તેના એક હાસ્યકાર મિત્રને વર્ષો પૂર્વે તેણે એક વખત બીતાંબીતાં પૂછ્યું હતું, 'લખવાની પ્રેરણા મળે એ માટે તું પીએ છે?' પાંચસો વર્ષ પૂર્વે ગુજરાત સૂકોભઠ પ્રદેશ હતા, એ મુલકમાં કાયદેસર દારૂબંધી હતી, તેમ છતાં પેલો હાસ્ય લેખક વિનોદ જેટલો ડરપોક નહીં હોય એવું તેણે આપેલ પ્રત્યુત્તર પરથી આ સંશોધકને લાગે છે. એ હાસ્યલેખકે જણાવ્યું હતું, 'ના, ઊલટાનું લેખક શું એ ભૂલવા માટે પીઉં છું... લખવાનું ટેન્શન એટલું મોટું હોય છે કે દિમાગમાંથી એ કાઢી નાખવા પીવું પડે છે...'

'તો પછી પ્રેરણા?' વિનોદનો સવાલ.

'પ્રેરણાની રાહ જોઈને હું કોઈ દિવસ બેસતો નથી. એ રીતે બેસી રહેવું મને પોસાય પણ નહીં. મેં કાયમ 'અન્ડર પ્રેશર' જ લખ્યું છે. અંદરના-પ્રેરણાના ધક્કા કરતાં બહારનો ધક્કો જ મને લખવાની ફરજ પાડે છે. ઉઘરાણી - હાસ્યલેખકની ઉઘરાણી કરવાવાળાનો ધક્કો જ મારી પાસે આ કૉમિકને ચલાવરાવે છે...'

* * *

પરંતુ શેક્સપિઅર બર્થપ્લેસ ટ્રસ્ટના મ્યૂઝિયમના વડાએ ફ્રાન્સિસ થેકરેના આ આક્ષેપને વાહિયાત ગણી જણાવ્યું છે કે એ વાતમાં માલ નથી કે આ મહાન નાટ્યકાર શેક્સપિઅરે તેની કલ્પનાશક્તિ વિકસાવવા નશીલા પદાર્થોનું સેવન કર્યું હતું. શક્ય છે કે એ જ પ્રમાણે મારા વિશે કોઈ બીજો ગુણીજન સંશોધક પોતાની છાતી ઠોકીને ભવિષ્યમાં જાહેર કરશે કે વિનોદ ભટ્ટને આવું કે તેવું - કોઈ પણ પ્રકારનું વ્યસન નહોતું - તે એટલે સુધી કે પોતાના મદ્યસેવન કરતા કોઈ મિત્રની જોડે બેસીને બિયર તો શું, થમ્સ-અપ કે કોકાકોલા પણ પીતો નહોતો, કેમ કે તેને એવો ડર રહેતો કે સોબતની અસરને લીધે કદાચ આવું સૉફ્ટ ડ્રિંક પણ ચડી જાય તો! રાત્રે ઊંઘ નહીં આવે, નીંદર વેરણ થશે. એવી કાલ્પનિક દહેશતથી એ બિચારો સાંજે પાંચ વાગ્યા પછી ચા તો શું, સાદું પાણી પણ નહોતો પીતો. તેણે ખુદે નોંધ્યા મુજબ લખવાની પ્રેરણા તેને કોરા કાગળમાંથી મળતી, કોરો કાગળ જોઈ બાળકની પેઠે તેની આંખ ચમકતી ને એ કાગળને બગાડવા એના પર તે ઝનૂનથી જે કંઈ ગાંડુંઘેલું સૂઝે તે લખી નાખતો ને પછી તેને હાસ્યસાહિત્ય ગણાવી ખપાવતો. બેવકૂફ લોકો વાંચતાય ખરા. બાકી તે નશો કરીને લખતો હોત તો તેનું હાસ્ય આટલું બધું ફિસ્સું ક્યારેય ન હોત એ વાત નક્કી... કેટલી વાર તો છાપેલી લીટીઓની વચ્ચેની કોરી જગ્યા વાંચીને જ સુજ્ઞ વાચક લખનારે નહીં લખેલુંય વાંચી નાખતો હોય છે. એક કવિની કવિતામાંથી મને (અર્થાત્ સંશોધકને) હંમેશાં કાંદાની વાસ આવ્યા કરતી. પછી આ અંગે મેં ઊંડું સંશોધન આદર્યું તો મને ખબર પડી કે એ કવિ કાયમ ડુંગળીનાં ભજિયાં ખાઈને જ કવિતા રચતો હતો. ટૂંકમાં સંશોધકની નજરમાંથી લખનાર સહેજ પણ આઘોપાછો થઈ શકતો નથી. ■

# ગામનાં છોકરાં દૂધ - ચોખા જમે છે

ઝબાન સંભાલ કે
હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com



ભાષા - લખાય પણ ખરી અને બોલાય પણ ખરી. લખાતી ભાષા અને બોલાતી વાણી એ બંનેમાં સ્થૂળ સ્વરૂપે જોઈએ તો કોઈ ફરક નથી. સૂક્ષ્મ સ્વરૂપે જરૂર છે. ઘણી વાર એક જ વાક્ય જુદી જુદી રીતે બોલવામાં આવતા એના અર્થમાં - એને સમજવામાં ઘણો ફેરફાર જોવા મળે છે. વાણી દ્વારા થતા વ્યવહારમાં એકસૂત્રતા નથી હોતી. માનસિક અવસ્થા પણ ભાગ ભજવે છે. 'તમે મારા બાળકને જોયું?' એ વાક્ય કોઈ માતા સ્વસ્થ હોય અને ભયભીત હોય ત્યારે અલગ અલગ રીતે સંભળાય છે અને એના ભાવાર્થ પણ જુદા જુદા હોય છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિને 'તમે અહીંથી ક્યારે નીકળવાના?' એવો સવાલ કરે એનું લખાણ સ્વરૂપ એક જ હોય, પણ એનું વાણી સ્વરૂપ ખૂબ જ અલગ અલગ હોઈ શકે છે. સહજ રીતે બોલાયું હોય તો એમાં જાણકારીનો ભાવ હોય છે. રોષમાં ઊંચે સાદે પૂછ્યું હોય તો વ્યક્તિ જાય તો સારું એટલે કે આડકતરી રીતે ધક્કો મારી કાઢવાનો ભાવ છે. એમાં મૃદુતા હોઈ શકે છે અને તોછડાઈ પણ હોઈ શકે છે. 'તમે કેમ આવ્યા?' સવાલમાં આવવાનું પ્રયોજન પૂછવાનો ઈરાદો હોઈ શકે છે તો તમે ન આવ્યા હોત તો સારું હતું એ ભાવ પણ હોઈ શકે છે. કહેવત કથા વાંચતી વખતે જો વાણીના ભાવની જાણ હોય તો એને સમજવામાં આસાની રહે છે.

સ્વભાવ એટલે મનોવૃત્તિ, મનની પ્રવૃત્તિ. સ્વ એટલે પોતાનો અને ભાવ એટલે જન્મ. પોતાના જન્મથી જે બનેલો છે તે સ્વભાવ. મનુષ્ય સ્વભાવ એની પ્રકૃતિના પ્રતિબિંબ જેવો હોય છે. ઘણીવાર સ્વભાવ મનુષ્યનો પરિચય પણ આપી દે છે. ગામડાઓમાં - નગરોમાં વાળંદનો સ્વભાવ ખૂબ બોલકો ગણાયો છે. એકની વાત બીજાને, બીજાની ત્રીજાને, ત્રીજાની ચોથાને અને ચોથાની વાત ફરી પહેલાને કરવાનો એનો સ્વભાવ હોય છે. 'શોલે' ફિલ્મમાં જેલના દૃશ્યોમાં અંગ્રેઝો કે જમાને કે જેલર અસરાનીને એક વાળંદ જ અહીંની વાત તહીં કરતો જોયો હોવાનું અનેક લોકોને સ્મરણ હશે. પ્રાચીન કાળમાં વાળંદ હરતું ફરતું અખબાર ગણાતો હતો. એની પાસે બાલ - દાઢી કરાવવા આવતા લોકો ગામમાં શું નવાજૂની ચાલે છે એ જાણી લેતા. એકવાર હજામત કરાવવા આવેલા રાજાએ પૂછ્યું કે 'રાત, નગરના લોકો સુખી તો છે ને?' (રાત એટલે વાળંદ, ગાંયજો કે નાઈ, કારણ કે એ રાતે મશાલ ઉપાડે). વાત એમ હતી કે વાળંદની પાડોશમાં રહેતો પરિવાર ખાધેપીધે સુખી - આનંદી હતો. ઘેર ગાય - ભેંસ બાંધેલા હતા. આ તરફ સરખી કમાણીના અભાવે વાળંદને નિયમિત દૂધના ફાંફાં હતા.એટલે હૈયે દાઝેલા અને પેટના બળેલા વાળંદે રડમસ થઈ જવાબ આપ્યો કે 'મહારાજ તમને શું કહું? નગર દુકાળનો સામનો કરી રહ્યું છે અને છોકરાંઓને ટીપું દૂધના સાંસા છે.' વાળંદની વ્યથા જાણી રાજા અસ્વસ્થ થયા. પ્રજાની પીડા તેમનાથી ખમાઈ નહીં. તાબડતોબ કારભારીને બોલાવી આદેશ આપ્યો કે 'ગામના લોકોનું દૂધનું દુઃખ દૂર કરો. ખર્ચની ચિંતા નહીં કરતા.'

રાજાની આજ્ઞા તો સ્વીકારી લીધી, પણ દીવાન ચતુર હતા. એકંદર પરિસ્થિતિ જાણતા હતા. વાળંદે નક્કી કોઈ ચાલાકી કરી હોવી જોઈએ એવો એમને વહેમ પડ્યો. માણસો મોકલી બધી તપાસ પણ કરાવી લીધી. તેમને વાળંદની ચાલ સમજાઈ ગઈ. એટલે ચતુરાઈ વાપરી એક દૂઝણી ભેંશ અને એક ગૂણ ભરી ચોખા વાળંદને ઘેર પહોંચાડી દીધા. રાજાને જણાવી દીધું કે 'ખર્ચ ઘણો થયો, પણ આપના આદેશનું પાલન થઈ ગયું છે.' દીવાનના કામની ખરાઈ કરવા રાજા વાળંદ પાસે ફરી હજામત કરાવવા ગયા અને પૂછ્યું કે 'કેમ રાત, ગામના લોકો હવે સુખી છે ને?' ઘરના ખીલે દૂધ દેતી ભેંશ બંધાઈ હોવાથી રાજીનો રેડ થઈ ગયેલા વાળંદે મલકાતા મોંએ જવાબ આપ્યો કે 'મહારાજ, દીવાન સાહેબના વખાણ કરું એટલા ઓછા છે. એમનું કામ પાકે પાયે. હવે તો ગામનાં છોકરાં દૂધ - ચોખા જમે છે.' દીવાનના કામથી ખુશ થઈ રાજાએ એમને શિરપાવ આપ્યો. અસલના વખતના રાજાના મુખ્ય કારભારી કાર્યદક્ષ હોવા ઉપરાંત ચતુર પણ હતા. કુનેહ વાપરી રાજાના આદેશનું પાલન કરી સંપત્તિ પણ બચાવતા.

## ભાષા વૈભવ: એક કહેવત - અનેક સ્વરૂપ



નસીબ, પ્રારબ્ધ, ભાગ્ય, કિસ્મતમાં માનવું કે નહીં, એનામાં વિશ્વાસ હોવો કે નહીં એ અંગત મુનસફીનો સવાલ છે. પુરુષાર્થથી જ બધું મળે, પ્રારબ્ધ તો તૂત છે, નિષ્ફળતાને ઢાંકવાનું કારણ છે એવી દલીલ બુદ્ધિજીવીઓ - રેશનલિસ્ટ કરતા હોય છે. બીજી તરફ એવા પણ લોકો હોય છે જે 'સમય સે પેહલે ઔર નસીબ સે જ્યાદા કિસી કો કુછ નહીં મિલતા'માં અખૂટ વિશ્વાસ ધરાવે છે. **નસીબમાં લખ્યું હોય એ થાય** અને **નસીબ બે ડગલાં આગળ ને આગળ** જેવી કહેવતો અર્થહીન છે એવું માનવાવાળા છે અને એ પ્રમાણે જ થાય છે એવી માન્યતા ધરાવનારા પણ છે. નસીબ પર વિશ્વાસ રાખવો એ નસીબની વાત છે?

**નસીબ વિના ઉદ્યમ યારી નથી આપતું** એ કહેવત જાણીતી છે. એવો જ ભાવાર્થ ધરાવતી કહેવત છે કે **કર્મ વિના ખેડ કરે તો કાં દુકાળ પડે કાં બળદ મરે.** નસીબમાં ન હોય તો સરવાળે નુકસાન જ થાય એ એનો ભાવાર્થ છે. દુકાળ પડે - બળદ મરે દ્વારા વ્યક્ત થાય છે. એને સમાનાર્થી કહેવત છે કે **કર્મે કાળો પાહાણ ભુકરવો ભાંગે નહીં.** પાહાણ એટલે પથ્થર. ભુકરવો એટલે સહેલાઈથી ભૂકો થઈ જાય એવો પથ્થર. કર્મ - નસીબ ખરાબ હોય તો આસાનીથી તૂટી જાય એવો પથ્થર પણ કોશિશ કરી ભાંગી ન શકાય. અન્ય કહેવત છે **નસીબના બળિયા, રાંધી ખીચડી ને થઈ ગયા ઠળિયા.** અહીં પણ નુકસાન થવાની જ વાત છે. ખીચડી ખાઈ પેટ ભરાય પણ ઠળિયા તો ફેંકી દેવા પડે. **કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલીમાં** પણ કંસાર અને થૂલી એ બે અંતિમો દ્વારા આ જ ભાવ વ્યક્ત થાય છે. બે વિરોધાભાસી કે અંતિમ ભાવ વ્યક્ત કરતા શબ્દો ધરાવતી કહેવતો જોવા મળે છે. **કર્મમાં લખ્યું દિવેલ તો ઘી ક્યાંથી ખાવા મળે?** અહીં દિવેલ અને ઘી એ બંને આત્યંતિક રૂપકનો ઉપયોગ છે. **કર્મમાં લખ્યાં કોઠાં તો કોના જોવા ઓઠાં?** કોઠાં - ઓઠાંના ઉપયોગથી નસીબ બળવાન હોવાનું સિદ્ધ કરવાની કોશિશ જોવા મળે છે. **કર્મ કઠણ ને કાયા સુંવાળી** કહેવતમાં કઠણ - સુંવાળી એ બે વિરોધાભાસી ભાવ જોવા મળે છે. **અભાગણીને ભાણું આવે ત્યારે વરને વાસી વળે.** અભાગણી એટલે નસીબ ફૂટેલા હોય એવી વ્યક્તિ. આવી વ્યક્તિને જો ક્યારેક ભાણું (સારું ભોજન) મળે ત્યારે વરને વાસી વળે એટલે કે ઊલટી થાય. ટૂંકમાં નસીબ આડું હોય તો હાથમાં રહેલી વસ્તુ પણ ભોગવી ન શકાય એવી વાત થઈ. ■

# મૉન્સૂન સુપરફૂડ્સઃ વરસાદમાં વધારો રોગપ્રતિકારક શક્તિ

વિશેષ
રાજકુમાર 'દિનકર'
feedback@bombaysamachar.com

વરસાદની ઋતુ કાળઝાળ ગરમીમાંથી રાહત તો આપે છે, પરંતુ પોતાની સાથે અનેક પ્રકારના સ્વાસ્થ્ય પડકારો પણ લઈને આવે છે. આ ઋતુમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જાય છે. તાપમાનમાં વધઘટ થાય છે અને બેક્ટેરિયા, વાયરસ તથા ફંગસ ઝડપથી ફેલાય છે. આ જ કારણ છે કે શરદી, ઉધરસ, વાયરલ તાવ, પેટનું ઇન્ફેક્શન, ફૂડ પોઇઝનિંગ અને ત્વચાને લગતી સમસ્યાઓ આ ઋતુમાં વધુ જોવા મળે છે.

નિષ્ણાતોનું માનવું છે કે ચોમાસા દરમિયાન જો ખાનપાન પર વિશેષ ધ્યાન આપવામાં આવે, તો રોગપ્રતિકારકશક્તિ મજબૂત કરવામાં મદદ મળી શકે છે. આ માટે ખાદ્ય પદાર્થોની પસંદગી કરતી વખતે એ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ કે એવા કયા સુપરફૂડ્સ છે, જે આપણને આ ઋતુમાં વિટામિન્સ, મિનરલ્સ, એન્ટિ-ઓક્સિડન્ટ્સ અને અન્ય જરૂરી પોષક તત્ત્વો ભરપૂર માત્રામાં પૂરા પાડે છે. ચાલો, ક્રમશઃ તેના વિશે જાણીએ.

### આદુ

આદુ આમ તો ઘણા લોકો સ્વાદ માટે દરેક ઋતુમાં ખાતા હોય છે, પરંતુ ચોમાસાના દિવસોમાં તેનો ઉપયોગ ચોક્કસ કરવો જોઈએ. તેમાં રહેલા એન્ટી-ઇન્ફલેમેટરી અને એન્ટી-ઓક્સિડન્ટ ગુણો શરીરને ઇન્ફેક્શન સામે લડવામાં મદદ કરે છે. સાથે જ, તે આપણા પાચનને પણ સુધારે છે, જેનાથી પેટની સમસ્યાઓમાંથી છુટકારો મળે છે. શિયાળાની જેમ ચોમાસામાં પણ આદુવાળી ચા ગળાને આરામ આપે છે અને શરદી-ઉધરસથી આપણને રાહત અપાવે છે.

### હળદર

હળદર પણ એક એવું સુપરફૂડ છે, જેનો ઉપયોગ ચોમાસાના દિવસોમાં ચોક્કસ કરવો જોઈએ. જો કે, હળદર ભારતીય રસોડાનો એક અભિન્ન હિસ્સો છે. તેથી જો તેના પર વિશેષ રૂપે ધ્યાન ન પણ આપવામાં આવે, તો પણ આપણે સામાન્ય રીતે હળદર ખાતા જ રહીએ છીએ. પરંતુ ચોમાસાના દિવસોમાં તેને પૂરી સજાગતાથી આપણા ખોરાકનો ભાગ બનાવવી જોઈએ. કારણ કે તેમાં જોવા મળતું 'કર્ક્યુમિન' નામનું શક્તિશાળી એન્ટિ-ઓક્સિડન્ટ તત્ત્વ એન્ટિ-ઇન્ફલેમેટરી ગુણો માટે જાણીતું છે. ચોમાસામાં હળદરવાળું દૂધ પીવું ખૂબ જ ફાયદાકારક હોય છે. આનાથી શરીરની નિયમિત રોગપ્રતિકારક શક્તિ મજબૂત રહે છે. ઘણા સંશોધનો પરથી જાણવા મળ્યું છે કે, આમ તો હળદર અદ્ભુત રોગપ્રતિકારક ક્ષમતા ધરાવે છે, પરંતુ તેનો ઉપયોગ સંતુલિત માત્રામાં જ કરવો જોઈએ.

### લસણ

લસણમાં કુદરતી એન્ટિબાયોટિક તત્ત્વો જોવા મળે છે. તેમાં 'એલિસિન' નામનું તત્ત્વ હોય છે, જે અનેક પ્રકારના સૂક્ષ્મજીવો સામે અસરકારક હોય છે. જો નિયમિતપણે થોડી માત્રામાં લસણનો ઉપયોગ કરવામાં આવે, તો તે અનેક પ્રકારના ઇન્ફેક્શનને દૂર કરે છે. ભારતીય દાળ, શાકભાજી અને સૂપમાં પણ લસણનો પુષ્કળ ઉપયોગ થાય છે. ચોમાસાના દિવસોમાં લસણ ખૂબ જ લાભદાયી છે, કારણ કે તે આ દિવસોમાં ઝડપથી ફેલાતા ચેપ સામે રક્ષણ આપે છે.



### દહીં

ચોમાસાની ઋતુમાં પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં દહીં અને છાશની મહત્ત્વની ભૂમિકા છે, પરંતુ ઘણા લોકો વરસાદના દિવસોમાં દહીં ખાવાનું ટાળે છે. પરંતુ આના સેવનથી આંતરડામાં સારા બેક્ટેરિયા વધે છે, પાચન પણ સુધરે છે અને શરીરની રોગપ્રતિકારકશક્તિને પણ ટેકો મળે છે.

### મોસમી ફળો અને ડ્રાયફ્રૂટ્સ

ચોમાસામાં મળતા ઘણા ફળો વિટામિન્સ અને એન્ટિ-ઓક્સિડન્ટ્સથી ભરપૂર હોય છે જેમ કે જાંબુ, નાશપતી, આલુબુખારા, સફરજન અને દાડમ. આ દિવસોમાં આ ફળો ખાવાથી શરીરના પોષણની સાથે-સાથે રોગપ્રતિકારક તંત્રને પણ ભરપૂર ઊર્જા મળે છે. પરંતુ ફળો હંમેશા ધોઈને અને તાજા જ ખાવા જોઈએ. કાપેલા ફળો અથવા કાપીને ફ્રિજમાં લાંબો સમય રાખેલા ફળો ખાવાનું ટાળવું જોઈએ.

### ચોમાસામાં રોગપ્રતિકારકશક્તિ વધારવા માટે શું ખાવું અને શું ન ખાવું

**શું ખાવું જોઈએ**

આદુ, હળદર અને લસણ ખાઓ. તુલસીયુક્ત હર્બલ ડ્રિંક પીવો. તાજો અને ગરમ ખોરાક ખાઓ. દહીં અને પ્રોબાયોટિક ખોરાક ખાઓ. બદામ, અખરોટ ખાઓ. પુષ્કળ પાણી પીવો

**શું ન ખાવું**

સારી રીતે ધોયા વિના ફળો કે શાકભાજીને ન ખાઓ. વધુ પડતા તળેલા ખોરાક ખાવાનું ટાળો. ખુલ્લામાં કાપેલા ખોરાક ખાવાનું ટાળો. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર - ધર્મતેજ - આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર - તરોતાજા - તન-મન-ધનથી રહો - મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર - ઈન્ટરવલ - થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર - લાડકી પુરુષ - સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર - મેટિની - મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર - વીક એન્ડ - વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર - ઉત્સવ - અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# મનની શાંતિ માટે આ છે સાત સોનેરી સલાહ !

**ઝડપભેર ઊથલપાથલ મચી રહેલા આજના દૈનિક જીવનમાં મનની શાતા-શાંતિ માટે વનવાસ લેવાની જરૂર નથી. આપણા ઋષિમુનિઓથી લઈને આજના યુગના આરોગ્યશાસ્ત્રી તથા મનોવિજ્ઞાનીઓ અહીં દર્શાવે છે, જીવન સરળ બનાવવાની જડીબુટી અજમાવી જુવો આને !...**


પ્રાણાયામ


મલ્ટી ટાસ્કિંગ કામ ન કરો



દિવસની શરૂઆતમાં કામનું લિસ્ટ બનાવો...

દરેક કાર્યનો એક નિયત સમય હોય છે. એ ક્યાં તો કુદરત નક્કી કરી આપે અથવા તો મનથી આપણી અનુકૂળતાએ એને ગોઠવીએ..

જો કે, પ્રાણઘાતક કોરોના વાયરસ જેવી કટોકટી સર્જાય ત્યારે માનવીની માનસિક-શારીરિક અને આર્થિક સહિત બધી જ યંત્રણા ખોરંભે ચઢી જાય. કોરાનાના કપરા કાળ દરમિયાન જગતના લગભગ પ્રત્યેક માનવીના વિચલિત મનને લીધે એની માનસિક સજ્જતાને વધુ નુકસાન થયું છે. કોરોના આ કોવિડની બે-સવા બે વર્ષની યાતના પછી આપણે બધા ધીરે ધીરે એમાંથી બહાર આવી ગયા અને જિંદગીની બેઢંગી રફતારમાં જોડાઈ ગયા, પરંતુ અગાઉની આપણી મૂળભૂત કુદરતી શાંતિ પાછી ફરી નથી. એ માટે આજે પણ બધા અમુક અંશે ઝઝૂમી રહ્યા છે.

બહુ ઝડપથી ભાગી રહેલી-પળે પળે પલટાઈ રહેલી જિંદગીમાં મનની પેલી આપણી ચિરપરિચિત નિરાંતને પુનઃ કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ. છે એના કોઈ સચોટ ઉપાય?

હા, છે ચપટી વગાડતા જ હાથવગા થાય એવા નહીં, પણ ધીરજ સાથે એ દિશામાં પ્રયાસ કરવાથી એનાં સચોટ પરિણામ જરૂર મળે.

મનના આવાં સુખચેન માટે યોગાચાર્ય-આરોગ્યશાસ્ત્રના નિષ્ણાતોએ એનાં શ્રેણીબદ્ધ ઉપાય સુચવ્યા છે. તનને તંદુરસ્ત કરવા-રાખવા શરૂઆત તો મનથી જ કરવી પડે અને જ્યારે મનની વાત આવે ત્યારે એને શાંત કરવાથી રાખવા સુધીમાં શ્વાસની ક્રિયા-પ્રક્રિયા ઝીણવટથી જાણવી-શીખવી પડે. આમ જુઓ તો શ્વાસ લઈને હૃદયને ધબકતું રાખવાની ક્રિયા કોઈને શીખવવી નથી પડતી. એ તો માના ગર્ભાશયમાં પ્રાણ પૂરાય ત્યારથી કુદરતે આપેલી દેન છે, પણ શ્વાસ આપોઆપ લેવાતા રહે પૂરતું નથી. આપણા ઋષિમુનિઓની શીખ મુજબ આપણે ખરી રીતે શ્વાસ-ઉચ્છવાસની ક્રિયા અમલમાં મૂકીએ તો અનેક રોગ-બીમારીને ટાળીને શાંતિમય લાંબું આયુષ્ય ભોગવી શકીએ..


આજની જિંદગી-સાંસારિક-વ્યવસાયિક- આધિ-વ્યાધિ ઉપરાંત પ્રાકૃતિક નિયમોની અવહેલના કરીને પેદા કરેલા પ્રદૂષણના લીધે અનેક મુસીબતો જાણે-અજાણે આપણે વહોરી લીધી છે. એ બધાં બંધનમાંથી મુક્તિ મેળવવા જરૂરી છે અમુક ચોક્કસ નિયમોનું પાલન..

જાણીતા આરોગ્ય નિષ્ણાતો અને બ્રીધિંગ એક્સપર્ટસ એમનાં વિવિધ તલસ્પર્શી સંશોધન પછી સાતેક જેટલાં નિયમ તૈયાર કર્યા છે, જેને અનુસરવા સરળ છે. એમના કહેવા અનુસાર આપણે રોજ સવારે એને અનુસરીએ તો આપણી કાર્યક્ષમતા વધવાની સાથોસાથ તબિયત પણ જરૂર ઝિંગાલાલા થઈ જશે.

### આ છે એ તબક્કાવાર નિયમો

આપણાં પૌરાણિક શાસ્ત્રોમાં પરોઢનું - ખાસ કરીને બ્રહ્મ મુહૂર્તનું વિશેષ મહત્ત્વ છે. આ બ્રહ્મ મુહૂર્ત એટલે સૂર્યોદય પહેલાંનો દોઢ કલાક... આપણા વડીલો કહે છે તેમ 'રાતે વહેલા જે સુઈ વહેલા ઊઠે વીર, બળ-બુદ્ધિ ને ધન વધે, વળી સુખમાં રહે શરીર...'

આ સમય આરોગ્ય માટે શ્રેષ્ઠ ગણાય છે. આ વેળા વાતાવરણમાં પ્રદૂષણ ઓછું ને પ્રાણવાયુનું પ્રમાણ વધુ હોય છે. આવે વખતે સકારાત્મક વિચાર વધુ આવે છે, જે આપણી સર્જનાત્મક કાર્ય સક્ષમતા વધારે છે. ઊઠીને તરત જ તન - શરીરને 'ભીનું' કરવું જોઈએ એટલે કે પાણી પીવું જરૂરી છે. પાણી જો સહેજ ઊનું સતપ હોય તો વધુ સારું. ખાલી પેટે પીધેલું આવું પાણી તનમાં ચેતનાનો સંચાર કરે છે



બૌદ્ધ ભિક્ષુનું પુસ્તક

આ સમયે ૧૦-૧૫ મિનિટ મેડિટેશન કરવું, ધ્યાન ધરવું ઉપકારક નીવડે છે. આગલી રાતના આપણા વેરવિખેર વિચારોને પ્રાતઃકાળમાં એ મનના એક ખૂણે કેન્દ્રિત કરે છે-ચોક્કસ દિશા તરફ વાળી તન-મનને સાંકળી લઈ એ સકારાત્મક ઊર્જા પેદા કરે છે.

આ ધ્યાન ધરવા દરમિયાન આપણા શ્વાસ-ઉચ્છવાસની ક્રિયા-પ્રક્રિયા એક પ્રકારનું સમતુલન રચે છે, જે શરીર માટે ઉપકારક છે. કહે છે કે સૈકાઓ પૂર્વે આપણા ઋષિમુનિઓ કે વૈદિક વિદ્યાના જાણકારો એમના શિષ્યોને પ્રાણાયામ અને ધ્યાન ધરવાની ૧૧૨ થી વધુ રીત - પદ્ધતિ શીખવતા!

કેટલાક નિષ્ણાત શ્વસન ક્રિયા માટે ૪-૭-૮ની ફોર્મુલા અજમાવવા કહે છે. હોઠ બીડીને ૧-૨-૩-૪નો આંક ગણીને શ્વાસ અંદર લો પછી સાતના આંક સુધી શ્વાસ રોકી રાખો ને ત્યારબાદ વારાફરતી આઠના આંક સાથે શ્વાસ છોડા-બહાર કાઢો શ્વાસ લેવા- છોડવાની આવી ૮ પ્રકારની 'કસરત' છે, પણ આ ૪-૭-૮નો વ્યાયામ સરળ અને સચોટ ગણાય છે.

આવી એકસરસાઈઝ પછી હળવી શારીરિક કસરત પણ કરી શકાય. મન-તનનો આવું સંયોજન ફાયદાકારક નીવડે છે.

જે ભૂલ બધા કરે છે એ તમે નહીં કરતાંઊઠતાંની સાથે જ મોબાઈલ ઊંચકીને વોટ્સ ઍપ મેસેજ કે ઈ-મેલ જોવાં બેસી ન જતાં. સવાર સવારમાં આ વૃતિ-પ્રવૃતિ તમારા વિચારોને અસ્ત-વ્યસત કરી નાખશે. દિવસની તમારી કાર્યક્ષમતામાં એ છીંડું પાડશે. આવી આ 'હની ટ્રેપ'માં સપડાતાં બચજો માની લીધું, દિવસ દરમિયાન તમે એક સાથે એકથી વધુ કામ કરી શકો છો. માની લીધું એમાં તમને બીજા કરતાં વધુ ફાવટ છે, પણ મનોચિકિત્સકોની વણમાગી સલાહ છે કે 'મલ્ટિટાસ્કર મત બનો.'

ત્રણ કામ ઉપરછલ્લાં કરવાં પછી મનોમન અફસોસ કરવો એનાં કરતાં એક કામ વધુ સારી રીતે સંપન્ન થાય એનાથી મનને વિશેષ સંતોષ પહોંચે છે. બાવાના બેય બગડે એનાં કરતાં બાવાનું એક કામ થાય એ વધુ સારું.

દિવસ દરમિયાન યાદ આવે એ રીતે આડેધડ કામ કરવાને બદલે આગલી રાતે કામની અગત્યતા મુજબ એક આગોતરી કાર્યસૂચિ બનાવી લો પછી એને જ તબક્કાવાર અનુસરો પછી જો જો, બધાં કામ સારી રીતે પતી પણ જશે અને વધારાનો સમય પણ ફાજલ મળશે.

'ઑફિસે જઈને સૌથી પહેલાં મર્કટને પકડો..!' અર્થાત છૂટ્ટો મૂકેલો વાંદરો ઊછળકૂદ વધુ કરે. એને પકડવો મુશ્કેલ છે માટે એને પહેલાં પકડી લો બીજા શબ્દોમાં કહીએ તો દિવસનું સૌથી અઘરું લાગતું કામ પહેલાં હાથમાં લો. એ 'પકડાઈ' જશે તો બીજાં કામમાં ટેન્શન ઓછું ને એ બધાં વધુ સરળતાથી પાર ઊતરશે.

બાહ્ય અને આંતરિક ઊથલપાથલ વખતે મનને કઈ રીતે શાંત અને સમતુલ રાખી કાર્યક્ષમતા કઈ રીતે વધારવી એનાં આપણે જે દર્શાવ્યાં એવાં જ કેટલાંક ઉપાય-નિયમો સુનમ્યા માસુનો નામના એક જાણીતા બૌદ્ધ ભિક્ષુએ એમનાં 'ડોન્ટ વરી' પુસ્તક વર્ણવ્યા છે. એ પણ કહે છે કે મન- શાંતિની શરૂઆત વહેલા જાગીને નાની નાની ટેવ જીવનમાં અપનાવી લેવાથી થાય છે. અશાંતિ નામના શત્રુનો વધ કરવો હોય તો પહેલો ઘા રાણાનો! ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# અપૂર્ણતાનું અસાધારણ સૌંદર્યઃ જે અધૂરું છે, તે જ શાશ્વત છે!

આપણા માનવીય સ્વભાવમાં 'પૂર્ણતા' માટેનો એક વિચિત્ર આગ્રહ જડાયેલો છે. આપણને વાર્તાનો અંત સાંભળવો ગમે છે, હિસાબના ચોપડાનો છેલ્લો સરવાળો મેળવવો ગમે છે અને ઇમારતનું છેલ્લું શિખર મુકાય ત્યાં સુધીની અધિરાઈ રહે છે. બાળપણથી જ આપણા મગજમાં એવું ઠસાવવામાં આવે છે કે જે પૂર્ણ છે તે જ સુંદર છે. એક સંપૂર્ણ ગોળાકાર, એક દોષરહિત ચહેરો કે સુખાંત પૂરી થતી નવલકથા આપણને એક પ્રકારની માનસિક શાંતિ આપે છે, પરંતુ પૂર્ણતાની આ વ્યાખ્યામાં એક બહુ મોટી મર્યાદા છે. જે વસ્તુ પૂર્ણ થઈ જાય છે, ત્યાં એક અદૃશ્ય પૂર્ણવિરામ મુકાઈ જાય છે. પૂર્ણતા એ અંત છે. ત્યાંથી આગળ વિચારવાનો કોઈ અવકાશ રહેતો નથી. જ્યારે કળા, સાહિત્ય અને ખુદ જીવનમાં 'અપૂર્ણતા'નું એક એવું ગહન અને અસાધારણ સૌંદર્ય છુપાયેલું છે, જે સીધું આત્માને સ્પર્શે છે.

વિશ્વના મહાન શિલ્પકાર માઇકેલ એન્જલોનાં અનેકવિધ સર્જન પર નજર કરીએ તો આ વાત વધુ સ્પષ્ટ થાય છે. તેમનું સંપૂર્ણ કંડારેલું 'ડેવિડ'નું શિલ્પ વિશ્વની અજાયબી મનાય છે, પણ જો તમે ક્યારેય તેમના અર્ધ-કંડારેલાં શિલ્પો, જેને 'ધ સ્લેવ્ઝ' (ગુલામો) તરીકે ઓળખવામાં આવે છે, તે જુઓ તો એક અલગ જ અનુભૂતિ થાય છે. આ શિલ્પોમાં અડધો હિસ્સો આરસપહાણના ખરબચડા પથ્થરમાં જ જકડાયેલો છે અને અડધું શરીર એમાંથી બહાર આવવા મથામણ કરી રહ્યું છે. આ અધૂરાં શિલ્પો જોઈને એવું લાગે છે જાણે કોઈ જીવંત આત્મા પથ્થરની કેદમાંથી મુક્ત થવા તરફડી રહ્યો છે. માઇકેલ એન્જલોએ તેને જાણીજોઈને અધૂરા મૂક્યા હતા કે કેમ તે એક રહસ્ય છે, પણ એ અપૂર્ણ પથ્થરોમાં જે જીવંતતા અને સંઘર્ષ છે, તે સંપૂર્ણ શિલ્પોમાં પણ નથી. કળાના જગતમાં તેને 'નોન-ફિનિટો' (Non-finito) એટલે કે અપૂર્ણતાની કળા કહેવાય છે, જ્યાં અધૂરપ જ સૌથી મોટી અભિવ્યક્તિ બની જાય છે.

સ્થાપત્ય અને ઇતિહાસ પણ આ અપૂર્ણતાના આકર્ષણથી બાકાત નથી. આગ્રામાં યમુનાના કિનારે ઊભેલો શ્વેત તાજમહેલ એ પૂર્ણતાનું સર્વોચ્ચ શિખર છે, પણ એ જ તાજમહેલની બરોબર સામે નદીની પેલે પાર, શાહજહાં એક બીજો કાળા આરસપહાણનો 'બ્લેક તાજમહેલ' બનાવવા માગતો હતો, જે ક્યારેય બની શક્યો નહીં. ઇતિહાસકારો ભલે તેને એક દંતકથા માને, પણ એ અસ્તિત્વમાં ન આવેલા અધૂરા તાજમહેલનું ખેંચાણ સદીઓથી કવિઓ અને કલાકારોને મોહિત કરતું રહ્યું છે. જે બંધાઈ ગયું છે, તેને સમયનો કાટ લાગે છે, તેના પર ઋતુઓની અસર થાય છે. પણ જે અધૂરું રહી ગયું છે, તે સમયની સીમાઓથી પર થઈ જાય છે. તે ક્યારેય ખંડિત થતું નથી, કારણ કે તેનું અસ્તિત્વ માણસની કલ્પનામાં સુરક્ષિત થઈ ગયું હોય છે.


માઇકલ એન્જેલોનાં 'ગુલામ' સિરીઝનાં અધૂરાં શિલ્પો

સાહિત્યમાં પણ એ જ વાર્તાઓ કે કવિતાઓ પેઢીઓ સુધી જીવંત રહે છે, જેના અંત ખુલ્લા મૂકી દેવામાં આવ્યા હોય. જે નવલકથાના અંતે બધા જ પ્રશ્નોના જવાબ મળી જાય અને હીરો-હીરોઇન સુખરૂપ ભેગા થઈ જાય તે પુસ્તક બંધ થતાં જ વાચકના મનમાંથી ભૂંસાઈ જાય છે , પણ ફ્રાન્ઝ કાફકા જેવા સર્જકોની એવી અધૂરી વાર્તાઓ, જ્યાં લેખક અચાનક જ કલમ રોકી લે છે, તે વાચકને આજીવન જકડી રાખે છે. લેખકે છોડેલા એ શૂન્યાવકાશમાં વાચક પોતાની કલ્પનાઓ, પોતાના દુઃખ અને પોતાની સમજણ ભરે છે. વાર્તામાં જ્યારે શબ્દો ખૂટી પડે છે ત્યારે એ મૌન પોતે જ એક સંવાદ બની જાય છે. અપૂર્ણતા વાચકને માત્ર પ્રેક્ષક નથી રહેવા દેતી, તેને સર્જનનો હિસ્સો બનાવી દે છે.

આપણને આ અપૂર્ણતા કેમ આટલી બધી સ્પર્શે છે? કારણ કે ગમે તેટલો ઇનકાર કરીએ, પણ આપણું માનવીય અસ્તિત્વ પોતે જ મૂળભૂત રીતે અપૂર્ણ છે. દુનિયાનો કોઈ પણ માણસ પોતાની જિંદગીના તમામ હિસાબો પૂરા કરીને, બધી જ ઈચ્છાઓ સંતોષીને વિદાય નથી લેતો. મૃત્યુ ક્યારેય એક સુવ્યવસ્થિત ક્લાઈમેક્સની રાહ નથી જોતું. કોઈકનો કબાટ ગોઠવવાનો બાકી રહી જાય છે, કોઈકની ચા ટેબલ પર ઠરી જાય છે, કોઈકની માફી માંગવાની કે કોઈકને પ્રેમ કરવાની વાત હોઠ સુધી આવીને અટકી જાય છે. આપણા બધાની જિંદગીમાં એક એવો સંબંધ હોય છે, જેનું ક્યારેય કોઈ નામ ન પાડી શકાયું, જે ક્યારેય મુકામે ન પહોંચ્યો. એ અધૂરો રહી ગયેલો સંબંધ જિંદગીભર હૃદયના કોઈક ખૂણે ધબકતો રહે છે. જે સંબંધ પૂરો થઈ જાય છે, તેની ફાઈલ મગજ બંધ કરી દે છે, પણ જે અધૂરો છે, તે આજીવન લીલોછમ રહે છે.


એ રીતે જુઓ તો પૂર્ણતા એ એક ભ્રમણા છે. એ એક બંધ ઓરડો છે, જેમાં પ્રવેશ્યા પછી ક્યાંય જવાનો રસ્તો નથી બચતો. જ્યારે અપૂર્ણતા એ એક ખુલ્લું આકાશ છે, જેમાં અનંત શક્યતાઓ પડેલી છે. જે પૂરેપૂરું સમજાઈ જાય છે, તેનું આકર્ષણ ખતમ થઈ જાય છે. સુંદરતા એમાં નથી કે બધું જ પામી લેવામાં આવે, સુંદરતા એમાં છે કે કંઈક હંમેશાં પામવાનું બાકી રહી જાય. કદાચ ઈશ્વરે પણ આ સૃષ્ટિને જાણીજોઈને અધૂરી જ બનાવી છે, જેથી માણસ સતત કંઈક નવું સર્જતો રહે, સતત ચાલતો રહે તેથી આગામી વખતે જ્યારે કોઈ અધૂરી પેઇન્ટિંગ જુઓ, કોઈ અધૂરું ગીત સાંભળો કે જિંદગીમાં કોઈ અધૂરો સંબંધ યાદ આવે, ત્યારે તેનો વસવસો કરવાને બદલે તેના સૌંદર્યને વધાવજો, કારણ કે આ જગતમાં જે પૂરું થઈ ગયું છે, તે ભવિષ્યમાં માત્ર ઇતિહાસ બનીને રહી જશે, પણ જે અધૂરું છે તે જ શાશ્વત રહેશે. ■

વિશેષ પ્લસ
શાહિદ એ ચૌધરી
feedback@bombaysamachar.com

# ક્રાય ક્લબનો નવો ટ્રેન્ડઃ સાથે મળીને રડીએ ને દુઃખ દૂર કરીએ

સવારે વોકિંગ કરતી વખતે મેં પાર્કના એક ખૂણામાં કેટલાક વડીલોને એક સાથે મોટે-મોટેથી હસતા જોયા. પોતાનાં દુઃખોને દૂર રાખવાનો, ડિપ્રેશનથી બચવાનો અને પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવાનો આ તેમનો અનોખો રસ્તો છે,

એક વલણ જે 'હાસ્ય એ શ્રેષ્ઠ દવા છે' કહેવતને કારણે વૈશ્વિક વલણ બની ગયું છે. જો કે, પાર્કમાંથી પાછો ફર્યો ત્યારે એક દુઃખદ સમાચાર મળ્યા કે પડોશમાં એક વ્યક્તિનું હાર્ટ એટેકથી અવસાન થયું છે. હું શોક વ્યક્ત કરવા માટે તેમના ઘરે ગયો તો જોયું કે ગુમસુમ અને ઉદાસ બેઠેલી મૃતકની પત્નીને ઘણી મહિલાઓ રડાવવાનો પ્રયત્ન કરી રહી હતી, અને તેમાંથી એક મહિલાને મેં એવું કહેતા સાંભળી કે, 'અરે, આને રડાવો, થોડું દુઃખ હળવું થશે, નહીંતર આ આઘાતના કારણે ડિપ્રેશનમાં જતી રહેશે.'



આ બંને ઘટનાઓ પરથી હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો કે મનુષ્ય માટે હસવું અને રડવું એ બંને ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કુદરતે આ બંને ગુણો માત્ર મનુષ્યોને જ આપ્યા છે (ઈજા થવા પર પ્રાણીઓ ચીસો જરૂર પાડે છે, પરંતુ રડતા નથી). આ તો 'પુષ્પા, આઈ હેટ ટિયર્સ' જેવી ફિલ્મી વાતો છે કે 'મર્દ કો દર્દ નહીં હોતા' અથવા પુરુષો રડતા નથી. આજે સાર્વજનિક રીતે એ વાત સ્વીકારવામાં આવી રહી છે કે રડવાથી મન હળવું થાય છે અને સાથે મળીને રડવાથી દુઃખમાંથી ઝડપથી મુક્તિ મેળવી શકાય છે. તેથી જ એમાં કોઈ આશ્ચર્ય નથી કે દેશના લગભગ દરેક મુખ્ય શહેરમાં, શ્રીનગરથી લઈને બેંગલુરુ સુધી અને અમદાવાદથી લઈને ગુવાહાટી સુધી, 'ક્રાય ક્લબ' ખૂલી ગઈ છે. ભારતનો આ નવો સામૂહિક સંસ્કાર છે, જેમાં હાસ્યનું સ્થાન આંસુઓએ લઈ લીધું છે અને ખુલ્લા આકાશની જગ્યા આરામદાયક રૂમે લઈ લીધી છે, જ્યાં વ્યક્તિ ત્યાં સુધી રડી શકે છે જ્યાં સુધી તેના દિલનો બોજ હળવો ન થઈ જાય અને તે જિંદગીની નવી શરૂઆત કરવા માટે તૈયાર ન થઈ જાય. સુદર્શન ફાકીરનો આ શેર હવે અર્થહીન થઈ ગયો છે 'આપ કહતે થે કિ રોને સે ન બદલેંગે નસીબ / ઉમ્ર ભર આપકી ઇસ બાત ને રોને ન દિયા.'

ક્રાય ક્લબ દાયકાઓ જૂની લાફ્ટર ક્લબોનો જવાબ હોય તેવું લાગી રહ્યું છે. મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને હૈદરાબાદમાં લોકો કોફી શોપ્સ અને પબ્સમાં આયોજિત ક્રાય સેશન્સમાં ભાગ લઈ રહ્યા છે. સૂરતમાં તો 'હેલ્ધી ક્રાઈંગ ક્લબ' શરૂ થયાને હવે આઠ વર્ષ થઈ ગયા છે, જેના સભ્યો દરેક મહિનાના અંતિમ રવિવારે ભેગા થાય છે અને મન ભરીને રડે છે. ક્રાય ક્લબનો વિચાર માત્ર ભારત પૂરતો સીમિત નથી. ટોક્યોના હિરોકી તેરાઈએ ૨૦૧૩માં ગ્રુપ થેરાપી તરીકે 'રૂઈ કત્સુ' (આંસુ વહાવવા) ની શરૂઆત કરી હતી. તેરાઈ છૂટાછેડા (તલાક) સમારોહ આયોજિત કરવા માટે પ્રખ્યાત હતા, જેમાં ભૂતપૂર્વ યુગલો પોતાના ભૂતકાળના બોજમાંથી મુક્ત થવા માટે પોતાની લગ્નની વીંટી પર હથોડી મારતા હતા. તેરાઈએ પાછળથી આક્રમકતાને ખતમ કરીને આનું એક 'કોમળ સ્વરૂપ' વિકસાવ્યું, જેમાં આછી રોશની અને ભાવનાત્મક ફિલ્મો સાથે લોકો પરવાનગી લઈને એકબીજાને જમાડવાની છે અને આ બધી પ્રક્રિયા રડવાના સત્રની આસપાસ જ ગોઠવવામાં આવે છે.

ભારતમાં 'સ્મોલ વર્લ્ડ'ના સ્થાપક સૌરભ આર્યએ 'ક્રાય ક્લબ' શરૂ કરી છે. આ ક્લબ તેમણે એ પ્રતિક્રિયા રૂપે શરૂ કરી જેને તેઓ આધુનિક રોગચાળો કહે છે- 'ઓનલાઇન મિત્રોથી ઘેરાયેલા હોવા છતાં લોકો એકલતા અનુભવી રહ્યા છે.' આ ક્લબનાં સત્રો પ્રાઇવેટ કેફે અને પબમાં આયોજિત કરવામાં આવે છે, જ્યાં મિત્રના લિવિંગ રૂમ જેવો અહેસાસ થાય છે. સ્ટાફને પહેલેથી જ સમજાવી દેવામાં આવે છે, મ્યુઝિક ધીમું રાખવામાં આવે છે, લાઇટો મધ્યમ હોય છે અને બોલવાનું કોઈ દબાણ હોતું નથી.

ક્યારેક લોકો માત્ર સાંભળે છે. ક્યારેક તેઓ રડે છે. બધું જ સામાન્ય છે. સત્રમાં ભાગ લેનારાઓની સંખ્યા બદલાતી રહે છે. પુરુષો અને મહિલાઓ બંને ભાગ લે છે, જેમાં સામાન્ય રીતે ૨૦ થી ૪૦ વર્ષની વયજૂથના લોકો હોય છે. આમાં એવા લોકો પણ સામેલ હોય છે જેઓ શહેરમાં નવા આવ્યા છે, ઉદાસ છે અથવા ભાગદોડ ભરેલી જિંદગીથી થાક અનુભવી રહ્યા છે. પુરુષો પણ રડે છે અને કહે છે કે શરમ વગર રડવું કેટલું દુર્લભ છે. રડવા પાછળનાં વિવિધ કારણો હોઈ શકે છે - બ્રેકઅપ, જીવનમાં પરિવર્તન અથવા એવો અજ્ઞાત થાક જેને શબ્દોમાં વ્યક્ત ન કરી શકાય. એક છોકરી તો રડવા માટે માત્ર એટલા માટે આવી હતી કારણ કે તેણે પાંચ દિવસથી કોઈની સાથે વાત જ નહોતી કરી. તેને પોતાની ઓળખ ગુમાવી દીધી હોવાનો અહેસાસ થઈ રહ્યો હતો. તેણે આ સત્રમાં બે નવા મિત્રો બનાવ્યા. સત્રમાં સામેલ થવા માટે એક વ્યક્તિનું કારણ એવું હતું કે, મને કોઈ આશ્વાસન કે રાહત નથી જોઈતી. મને તો બસ એક એવી જગ્યા જોઈએ છે જ્યાં મારી ઉદાસીને એમ જ રહેવાની તક મળે.

જુદાં-જુદાં શહેરો જુદી-જુદી રીતે રડે છે. મહાનગરોમાં લોકો બર્નઆઉટ અને એકલતાના કારણે રડે છે. નાના શહેરોમાં અવારનવાર આનું કારણ પરિવાર અથવા સામાજિક દબાણ હોય છે. રૂમમાં ટિશ્યૂ, ચા, કુશન... જેવાં નાનાં-નાનાં પ્રતીકો એવો અહેસાસ કરાવે છે કે 'તમે અહીં સુરક્ષિત છો'. પરંતુ એકવાર જ્યારે રડવાનું બંધ થઈ જાય છે, ત્યારે પરસ્પર સંપર્ક સ્થપાવાનું શરૂ થઈ જાય છે. લોકો ફોન નંબર અથવા માત્ર એક સ્મિત લઈને પાછા ફરે છે, જે કહે છે 'ફરી મળીશું'. અમેરિકામાં રહેતા ૨૫ વર્ષીય રમેશ રાઉત મુંબઈમાં પોતાના ઘરે પરત ફર્યા હતા. તેઓ કોઈ ગ્રુપ એક્ટિવિટી શોધી રહ્યા હતા, ત્યારે તેઓ એક એવી જગ્યાએ પહોંચી ગયા જેની તેમણે આશા પણ નહોતી કરી - 'ક્રાય ક્લબ', જેનું આયોજન મુંબઈના એક બારમાં થઈ રહ્યું હતું. આ તેમને અજીબ અને રસપ્રદ લાગ્યું, ખાસ કરીને એટલા માટે કારણ કે તેમણે પણ પોતાની કેટલીક ભાવનાઓમાંથી મુક્તિ મેળવવી હતી. રાઉતને તે જગ્યા નકારાત્મક ભાવનાઓ દૂર કરવા કરતાં પરસ્પર સંપર્ક સ્થાપિત કરનારી વધુ લાગી. સત્ર દરમિયાન 'બે સત્ય અને એક જૂઠ' ની રમત રમાડવામાં આવી અને રાઉતને આ આશ્ચર્યજનક રીતે ખૂબ ગમ્યું, કારણ કે તેનાથી અન્ય એવા લોકો સાથે તેમનું બોન્ડિંગ બન્યું જેઓ પોતે પણ પોતાની નકારાત્મક ભાવનાઓ સામે ઝઝૂમી રહ્યા હતા. ■

### લાફ્ટર મેનથી ક્રાઈંગ મેન

કમલેશ મસાલાવાલા તો તમને યાદ જ હશે. 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ' દ્વારા તેમને 'વિશ્વના પ્રથમ લાફ્ટર ટીચર' જાહેર કરવામાં આવ્યા હતા. આશરે આઠ વર્ષ પહેલાં તેમણે નક્કી કર્યું કે લોકોને ૨૫ વર્ષ સુધી ખૂબ હસાવી લીધા, હવે તેમને રડાવવામાં આવે; અને તેમણે સુરતમાં 'હેલ્ધી ક્રાઈંગ ક્લબ'ની સ્થાપના કરી. નોંધનીય છે કે ૨૦૦૮માં મસાલાવાલાએ 'ઇન્ટરનૅશનલ લાફ્ટર યોગા કોન્ફરન્સ' દરમિયાન રડવાની સ્પર્ધા જીતી હતી. તેમણે પોતાના સ્વર્ગસ્થ માતાને યાદ કરીને અચાનક જ રડવાનું શરૂ કરી દીધું હતું. પાછળથી તેમને અહેસાસ થયો કે ભાવનાત્મક આંસુઓના પણ મેડિકલ લાભ હોય છે. જ્યારે આપણે દુઃખ, તણાવ કે હતાશાના કારણે રડીએ છીએ, ત્યારે આપણું શરીર 'કાર્ટિસોલ' જેવા સ્ટ્રેસ હોર્મોન્સ મુક્ત કરે છે. હસવાથી જે આંસુ નીકળે છે, તેમાં આ હોર્મોન હોતા નથી. શરીરના સંતુલન માટે હાસ્ય અને આંસુ બંને એટલા જ જરૂરી છે. ■




# મનમરજીનો દિવસ એટલે આકસ્મિક રજા કે પછી...

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

ભર ચોમાસું ને વરસાદનાં દિવસો સતત બે દિવસ સુધી વરસાદ ના રોકાયો ભાવનાબહેને ચિંટુને સવાર સવારમાં બૂમ પાડી : ‘અલ્યા ચિંટુ, વરસાદના લીધે આજે સ્કૂલમાં રજા છે. કહે છે બધે પાણી બહુ ભરાયાં છે. એટલે તારે સ્કૂલે નથી જવાનું, પણ સોસાયટીના નાકે જઈને પહેલા શાક લઈ આવ તો, રખેને વરસાદમાં પાછા શાકભાજી ના મળે તો?’

ચિંટુ કમે વહેલો ઊઠીને ગયો શાક લેવા. સ્કૂલમાં રજા, ઊંઘવાની મજાની જગ્યાએ વરસાદમાં પલળીને શાક લેવા જવાની સજા થઈ ગઈ. આખાય શહેરમાં પાણી ભરાયાં, વાહનવ્યવહાર ખોરવાયો, ઠેર ઠેર લોકો અટવાયા, કોઈ ગાડીમાં, કોઈ ઓફિસમાં, કોઈ પર્યટન સ્થળે. જનજીવન ઠપ થયું, કેટલાય કલાકો માટે... પાણી ભરાવાનાં કારણે સરકારે બે દિવસની આકસ્મિક રજા જાહેર કરી. આ રજા આકસ્મિક એટલે કેમકે એની નોંધણી/જાહેરાત કેલેન્ડરમાં પહેલેથી ના થઈ હોય અને સંજોગોવશાત નિર્ણય લેવાયો હોય. આકસ્મિક રજા વિવિધ કારણોસર મળે. જેમકે કોઈ મોટા નેતાનું નિધન, રાષ્ટ્રીય શોક, કુદરતી આફત, કોમી રમખાણો, મહામારી કે અન્ય રાજકીય કારણ.

રજાનું નામ પડતાં જ બાળકો મોજમાં અને એય પાછી અણધારી મળેલી! બાળકો નિર્દોષ એમ જ નથી કહેવાતાં. એમને રજાનાં કારણમાં રસ નથી હોતો. એમને તો બસ, અચાનક વધારાનો એક દિવસ સ્કૂલે જવામાંથી કે ભણવામાંથી મુક્તિ મળે છે એની મજા છે. જે એકધારું જીવન ચાલતું હોય એમાં મનગમતો ફેરફાર આવે છે એની ખુશી છે.

અચાનકની જે થ્રીલ છે, એની મોજ છે. આવી રજાનો દિવસ એટલે એમના માટે ઘેર બેઠા વન- ડે પિકનિક. મોડા ઊઠવાનું, સોસાયટીના ભાઈબંધ - બહેનપણીઓ સાથે રમવા જતા રહેવાનું, આખો દિવસ ટીવી જોવાનું, મન થાય ત્યારે જમવાનું ટૂંકમાં રોજિંદા જીવન કરતાં થોડો અલગ દિવસ, મનમરજીનો દિવસ એટલે આકસ્મિક રજા!

આ તો થઈ બાળકોની વાત, પણ શું પુરુષો માટે પણ આકસ્મિક રજા એટલી જ રસપ્રદ અને યાદગાર બને એવી હોય?

કદાચ ના પણ હોય એમનાં માટે આકસ્મિક રજા ધાર્યા કરતાં તદ્દન જુદી પણ હોઈ શકે. એમનાં માટે આકસ્મિક રજા એટલે સમયનાં અભાવે અધૂરા રહેલાં કામ પૂરાં કરવાનો દિવસ, વહેવારે ક્યાંક મોઢું બતાવી આવવાનો દિવસ, ઘર ગોઠવીને વ્યવસ્થિત કરવાનો દિવસ, પત્ની કે માતાને માળિયા સાફ કરાવવાનો દિવસ, ઘરકામમાં મદદ કરવાનો દિવસ, બાળકો સાથે ગેમ રમવાનો દિવસ, નિરાંતે બાંકડે બેસવાનો દિવસ, મિત્રો સાથે ગપ્પાં મારવાનો દિવસ, બે ટાઈમની ચા વધારે પીવાનો દિવસ...

સ્ત્રીઓ માટે આમ તો બારે મહિના સાતે દિવસ સરખા જ હોય પણ આકસ્મિક રજા? સ્ત્રીઓ માટે કદાચ એના પરિવારથી વિશેષ કંઇ જ નથી હોતું. એ દિવસે એનું કામ વધી જાય છે પણ પોતાના પરિવાર સાથે અચાનક થોડો વધુ સમય વિતાવવા મળી જાય છે એ વાતનો આનંદ પણ હોય છે. હરખાતી સ્ત્રી પરિવારના દરેક સભ્યને વધુ ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે અને સાથે નાનાં મોટાં કામમાં પતિ કે બાળકોની મદદ પણ લે છે, પણ છેવટે મનમાં તો એક જ ભાવ કે મારું કુટુંબ મારી સાથે છે એ પછી કોઈ પણ કામમાં કે નવરાશની પળોમાં કેમ ના હોય!

કેટલાક એવા લોકો પણ હોય છે જેમને આવી આકસ્મિક રજાનો સદુપયોગ કરતા સરસ આવડે છે, જેમકે તે સવારથી રાત સુધીનું સમયપત્રક બનાવીને એ મુજબ ચાલે છે. કેટલાક લોકો આવી રજાને સાવ હળવાશથી લઈ રવિવારની જેમ જ દિવસ પસાર કરે છે તો કેટલાક બહાર હરવા ફરવા જવાનાં કાર્યક્રમો ગોઠવી દે છે. એક જ ઘરેડમાં જકડાઈ ગયેલો માણસ રજાનાં દિવસે પોતાનાં સ્વભાવ અને જરૂરિયાત મુજબ દિવસનું આયોજન કરે છે.

કોઈવાર એવું લાગે છે કે આકસ્મિક રજાનાં કારણ પ્રત્યે આપણે બધા જ થોડાક અસંવેદનશીલ થઈ જતા હોઈએ છીએ અને માટે જ આવી રજાઓ તરફ દરેકનો અભિગમ પણ અલગ હોય છે. કોઈ પણ ગમતી વસ્તુ અણધારી રીતે આવી મળે તો આનંદ તો થાય જ ને, એ પછી રજા હોય- ભેટ કે પછી કોઈ વ્યક્તિ. જોકે આપણે ભૂલી જતાં હોઈએ છીએ કે આકસ્મિક અનુભવો બધાના માટે એક સરખા નથી હોતા. એક બાજુ કોઈ રજાની મોજમાં હોય છે ત્યારે આ જ રજાને લીધે કોઈ હેરાન થતું હોય છે. દરેક વ્યક્તિ પોતાના સંજોગો, જવાબદારીઓ અને પરિસ્થિતિ મુજબ રજાનું મૂલ્યાંકન કરે છે તેમ જ ગમો-અણગમો વ્યક્ત કરે છે, પરંતુ જાહેર થયેલી રજાનો નિર્ણય પોતાની નિર્ણયાત્મકતાની હદની બહાર છે એ ખ્યાલ આવતા મનથી સ્વીકારાવો પડે છે.

તો આકસ્મિક રજા વિશે બોલો, તમે શું કહો છો? ■

# એપ્લિકેશન ડાઉનલોડ કર્યા વગર પણ રમી શકાશે મસ્ત ગેમ્સ

## નાની સ્ક્રીન ઉપર પણ થિયેટર જેવી મોજ પડશે

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

**નાનપણમાં** સેલથી ચાલતી અને ચોક્કસ પ્રકારના મ્યુઝિકથી શરૂ થતી, હાથમાં એ ડિવાઈસ પકડીને રમાતી ગેમ્સ બ્લોક ક્રેકર્સ તો દરેકે રમી હશે. આ ડિવાઈસ સાથે એક આખી પેઢીની યાદ પણ જોડાયેલી હશે. આ પછી ટીવીમાં કનેક્ટ કરીને રમાતી અને આજની ગેમ જેવી સર્કિટ ટાઈપ, જેને ગેમ્સ કેસેટ તરીકે સૌ ઓળખતા એવી ગેમ્સ પણ દરેકે રમી હશે, જેમાં મારીયો, કોન્ટ્રા, સર્કસ, રોડ રેસ, ટેન્ક, બીસિકર્સ જેવી અનેક ગેમ્સનો સમાવેશ થતો. આ પછી સીડીનો યુગ આવ્યો જે ભલે લાંબા સમય સુધી ટક્યો નહીં, પણ કમ્પ્યુટર અને લેપટોપના આવિષ્કારે ગેમ્સની દુનિયાને પાયાથી બદલી નાખી. હવે કોઈ પણ ડિવાઈસ વગર માત્ર મોબાઈલ, લેપટોપ કે કોમ્પ્યુટરના સહારે ગેમ્સ રમી શકાય છે. એપ્લિકેશન આધારિત ગેમ્સ તો ઢગલાબંધ છે, પણ કેટલીક એવી પણ વેબસાઈટ છે જે માત્ર નાનકડા લોગઈનથી ગેમ્સ રમવા માટેની મજા કરાવી દે છે. જાણે નાની સ્ક્રીન પર થિયેટરમાં હોય એવી ફીલ !

મોબાઈલમાં ઈન્ટરનેટની સુવિધાથી ફાયદો એ થયો છે કે, વેબસાઈટ સર્ફ કરવી સરળ થઈ ગઈ છે. એમાં પણ હવે તો AI મોડ આવી જતા કોઈપણ વિષયનું સંક્ષિપ્ત તો સરળતાથી જાણી-વાંચી શકાય છે અને શેર પણ કરી શકાય છે. શરૂઆત કરીએ સરળ અને ઝડપથી પૂરી થઈ જતી પત્તાની ગેમ્સથી. કમ્પ્યુટરમાં તો આ ગેમ્સ દરેકે એકવાર તો રમી જ હશે. હવે આ જ ગેમ મોબાઈલ પર રમવા મળે તો? એ પણ એપ્લિકેશન ડાઉનલોડ કર્યા વગર?

આ માટે ખોલી દો એગેમ ડોટકોમ. અહીંયા એકથી એક ચડિયાતી ગેમ્સ રમવા મળશે. આ માટે અહીંયા કોઈ લોગઈન કરવાની પણ જરૂર નથી. બબલશુટરથી લઈને કેન્ડીક્રશ સુધીની તમામ ગેમ્સ મળી રહેશે. સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, જે સ્કોર અહીંયા બનાવશે એ ડાયરેક્ટ સોશ્યલ મીડિયા પર શેર કરી શકશો. આનાથી ફ્રેન્ડ સર્કલ કે ફેમિલીમાં પણ ચેલેન્જ ગેમ કરી શકાય છે. અંદરોઅંદર પણ રમી શકાય એ પ્રકારનું નેટવર્ક બનાવી શકાય છે. પૂલ




ક્લબ અને ક્રેઝી રેસિંગ જેવી ગેમ્સના ગ્રાફિક્સ ભલે થોડા સામાન્ય છે પણ રમવાની મજા આવશે એ નક્કી છે. ૭ પાર્ટમાં ગેમ્સની વેબસાઈટ એક દિવસમાં રમીને પૂરી શકાય એમ નથી.

પબ્જી અને ફ્રી ફાયર જેવી ગેમ્સ રમવાનો શોખ હોય, ધુમ ધડાકા, બોંબ બ્લાસ્ટ અને ધબધબાટી બોલાવી હોય તો પહોંચો Y8 ડોટકોમ પર. શુટિંગ, ડ્રાઈવિંગ, ક્રેકિંગ, એડવેન્ચર, લાઈફસ્ટાઈલ, સ્પોટ્ર્સ, પઝલ, ચેસ, માઈન્ડ સ્કિલ, માઈન્ડ લોજિક, ફાઈટ એક્શન, ફન એન્ડ ક્રેઝ અને મેગાફૂટ મેચ જેવી અઢળક વેરાઈટી જોવા મળશે આ વેબસાઈટ પર. કોઈ લોગઈનની જફા નહીં અને કોઈ માથાકૂટ બીજી નહીં. જસ્ટ ક્લિક એન્ડ પ્લે. હા , આ માટે ફોનમાં થોડું ગ્રાફિક્સ ફિચર વધારે ક્ષમતા અને હાઈરિઝોલ્યુશનવાળું જોઈશે. આ વેબસાઈટ આખી ગ્રાફિક અને મ્યુઝિક બેઝ છે એટલે ગેમ્સ શરૂ થતા પહેલા જેમ ફિલ્મમાં ટાઈટલ પડે એમ ટાઈટલ પણ પડશે. હાઈસ્કોર કરશો તો ગેમબોર્ડમાં નામ પણ મૂકશે. આ નામ પાછું તે આખી દુનિયાને બતાવશે જે લોકો આ વેબસાઈટ પર આવશે. તો ફન સાથે ફેમસ થવાનો ચાન્સ અહીંયા છે. ૧ લાખથી વધારે ગેમ્સના કોનસેપ્ટ અને સમજી વિચારીને સિલેક્ટ કરવી પડે એવી વિવિધતા એક જ સાઈટ પર મળી રહેશે.

ગણિત સારું ફાવતું હોય, આંકડાની રમતગમત કરવી હોય અને થોડું દિમાગને હચમચાવી દેવું હોય તો કુલમેથ ડોટકોમ ખાસ ખોલજો. મુછે તાવ દેતા ગણિતના મહારથીઓને આ ગેમ્સ થકી ચેલેન્જ કરી શકો. હકીકતમાં આ એક માઈન્ડગેમ માટેની સાઈટ છે, જેમાં ગણિતના કોયડા, આંકડાના આટાપાટા, બિઝનેસની પોલિસી, ફાયદાનો વેપાર, ચેસની ચાલ,લર્ન વીથ ફન જેવી અનેક વસ્તુઓ છે. ગેમ્સ રમવાથી માઈન્ડ શાર્પ થાય આ એક મિથ છે પણ માથું ખંજવાળું પડે એવી ગેમ્સ રમવાથી લોજિકના કેટલાક અભિગમ સ્પષ્ટ થાય અને સરળ હોય છતાં ન સમજાય એવી સ્થિતિનો ઉકેલ લાવતા આવડી જાય. અહીંયા બોલપૂલ રમ્યા બાદ બીજે ક્યાંય રમવાની મજા નહીં આવે. ટેક્સ સેશન પર એકવાર ટ્રાય મારવા જેવી છે. એક કોયડો ને દિમાગની કસોટી.

આ તો વેબસાઈટની વિગતવાર ચર્ચા થઈ આ સિવાય પણ કેટલીક એવી સાઈટ છે જેના પર ખુદ સર્ફિંગ કરીને, વિઝિટ કરીને ડાયરેક્ટ ગેમ શરૂ કરી શકાય છે. મોબાઈલમાં આવતી તમામ ગેમ્સ રમવા પોકીડોટકોમ, મારીયો જેવી વિસરાઈ ગયેલી ગેમ રમવા ક્રેઝીગેમ્સ, એડિક્ટિંગ ગેમ્સ, અને મિનિ ક્લિપ જેવી સાઈટ ખરેખર વેકેશન કે ટુરમાં ટાઈમપાસ માટેનો ખજાનો છે. ■

### આઉટ ઓફ બોક્સ

*‘ધ વિલેજ’ નામની કંપનીએ દુનિયામાં પહેલીવાર ગેમિંગ માટેની વેબસાઈટ લોંચ કરેલી, જેમાં માત્ર ત્રણ જ ગેમ્સ હતી.*

# ૩૫+ મહિલા માટે જરૂરી છેઃ યોગ, ઊંઘ ને હોર્મોનલ સંતુલન

વિશેષ
ડો. માજિદ અલીમ
feedback@bombaysamachar.com

**મહિલાઓનું** શરીર અલગ-અલગ ઉંમરે સતત વિવિધ ફેરફારોમાંથી પસાર થાય છે. ૩૫+ વયની મહિલાઓ આ ફેરફારોનો વધુ સ્પષ્ટતાથી સામનો કરે છે. કામકાજની જવાબદારીઓ, પરિવારની સંભાળ, વધતું માનસિક દબાણ અને બદલાતી જીવનશૈલીની સૌથી પહેલી અસર હોર્મોનલ સંતુલન પર જ પડે છે. પરિણામ સ્વરૂપ થાક, ચીડચીડાપણું, અનિયમિત માસિક ચક્ર, વજન વધવું, ઊંઘની સમસ્યા અને નબળાઈ જેવી સમસ્યાઓ સામે આવવા લાગે છે. નિષ્ણાતો માને છે કે આ ઉંમરે મહિલાઓના સ્વાસ્થ્યની મજબૂતી માત્ર દવાઓ કે સપ્લિમેન્ટ્સ પર નિર્ભર નથી કરતી, પરંતુ તેમને ત્રણ મૂળભૂત વસ્તુઓની જરૂર હોય છે, યોગ, પૂરતી ઊંઘ અને હોર્મોનલ સંતુલન. જો આ ત્રણેય બાબતો પર ધ્યાન આપવામાં આવે તો માત્ર શારીરિક સ્વાસ્થ્ય જ સારું નથી રહેતું, પરંતુ માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય પણ મજબૂત બને છે.



સવાલ એ છે કે હોર્મોનલ સંતુલન ૩૫+ ની મહિલાઓ માટે કેમ જરૂરી છે? કારણ કે તે ઊર્જા, મૂડ, ઊંઘ, ભૂખ, વજન, પ્રજનન સ્વાસ્થ્ય અને ત્વચાને પ્રભાવિત કરે છે. ૩૫ વર્ષ પછી એસ્ટ્રોજન, પ્રોજેસ્ટેરોન અને અન્ય હોર્મોન્સના સ્તરમાં ધીમે-ધીમે ફેરફાર શરૂ થઈ જાય છે.

જો આ ઉંમરે હોર્મોનલ સંતુલન બગડે, તો મહિલાઓને કોઈ પણ કારણ વગર પણ થાક અનુભવાય છે. આ ઉંમરે ઘણી મહિલાઓમાં વજન ખૂબ જ ઝડપથી વધવા લાગે છે, જ્યારે કેટલીક મહિલાઓને ચિંતા, તણાવ કે મૂડ સ્વિંગ્સની સમસ્યા પરેશાન કરવા લાગે છે. તેથી હોર્મોનલ સ્વાસ્થ્યની ઉપેક્ષા કરવી એ લાંબા ગાળે સ્વાસ્થ્ય સંબંધી મોટી સમસ્યાઓને જન્મ આપી શકે છે. આવી સ્થિતિમાં યોગ કરવો શરીર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે.

આપણે બધા જાણીએ છીએ કે યોગ માત્ર શારીરિક વ્યાયામ નથી, પરંતુ તન અને મન વચ્ચે સંતુલન સાધવાની પ્રક્રિયા છે. ઘણાં સંશોધનો દર્શાવે છે કે નિયમિત યોગ કરવાથી તણાવના હોર્મોન એટલે કે ‘કાર્ટિસોલ’ના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ મળે છે.

ભુજંગાસન, તાળાસન, ત્રિકોણાસન, વજ્રાસન અને સેતુબંધાસન જેવાં આસનો શરીરની ફ્લેક્સિબિલિટી વધારવાની સાથે-સાથે રક્ત પરિભ્રમણને પણ બહેતર બનાવે છે. અનુલોમ-વિલોમ અને ભ્રામરી જેવા પ્રાણાયામ માનસિક શાંતિ પ્રદાન કરે છે.

યોગનો સૌથી મોટો ફાયદો એ છે કે તેને કોઈપણ ઉંમરે શરૂ કરી શકાય છે અને નિયમિત અભ્યાસથી દરેક ઉંમરે તે શરીરની ઊર્જા વધારે છે. તેનાથી ઊંઘ સારી આવે છે અને માનસિક તણાવ ઓછો થાય છે. જ્યાં સુધી ઊંઘનો આપણા સ્વાસ્થ્ય સાથે સંબંધ છે, તો ખાસ કરીને ૩૫+ ઉંમરની મહિલાઓ માટે ઊંઘ તેમના સ્વાસ્થ્યની સૌથી સરળ અને સસ્તી દવા છે.

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે આ ઉંમરે ઘણી મહિલાઓ પૂરતી ઊંઘ લઈ શકતી નથી. જ્યારે શરીરને પૂરતી ઊંઘ નથી મળતી, ત્યારે તે શરીરના ઘસારાને સરખો કરવા માટે પુનઃનિર્માણનું કામ કરી શકતું નથી. પરંતુ જો પૂરતી ઊંઘ મળે છે, ત્યારે તે માત્ર શરીરને સ્વસ્થ જ નથી રાખતી પણ હોર્મોનલ સંતુલનને પણ યોગ્ય રાખે છે.

સતત ઓછી ઊંઘ લેવાથી હોર્મોનલ અસંતુલન વધી જાય છે અને ભૂખને નિયંત્રિત કરતા હોર્મોન્સ પ્રભાવિત થઈ શકે છે, જેનાથી વજન વધવાની શક્યતા પણ વધી જાય છે. આ જ કારણ છે કે સ્વાસ્થ્ય નિષ્ણાતો મહિલાઓને, ખાસ કરીને ૩૫+ ઉંમરની મહિલાઓને દરરોજ ઓછામાં ઓછી ૭ થી ૮ કલાકની ગુણવત્તાયુક્ત ઊંઘ લેવાની સલાહ આપે છે. અને હા, આ ઉંમરે તણાવમાં તો બિલકુલ રહેવું જોઈએ નહીં.

લાંબા સમય સુધી તણાવમાં રહેવાથી પણ હોર્મોનલ સંતુલન બગડે છે અને તેમાં સંતુલિત આહાર ન લેવાની પણ મોટી ભૂમિકા હોય છે. તેથી ૩૫+ ઉંમરની મહિલાઓ માટે ઊંઘ અને યોગની જેમ જ પોતાના ખોરાક પર પણ ધ્યાન આપવું જરૂરી છે, જેથી આ ઉંમરે તેમને પ્રોટીન, કેલ્શિયમ, આયર્ન, ઓમેગા-૩ ફેટી એસિડ અને વિટામિન ડી જેવાં પોષક તત્ત્વો ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં મળી રહે. આ માટે જરૂરી છે કે ખોરાકમાં મોટેભાગે લીલા પાંદડાવાળા શાકભાજી, દાળ, ડેરી પ્રોડક્ટ્સની સાથે-સાથે સૂકો મેવો, વિવિધ પ્રકારનાં કઠોળ અને દરેક ઋતુના ફળો સામેલ હોય.

આ ઉંમર સુધી પહોંચતા-પહોંચતા ડેરી પ્રોડક્ટ્સ અને પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થોનું સેવન ખૂબ જ ઓછું કરી દેવું જોઈએ. ૩૫ વર્ષ પછી સ્વાસ્થ્યને જાળવી રાખવા અને ચમકદાર વ્યક્તિત્વનું સિક્રેટ આ જ છે સારી ઊંઘ, હોર્મોનલ સંતુલન, પૌષ્ટિક અને સંતુલિત આહાર તેમજ નિયમિત યોગ. તેથી મહિલાઓએ પોતાના સ્વાસ્થ્યમાં ‘લાંબા ગાળાના રોકાણ’ તરીકે આ ત્રણ બાબતોને ચોક્કસપણે લાગુ કરવી જોઈએ. આ જ તેમના સ્વસ્થ, ઊર્જાવાન અને સંતુલિત જીવનનો મજબૂત પાયો બને છે. ■

### ૩૫+ સ્ત્રીઓ માટે મહત્ત્વપૂર્ણ હેલ્થ મંત્ર

- દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ યોગ અથવા હળવી કસરત કરો.
- દરરોજ રાતે ઓછામાં ઓછી ૭ થી ૮ કલાકની સારી ઊંઘ લો.
- મોડી રાત સુધી મોબાઈલ અને સ્ક્રીન જોવાનું ટાળો.
- આહારમાં પ્રોટીન, આયર્ન અને કેલ્શિયમનું પ્રમાણ પૂરતું રાખો.
- તણાવ ઓછો કરવા માટે પ્રાણાયામનો અભ્યાસ કરો.
- નિયમિત આરોગ્ય તપાસ કરાવો.
- દરરોજ પૂરતું પાણી પીવો.
- વધુ પડતા કેફીનનું સેવન ટાળો.

# આ ડિજિટલ યુગમાં, થઈ રહ્યો છે લોક કલાનો પુનર્જન્મ

ફોકસ પ્લસ
નરેન્દ્ર શર્મા
feedback@bombaysamachar.com



એક સમયે ગામડાંઓની માટીની દીવાલો, લોક ઉત્સવો અને પરંપરાગત જીવનનાં બંધનો સુધી સીમિત ભારતીય લોક કલાઓ હવે ડિજિટલ દુનિયાને કારણે વૈશ્વિક સ્તરે ઓળખ મેળવી રહી છે. મધુબની, ગોંડ, વારલી, પટ્ટ ચિત્ર અને ફડ જેવી સદીઓ જૂની કલા સ્વરૂપો હવે સંગ્રહાલયો કે આર્ટ ગૅલેરીઓ સુધી મર્યાદિત નથી રહી, પરંતુ મોબાઇલ સ્ક્રીન, સોશ્યલ મીડિયા અને ઑનલાઇન બજારો દ્વારા વિશ્વભરના કલાપ્રેમીઓ સુધી પહોંચી રહી છે. ડિજિટલ ટેક્નૉલૉજીએ આ લોક કલાઓ માટે માત્ર એક નવું પ્લૅટફૉર્મ પૂરું પાડ્યું નથી, પરંતુ હજારો લોક કલાકારો માટે આજીવિકા અને આદર માટે નવી તકો પણ ઊભી કરી છે.

એક એવા સમયે જ્યારે વૈશ્વિકીકરણ સ્થાનિક ઓળખને પડકારતું દેખાય છે ત્યારે ભારતીય લોકકલાનો આ ડિજિટલ પુનર્જન્મ એ વાતની સાબિતી છે કે પરંપરા અને ટેક્નૉલૉજી સાથે મળીને સાંસ્કૃતિક વારસાને એક નવી ઊર્જા અને ભવિષ્ય આપી શકે છે.

ભારત લોકકલાઓનો વિશાળ ખજાનો છે. દેશનાં અલગ-અલગ ક્ષેત્રોમાં સેંકડો પ્રકારની પરંપરાગત કલાઓ વિકસિત થઈ છે. આ કલાનો ઉદ્દેશ્ય માત્ર સૌંદર્ય પ્રદર્શન જ નહોતો, પરંતુ સ્થાનિક સંસ્કૃતિ, લોકવાર્તાઓ, ધાર્મિક માન્યતાઓ અને સામાજિક જીવનનું દસ્તાવેજીકરણ કરવાનો પણ હતો. લાંબા સમય સુધી આ કલાઓની પહોંચ સીમિત રહી છે. કલાકારો પોતાની કલાના વેચાણ માટે સ્થાનિક મેળાઓ, પ્રદર્શનો અથવા પ્રવાસીઓ પર નિર્ભર રહેતા હતા, પરંતુ ઇન્ટરનેટ ક્રાંતિએ હવે આ પરિસ્થિતિને બદલી નાખી છે. આજે સ્માર્ટફોન અને સોશ્યલ મીડિયાએ કલાકારો માટે નવા દ્વાર ખોલી દીધા છે. પહેલાં કોઈ કલાકારને પોતાની કલા પ્રદર્શિત કરવા માટે મોટી-મોટી ગૅલેરીઓ કે પ્રદર્શનોની જરૂર પડતી હતી, જ્યારે હવે તે પોતાના મોબાઇલ ફોનથી તસવીરો અને વીડિયો શૅર કરીને સીધા લાખો લોકો સુધી પહોંચી શકે છે.

સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ્સે કલાકાર અને કલાના ખરીદદારો વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે. પરિણામે આજે લોકકલાને ખૂબ મોટું બજાર મળી રહ્યું છે અને કલાકારોને પોતાની કલા માટે નવી તકો પ્રાપ્ત થઈ રહી છે.

લોક કલાઓને પ્રોત્સાહન આપવામાં ડિજિટલ પ્લૅટફૉર્મ્સે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આજે મધુબની, ગોંડ, પટ્ટ ચિત્ર, ફડ, વારલી અને કલમકારીના વીડિયો લાખો લોકો જોઈ રહ્યા છે. લોકો ફક્ત આ કલાઓની સુંદરતાથી પરિચિત થઈ રહ્યા નથી, પરંતુ તેમની પાછળની સાંસ્કૃતિક વાર્તાઓ અને પરંપરાઓને પણ સમજી રહ્યા છે. આનાથી નવી પેઢીમાં તેમના સાંસ્કૃતિક વારસામાં રસ વધ્યો છે અને લોક કલાના રસિકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. કલાકારો હવે તેમની કૃતિઓ સીધી ગ્રાહકોને વેચી શકે છે. પહેલાં, તેઓ આ માટે વચેટિયાઓ પર નિર્ભર હતા, જેના કારણે તેમને વાજબી ભાવ મળતા નહોતા. ડિજિટલ મીડિયાએ આ સમસ્યાને નોંધપાત્ર રીતે દૂર કરી છે. ઘણા કલાકારો હવે તેમના ઘરેથી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રાહકોને તેમની કૃતિઓ વેચી રહ્યા છે. આનાથી તેમની આવકમાં વધારો થયો છે અને કલાકારોને કલાને વ્યવસાય તરીકે આગળ વધારવા માટે પ્રોત્સાહન મળ્યું છે. ડિજિટલ ટેક્નૉલૉજીએ લોક કલામાં નવા પ્રયોગો માટે તકો પણ પૂરી પાડી છે. આજે, પરંપરાગત ચિત્રકામ હવે કાગળ કે કાપડ સુધી મર્યાદિત નથી. લોક કલા ડિઝાઇન ફૅશન, ગૃહ સજાવટ, સ્ટેશનરી, મોબાઇલ કવર, બૅગ, ઘરેણાં અને ડિજિટલ ગ્રાફિક્સ સુધી પહોંચી ગઈ છે.

આનાથી લોક કલાને આધુનિક જીવનશૈલીમાં સ્થાન મળ્યું છે. યુવા ડિઝાઇનરો અને કલાકારો પરંપરાગત રૂપરેખાઓને ફરીથી શોધી રહ્યા છે, તેમની સુસંગતતામાં વધારો કરી રહ્યા છે. જોકે આ પરિવર્તન કેટલાક પડકારો પણ લાવ્યું છે. સૌથી મોટો પડકાર મૌલિકતા અને પ્રામાણિકતા છે. ડિજિટલ વિશ્વામાં કોઈ પણ કલાકૃતિની નકલ કરવી ખૂબ જ સરળ બની ગઈ છે. કેટલીક વાર, પરંપરાગત કલાકારોની કૃતિઓનો ઉપયોગ પરવાનગી વિના કરવામાં આવે છે જે કલાકારોના અધિકારોને અસર કરે છે. વધુમાં, કેટલીક જગ્યાએ બજારની માગને પહોંચી વળવા માટે કલાના સ્વરૂપમાં ધરખમ ફેરફાર કરવામાં આવી રહ્યા છે, જેના કારણે તેની સાંસ્કૃતિક આત્મા નબળી પડવાનું જોખમ ઊભું થયું છે. આ સિવાય એક પડકાર એ પણ છે કે તમામ કલાકારો ડિજિટલ ટેક્નૉલૉજીથી સમાન રીતે પરિચિત નથી. ગ્રામીણ વિસ્તારોના અનેક કલાકારોને ઑનલાઇન ડિસ્ટ્રિબ્યુશન, ડિજિટલ પેમેન્ટ અને સોશ્યલ મીડિયા મૅનેજમેન્ટ જેવી બાબતોની તાલીમ મળી નથી. જો તેમને યોગ્ય તાલીમ અને ટેક્નિકલ સહાય મળે તો કદાચ તેઓ આ તકોનો વધુ સારો લાભ ઉઠાવી શકે.સરકાર અને વિવિધ સાંસ્કૃતિક સંગઠનો આ દિશામાં પ્રયાસો કરી રહ્યા છે. હસ્તકલા મેળાઓ, ડિજિટલ પ્રદર્શનો, ઓનલાઈન તાલીમ કાર્યક્રમો અને ઈ-કૉમર્સ સહયોગ દ્વારા લોક કલાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઘણી યુનિવર્સિટીઓ અને સાંસ્કૃતિક સંસ્થાઓ પણ ભવિષ્યની પેઢીઓ માટે આ વારસાને સાચવવા માટે કામ કરી રહી છે. ■

# સ્ટેઈનલેસ સ્ટીલ ક્ષેત્રના એમએસએમઈનો વધતી આયાત સામે વિરોધ સરકારને પુન ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર લાદવા અનુરોધ

નવી દિલ્હી: સરકારે સ્થાનિક ઉત્પાદનમાં કાચા માલની પ્રાપ્તિ માટેના સ્રોત સરળ બનાવવા માટે સ્ટીલની આયાત સામેના ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર પાછા ખેંચ્યા બાદ ચીનથી વધી રહેલી આયાત સામે ચિંતા વ્યક્ત કરતાં સ્ટેઈનલેસ સ્ટીલ ક્ષેત્રના અંદાજે ૧૦૦ જેટલા એમએસએમઈ (માઈક્રો સ્મોલ ઍન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ)એ પુનઃ ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર (ક્યુસીઓ)નો અમલ શરૂ કરવા સરકારને અનુરોધ કર્યો છે.

નોંધનીય બાબત એ છે કે સ્ટીલ મંત્રાલયે ગત ૨૭મી એપ્રિલના રોજ ક્વૉલિટી કન્ટ્રોલ ઓર્ડર રદ કરીને વિવિધ સ્ટેઈનલેસ સ્ટીલના ઉત્પાદનોમાં બિસ (બીઆઈએસ-બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ) પ્રમાણિત ચીજોનો ઉપયોગ કરવાનું ફરજિયાત કર્યું હતું. વાસ્તવમાં આ પગલાંનો મુખ્ય આશય સ્થાનિક ઉત્પાદકો અને તેમાં પણ ખાસ કરીને એમએસએમઈ પરના પાલનકારી બોજ હળવો કરવાનો હતો. જોકે, સ્ટીલ ક્ષેત્રના એમએસએમઈઓએ ક્વૉલિટી કન્ટ્રોલ ઑર્ડર રદ કર્યા બાદ સ્ટેઈનલેસ સ્ટીલની આયાતમાં થયેલા તીવ્ર વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ક્યુસીઓ રદ થવાથી ચીનથી સસ્તી આયાતના દરવાજા ખૂલી જતા આયાતમાં વધારો થયો છે અને સ્થાનિક એમએસઈ એકમો દબાણ હેઠળ આવ્યા છે, હજારોના રોજગારોના રોજગાર અને ભારતીય એન્ટરપ્રિન્યોરના રોકાણ સામે જોખમ ઊભું થયું હોવાનું ઔદ્યોગિક સંગઠન સ્ટેઈનલેસ સ્ટીલ ઈન્ડક્શન ફ્યુરન્સ એસોસિયેશન અને સ્ટેઈનલેસ સ્ટીલ રિ-રોલર્સ એસોસિયેશને સ્ટીલ મંત્રાલયને એક પત્ર લખી જણાવ્યું છે.

વધુમાં સંગઠનોએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે ગત એપ્રિલ, ૨૦૨૬માં સ્ટેઈનલેસ સ્ટીલની આયાત એપ્રિલ, ૨૦૨૫ના ૬૧,૧૪૩ ટન સામે ૬૫ ટકા વધીને ૧,૦૧,૨૫૨ ટનની સપાટીએ રહી હતી, જ્યારે માસાનુમાસ ધોરણે આયાતમાં આગલા માર્ચ મહિનાના ૫૯,૯૧૭ ટન સામે ૬૯ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ઉદ્યોગના સભ્યોએ એવી પણ ચેતવણી આપી છે કે જો સરકાર હસ્તક્ષેપ કરીને કોઈ પગલાં નહીં લે તો આયાતમાં હજુ વધારો થશે. જોકે, એસોસિયેશને સ્ટીલ મંત્રાલયને આપેલા પત્રમાં ઉદ્યોગ દ્વારા કરવામાં આવેલા રોકાણ અને ઉદ્યોગ સાથે સંકળાયેલા રોજગાર અંગે પણ માહિતી પૂરી પાડી છે. એસોસિયેશને જણાવ્યું હતું કે ચીનથી થતી સ્ટેઈનલેસ સ્ટીલના ઉત્પાદનોની ભારતીય બજારમાં આયાત ખૂબજ નીચા ભાવથી થઈ રહી છે આથી સ્થાનિક ઉત્પાદકો જે ગુણવત્તાના અને પર્યાવરણનાં ધોરણો જાળવીને તથા કર્મચારીઓ પ્રત્યેની જવાબદારી જાળવીને ઉત્પાદન કરતાં ઉત્પાદકોની સ્પર્ધાત્મકતા પર માઠી અસર પડી રહી છે. ■

# ભૂલ માફ પણ આંધળુકીયાં નહીં!

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

માણસ માત્ર ભૂલને પાત્ર એ એક મજબૂત પ્રેરણાદાયક કહેવત ગુજરાતીમાં છે, જેથી માણસ ભૂલ કરે તો નાસીપાસ ના થઇ જાય, પણ ભૂલ અને આંધળુકીયામાં બહુ મોટો તફાવત છે, ભૂલ જેન્યુઇન હોઇ શકે પણ આંધળુકીયાં એ તુક્કાબાજી સિવાય કાંઇ નથી.

દુનિયામાં ભાગ્યે જ કોઇ માણસ હશે કે જેણે જિંદગીમાં ભૂલો નહીં કરી હોય પણ તેની સફળતાઓ માટે એટલી મોટી હોય છે કે તેમાં તેની આ ભૂલો દબાઇ જાય છે જેમ કે...

મહાન રોકાણકાર વોરેન બફે તેઓના રોકાણકારોને એકવાર પત્રમાં ખુલ્લાદિલે સ્વીકારેલ કે તેણે જયારે બર્કશાયર હેથવેમાં રોકાણ કરવામાં બહુ મોટી ભૂલ કરેલી હતી પછી ભલે આજે બર્કશાયરના શેરનો ભાવ ૭૪૪૫૦ ડૉલરનો હોય. વોરેને તેના શેરહોલ્ડર્સના પત્રમાં જણાવેલ કે ૧૯૬૨માં લોસ કરતી ટેકસટાઇલ મિલ બર્કશાયર હેથવેનો શેર સસ્તો હોવાથી તેમાં રોકાણની શરૂઆત કરેલી હતી અને બર્કશાયર કંપનીના મેનેજમેન્ટએ ૧૯૬૪માં આ કંપનીના શેર ૧૧.૩૨ ડૉલરના ભાવે બાયબેક કરવાની જાહેરાત કરેલી હતી. પણ તેની સત્તાવાર ઓફરનો લેટર વોરેનને મળ્યો ત્યારે આ બાયબેક ઓફરનો ભાવ ઘટીને ૧૧.૨૦ ડૉલરનો થઇ ગયો હતો. તેથી બફે ગુસ્સામાં બર્કશાયર કંપનીના શેર બાયબેકમાં આપવાના બદલે એટલી મોટી સંખ્યામાં ખરીદી લીધેલા કે મેજોરીટી વોરેનની થઇ ગઇ અને માલિકો કંપનીમાંથી બહાર ફેંકાઇ ગયા!

બફેટ પત્રમાં જણાવે છે કે આ એક ગુસ્સાભર્યા નિર્ણયના કારણે આ લોસ મેકિંગ કંપનીમાં ૨૦ વર્ષ સુધી તેનું રોકાણ ફસાઇ ગયું અને ઓપાર્ચ્યુનીટી મિસની કોસ્ટ ૨૦૦ બિલ્યન ડૉલર્સની તેણે ભોગવેલ હતી !

૧૯૯૩માં વોરેન બફે ફરી ભૂલ કરેલી જયારે તેણે બફે ડેકસ્ટ શૂ કંપનીને ૪૩૩ મિલ્યનમાં ખરીદી હતી. એમ વિચારીને કે આ બ્રાન્ડ ખૂબ મજબૂત છે પરંતુ તેઓએ ગણતરી કરવામાં થાપ ખાઇ ગયા કે સસ્તા વિદેશી આયાતી જૂતા સ્થાનિક ઉત્પાદનને કેટલી ઝડપથી નષ્ટ કરી દેશે. આનાથી પણ મોટી ભૂલ એ હતી કે તેમણે આ સોદો રોકડા પૈસા ચૂકવીને નહીં, પરંતુ બર્કશાયર હેથવેના શેર આપીને કર્યો હતો. જે બર્કશાયરના શેરનો ભાવ આજે ૭,૪૪,૫૬૦ ડૉલરનો છે! આ શુ કંપની સંપૂર્ણપણે ડૂબી ગઇ ને ઝીરો થઇ ગઇ અને બફેટે જે બર્કશાયરના શેર આપ્યા હતા તેનું મૂલ્ય આજે અબજો ડૉલરનું થાય છે.

સ્ટેનલી ડ્રકનમિલર મેક્રોઇન્વેસ્ટિંગ ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ રેકોર્ડ ધરાવે છે. તેમણે ૧૯૯૨માં બ્રિટિશ પાઉન્ડ સામે શોર્ટ પોઝિશન લેવા માટે જયોર્જ સોરોસ સાથે કામ કર્યું હતું. જે ખૂબ પ્રખ્યાત છે. છતાં તેઓ ૨૦૦૦ની સાલના ડોટકોમ બબલ ટેકનોલૉજી શૅરોમાં આવેલી તેજી અને મંદીની જાળમાં ફસાઇ ગયા હતા.

૧૯૯૯માં ડ્રકનમિલરનું માનવું હતું કે ટૅકનોલૉજી શેરોના ભાવ એક બબલ છે અને ગમે ત્યારે તેમાં ક્રેશ આવી શકે તેમ છે. તેથી તેણે ૧૯૯૯માં ટેકનોલૉજીના શેર્સ માર્કેટમાં મોટી સંખ્યામાં શોર્ટ કર્યા હતા.

કારણકે તેઓ માનતા હતા કે આ શેરોના ભાવ અવાસ્તવિક રીતે વધી ગયા છે. તેઓ સાચા હતા, પરંતુ તેઓ ટ્રેડમાંથી ખૂબ વહેલા નીકળી ગયા. ત્યારબાદ તેમણે જોયું કે તેમની સરખામણીએ ઓછા અનુભવી મેનેજરો ટેક શેરોની તેજીમાં અઢળક કમાણી કરી રહ્યા હતા. ઇર્ષ્યા અને તક ગુમાવી દેવાના ડરથી પ્રેરિત થઇને તેમણે માર્ચ ૨૦૦૦માં જયારે માર્કેટ બિલકુલ ટોચ પર હતું ત્યારે તેણે માત્ર એક અઠવાડિયામાં ૬ અબજ ડૉલરની રકમનું ટૅકનોલૉજી શેર્સમાં રોકાણ કરી નાખ્યું કે ટેક બુમમાં તે જબરો નફો કમાઇ લેશે. પણ તેની આ ગણતરી માત્ર ૬ અઠવાડિયામાં જ ખોટી ઠરી અને ટેક્નોલોજી શેરનો પરપોટો ફૂટી જતા માર્કેટ ક્રેશ થયું અને ટૅકનોલૉજી શેરોના ભાવ ધારાશાહી થઇ ગયા અને ૩ અઠવાડીયામાં ૩ અબજ ડૉલરનું નુકસાન કર્યું. જેના કારણે તેમણે સોરોસ ફંડ મેનેજમેન્ટમાંથી રાજીનામું આપવું પડયું.

ઇર્ષ્યા અને માનસિક સંતુલન ગુમાવીને ચોરને વાદે ચણા લેવામાં રોકાણના આંધળુકીયાં નિર્ણય બરબાદીને નોતરી શકે છે.

આવી જ રીતે બિલ એકમેન એ એક સફળ અમેરિકન રોકાણકાર છે. તેથી તેણે ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ કંપની 'હર્બાલાઇફ' સામે ૧ અબજની વિશાળ શોર્ટ પોઝિશન લીધી અને જાહેરમાં જાહેરાત કરી કે આ કંપની એક પોન્ઝી સ્કીમનું કૌભાડ છે.

તેમણે મીડિયામાં મોટું અભિયાન ચલાવ્યું. ત્રણ કલાકનું પ્રખ્યાત પ્રેઝન્ટેશન આપ્યું અને પ્રતિજ્ઞા લીધી કે જયાં સુધી આ સ્ટોકનો ભાવ ઝીરો નહીં થાય ત્યાં સુધી તેઓ પીછેહઠ નહીં કરે. તેમની આ જાહેર જાહેરાતને કારણે તેમના કટ્ટર હરીફ કાર્લ આઇકન જેવા રોકાણકારોએ એકમેનને નુકસાન પહોંચાડવા માટે જાણી જોઇને બજારમાંથી આ શેર ખરીદવાનું શરૂ કર્યું. આના કારણે હર્બાલાઇફનો શેર તૂટવાને બદલે વધતો રહ્યો.

એકમેન પાંચ વર્ષ સુધી જીદ પકડીને બેસી રહ્યાં અને હર્બલાઇફના શેરનો ભાવ નીચે નહીં જ આવતા આખરે ખૂબ મોટા નુકસાન સાથે તેમણે આ ટ્રેડમાંથી બહાર નીકળવું પડયું.

તમારા રોકાણના નિર્ણયને કયારેય અહંકાર કે જાહેર પ્રતિષ્ઠાનો મુદ્દો ન બનાવો. એકવાર તમારો અહંકાર કોઇ શેર સાથે જોડાઇ જાય પછી પરિસ્થિતિ બદલાવા છતાં તમારો નિર્ણય બદલવો અશક્ય બની જાય છે.

આમ રોકાણકારો પછી તે નાના ગજાના હોય કે મોટા ગજાના કયારેક તેના રોકાણના નિર્ણયોમાં ભૂલો કરતા હોય છે કે તકો ગુમાવતા હોય છે. પણ સફળ રોકાણકારોમાં અને મૂર્ખ રોકાણકારોમાં એક ફરક હોય છે કે સફળ રોકાણકારાનો પોર્ટફોલિયો વાઇલ્ડ સ્પ્રેડ હોય છે જેથી એકાદ બે ભૂલોનું નુકસાન આમ મોટું લાગે પણ ઓવરઓલ સાઇઝમાં પ્રમાણમાં ઓછું હોય છે કારણ કે નુકસાન થતા સેકટરમાં તેનું સો ટકા નહીં પણ ૧૦ કે કદાચ ૧૫ ટકા જ ટોટલ પોર્ટફોલિયાની રકમનું રોકાણ હોવાથી ઓવરઓલ ઇમ્પેક્ટ ઓછી આવે છે જે ભરપાઇ થઇ શકે છે.

પણ મુર્ખ રોકાણકારો કયારેક પોર્ટફોલિયાની વેલ્યુના ૭૫થી ૯૦ ટકા ટીપના આધારે કે કહીશું ની વાતના આધારે રોકાણ કરાતા હોય છે જે કયારેક બહુ ઘાતક થઇ શકે છે તેથી ભૂલ માફ થઇ શકે આંધળુકીયાં નહીં. રોકાણનો ગોલ્ડન રૂલ છે : સ્ટે ઇન્વેસ્ટેડ. આપણામાં કહેવાય છે ને કે સંઘર્યો સાપ પણ કામમાં આવે છે! ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૯૬.૩ કરોડ ડૉલરનો વધારો

મુંબઈ: ગત ૧૯મી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૯૬.૩ કરોડ ડૉલર વધીને ૬૭૨.૫૮૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૯.૯૮૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૭૧.૬૨૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં સૌથી વધુ હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૦૭૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૪૧.૨૧૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૫.૨ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૪૭ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૨ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૭૯૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

જોકે, સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૪.૧૧૦ અબજ ડૉલર વધીને ૧૦૭.૯૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાથી એકંદરે અનામતમાં વધારો જોવા મળ્યો હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# ફેડરલ રિઝર્વ દ્વારા સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની શક્યતા નબળી પડતાં વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો

## અમેરિકાએ ઈરાન પર કરેલા વળતા હુમલાથી ભૂરાજકીય ચિંતા ફરી સપાટી પર

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકી ફેડરલ રિઝર્વે ગત ૧૬-૧૭ જૂનની નીતિવિષયક બેઠકના અંતે ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાને ધ્યાનમાં લેતા વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરી હતી, તેમ જ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણાનો પહેલો તબક્કો સફળ રહેતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ અને ફેડરલ રિઝર્વ શેષ વર્ષ ૨૦૨૬માં ત્રણ વખત વ્યાજદરમાં વધારો કરશે અને આગામી સપ્ટેમ્બર મહિનામાં જ પહેલી વખત વ્યાજદર વધારે તેવી ભીતિ સપાટી પર આવતા વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા અને વિશ્વ બજાર પાછળ સ્થાનિક સ્તરે પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવ ઘટી આવ્યા હતા. જોકે, સપ્તાહના અંતે અથવા તો ગત ગુરુવારે અમેરિકાના મે મહિનાના જાહેર થયેલા ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઓછી માત્રામાં વધારો થયો હોવાથી હવે ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વ્યાજદર વધારે તેવી શક્યતા નબળી પડતાં શુક્રવારે વિશ્વ બજારમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહમાં એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઘટીને ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૦ ડૉલરની સપાટીની અંદર ઊતરી ગયા હતા.

વધુમાં ગત સપ્તાહના અંતે ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પરથી પસાર થઈ રહેલી કાર્ગો શિપ પર ડ્રોન હુમલો કર્યો હતો તેનાં વળતા જવાબમાં એક દિવસ પછી ઈરાને શાંતિ કરારનું ઉલ્લંઘન કર્યું હોવાનું જણાવી અમેરિકાએ પણ વળતો હુમલો કર્યો હોવાથી ફરી ભૂરાજકીય તણાવની ચિંતા સપાટી પર આવી હતી અને ક્રૂડતેલના ભાવમાં પણ ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. આથી હવે આગામી સપ્તાહે બજારની નજર ક્રૂડતેલના ભાવ પર પણ મંડાયેલી રહેશે, એમ બજાર વર્તુળોએ જણાવતા ઉમેર્યું હતું કે જો ક્રૂડતેલના ભાવમાં ફરી તેજીનો સંચાર થશે તો પુનઃ ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર આવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે.

દરમિયાન સ્થાનિક ઝવેરી બજારમાં પણ વિતેલા સપ્તાહે વિશ્વ બજાર પાછળ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. જોકે, ગત શુક્રવારે મોહરમની જાહેર રજા હોવાથી ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ રહ્યું હોવાથી સપ્તાહ દરમિયાન કામકાજના ચાર જ સત્ર રહ્યા હતા. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૯મી જૂનના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૪,૯૭૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૪૬,૬૬૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૩૯,૮૭૩ અને ઉપરમાં રૂ. ૧,૪૭,૩૧૦ની રેન્જમાં રહીને અંતે સપ્તાહની નીચી રૂ. ૧,૩૯,૮૭૩ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ સાપ્તાહિક ધોરણે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૯૭નો અથવા તો ૩.૫૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૯મી જૂનના કિલોદીઠ રૂ. ૨,૩૧,૯૭૩ના બંધ સામે વધીને રૂ. ૨,૩૭,૭૯૯ની સપાટીએ ખૂલ્યા બાદ ઉપરમાં રૂ. ૨,૩૭,૮૦૧ અને નીચામાં રૂ. ૨,૧૫,૪૮૫ની રેન્જમાં રહીને અંતે રૂ. ૨,૧૬,૫૪૧ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ચાંદીના ભાવમાં સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૧૫૪૩૨નો અથવા તો ૬.૬૫ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર ગત સપ્તાહે સોનામાં ઘટ્યા મથાળેથી છૂટીછવાઈ રિટેલ સ્તરની માગ જોવા મળી હતી, પરંતુ વધુ ભાવઘટાડાના આશાવાદે જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો તથા રોકાણકારોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાથી તેઓની ખરીદી મર્યાદિત રહી હતી. તે જ પ્રમાણે ચાંદીમાં પણ સ્ટોકિસ્ટો અને જ્વેલરો વધુ ભાવઘટાડાના આશાવાદે નવી ખરીદીથી દૂર રહ્યા હતા. તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પણ ખપપૂરતી રહી હતી. જોકે, ગત સપ્તાહના અંતે વિશ્વ બજારમાં ભાવ વધી આવ્યા હોવાથી સ્થાનિક સ્તરે પણ ભાવમાં ઘટ્યા મથાળેથી ઉછાળો આવે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા.

અમેરિકા અને ઈરાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ હળવો થવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વે તંગ નાણાનીતિના સંકેતોને ધ્યાનમાં લેતા ગત સપ્તાહે વૈશ્વિક સોના અને ચાંદીના ભાવમાં અનુક્રમે બે ટકાનો અને પાંચ ટકાનો ઘટાડો આવ્યો હતો. ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વના તંગ નાણાનીતિના સંકેતે ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા, પરંતુ ફુગાવાની જાહેરાતે સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની શક્યતા નબળી પડતાં અમુક અંશે ટેકો મળ્યો હતો. જોકે, શિકાગો ફેડનાં પ્રમુખ જ્હોન વિલિયમ્સે ફુગાવો ફેડરલ રિઝર્વની લક્ષ્યાંકિત સપાટી કરતાં ઊંચો હોવાથી લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદરની સપાટી જાળવી રાખે તેવો પુનરોચ્ચાર કર્યો હતો. આમ ઊંચા વ્યાજદરના સંજોગોમાં રોકાણકારોની સોના અને ચાંદી જેવી કિંમતી અસ્ક્યામતોમાં માગ નબળી રહેતી હોય છે, એમ એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ એડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું.

વધુમાં ગત સપ્તાહે ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પર એક કાર્ગો શિપ પર કરેલા ડ્રોન હુમલાના જવાબમાં અમેરિકાએ પણ ઈરાન પર વળતો હુમલો કર્યો હોવાથી પુનઃ ભૂરાજકીય તણાવ સપાટી પર આવ્યો હતો. આમ એકંદરે સોના અને ચાંદીમાં નરમાઈનું વલણ જળવાઈ રહેશે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન કોમેક્સ વિભાગ પર સોનાના ઔંસદીઠ ૪૦૦૦થી ૪૫૦૦ ડૉલરની રેન્જમાં અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૪૮થી ૬૫ ડૉલરની રેન્જમાં રહેશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૦,૦૦૦થી ૧,૫૦,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧,૮૯,૦૦૦થી ૨,૩૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૮૨ ટકા વધીને ઔંસદીઠ ૪૦૬૪.૫૦ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૪૦૯૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૨.૨ ટકા વધીને ઔંસદીઠ ૫૯.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગત મે મહિનામાં અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ઈન્ડેક્સમાં વર્ષાનુવર્ષ ધોરણે ૪.૧ ટકા વધી આવ્યો હતો અને આ વૃદ્ધિ બજારની અપેક્ષાનુસાર જ રહેતાં હવે ટ્રેડરો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી સપ્ટેમ્બરમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૯ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા જે અગાઉ ૬૪ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી હતી. એકંદરે આગલા સપ્તાહના વેચવાલીના દબાણ પશ્ચાત્ સોનામાં ઘટ્યા મથાળેથી નોંધપાત્ર સુધારો આવ્યો હોવાનું અમેરિકન ગોલ્ડ એક્સચેન્જના વિશ્લેષક જિમ વાઈકોફે જણાવતાં ઉમેર્યું હતું કે વ્યાજના ઊંચા દર અને તંગ નાણાનીતિને કારણે સોનામાં માગ નબળી પડતી હોય છે.

વધુમાં ટીડી સિક્યોરિટીઝે એક નોટ્સમાં જણાવ્યું હતું કે ક્રૂડતેલના ઊંચા ભાવ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ સોનાને વધુ દબાણ હેઠળ રાખે તેવી શક્યતા નકારી ન શકાય. ■

# ખાંડમાં આગળ ધપતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦ અને રૂ. છનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સપ્તાહનો અંત હોવાને કારણે રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ પણ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. વધુમાં આજે એકંદરે માગ ઉપરાંત માલની ગુણવત્તા પણ સારી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૨૬થી ૪૦૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સુધારા સાથે રૂ. ૪૧૩૨થી ૪૨૧૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૩૯૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૦થી ૪૧૩૦માં ટકેલા ધોરણે થયા હતા. ■

# ઈલેક્ટ્રિકલ સ્ટીલ પરની એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી ટ્રાન્સફોર્મરની કિંમત વધારશે: જીટીઆરઆઈ

નવી દિલ્હી: કોલ્ડ રોલ્ડ ગ્રેઈન ઓરિયન્ટેડ (સીઆરજીઓ) ઈલેક્ટ્રિકલ સ્ટીલ જેની સ્થાનિક કુલ માગ પૈકી ૯૦ ટકા માગ આયાતથી સંતોષાતી હોય છે અને જો તેનાં પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવશે તો ટ્રાન્સફોર્મરનાં ઉત્પાદન ખર્ચમાં વધારો થશે અને દેશમાં પ્રાવરગ્રીડનાં વિસ્તરણની ગતિ પણ મંદ પડશે, એમ થિન્ક ટેન્ક જીટીઆરઆઈ (ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટીવ)એ તાજેતરમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે જેએસડબ્લ્યુ જેએફઈ ઈલેક્ટ્રિકલ સ્ટીલ નાશિક પ્રા. લિ. દ્વારા કરવામાં આવેલી ફરિયાદને ધ્યાનમાં લેતા વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ ગત ૨૨મી જૂનથી ચીન, જાપાન, કોરિયા અને રશિયાથી થતી આયાત સામે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની તપાસ હાથ ધરી છે. આ દેશોથી પહેલી એપ્રિલ, ૨૦૨૫થી ૩૧મી માર્ચ, ૨૦૨૬ દરમિયાન થયેલી આયાતની તપાસ કરવામાં આવશે તેમ જ તેમાં વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ દરમિયાન આયાતને કારણે સ્થાનિક ઉદ્યોગને કેટલી માત્રામાં હાનિ થઈ તે અંગેની આકારણી કરવામાં આવશે.

જીટીઆરઆઈએ જણાવ્યું હતું કે તમામ પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્ફોર્મરમાં સીઆરજીઓનો ઉપયોગ થતો હોય છે. આ સ્પેશિયલાઈઝ્ડ ઈલેક્ટ્રિકલ સ્ટીલથી ઊર્જામાં થતું નુકસાન ઓછું થાય છે અને ઈલેક્ટ્રિસિટીનું અસરકારક ટ્રાન્સમિશન અને વિતરણ થાય છે. દેશમાં સીઆરજીઓની માગ વધવાની શક્યતા છે કેમ કે ભારતે વર્ષ ૨૦૩૨ સુધીમાં પાવરગ્રીડના વિસ્તરણ માટે રૂ. ૯.૧૫ લાખ કરોડનું રોકાણ કરશે. જેમાં ૧,૯૧,૦૦૦ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમિશન લાઈન અને ટ્રાન્સફોર્મરની ક્ષમતા બમણાં કરતાં વધુ કરીને ૨૩૪૨ જીવીએ (ગિગા વૉટ એમ્પિયર) થશે, છતાં ભારત હજુ આયાતનિર્ભર હોવાનું જીટીઆરઆઈએ ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે દેશમાં સીઆરજીઓનો વાર્ષિક વપરાશ અંદાજે ૪,૦૦,૦૦૦થી ૪,૫૦,૦૦૦ ટનનો છે, જ્યારે સ્થાનિકમાં તેનું ઉત્પાદન માત્ર ૪૦,૦૦૦થી ૫૦,૦૦૦ ટનનું થાય છે. આમ દેશની કુલ આવશ્યકતા અથવા તો માગ પૈકી ૯૦ ટકા માગ ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને રશિયાની આયાતથી સંતોષાય છે. આથી આ તપાસનો આરંભ થતાં ચિંતા થઈ રહી છે કે જો ૯૦ ટકા માગ આયાતથી સંતોષાતી હોય અને જો એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવે તો તેને કારણે ટ્રાન્સફોર્મરની કિંમતમાં વધારો થવાની સાથે સાથે દેશની મહત્ત્વાકાંક્ષી એવાં ગ્રીડ વિસ્તરણમાં વિલંબ થશે, એમ જીટીઆરઆઈના સ્થાપક અજય શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સ્થાનિક ઉત્પાદન દેશની કુલ માગ પૈકી માત્ર ૧૦ ટકા જેટલું જ હોવાથી આયાતમાં ઘટાડો થયા વિના ભાવમાં વધારો થઈ શકે છે જેને કારણે ટ્રાન્સમિશનના માળખાકીય ક્ષેત્રમાં, નવીનીકરણીય ઊર્જા એકીકરણમાં અને વીજળી વિસ્તરણમાં રોકાણ નબળું પાડી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# નિકલ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની ધાતુમાં આગેકૂચ

મુંબઈ: વૈશ્વિક બજારમાં ગઈકાલે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ પીછેહઠ જોવા મળી હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે સપ્તાહના અંતે માત્ર નિકલ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૫૬ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ચાર સત્રની મંદીને બ્રેક લાગી હતી અને ભાવ કિલોદીઠ રૂ. ૫૬ના ઉછાળા સાથે રૂ. ૪૯૮૯ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ની તેજી સાથે રૂ. ૧૩૩૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૧૬૮, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૨૫૭, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૨૫૧, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૨૪૬ અને રૂ. ૮૨૦, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૭૮ અને રૂ. ૩૬૩ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૩૪૧ અને રૂ. ૨૦૭ની સપાટીએ રહ્યા હતા. ■

# દેશી-આયાતી તેલમાં નિરસ વેપારે ટકેલું વલણ

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૯ સેન્ટનો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહનું અંતિમ સત્ર અને બૅન્કો પણ બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત નિરસ રહ્યા હતા અને હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે માત્ર રવાનગીના છૂટાછવાયાં કામકાજો થયાં હતાં. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૫, પતંજલિ ફૂડ્સના જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૭૦ અને રૂ. ૧૬૫૫ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. ગુજરાતમાં ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫થી ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૬૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૫થી ૧૫૧૦માં ટકેલા ધોરણે થયા હતા. ■

# સોમનાથમાં એક રેસ્ટોરન્ટમાં નાસ્તો કર્યા બાદ ૧૦ બાળકને ફૂડ પોઈઝનિંગ, તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથમાં આવેલા હાટ બજાર વિસ્તારમાં આવેલી શિવશક્તિ રેસ્ટોરન્ટમાં નાસ્તો કર્યા બાદ ૧૦ બાળકને ફૂડ પોઇઝનિંગ થયું હતું. આ રાજસ્થાનના જયપુરથી સોમનાથ મંદિરના દર્શન કરવા માટે આવેલા એક પ્રવાસી પરિવારના ૧૦ બાળકને અહીં જમ્યા પછી ફૂડ ફોઈઝનિંગ થયું હતું. અચાનક ઊલટી અને પેટમાં અસહ્ય દુઃખાવો થતા તમામ બાળકોને નજીકની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં.

પવિત્ર યાત્રાધામ સોમનાથમાં લોકોના આરોગ્ય સાથે ગંભીર બેદરકારી કરવામાં આવી હોવાની ઘટનાથી પ્રવાસીઓમાં ભારે ચિંતા વ્યાપી છે. ૧૦ બાળકને ફૂડ પોઇઝનિંગ થતાં વહીવટી તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. રાજસ્થાનથી આવેલા આ પ્રવાસી પરિવારે હાટ બજાર સ્થિત શિવશક્તિ રેસ્ટોરન્ટમાંથી સવારનો નાસ્તો કર્યો હતો. અહીં નાસ્તો કર્યા બાદ ૧૦ બાળકનું સ્વાસ્થ્ય લથડી ગયું હતું. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આસપાસના લોકોની મદદથી બાળકોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. કુલ ૧૦ બાળકને ફૂડ પોઈઝનિંગ થયું હતું, તેમાંથી આઠ બાળકની સ્થિતિ વધારે નાજુક હોવાથી તેમને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ભરતી કરવામા આવ્યાં હતા, જ્યારે બે બાળકોને રજા આપી દેવામાં આવી હતી. આ ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. તંત્ર દ્વારા તમામ બાળકો પર નજર રાખવામાં આવી રહી છે. આ સાથે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા શિવશક્તિ રેસ્ટોરન્ટ પર પહોંચીને ખાદ્યપદાર્થોના નમૂના લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. લેબનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું. ■

# અમદાવાદ-વેરાવળ વંદે ભારત ટ્રેનનો રૂટ બદલાતા સુરેન્દ્રનગર-રાજકોટમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં જ પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદના સાબરમતીથી વેરાવળ તરફ દોડતી ૨૬૯૦૧/૨૬૯૦૨ વંદે ભારત ટ્રેનના રૂટમાં ફેરફારને મંજૂરી આપવામાં આવી હતી. પહેલાં આ ટ્રેન સાબરમતીથી ઉપડીને વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર, રાજકોટ અને જૂનાગઢ થઈને વેરાવળ જતી હતી. પરંતુ હવે રેલવેએ ટ્રેનના રૂટમાં ફેરફાર કરીને સાબરમતીથી ગાંધીગ્રામ, ધોળકા, બોટાદ, ઢસા, જૂનાગઢ અને વેરાવળ તરફથી ચલાવવાની મંજૂરી આપી છે. ત્યારે આ મામલે સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે રોષ વ્યાપ્યો છે. રેલવે વિભાગ દ્વારા સાબરમતી અને વેરાવળ વચ્ચે દોડતી વંદે ભારત એક પ્રેસ ટ્રેનના રૂટને બદલવાની મંજૂરી આપવાના નિર્ણય અંગે સુરેન્દ્રનગર, રાજકોટ અને અમદાવાદ જિલ્લાના વેપારીઓ, ઉદ્યોગપતિઓ તેમજ સામાન્ય મુસાફરોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ હતી. આ બાબતે ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા છેક દિલ્હી સુધી રજૂઆત કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારના રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી કે આ રૂટ પર તાત્કાલિક ટ્રેન સેવા ફરીથી શરૂ કરવામાં આવે. ■

કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન વિરમગામ, સુરેન્દ્રનગર અને રાજકોટ થઈને ખૂબ સારી રીતે ચાલી રહી હતી. જેનો સીધો લાભ સૌરાષ્ટ્ર અને ઝાલાવાડ પંથકના હજારો વેપારીઓ, ઉદ્યોગકારો, દૈનિક મુસાફરો તેમજ સોમનાથ જતાં શ્રદ્ધાળુઓને મળી રહ્યો હતો. પણ તાજેતરમાં જ રેલવેએ આ ટ્રેનનો રૂટ બદલી નાખીને તેને અમદાવાદના ગાંધીગ્રામ, ધોળકા, ધંધુકા તેમજ બોટાદ, ઢસા અને જૂનાગઢથી વેરાવળ તરફ જવાની મંજૂરી આપવામાં આવતા સુરેન્દ્રનગર, રાજકોટના હજારો લોકોને ફટકો પડ્યો છે. અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી રાજકોટ ડિવિઝન અને સુરેન્દ્રનગર જિલ્લાને નવી ટ્રેન સેવાનો લાભ મળે તે માટે અનેક રજૂઆતો કરવામાં આવી છે પણ તે દિશામાં ખાસ કોઈ સંતોષકારક કામગીરી થઈ નથી, આ સમયે એક ચાલુ ટ્રેનને ડાયવર્ટ કરી દેવાના તંત્રના નિર્ણય સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો કે આ સાથે તેમણે એવી પણ માગ કરી છે કે અઠવાડિયાના અમુક દિવસો દરમિયાન ટ્રેનને અમદાવાદ-વિરમગામ-રાજકોટ થઈને તો અમુક દિવસો દરમિયાન અમદાવાદ-ઢસા-જૂનાગઢ થઈને ચલાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. ■

# રાજકોટના જસદણમાં હડકાયા શ્વાને એક યુવકને ૧૦ બચકાં ભર્યાં, સ્થાનિકોમાં ભયનો માહોલ

અમદાવાદઃ રાજકોટના જસદણમાં હડકાયા શ્વાને આતંક મચાવ્યો હતો. શહેરમાં આવેલા છત્રી બજારમાં એક હડકાયા શ્વાને એક યુવક પર હુમલો કર્યો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે થોળેશ્વર શેરીમાં વસીમભાઈ યુસુફભાઈ પરીયાણી પર શ્વાને હુમલો કર્યો હતો. આ શ્વાને યુવકને એક બે નહિં પણ ૧૦ જગ્યાએ ઘાતકી બચકા ભર્યાં હતાં. આ ઘટનાની સીસીટીવી ફૂટેજ પણ વાઇરલ થયા હતા. જેમાં શ્વાન યુવકને ફાડી ખાતો સ્પષ્ટ રીતે જોવા મળ્યો હતો. સ્થાનિકો દ્વારા ભારે જહેમત બાદ યુવકને છોડાવવામાં આવ્યો હતો. છોડાવ્યા બાદ સત્વરે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યાં પ્રમાણે આ વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી ચારથી પાંચ દિવસથી હડકાયા શ્વાનનો આતંક છવાયેલો છે. જેના કારણે લોકોમાં ભારે ભયનો માહોલ છે અને લોકોએ ઘરની બહાર નીકળવાનું પણ ઓછું કરી નાખ્યું હતું. ખાસ કરીને જસદણના છત્રી બજારમાં ભયનો માહોલ વધારે હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આ મામલે સ્થાનિક લોકો દ્વારા નગરપાલિકાની કામગીરી પર પણ સવાલો કર્યાં હતાં. વારંવાર રજૂઆતો કરવા છતાં પણ પાલિકા તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. ■

# ભાવનગરમાં ભાજપનું પ્રશિક્ષણ મહાઅભિયાન શરૂ, સાત વિવિધ વિષયો પર કાર્યકર્તાઓને માર્ગદર્શન અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અને ગુજરાત પ્રદેશ નેતૃત્વના આદેશાનુસાર સમગ્ર દેશમાં ચાલી રહેલા 'પ્રશિક્ષણ મહાઅભિયાન' અંતર્ગત હવે ભાવનગર મહાનગરમાં પણ આ અભિયાનનો ભવ્ય પ્રારંભ થયો હતો. બુધેલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વોર્ડ નંબર છ અને વોર્ડ નંબર આઠના કાર્યકર્તાઓ માટે પ્રથમ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રશિક્ષણ વર્ગમાં નિષ્ણાત વક્તાઓ દ્વારા ભાજપની વિચારધારા, સંગઠન અને આગામી જવાબદારીઓ અંગેના કુલ સાત અલગ-અલગ વિષયો પર સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવશે, જેમાં વૈચારિક અધિષ્ઠાન, ભાજપા ઇતિહાસ તથા વિકાસ, કાર્ય વિસ્તારની દ્રષ્ટિ, આપણી કાર્ય પદ્ધતિ તથા કાર્યકતા સંભાળ, કેન્દ્ર તથા રાજ્ય સરકારની ઉપલબ્ધિઓ તથા ક્રિયાન્વયન, સોશ્યલ મીડિયા, નમો એપ તથા સરલ એપ સહિત સાત વિષયો પર માર્ગદર્શન આપશે, આખો દિવસ ઉપસ્થિત રહેલા વોર્ડના અપેક્ષિત કાર્યકર્તાઓએ વક્તાઓના વક્તવ્ય દ્વારા સંગઠનાત્મક બોધપાઠ મેળવશે, આ સાથે જ કાર્યક્રમ સ્થળે પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ મહાઅભિયાનના પ્રારંભ પ્રસંગે ભાજપના વરિષ્ઠ આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી, જેમાં મુખ્યત્વે પૂર્વ પ્રદેશ પ્રમુખ રાજુભાઈ રાણા, ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણિયા, ધારાસભ્ય સેજલબેન પંડ્યા તથા સંગઠનના પદાધિકારીઓ પ્રમુખ કુમારભાઈ શાહ, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ, મુકેશભાઈ, નીલેશભાઈ, પૂર્વ અધ્યક્ષ રાજીવભાઈ પંડ્યા, અમોહભાઈ શાહ તથા અન્ય વડીલ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર મહાનગરના કુલ ૧૩ વોર્ડના કાર્યકર્તાઓને તાલીમબદ્ધ કરવા માટેનું આ આયોજન આગામી દિવસોમાં પણ જારી રહેશે. આ અભિયાન દર શનિવાર અને રવિવારે યોજાશે, જેમાં તા. ૨૭-૨૮ જૂન, ૪-૫ જુલાઈ અને ૧૧-૧૨ જુલાઈ એમ કુલ ત્રણ સપ્તાહ સુધી આ પ્રશિક્ષણ વર્ગ ચાલશે. દરેક દિવસે બે-બે વોર્ડને આવરી લઈ આ પ્રશિક્ષણ મહાઅભિયાનના માધ્યમથી પાયાના કાર્યકર્તાઓને સજ્જ કરવાનું લક્ષ્ય ભાજપ સંગઠન દ્વારા રાખવામાં આવ્યું છે. ■

# ભાવનગરમાં સોમવારે જેઠ સુદ પૂનમના દિવસે ભગવાન શ્રી જગન્નાથજીનો જળાભિષેક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દર વર્ષે પરંપરા મુજબ અષાઢ સુદ બીજના દિવસે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાનું આયોજન થાય છે તે પ્રમાણે આગામી અષાઢીબીજ તા-૨૭/૭ ને શુક્રવારના રોજ આ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રા પહેલા દર વર્ષે જેઠ સુદ પૂનમના દિવસે ભગવાનને જળાભિષેક કરવામાં આવે છે તે મુજબ આગામી જેઠ સુદ પૂનમને તા-૨૯/૬/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૪ કલાકે સુભાષનગર ભાવનગર ખાતે આવેલ શ્રી જગન્નાથજી મંદિરે શ્રી જગન્નાથજી, બડેભૈયા શ્રી બલરામજી, બહેનશ્રી સુભદ્રાજીને સાત નદીઓ ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી, નર્મદા, સરયુ, ગંગા સાગર અને માનસરોવર વગેરે નદીઓના નીર અને શ્રી જગન્નાથપુરી ખાતે આવેલ ઇન્દ્રધુમન સરોવરના નીર, તથા રામેશ્વરના ૨૧ કુંડનું જળ, કેસર, ચંદન, અત્તર, પંચામૃત તથા બીજા દ્રવ્યોથી ભવ્ય રીતે જળાભિષેક કરવામાં આવશે. આ જળાભિષેક સમયે શ્રદ્ધાળુ ભાઇઓ-બહેનોને દર્શન કરવા તથા જળાભિષેક દર્શનનો ધર્મલાભ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવાયું છે. ■

# ભાવનગરના ભાદ્રોડ ગામની સીમમાં ચાલતા જુગારધામ પર પોલીસનો દરોડો

## ૨ શખ્સો ઝડપાયા, ૬ શખ્સો નાસી છૂટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવાના ભાદ્રોડ ગામની સીમમાં જુગારધામ પર દરોડો પાડી પોલીસે બે શખ્સોને ઝડપી લીધા હતા. જ્યારે અન્ય છ શખ્સો અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે રોકડ અને ૭ બાઈક સહિત કુલ રૂ.૧.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મહુવા પોલીસે મળેલી ચોક્કસ બાતમીના આધારે મોડી રાત્રે ભાદ્રોડ ગામની સીમ માં કંટાસર જવાના રસ્તે આવેલ જોબા વાડી વિસ્તારમાં બાવળની કાંટમાં ચાલતા જુગારધામ દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતા હરેશ ઉર્ફે દદુભાઈ કાતરિયા અને ધર્મેશભારથી ગોસ્વામીને રંગેહાથ ઝડપી લેવાયા હતા. પોલીસે આરોપીઓની અંગઝડતી કરતા અને જુગારના પટમાંથી રૂ.૧૨,૫૦૦ રોકડા મળી આવ્યા હતા. આ ઉપરાંત, જુગારીઓ સ્થળ પર મૂકીને નાસી ગયેલા ૭ મોટરસાઈકલ પણ જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત રૂ.૧,૫૦,૦૦૦ આંકવામાં આવી છે. આમ, પોલીસે કુલ રૂ.૧,૬૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસે પકડાયેલા બે શખ્સો અને ફરાર થઈ ગયેલા અન્ય છ શખ્સો પંકજ કાતરિયા, પ્રવીણ ઉર્ફે ધોકડી, ધીરુભાઈ પરમાર, ભરત ભરવાડ, કરણ વાઘ અને લાલાભાઈ ભરવાડ સહિત કુલ આઠ ઈસમો વિરુદ્ધ જુગાર ધારા કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# કચ્છના પત્રી ગામના ચકચારી હત્યાકાંડની આરોપી વેજીબેન ચાડ સહિત ૫ સામે ₹ ૧.૩૯ કરોડની છેતરપિંડીનો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમીન વેચાણના બહાને ભુજના એક જાણીતા જમીન દલાલ પાસેથી ટુકડે-ટુકડે રૂ.૧.૩૯ કરોડ પડાવી લઈ જમીનનો દસ્તાવેજ ન કરી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવા બદલ પ્રાગપર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં મુંદરા તાલુકાના પત્રી ગામના ક્ષત્રિય યુવકના ચકચારી હત્યાકાંડ, અપહરણ અને એટોસિટી જેવા ગંભીર ગુનાની આરોપી વેજીબેન વાલજી ચાડ ઉપરાંત વાંકી પત્રીના ખોજા પરિવારના ચાર સભ્યો સહિત કુલ ૫ લોકો સામે ગુનો નોંધાતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ભુજના પ્રમુખ સ્વામીનગરમાં રહેતા જમીન દલાલ મહમદ રફીક હાજી ખોજાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વાંદી ગામે આવેલી રેવન્યૂ સર્વે નંબર ૩૬૮ની ૨૨ એકર જમીન વાંકી ગામના જોહરાબાઈ, અમીન, ઈરફાન અને કરિશ્મા અમીરઅલી ખોજાના નામે છે. પત્રીની વેજીબેન ચાડે ખોજા પરિવાર પાસેથી આ જમીનનો સાટા કરાર પોતાના નામે કરાવ્યો હતો. ફરિયાદી મહમદ રફીકે આ જમીન ખરીદવામાં રસ દાખવતા વેજીબેન સાથે પ્રતિ એકર ૧૩ લાખ લેખે કુલ રૂ. ૨,૮૬,૨૫,૦૦૦માં સોદો નક્કી થયો હતો અને બાના પેટે રૂ. ૪૦ લાખ રોકડા આપી સાટા કરાર કરાયો હતો.

સોદાની શરત મુજબ ફરિયાદીએ બાકીની રકમ ખોજા પરિવારને ચૂકવવાની હતી. ફરિયાદીએ તેમના ભાગીદાર ધીરુભા જાડેજા સાથે મળીને જમીન માલિક ઈરફાન ખોજાને ચેક અને રોકડા ચૂકવવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન જમીન દસ્તાવેજ માટે ટોકન લેવાના દિવસે જ અખબારમાં જાહેર નોટિસ પ્રસિદ્ધ થઈ હતી, જેમાં ઈરફાનની ફોઈ દિલસાદબેને આ જમીન વડીલોપાર્જિત હોવાનું જણાવી પોતાનો હક હોવાનો દાવો કર્યો હતો અને સોદો કરનાર સામે ફોજદારી પગલાં લેવાની ચીમકી આપી હતી.

જાહેર નોટિસ અંગે ફરિયાદીએ પૃચ્છા કરતાં ઈરફાન અને વેજીબેને 'ફોઈ સાથે મામલો સેટલ કરી દઈશું' તેવા ખોટા વાયદા આપી ફરિયાદીને વિશ્વાસમાં રાખ્યા હતા. ત્યારબાદ સમાધાન થઈ ગયું છે તેમ કહીને ઈરફાન અલગ-અલગ તારીખે વધુ લાખો રૂપિયા પડાવતો રહ્યો હતો. આમ, ફરિયાદી પાસેથી કુલ રૂ. ૧.૩૯ કરોડ પડાવી લીધા બાદ અંતે ઈરફાને જમીનમાં નફાનો ભાગ આપવાની માંગણી કરી દસ્તાવેજ કરી આપવાનો સાફ ઇનકાર કરી દીધો હતો.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ફરિયાદીએ ચેક, બેંક ખાતાની વિગતો અને રસીદોના પુરાવા સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રાગપર પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# લખપતના બરંદામાં યુવકનાં ભેદી મોતઃ પોલીસને જાણ કર્યા વિના દફનવિધિઃ તપાસનો ધમધમાટ

ભુજઃ કચ્છના લખપત તાલુકાના અંતરિયાળ બરંદા ગામે એક યુવકનું ભેદી સંજોગોમાં મોત નીપજ્યાં બાદ પોલીસને જાણ કર્યા વગર જ તેની દફનવિધિ કરી દેવાતાં ચકચાર મચી ગઈ હતી. આ મામલે ગુનાહિત કાવતરાની આશંકા સેવાતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગત મુજબ, બરંદા ગામનો સિદ્દીક ઉર્ફે ઈરફાન અલીમામદ પડિયાર નામનો પરિણીત યુવક સીમાડે ઢોર ચરાવવા ગયો હતો, જ્યાં ઝાડ પર ગળેફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે, આ અપમૃત્યુ અંગે નારાયણ સરોવર પોલીસ મથકે કોઈ પણ જાતની સત્તાવાર નોંધ કરાવ્યા વિના જ મૃતકની દફનવિધિ પતાવી દેવાઈ હતી. ગામના જાગૃત નાગરિક દ્વારા આ મામલાને દબાવવાનો પ્રયાસ થતો હોવાની આશંકા સાથે પોલીસને લેખિત રજૂઆત કરવામાં આવી છે. યુવકને મરવા માટે મજબૂર કરાયો હતો કે પછી તેની હત્યા કરવામાં આવી છે તે સત્ય શોધવા માટે ફોરેન્સિક પુરાવા, મોબાઈલ લોકેશન, કોલ ડિટેઈલ્સ અને સીસીટીવી ફૂટેજ તપાસવા માગ કરાઈ છે. હાલ નારાયણ સરોવર પોલીસ મથકના મહિલા ઇન્સ્પેક્ટર જે. બી. કુણીયાએ બરંદા ગામે પહોંચીને પ્રાથમિક તપાસ આદરી છે, જ્યારે નખત્રાણા નાયબ પોલીસ અધીક્ષક દ્વારા આ ચકચારી પ્રકરણની ગહન તપાસ હાથ ધરવામાં આવશે. ■

# કચ્છમાં અસહ્ય ઉકળાટ વચ્ચે મેઘરાજાની પધરામણી

## વાગડ અને નખત્રાણા પંથકમાં શુકનવંતાં ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં પ્રવર્તમાન રહેલા અસહ્ય ગરમી અને બફારાના અકળાવનારા માહોલ વચ્ચે લાંબી પ્રતીક્ષા બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. આર્દ્રા નક્ષત્રના આરંભ સાથે જ રાપર અને નખત્રાણા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરતાં જનજીવને રાહતનો શ્વાસ લીધો હતો.

રાપર શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શુક્રવારના ગૌધુલીક સમયે અચાનક વાતાવરણ પલટાયું હતું. વેગીલો પવન ફૂંકાયા બાદ શરૂ થયેલા વરસાદથી રાપર શહેરના માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. આ ઉપરાંત તાલુકાના ત્રંબૌ, વજેપર, કલ્યાણપર અને ગેડી સહિતના ગામોમાં પણ ઉકળાટ વચ્ચે વરસાદી એન્ટ્રી થઈ હતી. જો કે, કેટલાક વિસ્તારોમાં માત્ર સીમ-પાદર પૂરતો જ વરસાદ પડતાં ગામ કોરાધાકોર રહ્યા હોવાના અહેવાલ પણ મળ્યા હતા.

ચોમાસાની ઋતુના પ્રથમ અને પવિત્ર ગણાતા 'આર્દ્રા' નક્ષત્રના બેસતાની સાથે જ નખત્રાણા તાલુકાના માકપટ્ટ વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો હતો. તાલુકાના મોટી વિરાણી, સુખપર વાંઢ, કલરાઇ અને પખડા વિસ્તારમાં મોડી રાત્રે પડેલા વરસાદી ઝાપટાંથી માર્ગો પર પાણી વહી ગયા હતા. અનુભવીઓના મતે ભીમ અગિયારસ અને આર્દ્રા નક્ષત્રમાં મેઘરાજાની આ હાજરી આગામી દિવસોમાં સારા ચોમાસાના સંકેત આપે છે. બીજી તરફ, જિલ્લા મથક ભુજ સહિતના અન્ય વિસ્તારોમાં ભારે ગરમી અને ઉકળાટનો પ્રકોપ યથાવત્ રહ્યો હતો. ભુજમાં મહત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી, જ્યારે અંજાર અને ગાંધીધામમાં ૩૯.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ચાર દિવસ સુધી મોટા વરસાદની કોઈ શક્યતા નથી અને કચ્છમાં સત્તાવાર ચોમાસાના આગમન માટે હજુ થોડી રાહ જોવી પડશે. ■

# ભૂંડ ભગાડવા માટેની ગેરકાયદે વીજ વાડે નીલગાયનો ભોગ લીધો, ખેડૂત દંડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જિલ્લાના ગોંડલ તાલુકાના જામવાડી ગામે વન્યપ્રાણીઓના સંરક્ષણ અંગે વન વિભાગે લાલ આંખ કરી હતી. ખેતી પાકને નુકસાન કરતા ભૂંડને ભગાડવા માટે ખેડૂત દ્વારા કરવામાં આવેલી ગેરકાયદેસર વીજ વાડની કામગીરી બે નિર્દોષ નીલગાયના મોતનું કારણ બની હતી. આ મામલે વન વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી ખેડૂતને દંડ ફટકાર્યો હતો.



(તસ્વીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

જામવાડી ગામે કિશોરભાઈ ચંદુભાઈ વિરોલિયા નામના ખેડૂતે પોતાની વાડીમાં ભૂંડના ત્રાસથી બચવા માટે જમીનથી દોઢ થી બે ફૂટની ઊંચાઈએ ગેરકાયદેસર રીતે વીજ કરંટ (ઇલેક્ટ્રિક સોર્ટ) વાળી વાડ બનાવી હતી. આ વાડના સંપર્કમાં આવતા બે નીલગાયના કરુણ મોત નીપજ્યા હતા. ■

# વર્ષ ૨૦૧૦ પહેલાંના શિક્ષકોને 'ટેટ'માંથી મુક્તિ આપવા કચ્છના સાંસદને આવેદનપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા પ્રાથમિક શિક્ષકો માટે પણ 'ટેટ' પરીક્ષા ફરજિયાત પાસ કરવાનો ચુકાદો અપાતાં શિક્ષકોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. આ નિર્ણયના વિરોધમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ દ્વારા દ્વિતીય તબક્કાના આંદોલન અંતર્ગત કચ્છ-મોરબી લોકસભા મતવિસ્તારના સાંસદ વિનોદભાઈ ચાવડાને તેમના ભુજ કાર્યાલય ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી રાજ્યના આશરે ૭૫,૦૦૦ જેટલા પ્રાથમિક શિક્ષકો પ્રભાવિત થઈ રહ્યા છે. જે-તે સમયે તમામ શિક્ષકોએ યોગ્ય લાયકાતના ધોરણે જ સરકારી સેવા મેળવી હતી, તેથી હવે આ ઉંમરે તેમના પર પરીક્ષાનું દબાણ લાવવું અયોગ્ય છે. આ મુદ્દે કેન્દ્ર સરકાર તરફથી હકારાત્મક ઉકેલ લાવવામાં આવે અને શિક્ષકોની વેદના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ દેશના શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સુધી પહોંચાડવામાં આવે તેવી રજૂઆત સાંસદ સમક્ષ કરવામાં આવી હતી.

સાંસદના ભુજ સ્થિત કાર્યાલય ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના ગુજરાત રાજ્ય, પ્રાંત અને કચ્છ જિલ્લાના વિવિધ સંવર્ગના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મહાસંઘની યાદી અનુસાર, શિક્ષકોના હિતમાં આ આંદોલન અને રજૂઆતો આગામી સમયમાં પણ શાંતિપૂર્ણ રીતે ચાલુ રાખવામાં આવશે. ■

# કરોડોના ટેક્સ છતાં શાપર-વેરાવળમાં પ્રથમ વરસાદે જ ખુલ્લી પડી વ્યવસ્થાની પોલ,

## સર્વિસ રોડ પર પાણી ભરાતા લોકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જિલ્લાના શાપર-વેરાવળ, જે સૌરાષ્ટ્રના સૌથી મોટા ઔદ્યોગિક વિસ્તારોમાંનું એક ગણાય છે અને જ્યાંથી સરકારને કરોડો રૂપિયાની ટેક્સ આવક થાય છે, ત્યાં પ્રથમ જ વરસાદમાં તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

વેરાવળથી શિવ હૉટલ તરફ જતા નેશનલ હાઈવેના સર્વિસ રોડ પર વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં અંદાજે એકથી દોઢ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું હતું. પરિણામે બાઈકચાલકો, કારચાલકો તેમ જ રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, થોડા સમય પહેલાં જ આરસીસી સર્વિસ રોડ બનાવવામાં આવ્યો હતો. છતાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી પ્રથમ જ વરસાદમાં રોડ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. જેના કારણે વાહનો બંધ પડી જવાની, અકસ્માત સર્જાવાની અને ટ્રાફિકજામની સ્થિતિ પણ ઊભી થઈ રહી છે.

સ્થાનિકોએ માગ કરી છે કે સંબંધિત તંત્ર તાત્કાલિક સ્થળનું નિરીક્ષણ કરીને વરસાદી પાણીના નિકાલ માટે કાયમી અને અસરકારક વ્યવસ્થા કરે, જેથી આગામી વરસાદમાં લોકોને ફરીથી આવી મુશ્કેલીનો સામનો ન કરવો પડે. ■

# ભાવનગરમાં કાચબાની મિજબાની કરતા ઝડપાયેલ ચાર શખ્સો જેલ હવાલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ વન વિભાગે બાતમી આધારે શહેરના ઍરપોર્ટ રોડ પર કન્સ્ટ્રક્શન સાઇટ પર કામ કરનારા ચાર શખ્સો કાચબાનો શિકાર કરી શાક બનાવી ખાવાના ઇરાદા પર કાર્યવાહી કરી જામીન નામંજુર થતાં ચારેયને જેલહવાલે કરાયા હતા. ભાવનગર ઍરપોર્ટ ખાતે કન્સ્ટ્રક્શન કામગીરી કરતી એસ.જી. કન્સ્ટ્રક્શનના પરપ્રાંતીય મજૂરો દ્વારા ઍરપોર્ટની આજુબાજુના વિસ્તારમાંથી કાચબાઓ પકડી પોતાના કબજામાં રાખી તેનું શાક બનાવી ખાવાના ઇરાદે શિકાર કરતાં ભાવનગર વન વિભાગે બાતમીના આધારે રેડ કરતાં આરોપીઓ રવિન લુખો પાસવાન, રામપુકાર દોરિક પાસવાન, વિજયકુમાર મનિકલાલ મહતો, આનંદકુમાર રામલખન મહતો બિહારનાને રંગેહાથ ઝડપી લેવાયા હતાં. તમામ વિરુદ્ધ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કોર્ટમાં હાજર કરાતા આરોપીઓના જામીન નામંજૂર થતાં તમામ આરોપીઓને જેલ હવાલે કરેલ છે. ■

# રાપરના રામવાવમાં વાછરડાનું કપાયેલું માથું મળતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના રામવાવ ગામમાં પ્રખ્યાત રામ મંદિર નજીકથી એક ગૌવંશનું ધારદાર હથિયાર વડે કપાયેલું મસ્તક મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને રોષ વ્યાપી ગયો હતો. ઘટનાની ગંભીરતાને જોતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને હિન્દુ સંગઠનોના અગ્રણીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, બપોરના સમયે મંદિર પાસે ગૌવંશનું મસ્તક દેખાતા જ જીવદયાપ્રેમીઓ એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી સાગર સાંબળા અને રાપર પીઆઈ આર.એલ. ખટાણા સહિતનો પોલીસ કાફલો, તેમ જ ગૌસેવકો અને સામાજિક આગેવાનો રામવાવ ખાતે પહોંચ્યા હતા. ■